સળંગ
અંક
૮૯૮

કુમાર


દીપોત્સવી અંક


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

ઑક્ટોબર · ઇ. સ. બે હજાર બે · સંસ્થાપક ર. મ. રા.

તંત્રી : ધીરુ પરીખ

(રંગોળી : કાન્તિલાલ પંચાલ)





રાગિણી તેલંગી

રાગિણી તેલંગીને સંગીતશાસ્ત્રમાં હિંડોલ રાગની અર્ધાંગિની માનવામાં આવી છે. અહીં એ તલંગી રાગિણીનું કાંગરાશૈલીમાં સુચારુ ચિત્રણ કરવામાં આવ્યું છે. વચ્ચે નાયિકાને બાજઠ પર બેઠેલી દર્શાવી છે. તેનાં અંગોને તૈલમર્દન કરાયું છે. જમણી બાજુ એક દાસી સૌંદર્ય - પ્રસાધનની થાળી લઈને ઊભી છે. ડાબી બાજુએ દર્શાવેલી દાસી નાયિકાના શરીરે પ્રસાધનમર્દન કરી રહી છે. આ ચિત્રમાં શિશિરનું વાતાવરણ ખડું કરવામાં આવ્યું છે. નારીદેહનું ચિરંજીવ સૌંદર્ય નિર્મિત કરવાનો કલાકારે આ મિષે પ્રશસ્ય પ્રયત્ન કરેલો જણાય છે.

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 21437745
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

કુમાર ટ્રસ્ટ : દાનનો પ્રવાહ

કુમાર કાર્યાલય, ૧૪૫૪, રાયપુર ચકલા
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

'કુમાર' માસિકના અમૃતપર્વ નિમિત્તે ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો, કલાકારો, સામાજિકો, પ્રકાશનગૃહો મળી ૭૦થી વધુ મહાનુભવોએ ગુજરાતની શાણી, સંપન્ન અને સંસ્કારી પ્રજાને આ માસિક વધુ સમૃદ્ધ બને તે માટે વર્ષાન્તે ઓછામાં ઓછા રૂા. ૧૧ લાખનું દાનભંડોળ એકઠું કરી આપવાની ટહેલ નાખી છે.

આ ટહેલના પ્રતિસાદરૂપે આજ સુધીમાં 'કુમાર ટ્રસ્ટ'ને કુલ રૂ. ૪,૫૦,૦૦૦=૦૦ (ચાર લાખ પચાસ હજાર) મળી ચૂક્યા છે, તેની સાભાર સ્વીકૃતિ છે.. પરન્તુ હજુ અગિયાર લાખની ટહેલમાં રૂ. ૬,૫૦,૦૦૦=૦૦ ખૂટે છે. પ્રસ્તુત ટહેલમાં સહી કરનાર સહુ મહાનુભાવોને પૂર્ણ શ્રદ્ધા છે કે આ રકમ કંઈ મોટી રકમ નથી જ. ગુજરાતની સંસ્કારી અને સંપન્ન પ્રજા આ ખૂટતી રકમ દાનના પ્રવાહ દ્વારા પૂરી કરી આપવા શીઘ્ર સક્રિય બનશે જ. ગુજરાત બહાર વસતા કે વિદેશ વસતા સંપન્ન ગુજરાતીઓ પણ 'કુમાર'ના અમૃતપર્વને ગૌરવભેર નવાજશે અને દાનનો પ્રવાહ અસ્ખલિત રાખશે જ એવી શ્રદ્ધા છે.

આપના દાનની રકમનો ચેક ઉદારભાવે *'કુમાર ટ્રસ્ટ'*ના નામે નીચેના સરનામે મોકલી આપશો એવી પુનઃ આગ્રહપૂર્વક અપીલ છે.

'કુમાર ટ્રસ્ટ'
કુમાર કાર્યાલય, ૧૪૫૪, રાયપુર ચકલા
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન આયકરમુક્તિની કલમ 80G અન્વયે રાહતપાત્ર છે. 'કુમાર ટ્રસ્ટ'નો રજિસ્ટર્ડ નંબર E/10794 છે.

આપ ગુજરાતના પત્રકારિત્વ-ઇતિહાસની 'કુમાર' દ્વારા ચાલી રહેલી આ સંસ્કારયાત્રામાં આપનું દાન મોકલી આપી સહભાગી થશો તેવી વિનંતી છે.

ઓછામાં ઓછું આટલું તો કરી જ શકો

'કુમાર'ના પ્રકાશનનું આ ૭૫મું વર્ષ ચાલે છે તે હકીકતથી આપ સુજ્ઞાત છો. સદ્‌ગત કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને સદ્‌ગત બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક કાળની સફરમાં અનેક પ્રકારની તડકી-છાંયડીમાંથી પસાર થતું રહ્યું છે. આમ છતાં પણ આજે ૭૫ વર્ષ પૂરાં કરશે તેનું શ્રેય 'કુમાર'નાં સુજ્ઞ વાચકો અને ગ્રાહકોને આભારી છે.

અગાઉ કરતાં તે આજે વધુ પૃષ્ઠસંખ્યા આપે છે અને તે સમયની સાથે કદમ મિલાવતું નવાનવા વિષયોને સ્પર્શતા તજ્જ્ઞોના સચિત્ર લેખો પ્રકાશિત કરતું જાય છે.

કાગળ, શાહી, છપાઈ આદિ મુદ્રણવિષયક ભાવવધારો છેલ્લાં ત્રણ વર્ષમાં ખૂબ ઊંચા આંકે પહોંચી ગયો હોવા છતાં પણ સહેજ પણ લવાજમ-વધારો કર્યો નથી, અને વધુ ભારે કાગળ ઉપર સુઘડ મુદ્રણ સાથે તે આપના હાથમાં પહોંચે છે તેની આપને પ્રતીતિ થતી રહેતી જ હશે.

આવા વિષમ સંજોગોમાં ગુજરાતની અસ્મિતા અને સંસ્કારિતાને સંકોરતું આ 'માસિક' તેની પ્રકાશનયાત્રા વધુ સબળ અને સરળ રીતે પાર પાડી શકે તે માટે તેની ગ્રાહકસંખ્યામાં વધારો થાય તે જરૂરી ગણાશે.

ગુજરાતની સંસ્કારસંપન્ન પ્રજાને અમારો અનુરોધ છે કે 'કુમાર'નો પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવો ગ્રાહક બનાવી આપે. આમ થાય તો પણ એની ગ્રાહકસંખ્યા બમણી થઈ જાય અને આ કામ સહેજ પણ કપરું નથી. સહુ ચાલુ ગ્રાહક ઓછામાં ઓછું આટલું તો કરે જ કે તે એક નવા ગ્રાહક બનાવી આપે તો 'કુમાર'ના અમૃતપર્વે સોનામાં સુગંધ ભળશે. આટલી નાની અમારી અપેક્ષા સહજભાવે સહુ સંતોષશે એવી અમને શ્રદ્ધા છે.

'કુમારને સ્થાનસમર્પિત કરવા માટે જાહેરખબરનો રાહતદર રૂ. ૧,૦૦૦-૦૦ છે. આપ એ રીતે પણ સહાયભૂત થઈ શકો.

લવાજમ : વાર્ષિક રૂ. ૧૫૦-૦૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦-૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫-૦૦. પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ. ૧,૦૦૦-૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉણ્ડ ૧૫. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫-૦૦ વધુ ઉમેરવા. ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો અથવા મનિઑર્ડરથી પણ આ સરનામે લવાજમ મોકલી શકશો. 'કુમાર કાર્યાલય લિ.' ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

વાચકો લખે છે

સને ૧૯૩૯માં રજૂ થયેલ ફિલ્મો પર ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ હતો તેમજ સામાજિક ફિલ્મોનો પ્રભાવ પણ વિસ્તૃત થયેલો. 'માયા' તથા 'ગૃહદાહ' ઉપરાંત ન્યૂ થીએટર્સની 'મિલિયનેયર', વાડિયા મુવિ-ટોનની સ્ટંટ ફિલ્મ 'હંટરવાલી' તેમજ 'અછૂત કન્યા', 'મનમોહન', 'જયભારત' અને મરાઠીમાં 'સંત તુકારામ' ફિલ્મ પણ બનેલ, જેની વેનિસ ફેસ્ટિવલમાં વિશ્વની ત્રણ સર્વોત્તમ ફિલ્મમાં ગણતરી કરવામાં આવેલી અને તે ફિલ્મે આંતરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત કરેલી. - *ગિરીશ દામોદ્રા (ગોંડલ)*

*

'કુમાર'નો જુલાઈ-૨૦૦૨નો અંક મળ્યો. ખરેખર ખૂબ જ ગુણવત્તાસભર અને શ્રેષ્ઠ અંક છે. અમારા પરિવારમાં 'કુમાર'ના પ્રત્યેક અંક માટે આતુરતાથી પ્રતીક્ષા રહે છે.
- *સંગીતા દવે (અમદાવાદ)*

*

જુલાઈ ૨૦૦૨ના અંકમાં પાન નં. ૪૭૭ ઉપર સોમ ઔષધ વિશે નોંધ વાંચી. મજકૂર ઔષધિ માટે ઘણી તપાસ થઈ છે, પરંતુ તે ક્યાં જોવા મળે છે તે બાબત કોઈ ચોક્કસ માહિતી આપતું નથી. પોરબંદરના શ્રીયુત ઠક્કરે આ બાબત ઘણું સંશોધન કરેલ છે. તેમને પણ તમે જણાવ્યા મુજબની વનસ્પતિ મળી નથી. આ બાબત કોઈ જાણકાર વ્યક્તિ માહિતી આપી શકે તો અનેક સ્થળે સોમયજ્ઞો થાય ત્યારે મજકૂર વનસ્પતિની જરૂર પડે છે. *-સુરેશભાઈ ગોડબોલે (ઊના)*

*

જગુભાઈ શાહ એક આદર્શ શિક્ષક હતા. અમે એમના મુંબઈના વિદ્યાર્થીઓ. જગુભાઈ જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં ગવર્નમેન્ટ ડિપ્લોમા ઇન આર્ટ્સ થયા પછી મ્યુરલ્સનો પોસ્ટ ડિપ્લોમા કોર્સ કર્યો હતો. તે સમયના પ્રિન્સિપલ ગ્લેડસ્ટન સૉલોમનના ખૂબ જ પ્રિય વિદ્યાર્થી.

એ જ અરસામાં ૧૯૩૭માં મુંબઈમાં કંઈક કલાગુરુઓએ ભેગા મળી ફેડરેલ ઍકેડેમી ઑફ આર્ટ્સ, ડ્રૉઈંગ, સંગીત, નૃત્ય વગેરેના વર્ગો કાઢવાનું નક્કી કર્યું પણ જગુભાઈ જેવા બીજા શિક્ષકો ન મળતાં પછી શ્રી કલાબ્ધિના માર્ગદર્શન નીચે કલાના જ વર્ગો રહ્યા. જગુભાઈ ત્યાં જ રહેતા, પોતે પણ ચિત્રો કરતા અને એ રીતે અમને એકધારું પ્રેરણાત્મક બળ મળતું રહેતું. એ જ રીતે દરેક વિદ્યાર્થીનું આગવું વ્યક્તિત્વ વિકસે એનો ખૂબ ખયાલ રાખતા.

શરૂઆતથી અમને ખુલ્લામાં બહાર લઈ જઈ પેન્સિલ સ્કેચીસનો સારો મહાવરો પડાવતા. કેન્હેરીની ગુફાઓ હોય, ચોપાટી હોય, બધાની વચ્ચે ડર્યા વગર સ્કેચીસ કરવાની હિંમત આપેલી. પણ એમને મન હિન્દુસ્તાનનો કલાવારસો એટલે અજંતાનાં ભીંતચિત્રો. અમે એવા બનીએ એવી એમને અભિલાષા, એટલે અમને મોટા ડ્રૉઈંગ્સ કરાવતા.

૧૯૩૯માં ફરીથી એમને આગળ શિક્ષણ લેવાની મરજી થઈ અને મદ્રાસમાં દેવી પ્રસાદરાય ચૌધરી પાસે સ્કલ્પચર શીખવા ગયા જો કે અમારી સાથે પત્ર-વ્યવહાર ચાલુ રાખેલો.

હું, પછી તો ઉદ્યોગ ક્ષેત્રે ચાલી ગયો. મારી પત્ની ચંદા પણ વિદ્યાર્થી અવસ્થામાં ભાવનગરમાં એમની પાસે ભણી અને એણે હસ્તકલામાં સરસ સિદ્ધિ મેળવી.

છેવટે જ્યારે એ ગાંધીનગરમાં એમના પુત્ર રાજીવને ત્યાં રહેતા હતા ત્યારે ઑઈલ ક્રેઓનમાં કરેલ એમનાં અદ્‌ભુત સર્જનો જોવાનો લહાવો મેળવેલ. એમનું મોટું કામ તે સ્વાતંત્ર્ય યુદ્ધના મોટા કૅનવાસો. જે ક્યાંક સરસ સચવાય, તો લોકો પ્રેરણા લઈ શકે. પણ હજી એમ બન્યું નથી.

લલિતભાઈએ જગુભાઈને ખૂબ સરસ ન્યાય આપ્યો છે એને માટે એમને ખૂબ ધન્યવાદ. - *કાન્તિસેન શ્રૉફ (મુંબઈ)*

*

'કુમાર'ના જુલાઈ ૨૦૦૨ (૮૯૫)ના 'માધુકરી' વિભાગમાં શેઠ ગોકુલદાસ તેજપાલના વસિયતનામા વિશેનો લેખ રસપ્રદ રહ્યો. હાલની જી.ટી. હૉસ્પિટલ સિવાય, સ્વ. ગોકુલદાસ તેજપાલની સખાવતથી મુંબઈમાં બીજી બે જાણીતી સંસ્થાઓ સ્થપાયેલ છે. તેમાંની એક જી.ટી. હાઈસ્કૂલ અને બીજી જી.ટી. બોર્ડિંગ સ્કૂલ. ખાસ કરીને ગુજરાતમાંથી મુંબઈની કૉલેજોમાં અભ્યાસ કરવા આવતા ગરીબ તેજસ્વી વિદ્યાર્થીઓની મફત રહેવા-જમવા-વાંચવાની સવલત માટે સ્થપાયેલ જી.ટી. બોર્ડિંગ સ્કૂલે મારા જેવા અનેક વિદ્યાર્થીઓનાં ભાવિ સુધારી નાખ્યાં છે. સંસ્કૃત પાઠશાળાની અડોઅડ બંધાયેલ ડૉર્મિટરી અભ્યાસખંડ અને પુસ્તકાલયવાળી આ બોર્ડિંગ સ્કૂલમાં રહી સ્વ. ભુલાભાઈ દેસાઈ, મોરારજીભાઈ દેસાઈ, મંગળદાસ પકવાસા, જસ્ટીસ નટવરલાલ ભગવતી વગેરે અનેક વિદ્યાર્થીઓ પાછળથી ભારતના મહાન નેતાઓ-સપૂતો બન્યા. આ સંસ્થાનું ઋણ ચૂકવવા આવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાની આવકમાંથી 'જી.ટી. પાસ્ટ બોર્ડર્સ ફંડ' ઊભું કર્યું અને તેમાંથી ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓ બોર્ડિંગમાં રહી બધી જ સગવડો મફત મેળવે તેવી વ્યવસ્થા કરી. વર્ષ ૧૯૪૯થી ૧૯૫૧ દરમિયાન આવી સહાય મેળવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું અને હું ઇજનેર થઈ જીવનમાં જે પ્રગતિ કરી શક્યો છું તેનું શ્રેય સંપૂર્ણપણે આ સંસ્થાને ફાળે જાય છે તેમ હું માનું છું.

ડૉર્મિટરી અને અભ્યાસખંડના મોટા હૉલ તોડીને પાછળથી સાઠ-સિત્તેરના દાયકામાં હૉસ્ટેલ જેવા અલગ ઓરડાઓ બંધાયા છે. સંસ્કૃત પાઠશાળાના હૉલમાં વર્ષ ૧૮૮૫માં સર હ્યુમના પ્રમુખપદ હેઠળ આજની કૉંગ્રેસ (ભારતીય રાષ્ટ્રિય કૉંગ્રેસ)ની સ્થાપના થયેલી તે જણાવતી તક્તી આજે પણ આ હૉલની દીવાલ પર લગાડેલી રાખવામાં આવેલ છે. મિલકતના બાકીના ભાગને તોડીને મુંબઈનું આજનું જાણીતું 'તેજપાલ ઑડિટોરિયમ' બનાવવામાં આવેલ છે. બાજુમાં હ્યુજીસ રોડને અડીને લક્ષ્મીજી અને ભગવાન નારાયણની મનમોહક પ્રતિમાઓવાળું લક્ષ્મીનારાયણ મંદિર શેઠ ગોકુલદાસની પ્રભુ તરફની ઊંડી શ્રદ્ધા-ભક્તિનું દ્યોતક તો છે જ, પણ આ વિસ્તારના અનેક ભાવિકોને માટે એક માનીતું પ્રાર્થના-પૂજા સ્થળ પણ બની ગયું છે.

બોર્ડિંગના કૉમ્પાઉન્ડને અડીને જ ત્યારનું પ્રખ્યાત 'ગોવાલિયા ટૅન્ક' મેદાન

(અનુસંધાન પૃષ્ઠ ૬૩૯ ઉપર)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૫મું   અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચૅરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑક્ટોબર ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

'કુમાર' સળંગ અંક ૮૯૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

અનુસંધાન] વાચકો... [પૃ. ૬૩૪ થી (હાલનું ઑગસ્ટ ક્રાંતિ મેદાન) આવેલું છે. અહીંથી જ પૂ. મહાત્માજીએ ૧૯૪૨માં ભારત છોડો ચળવળના શ્રીગણેશ કર્યા હતા.

'કુમાર' ૮૯૫ના પાન ૪૭૭ પર અપાયેલ 'ગણિત-ગમ્મત' એ ૩૭ના આંકડા પૂરતી મર્યાદિત નથી. હકીકતમાં તો જે સંખ્યાને ૯ વડે ભાગતાં ૧ શેષ વધે તેવી બધી જ સંખ્યાઓને આ વાત લાગુ પડે છે. આમ, ૧૯, ૪૬, ૨૨૬ વગેરે અગણિત સંખ્યાઓનો આમાં સમાવેશ કરી શકાય.

- મહેન્દ્ર ઉ. પુરોહિત (ગાંધીનગર)

*

'કુમાર' અંક ૮૯૪ના પૂંઠા પર ડૉ. બલરનાં પંખી ચિત્રોમાંથી મુનિયા પક્ષી અંગે ઓછી જાણીતી પણ મહત્ત્વની અને રોચક માહિતી આપું છું.

મુનિયા પક્ષી નાનું, ૧૦ સે.મી.થી મોટું નહિ પણ તરત નજરે ચડે એવું. નદી-કિનારે, તળાવકાંઠે, ઊંચા ઘાસમાં વિશેષ જોવા મળે. લગભગ ૪૦૦ વર્ષથી સમૂહમાં જોવા મળતું, વૃંદગાન કરતું લોકપ્રિય પક્ષી. Waxbill સમૂહનું સભ્ય એટલે કે જે પક્ષીઓની ચાંચ લાખના મીણ જેવી ચમકતી હોય તે સમૂહ. નાનું પણ નામ ઘણાં, વિવિધ જાતો અને તેવો જ રોચક ઇતિહાસ.

અંગ્રેજી સામાન્ય નામો : **Red Munia, Lal, Strawberry Finch, Red Waxbill.**

ગુજરાતી નામો : મુનિયા, લાલ ટપુશિયું. અંગ્રેજી જૂનાં નામો : **Amadavat** (ઍમદવેટ) અથવા **Avadavat** (ઍવદવેટ). આ નામ પડ્યું આપણા શહેર અમદાવાદ ઉપરથી અપભ્રંશ થઈને!

શાસ્ત્રીય નામો (જાત પ્રમાણે) : **Amandava amandava, Estrilda amandava, Amandava formosa.**

ઐતિહાસિક ઉલ્લેખ : **(1) 1777- Sheridan - The School of Scandal - 'A few presents now and then... China, Shawls, Congou tea, avadavats and Indian crackers.' (2) 1813 - James Forbes - Oriental Mamoirs-'Amadavats, and other songsters are brought thither (Bombay) from Surat and different countries' (3) 1871- Charles Darwin-Descent of Man- 'The Bengali baboos make the pretty little males of the amadabats... fight together.'**

'અમદાવાદ' ઉપરથી પોતાનું નામ 'ઍમદવેટ' અથવા 'ઍવદવેટ' લઈને, સુરત અને મુંબઈ થઈને દુનિયાભરમાં ફરતા થયેલા અને શેરિડન, ફૉર્બ્સ અને ડાર્વિન જેવા વિદ્વાનો દ્વારા ઉલ્લેખ પામેલા આ પક્ષીની સિદ્ધિ નાનીસૂની ન ગણાય!

- નિલેશ મોદી (અમદાવાદ)

*

'કુમાર'ના ઑગસ્ટ ૨૦૦૨ના અંકમાં શ્રી નરોત્તમ પલાણે પોરબંદરના દરિયાકિનારાની પક્ષીસમૃદ્ધિનો ઉલ્લેખ કર્યો છે એટલે જણાવવાનું મન થાય છે કે પોરબંદરના નિવાસી મારા મિત્ર શ્રી ભરત રૂઘાણી પાસે એ વિસ્તારનાં પક્ષીઓની સમૃદ્ધ માહિતી છે અને ફોટોગ્રાફનો ખજાનો છે અને ફોક્સ તેમનાં આ ફોટોગ્રાફના પ્રદર્શનનું આયોજન વિચારે છે.

ડૉ. બલરનાં આ પ્રદર્શન અંગેના પરિચયની ભાષા શ્રી નરોત્તમભાઈને ચર્ચાસ્પદ લાગી હોય તે વિશે મારે કંઈ કહેવાનું નથી. પરંતુ વાક્યરચના દોષિત હોવા અંગે તેમણે જણાવ્યું છે કે 'પક્ષીઓના ફોટોગ્રાફ માટે લાંબી ફોકલ રચનાવાળો લેન્સ અનિવાર્ય બની જાય છે.' હકીકતમાં મેં એમ જણાવ્યું છે કે 'પક્ષીઓના ફોટોગ્રાફ માટે લાંબી ફોકલ લેન્થવાળો લેન્સ અનિવાર્ય છે, પક્ષીઓની ફોટોગ્રાફી કરવા માટે ટેલિલેન્સ અનિવાર્ય છે. આ લેન્સ ભારે વજનદાર હોય છે. સહેજ પણ ધ્રુજારી ફોટોગ્રાફને નકામો બનાવી દે છે એટલે સ્ટેન્ડ ઉપર તેનો ઉપયોગ કરવો પડે છે. તેમજ પક્ષી ઉપર પૂરતો પ્રકાશ ન હોય એટલે ડાયાફ્રામ વધુ રાખવું પડે જેથી ડેપ્થ ઑફ ફિલ્ડ ઘટી જાય છે. એમ ફોટોગ્રાફર માટે આ એક પડકાર છે અને તેનો મુકાબલો કરવો રહ્યો તેમ મેં જણાવ્યું છે.

હું ગણિત-વિજ્ઞાનનો શિક્ષક છું અને બોલચાલની ભાષામાં જે કંઈ જણાવવા જેવું લાગે તે મોટે ભાગે શ્રુતલેખન દ્વારા લખાયું છે. આમાં અંગ્રેજી-ગુજરાતી શબ્દો વચ્ચે વચ્ચે આવી જાય તેને હું સ્વાભાવિક ગણું છું. મુનિયા શબ્દ અંગ્રેજીમાં પણ મુનિયા તરીકે જ લેવાયો છે અને લોકભાષામાં તે ટપુશિયા તરીકે ઓળખાતું હોય તો તેમ જણાવવામાં મને કોઈ વાંધો જણાતો નથી. 'ડાર્ટર'ને ગુજરાતમાં સર્પગ્રીવા તરીકે ઓળખવામાં આવે છે પણ નાનપણથી હું તેને જળકુકડી તરીકે ઓળખતો રહ્યો છું. એટલે આવા લોકભાષાનાં પક્ષીઓનાં નામ જણાવવામાં આવે તો કંઈ જ ખોટું નથી અને તે પ્રદર્શનો જોવા આવનાર સૌને આ ગમ્યું હતું. મુનિયા માત્ર વ્રજનું જ નહીં પરંતુ ભારતભરનું વ્યાપક પક્ષી છે અને સલીમ અલી નોંધે છે કે હિમાલયની ગિરિમાળાઓમાં ૮૦૦ મીટરથી લઈને દક્ષિણ-ભારતની ગિરિમાળામાં ૨૦૦૦ મીટર સુધી તે જોવા મળે છે. નવરંગ માટે મેં Pitta શબ્દ વાપર્યો છે 'બીટ્ટા' નહીં, કદાચ છાપભૂલને કારણે આમ બન્યું હશે.

કાળિયો કોશી ઓળખવો મુશ્કેલ નથી. જૈવિક ખામીને કારણે પ્રાણીઓમાં પૂરેપૂરો કે અમુક ભાગ સફેદ થાય તેને આલ્બીનો તરીકે ઓળખવામાં આવે છે. આવું અંશતઃ (આલ્બીનો) કાળિયો કોશી ફોટોગ્રાફ બલરસાહેબ લઈ શક્યા અને સામાન્ય કાળિયો કોશી સાથે તેનો ફોટોગ્રાફ પ્રદર્શનમાં સાથે મુકાયો તે પ્રદર્શનનું આકર્ષણ હતું.

ગુજરાતમાં પર્યાવરણની જાળવણી સેવતી સંસ્થાઓ અને મંડળો પ્રમાણમાં ઠીકઠીક છે. વિહંગ, સૃષ્ટિ, પર્યાવરણસંત્રી જેવાં સામયિકો અને પક્ષીઓનાં અવાજ સાંભળવા મળે તેવી ઑડિઓ કસેટો પણ ઉપલબ્ધ છે અને લોકો ખરીદે છે, જે બતાવે છે કે આ ક્ષેત્રમાં લોકોને ઠીકઠીક રસ પેદા થયો છે. ડૉ. બલરસાહેબનું આ પ્રદર્શન નિહાળવા સમુદાય જોવા મળ્યો. આથી આવાં પ્રદર્શનો આવકારદાયક છે અને લોકોને આ ક્ષેત્રમાં વધુ રસ લેતાં કરી શકે તેમ છે તેમ હું માનું છું. *- દિનુભાઈ દવે (અમદાવાદ)*

*

'કુમાર'ની લેખસામગ્રી અને વિવિધતા ઊભરી રહ્યાં છે. વિશેષ કરી પ્રોફેસર જ્યોતિ ભટ્ટના મૌલિક શુદ્ધ ગુજરાતી સંસ્કૃતિની કોઠાસૂઝ આપતા કલાવિષયક લેખો. પ્રો. જ્યોતિભાઈ લખ્યા કરે અને આપ છાપતા રહો તેવી શુભકામના.

આવો જ સુંદર સવિસ્તર સંસ્થા પરિચય લેખ પ્રા. સુરેશભાઈ ર. શાહનો વાંચવામાં આવ્યો હતો. ખૂબ ખંત અને ધીરજપૂર્વક અભ્યાસુ-જિજ્ઞાસુ વ્યક્તિ તરીકે 'સેપ્ટ' સંસ્થાની અંદર-બહારની સમગ્ર વાતો શિક્ષણની વિવિધ સ્કૂલોની, ગવર્નિંગ બોડી વગેરેના ફોટા સાથે કરી છે.

અમદાવાદમાં આવી વિશ્વસ્તરની - વૈજ્ઞાનિક-શિક્ષણ-વિકાસ-સેવા શુશ્રૂષા મનોવિજ્ઞાન - આરોગ્યના ક્ષેત્રમાં વિશેષ પ્રદાન કરતી સંસ્થાઓના ક્ષેત્રમાં વિશેષ પ્રયત્ન કરતી સંસ્થાઓ જેવી કે, સ્વ. શેઠ શ્રી કસ્તુરભાઈના વડપણ હેઠળ ઊભરી છે તેવી જ સ્વ. શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ (સારાભાઈ કુટુમ્બ) દ્વારા ઊભરી છે. આ સંસ્થાઓ લગભગ વિસરાઈ જવા આવી છે, મૃતપ્રાય સ્થિતિમાં છે. ભારતની/ ગુજરાતની અને અમદાવાદની આ '૫૦ના દાયકાથી શરૂ થયેલી સંસ્થાઓએ વિશ્વસ્તરે ગૌરવ પ્રદાન કરેલ છે. આવી સંસ્થાઓનો પરિચય આપની લેખિનીમાં વાંચવા ઉત્સુક છું. બંને લેખકોને ધન્યવાદ.

- અશોક શાહ (અમદાવાદ)

*

'કુમાર'ના મે ૨૦૦૨ના અંકમાં 'પસ્તીનાં પાનાં' વાંચતાં તે દ્વારા (ટિસ્ટ-ટ્યૂબનાં પરિણામ રૂપ બેબી જેમ), મારા મનમાં ધરબાઈ પડેલ કેટલાક સ્વાનુભવને સ્મૃતિ સ્વરૂપે જન્મ ધારણ કરવાની તક સાંપડી છે.

૧૯૫૪માં દિલ્હીની ધારાસભાના મહાલયની ફરતી કંદોરા જેવી ઓશરીમાં, ભારતીય ઈતિહાસમાંથી વિવિધ વિષયો-પ્રસંગો પર આધારિત ભીંતચિત્રો તૈયાર કરાવી, કાયમી ધોરણે પ્રદર્શિત કરવાની યોજના તૈયાર કરવામાં આવેલી. ભારત-ભરમાંથી પસંદ કરાયેલ કલાકારોમાંથી - ત્યારે કલાશાળામાં વિદ્યાર્થી હતા એવા - ચાર ચિત્રકારો વડોદરાના હતા.

સૌપહેલાં તો એમણે તેમને અપાયેલ વિષયોના અભ્યાસ પર આધારિત સામગ્રી એકઠી કરી નાના માપે ચિત્રો-સ્કેચ બનાવવાનાં હતાં. એમનાં રંગ-રૂપ-વિગત બધું જ દર્શાવવાનું હતું. સરકારી સમિતિએ એમાં જે સલાહ-સૂચનો કર્યાં તે પ્રમાણે સુધારા-વધારા કરી, મોટાં 'ભીંતચિત્રો' માટે એ નમૂનાઓ મંજૂર કરાવ્યા. મોટાં ચિત્રો માટે ખાસ પ્રકારના- 4 x 12 ફૂટ માપના 'મેસોનાઈટ' પાટિયાં તેમજ પરદેશથી આયાત કરેલ ઊંચી જાતનાં રંગદ્રવ્યો (પિગમેન્ટ) અને પીંછીઓ પણ એમને મોકલાયેલી. આનો ઉપયોગ કરી 'એગ ટેમ્પેરા' પદ્ધતિથી ચિત્રો બનાવવાનાં હતાં.

મોટાં ચિત્રોનું કામ શરૂ કર્યા પછી, વધુ આધારભૂત દૃશ્ય-સામગ્રી મળી શકી તેથી તેમજ મોટાં માપને કારણે તેને યોગ્ય જરૂર પ્રમાણે તેમાં યથાયોગ્ય કેટલાક સુધારા-વધારા પણ કરવા જ પડેલા. રંગો પણ - મૂળ સ્કેચનું તેમજ મોટાં ચિત્રોનું માધ્યમ એક જ ન હોઈ - જરા જુદા દેખાવા લાગેલા. આ ચિત્રો પૂરાં થઈ ગયાં પછી તો તે તપાસવા મુ. વૈદ્યસાહેબની અભિવ્યક્તિનું પુનરાવર્તન કરીને કહું તો ક્લાનો 'ક' પણ ન જાણનાર કેટલીક રાજકારણી-સરકારી અધિકારી અને પંડિત વ્યક્તિઓને સમાવતી સમિતિ મોકલાએલી. અમે કરેલા નમૂનાઓ સાથે અમે પોતે જ કરી આપેલાં મોટાં ચિત્રોને સરખાવી તેમણે ઘણી ભૂલો શોધી કાઢી તથા એને મૂળ, મંજૂર કરાયેલ સ્વરૂપે જ સુધારી આપવાનો આદેશ પણ આપ્યો.

૧૯૫૬માં મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચ્ય વિદ્યામંદિર વિભાગમાં રામાયણ અંગે સંશોધનની મોટી યોજના હાથ ધરવામાં આવેલી. તેના ભાગ રૂપે રામાયણના કથા-પ્રસંગો પર આધારિત ચિત્રો પણ તૈયાર કરાવવાનાં હતાં. એ માટે ચિત્રકારની પસંદગી કરવાના હેતુથી અખતરા રૂપે, માત્ર એક રંગમાં (મોનોક્રોમ, બ્લૅક ઍન્ડ વ્હાઈટ) નમૂનો તૈયાર કરવાનું કામ મને સોંપાયેલું. ક્રૌંચવધના પ્રસંગ પરથી કરેલ એ ચિત્ર માટે પ્રાચ્ય વિદ્યાનો અને સંસ્કૃત શાસ્ત્રોના જાણકાર નિષ્ણાતોએ અમરકોશથી માંડી સલીમ અલીનાં પુસ્તકોનો સંદર્ભ લઈને તથા પ્રાણીશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો અને પ્રાણીબાગના રખેવાળ, નિયામકની સાથે મસલત કરીને ક્રૌંચ એટલે 'કુંજ' પંખી એમ તો મને શોધી આપેલું. પરંતુ મારી તૈયાર કરેલ શ્વેત-શ્યામ ચિત્રકૃતિમાં એ સમિતિએ ભૂલ પણ શોધી કાઢી. એમણે જણાવ્યું કે 'પારધીના તીર વડે ઘાયલ ક્રૌંચના શરીરમાંથી વહેતા રક્તનો વર્ણ લાલ દેખાવો જોઈએ, જે આ ચિત્રમાં શ્યામ દર્શાવાયો છે, એ સિવાય, ચિત્ર તેમને ગમેલું.

કલાશાળામાં અનુસ્નાતક કક્ષાનો, કલા-અભ્યાસનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો ત્યારે જ પૂરો કરેલો. નોકરી શોધી, પિતાશ્રીનો બોજો હળવો કરવાની તાતી જરૂરિયાત મારા માથે ઝળૂંબી રહી હતી. તેમ છતાં, લાંબો સમય ચાલનાર ઉપર્યુક્ત યોજનામાં 'ચિત્રકાર' તરીકેની, સારી નોકરીની તક, એ પંડિતો સાથે કામ કરવું પડશે એવી બીકે મારા ગુરુ તથા વિશ્વ-વિદ્યાલયના તત્કાલીન ઉપકુલપતિ શ્રીમતી હંસાબેન મહેતાના લાગણીસભર આગ્રહ છતાં પણ હું સ્વીકારી શકેલો નહીં.

આ બે તથા એની જ યાદ આપે તેવા અન્ય પ્રસંગોના કડવા અનુભવોને કારણે સરકારી સ્તરે સંકળાયેલી વ્યક્તિઓથી શક્ય તેટલું છેટું જ રાખવું એવી ટેવ પડી ગઈ છે. આ કારણે ૧૯૮૨માં ભારતીય 'મુદ્રણક્ષમ' (ગ્રાફિક) કલાકૃતિઓનું એક પ્રદર્શન ક્યુબા ખાતે લઈ જવા માટે મારી પસંદગી થઈ ત્યારે તેનો ઉત્તર આપતાં મેં મારી શરત જણાવી કે : 'ક્યુબામાં જો મારે ભારતીય એલચી-ખાતા સાથે પનારો પાડવાનો ન હોય તો જ હું ત્યાં જવા તૈયાર છું.' રાષ્ટ્રિય લલિતકલા અકાદેમીમાં તથા સાંસ્કૃતિક વિભાગમાં કોઈનેય મારો આવો 'ઉદ્ધત' ઉત્તર પસંદ પડેલો નહીં. પરંતુ બે-ત્રણ વર્ષથી પાછો ઠેલાતો રહેલો આ કાર્યક્રમ પાર પાડવાનો જ હતો તેથી તેમજ મારે ક્યુબાના સાંસ્કૃતિક વિભાગ સાથે જ કામ કરવાનું હોઈ મને મોકલ્યો.

જો કે પછી બન્યું એવું કે મારી ધારણાથી તદ્દન વિરુદ્ધ, ક્યુબામાં મને સૌથી વધુ સહકાર, મદદ તથા મૈત્રી અને ઉષ્મા-સભર પરોણાગતિ, ત્યારના યુવાન ભારતીય એલચી શ્રી વિનોદ ખન્નાએ જ પૂરાં પાડ્યાં. જવલ્લે જ અનુભવવા મળ્યો છે તેવો આ સુખદ અપવાદ પણ અહીં ઉલ્લેખવો જ રહ્યો.

- જ્યોતિ ભટ્ટ (વડોદરા)

સૂત્રસાર

રોમૅન્ટિક સ્વપ્નવિહારને જ્યાં અલ્પ અવકાશ...

રાધેશ્યામ શર્મા

શબ્દના ઈતિહાસ-ભૂગોળ જાણવા જેવા છે. નદીની જેમ શબ્દનું મૂળ અને ઋષિના કુળની જેમ શબ્દાર્થનું કુળ પણ જાણવું રસપ્રદ બની રહે.

આ 'શિસ્ત' શબ્દ જ લો. 'શિસ્ત' શબ્દ મૂળ ફારસી શબ્દ 'શુસ્ત' ઉપરથી ઊતરી આવ્યો લાગે છે. 'શુસ્ત'નો અર્થ થાય છે નાહેલું-ધોયેલું. પણ ગુજરાતી શબ્દ 'શિસ્ત'નો સંબંધ સંસ્કૃતના 'શિષ્ટ' શબ્દ સાથે સવિશેષ બંધ બેસતો દેખાય. સંસ્કૃત શબ્દ 'શિષ્ટ'ના કેટલાક અર્થો છે વધેલું, બાકી રહેલું, આજ્ઞા કરેલું અને શાણું-ડાહ્યું.

હવે આ 'શિસ્ત' એવા એક જ શબ્દના કેટકેટલા વિભિન્ન વિવિધ અર્થો અને તાત્પર્યો પ્રકટ થયાં. ફારસી શબ્દ 'શુસ્ત' પ્રમાણે જે નાહેલું-ધોયેલું છે તે સંસ્કૃત શબ્દ 'શિષ્ટ' અનુસાર જે બાકી રહેલું શેષ છે, આજ્ઞાંકિત અને સુશિક્ષિત છે, અને ગુજરાતી સાર્થ કોશ પ્રમાણે 'શિસ્ત' જે 'લાયક' અને જે 'નિયમબદ્ધ વર્તન' કરે છે એ શિસ્તપાલન કરે છે એમ સમજાય.

સ્થૂળ સમજણ એવી છે કે શાળા યા મહાશાળામાં શિક્ષકો અને અધ્યાપકો જે પ્રકારના નિયમોનું ચુસ્તપણે ફરજિયાત પરિપાલન કરાવે છે એનું નામ શિસ્ત.

એથી આગળ લશ્કર-મિલિટરી-ફોજમાં કૅપ્ટનો-મૅજરો જવાનો પાસે જાતભાતના અનુશાસન સાથે આહાર-વિહાર અને આચારો કઠોરતાપૂર્વક પળાવે એને જ શિસ્ત અથવા ડિસિપ્લીન લેખવામાં આવે. કેટલાંક ઘરોમાં માતા-પિતા, વડીલો તથા આશ્રમોમાં ગુરુજનો, સંતાનો તેમજ શિષ્યો પાસે શિસ્તપાલનનો આગ્રહ રાખતા હોય છે.

જગતખ્યાત સિતારવાદક પંડિત રવિશંકરના ઉસ્તાદ અલાઉદ્દીનખાં સાહેબ રિયાઝ, ક્ષતિ વિનાનું વાદન વગેરેમાં નિયમબદ્ધ શિસ્તનો એવો કડક મલાજો રાખતા કે એમાં ભૂલચૂક થાય તો શાગિર્દને ઝાડ સાથે બાંધી ફટકારવાની સજા પણ કરતા! બાકી સંગીત સાથે સજાનો સંબંધ માની શકાય ખરો?

શિસ્તપાલનની પ્રક્રિયામાં ઑર્ડર એટલે ઑર્ડર. ત્યાં ઑથોરિટીનો સંપૂર્ણ પ્રભાવ સ્વીકારી સમગ્રભાવે શરણાગતિ સ્વીકારવાની અપેક્ષા રહેલી છે. લશ્કરને 'ક્વિક માર્ચ'નો ઑર્ડર આપવામાં આવતાં જ ફોજી જવાનોએ જ્યાં સુધી 'હૉલ્ટ' એમ અટકવાનો હુકમ છોડવામાં ન આવે ત્યાં લગી આગેકૂચ કરીને ચાલવું જ પડે - ભલે પછી સામે ખીણ હોય, દરિયો હોય કે બરાકની ઊંચી દીવાલ હોય!

> શિસ્તનું પરિપાલન તો થવું જ જોઈએ.
> - ચાર્લ્સડિકન્સ

'ડગલું ભર્યું કે ના હઠવું' એવી અડગતા અને અફરતાનો પણ મહિમા છે. શિસ્તપાલનની જડબેસલાક ગતિવિધિઓ અને ક્રિયાકાંડો જ્યારે યાંત્રિક બની જાય ત્યારે જડતાનો પ્રવેશ નિર્વેદ અને કાંટાળો કંટાળો લાવે છે. સહજતા અને સ્વાભાવિકતાની સુમન-સુગન્ધ ઊડી જતાં નીરસતા બળવો જગાવી વિદ્રોહની પ્રેરણા આપે છે.

બાકી જાતે સ્વીકારેલી અને ગુરુજ્ઞાનીની જ્યોતિને પોતાના અંતરમાં પ્રકટાવેલી પ્રતીતિ હોય તે શિસ્તની નૈસર્ગિકતા એક આદર્શ ચીજ બની રહે. શરીરની શિસ્ત સુદૃઢતા, મનની શિસ્ત સંયમના ગુણ વિકસાવે છે. આમ, મન-વચન-કાયા જ્યારે એકાત્મ ચેતના સ્વરૂપે શિસ્તનું પરિપાલન કરવા તત્પર થાય ત્યારે એમના મક્કમ નિર્ધારને ગમે તેવી પ્રતિકૂળતાઓ પણ વિચલિત કરી શકતી નથી.

શિસ્ત જોવા જઈએ તો એક 'ક્લાસિકલ' પ્રશિષ્ટ આચાર-વિચારની પૅટર્ન છે. નક્કર વાસ્તવિકતાની શુદ્ધ સ્વીકૃતિ છે, જેમાં રોમાંસના નિરંકુશ સ્વપ્નવિહારને સ્થાન નથી. મદોન્મત હાથીને જેમ અંકુશથી વશ કરવામાં આવે એ રીતે ઉન્માદી આવેગોને શિસ્તના સહજ અંકુશ વડે નાથી રચનાત્મક પરિણામો પામી શકાય. ❐

વતનમાં શિયાળાની સાંઝ, એક સ્મૃતિ

ઉશનસ્

(શિખરિણી • સૉનેટ)

શિયાળાની ધૂણી-ધૂમસ-ધૂંધળી સાંઝ ઊતરે
શિકોરા ભાગોળે મુજ વતનમાં, સાવલી મહીં;
અને યાદા'વે છે શિશિર-ઘરડાં ફોઈની અહીં
સુદૂરે મારીયે અવ શિશિર-શી પાકી ઉમરેઃ

કર્યો કંટીવાળો, અશી સીમ તપેલી શી ભૂખરી
રખેળાઈ, ચૂલે નવરી પડી છે, ઈંધણ ચૂલે
ઠર્યું છે હોલાઈ; પણ નહીં ચૂલે આંધણ ખૂલે;
થઈ વાળુવેળા, પણ હજી તપેલી ન ઊતરી;

—અને હું ફોઈને નીરખી રહું છું સાંઝ સરિખાં
ધુમાયાં ધૂણીથી. ઉભય દગ ચોળી નિજ કરે
મૂકે છે અંગારા જ્યમ ત્યમ તપ્યા ઢાંકણ પરે
તપેલીનાઃ સીઝી રહી ખીચડી ને ફોઈ, નીરખ્યાં!

રખેળાયા લારા ફીકું ચળકતા ઢાંકણ પરે
તથા આવ્યા તારા નીકળી નભ; થૈ વાળુની પળે.

વેંત છેટું / *નિર્મિશ ઠાકર*

(મંદાક્રાન્તા • સૉનેટ)

મૂર્તિ સામે નતવદન એ ચેતવે દીપ સાંજે
ને મારાં આ જલદવચનોઃ 'રોજ આવું ખપે ના!

પ્હાણો, તારો પ્રભુ! સકળને કેમ જોઈ શકે ના?
રેડાતાં આ લહુ સતત ને આ ધરા સાવ ભૂખી!
સંધ્યાપૂજા? પ્રભુ-ભજનનાં નાટકો! તર્ક શું છે?
વેદો-શાસ્ત્રો, ધરમ-ભરમે વેડફાયા યુગો કૈં.
વંધ્યા પૂજા મહીં જીવનની સાંજ ખાલી ઢળી ગૈ!
શું પાષાણે તિલક કરવાં? હા, નર્યું સત્ય 'હું' છે.'

વ્હેરે એના તગતગી રહ્યું વેદનાપૂર જેવું.
મૂર્તિ-શો હું વિવશ, ઘરમાં જીવતી માત્ર નારી!
એ શ્રદ્ધામાં ધબકતી હતી, નાનકી સૃષ્ટિ મારી?
ખામોશીમાં ગરક થતું કૈં તો હતું, વેંત છેટું.
આંસુ એનાં ટપકી પડતાં દીપનું ઓલવાવું.
પાષાણોનું તરફડી રહ્યા અંધકારે દટાવું!

આપ-લે / *જયન્ત પાઠક*

(વૈતાલીય • સૉનેટ)

મળવું આપણું આમ સ્નેહમાં
નહીં સ્વર્ગે, નહીં પૃથ્વીલોકમાં
—અધવચ્ચે અહીં અંતરિક્ષમાં;
લઈ ઐશ્વર્ય બધું ય તારું તું
ઊતર્યો હેઠ, પ્રસારી બાહુને
ઊંચક્યો તેં કરુણા કરી મને.
અવ આલિંગનમાં હું તાહરાઃ
ભીંસમાં ભાવની, એકરૂપશી
વિભુતા ત્હારી મહારી અલ્પતા!
ભલી આપણી આવી આપ-લેઃ
લઘુતા મારી તુંમાં ભળી જરા
પ્રભુતા તારી હુંમાં વળી-હવે
અદકો શોભીશ તું મનુષ્યમાં
અકદો ને, હું ય દેવલોકમાં.

શાશ્વતી / *હસમુખ પાઠક*

(પદ)

ક્હાનજીના કંઠમાં ઝૂલે છે શાશ્વતી,
કિંકરની ડોકમાં કાળ!
શાશ્વતી હૈમવતી[1], શાશ્વતી વેદવતી[2]
શાશ્વતી માયા ને પ્રકૃતિ,
યુગયુગની વિરહવતી, 'ક્હાન ક્હાન' રટણમતી
શાશ્વતી રાધાની આકૃતિ,
ક્હાનજીને ગમતી તે, રમતી રૂહે હૈયામાં
ફોરમતી અહૈતુકી વહાલ!
ક્હાનજીના કંઠમાં કોળે છે શાશ્વતી,
કિંકરની ડોકમાં કાળ!
કિંકરની ડોકમાં કાળ-પાશ ભીંસતો
કાલ કાલ કરતો ટટળાવે
દર્શનની આશમાં મૂંઝાતા જીવને
પોતાનો લાગ નહીં ફાવે;
કિંકર હસમુખ તું ભલા, કાળ ઉપર વિજયન્તાં
રાધાનાં ચરણો પખાળ!
ક્હાનજીના કંઠમાં સોહે છે શાશ્વતી
કિંકરની ડોકમાં કાળ!

૧ હૈમવતી તે કેન ઉપનિષદની ઉમા હૈમવતી જે દેવાસુર સંગ્રામને અંતે વિજયોત્સવમાં રાચતા દેવો સમક્ષ કૌતુક રૂપે આવિર્ભૂત થતા યક્ષ દ્વારા ઓળખવા અર્થે મૂકેલા તૃણથી હારી જતા દેવોને જોઈને તૃણને સમજવા મથતા દેવાધિદેવ ઈન્દ્ર સમક્ષ પ્રકટ થઈ તેને તૃણ ધરનાર યક્ષની બ્રહ્મ-પરમાત્મા રૂપે ઓળખ આપે છે.
૨ વેદવતી તે વાલ્મિકી રામાયણ, ઉત્તરકાંડની વિષ્ણુને વરવા તપ કરતી તપસ્વિની, જેને વરદાનમત્ત લુબ્ધ રાવણ ભોગ અર્થે પકડવા જાય છે ત્યારે પોતે તે રાક્ષસને શાપ ન આપતાં તપોબલે દેહત્યાગ કરે છે અને બીજે અવતારે સીતારૂપે જનક રાજાને પ્રાપ્ત થાય છે.

મહાશૂન્ય / *ધીરુ પરીખ*

(વનવેલી)

શું છે ને ક્યાં છે જીવન?
સમુદ્રનું જળ જઈ ગગનમાં
પાછું સમુદ્રોમાં ઠલવાય.
ગગનને એનો જરીયે ન શોક થાય,
સમુદ્રને નહીં કશો હર્ષ વરતાય!

ઊડે છે આકાશે પંખી,
ઊડે વળી યંત્રયાન;
જીવનનું કોને ક્હેશો ભાન?

રોબૉટથી શસ્ત્રક્રિયા થાય;
ક્રિસ્ટિઆન બર્નાર્ડે તો
હૃદયનું પ્રત્યાર્પણ કરી જાણ્યું
સૌએ એને જીવન ગણાવ્યું.
પારધીના તીરથી પડે છે પંખી,
મિસાઈલના મારથી તૂટી પડે યંત્રયાનઃ
આ જ છે કે જીવનનું ભાન?

જીવનથી જીવન હણાય,
જીવનથી જીવન વણાય.
ગ્રહો અને ગ્રહો વચ્ચે
કશું ય ન હોય;
તારક અને તારક વચ્ચે
સ્થિર હો કે ચકરાતું શૂન્ય!
જ્ઞાન કે વિજ્ઞાન વડે
સમજો કે સમજાવો નહીં તોય
જીવનનો ફલિતાર્થ આખરે તો
બની રહે મહાશૂન્ય!

ઝરા સમી ઘટમાળ / *ઊજમશી પરમાર*

(ગાન)

ચાહ્યું, લીરો લાધે, તાકા ખૂલી ગયા,
લટકામાં બંધાવી પોરસ-પાઘ રે,
કયે ભવ જઈને ઋણ આ અનહદ ઉતારીએ?

ટાંપી ઊભા ટીપે, ક્યાંથી કળી ગયા?
વરસી ખળખળ ઝરા સમી ઘટમાળ રે,
કયે ભવ જઈને ઋણ આ અનહદ ઉતારીએ?

મૂડી તારી રટણા, વકરો કરાવતી
તું ચલવે ધમધમતો કારોબાર જો,
કયે ભવ જઈને ઋણ આ અનહદ ઉતારીએ?

મુઠ્ઠી કાળજ, મ્હેર સમાવી સમાય ના
સૂયો તારે હાથ, હવે તું સાંધે જો;
આ ભવ ખાતે ઋણ આ માથે રહી ગયું!

આદમ હતો / *જગદીશ ધનેશ્વર ભટ્ટ*

(ગઝલ)

શું કરે, થાકી ગયો એ આખરે આદમ હતો,
જાતથી હારી ગયો એ આખરે આદમ હતો.

હામ ને હિકમત થકી ચાલ્યા કરે આરામથી,
તોય રઘવાયો થયો એ આખરે આદમ હતો.

જિંદગીને માપવાની આંકણી ટૂંકી પડી,
આડશો આંકી ગયો એ આખરે આદમ હતો.

હર પળો અકબંધ છે પગલાં થકી પાદર સુધી,
ક્ષિતિજને આંબી ગયો એ આખરે આદમ હતો.

સાત સમદર શાનથી તરતો ગયો હળવાશથી,
બુંદમાં બૂડી ગયો એ આખરે આદમ હતો.

બોલના પડઘા બધા લેતી દિશાઓ આંતરી,
આપથી અળગો થયો એ આખરે આદમ હતો.

અધૂરી ગઝલ... / *હરદ્વાર ગોસ્વામી*

યુગોથી લખાતી અધૂરી ગઝલ છે.
ક્ષણોમાં છપાતી અધૂરી ગઝલ છે.

તું આવીને પૂરી કરી જા હવે તો,
રગેરગ રચાતી અધૂરી ગઝલ છે.

કલમ મોં વકાસીને તાકી રહી છે,
શબદમાં સમાતી અધૂરી ગઝલ છે.

માનવીની શાન દે / *'ઉશના'*

(ગઝલ)

ક્યાં માગું છું તારી કને કે માન દે કે પાન દે?
ઈશ્વર નથી, છું માનવી, વો માનવીની શાન દે.

માથે ચઢી બેસે ન મારા શ્વાસને રૂંધે કદી,
અહેસાન દે તો આટલું, બસ આટલું અહેસાન દે.

ખખડાવ મા ખાલીપીલી તું, બારણાં ખુલ્લાં જ છે;
વરસોથી સૂનાં દ્વારને એકાદ તો મહેમાન દે.

ગુંજે અનાહત નાદ ભીતર અનવરત, સાંભળ જરા,
બે કાન રાખી બંધ તારા મૌનને અવધાન દે.

કે તીર તો તાક્યું છે મેં એક ઊડતી પરછાંઈ પર;
મુજ શબ્દ-શરને દઈ શકે તો બાજનું સંધાન દે.

ધૂળ કા ઢેરા... / *લલિત ત્રિવેદી*

(ભજન)

ધૂળ કા ઢેરા
પાંચ ફૂટ દસ ઈંચ કા ઘેરા બાર ફૂટ કા ડેરા.

એક આંખમાં સાર ઈશારા
બીજી સાત સવાલ,
એક પગે અડધું પગલું ને
બીજી રૂમઝૂમ ચાલ.

ઈધર-ઊધર ને અરધ-ઉરધમાં કોન હે ધૂંધલા ચ્હેરા?

રાસ રમાડે રસિકલાલ
ને રતિલાલની રાતો,
ભોર ભયે લગ વનવન ભટકે
સૂરજલાલ છુપાતો.

શ્રાવણથી શ્રાવણ સળવળતા શતશત સાંપસપેરા.

માન માન હે સજની!
ક્યાં લગ રઢિયાળી ઓ રજની?
મારાથી ના બીઉં એટલી
બીક મને સૂરજની.

રાત ટમટમે આધઘડી ને આધઘડી અંધેરા!

ચકલી અને... / *ભરત વિંઝુડા*

(ગઝલ)

પહાડથી પડતું મૂકે ચકલી અને
પાંખ ફફડે અધવચાળે ને ઊડે.

શબ્દના મોતીઓ શોધો તે ક્ષણે
હોઠ પર આવે છે તેનું શું થશે?

ડાળીઓ, પર્ણોને જોવાં હોય છે,
વૃક્ષનાં મૂળ કેમ ધરતીમાં વધે!

તું પૂછે ને હું બતાવી દઉં બધું,
એક ઇચ્છા તોય પરદામાં રહે.

એક ઘર લાગે છે એવું સીમમાં,
ગામમાં પણ એવું લાગે છે મને.

પહાડથી પડતું મૂકે છે પથ્થરો,
ખીણના ઊંડાણને ભરવા મથે.

છીપનું ગીત / *શંભુપ્રસાદ જોશી*

અહો મુગ્ધ મદમાતી - મારે
રોમેરોમે સાગર આજ સમાયો!
શબદ એક ના ઊગે - મારે
અંગેઅંગે અનહદ નાદ છવાયો!

સાવ એકલી હતી અટૂલી—
નાની શી આ શૂન્ય મઢૂલી,
મેહુલિયા મઘમઘતું ટ્હૌક્યા—
સચરાચરમાં રાગ મલ્હાર ગવાયો!

ઊગ્યા કણકણમાં કૈં સૂરજ—
આભ તણા ઝળહળતા નૂરજ,
અંકુર શા મોતીના કોળ્યા
વનરાવનમાં રાસ હુલાસ રચાયો!

સહસા પવન ગયો સંતાઈ—
ગોતું ક્યાં હું વિરાટ માંહી?
ક્હેણ કોણ હાવાં લૈ જાશે—
મ્હેરામણ શું થાય નહીં રઘવાયો?

શક્યતા / *વિષ્ણુ પટેલ*

(ગઝલ)

શક્યતાને ક્યાં ચકાસી હોય છે?
તાજગી ક્યારેક વાસી હોય છે!

રાગડા - ઝાલર - નગારાં - આરતી:
ક્યાંક ઈશ્વરને જ ફાંસી હોય છે!

ક્યાંક કર જોડી સતત નાચ્યા કરે;
જિંદગી પણ દેવદાસી હોય છે.

કોઈને દેખાય ના તરસી તરત
માછલી જે જળમાં પ્યાસી હોય છે.

બોલતા જે કંઈ નથી શ્રદ્ધા વિશે,
એમને ઘરમાં જ કાશી હોય છે.

ફૂલ, બાળક, માને ધારીને જુઓ:
સાબિતી મજબૂત ખાસ્સી હોય છે.



મિશન પહેલાંના મિશનરી

સ્વામી અખંડાનંદ

દુષ્યંત પંડ્યા

को नु स्यात् उपायोऽत्र येनाहं सर्वदेहिनाम् ।
अन्तः प्रविश्ये सततं भवेयं दुःख भागभाक् ॥
न त्वहं कामये राज्यं न स्वर्गं ना पुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

* * *

'ખેતડી નગરમાં દલિતોનાં ઝૂંપડાંઓમાં જાઓ... ભગવાં કપડાં મોજમજાનો પરવાનો નથી, એ તો મહાન સિદ્ધિનું પ્રતીક છે. તન, મન અને વાણી, તમારું સર્વસ્વ જગતના હિત માટે સમર્પી દો. 'માતૃદેવો ભવ', 'પિતૃદેવો ભવ' એ તમે વાંચ્યું છે. હું ઉમેરીશ, 'દરિદ્ર દેવો ભવ'. રંગ, નિરક્ષર, મૂર્ખ, સંતપ્ત - એ તમારા દેવો બનો; એમની કરેલી સેવા તમારું ઉત્તમ ધર્માચરણ થશે.'

* * *

આ બેમાંનું પહેલું અવતરણ ભાગવતમાંની રંતિદેવની પ્રાર્થનાનું છે. ઓગણીસમી સદીના અંત ભાગમાં અને વીસમી સદીના એકાદ-બે દાયકા સુધીના, જામનગરના સુપ્રસિદ્ધ વૈદરાજ ઝંડુભટ્ટ આ શ્લોકોનો નિત્યપાઠ કરતા. સને ૧૮૯૨ના અંતભાગમાં એમને ત્યાં એક જુવાન બંગાળી સંન્યાસી આવી ચડ્યા. સત્તાવીસ-અઠ્ઠાવીસ વર્ષના એ સંન્યાસી ભટ્ટજીના આ શ્લોકપઠનથી અને એ શ્લોકપ્રેરિત એમની જીવનશૈલીથી ખૂબ પ્રભાવિત થયા. એ જુવાન સંન્યાસીએ આઠેક વર્ષ પૂર્વે પોતાના ગુરુમુખેથી એક બોલ સાંભળ્યો હતો : 'શિવજ્ઞાને જીવસેવા'. ઝંડુ ભટ્ટને મુખે બોલાતા આ ભાગવતી શ્લોકોએ (અર્થ : બીજાં લોકોના દેહમાં પ્રવેશી એમનાં દુઃખ હું ભોગવી શકું એવો કોઈ ઉપાય છે? મને રાજ્યની, સ્વર્ગની કે પુનર્જન્મની ઇચ્છા નથી; દુઃખથી પીડાતાં પ્રાણીઓનું દુઃખ દૂર કરવાની જ કામના છે.) એ યુવાન સંન્યાસીના ચિત્તમાં પેલો ગુરુદીધો મંત્ર પુનઃ જાગ્રત કર્યો અને એ વૈદરાજ ઝંડુ ભટ્ટના સેવાનિષ્ઠ અને નિઃસ્પૃહી જીવને એ સંન્યાસીને એ માર્ગે આગળ વધવા પ્રેર્યા. પણ માર્ગ સ્પષ્ટ થવો જોઈએને?

એ સંન્યાસી જેમને પોતાના માર્ગદર્શક અને પ્રેરણારૂપ ગણતા હતા એવા, પોતાનાથી એકાદ વર્ષ મોટેરા ગુરુભાઈને પત્ર લખી માર્ગદર્શન માગ્યું. તેના ઉત્તરમાં એમને મળેલા પત્રમાંથી લેખને આરંભે મૂકેલું બીજું અવતરણ આપ્યું છે.

આમ, માર્ગદર્શન માગનાર યુવાન સંન્યાસી તે સ્વામી અખંડાનંદ અને એમને પત્ર દ્વારા દૂર અમેરિકાથી માર્ગદર્શન આપનાર તે સ્વામી વિવેકાનંદ.

ગુરુએ રોપેલા મંત્રબીજને ઝંડુભટ્ટના શ્લોકે અને પ્રત્યક્ષ આચરણે જલસિંચનો છંટકાવ કર્યો અને અમેરિકાથી આવેલા સ્વામીજીના પત્રમાંના, પ્રાચીન વેદમંત્રમાં 'દરિદ્ર દેવો ભવ'ના ઉમેરણે એ બીજને પ્રકાશ આપ્યો. અને શ્રી રામકૃષ્ણ મિશનની વિધિવત્ સ્થાપના ઈ.સ. ૧૮૯૭માં થાય તેની પહેલાં, ખેતડીમાં અખંડાનંદે મિશનની સેવાપ્રવૃત્તિ આરંભી દીધી.

વિવેકાનંદ અને અખંડાનંદ બંનેના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસ. 'શિવજ્ઞાને જીવસેવા' એમના ઉદ્ગાર હતા અને એ ઉદ્ગાર સાંભળી બાવીસ વર્ષના નરેન્દ્રનાથ (પછીના સ્વામી વિવેકાનંદ) નાચી ઊઠ્યા હતા.

શ્રી રામકૃષ્ણ મિશનના પાયામાં એ પરમ મંત્ર હતો. સ્વામી અખંડાનંદના પૂર્વાશ્રમનું નામ હતું ગંગાધર. એમના પિતા શ્રીમંત ગંગોપાધ્યાયે 'તર્કરત્ન'ની પદવી પ્રાપ્ત કરી હતી અને એ સંસ્કૃતના પંડિત હતા. કુલાચાર્યનું કામ એ કરતા હોઈ 'ઘટક ઠાકુર' તરીકે એ ઓળખાતા. પણ એ કાર્યનો આરંભ એમણે કર્યો તેની પૂર્વે, આધ્યાત્મિક ખોજ માટે એમણે બે વાર ગૃહત્યાગ કર્યો હતો. લગ્ન પહેલાંના ગૃહત્યાગ પછી, એમના પિતાના સમજાવ્યા બાદ એમના સસરાએ એમને સંસારાભિમુખ કર્યા હતા. શ્રીમંત ઘટકનાં પત્નીનું નામ વામાસુન્દરી હતું. ઈ.સ. ૧૮૬૫ની ભાદરવી અમાસે, મહાલય શ્રાદ્ધના દિવસે શ્રીમંતનાં

માતા અવસાન પામ્યાં અને તે જ સાંજે, દેવમંદિરોમાં શંખ અને ઝાલર વાગી રહ્યાં હતાં, ત્યારે વામાસુન્દરીની કુખે જે બાળક અવતર્યો તે ગંગાધર.

ઊજળો ઘઉંવર્ણો વાન, વિશાળ ભાલ, મોટી ભ્રમરો અને ગરુડની ચાંચ જેવું નાક : આ દૈહિક લક્ષણોએ એને સૌનો લાડકો બનાવ્યો. બે-ત્રણ વર્ષના પોતાના લાડકા પુત્રના ગળામાં માતાએ સોનાની સાંકળી પહેરાવી, જેને એ બાળકે તરત જ તોડીને ફેંકી દીધી. એને ન થવાનું હતું કંચનનું આકર્ષણ કે ન ગમવાની હતી સંસારની સાંકળ.

સંસ્કૃતના વિખ્યાત સંસ્કારી પંડિતનો પુત્ર શૈશવથી પ્રાચીન સંસ્કૃત સાહિત્યના વાતાવરણમાં મોટો થતો હતો એટલે ગીતા, ઉપનિષદો એને માટે બાળપોથી જેવાં બની ગયાં. એમાં કોઈ અંતરના સંસ્કારોએ જોર કર્યું એટલે, યજ્ઞોપવીત ધારણ કર્યા પછી એ સ્વયંપાકી બની ગયા અને પૂજાધ્યાન પાછળ વધારે સમય દેવા લાગ્યા. આઠ વર્ષની પોતાની ઉંમરે એક પાંપણ પર થયેલી ફોડલી પર નસ્તર મુકાવતી વખતે દાક્તરે એમને બેભાન કરવા ચાહ્યું પણ, બાળ ગંગાધરે શીશી સૂંઘવાની ના જ પાડી અને, યોગીની તિતિક્ષા દાખવી. ઊંહકારો કર્યા સિવાય શસ્ત્રક્રિયા કરાવી.

ગંગાધરને એના પિતાએ ઓરિએણ્ટલ સેમિનરીમાં અભ્યાસ માટે દાખલ કર્યા. ત્યાં, એ જમાનાના પ્રખ્યાત નાટકકાર અને અભિનેતા ગિરીશ ઘોષના પુત્ર સુરેન્દ્ર સાથે એને મૈત્રી થઈ અને એ બંને કુમારો નાટકો ભજવવાને રવાડે ચઢી ગયા. 'સીતા વનવાસ'માં ગંગાધરે ભજવેલો કુશનો, 'દક્ષયજ્ઞ'માં શિવનો એમ વિવિધ પાત્રોનો એમનો અભિનય પ્રશંસા પામતો, પણ આ પ્રવૃત્તિએ એના શાળેય અભ્યાસનો ભોગ લીધો.

બાળલગ્નોના એ જમાનામાં ગંગાધરનાં માતા પોતાના પુત્ર માટે કન્યા શોધવા લાગ્યાં. આ વાતની ખબર પડતાં ગંગાધરે પોતાની માતાને કટાક્ષમાં કહ્યું : "જલદી જલદી લગન ગોઠવી કાઢો કારણ, તમારે અમારું ઘણાં ભાઈબહેનોનું ધ્યાન રાખવાનું છે. અમને વેળાસર રાંધીજમાડવા માટે ઘરમાં બીજી 'મા'ની જરૂર છે."

ગંગાધરથી બેએક વર્ષ મોટેરા એમના એક પડોશીમિત્ર હતા. નામે હરિનાથ ચટ્ટોપાધ્યાય. ઈ.સ. ૧૮૭૭માં, હરિનાથ ચૌદ વર્ષના અને ગંગાધર બારના હતા ત્યારે, બાગબજારમાં રહેતા દીનાનાથ બસુને ઘેર શ્રી રામકૃષ્ણની પધરામણી થઈ ત્યારે, હરિનાથની સાથે ગંગાધરે શ્રી રામકૃષ્ણનું પ્રથમ દર્શન કરેલું. ત્યાં કોઈએ ભજન ગાયું. એમાંના—

નાચ, મા શ્યામા, કરવાલ લઈને નહીં,
પણ હાથે બંસરી ધરીને નાચ—

આ શબ્દો સાંભળી શ્રી રામકૃષ્ણ સમાધિમગ્ન થઈ ગયા. બાર વર્ષના ગંગાધર અને એનાથી બે વર્ષ મોટેરા હરિનાથ વિસ્મિત થઈને આ જોઈ રહ્યા. સમાધિના આ દર્શને ગંગાધરની સંસારવિમુખતા વધારી.

થોડા દહાડા પછી કાશીપુરમાં કોઈ નિર્જન સ્થાનમાં રહેતા એક ઉદાસી સાધુની સાથે એ ચાલી નીકળ્યા. પોતાનો એકનો એક બાળક ક્યાં ચાલી ગયો? એની સાધુપ્રીતિથી પરિચિત એની માતા કાશી, પ્રયાગ, હરદ્વાર વગેરે સ્થળોએ આવેલા સાધુઓના અડ્ડાઓ ઢૂંઢવા નીકળી પડી. પુત્ર ક્યાંય ન જડ્યો. કાશીમાં એક 'ચમત્કાર' થયો. ફળ, મીઠાઈ, કાપડનો ટુકડો વગેરે લઈ એ ત્રિલંગ સ્વામી પાસે ગઈ, એ આશાએ કે, સ્વામી પોતાની ભેટ સ્વીકારે તો પુત્ર ઘેર આવી ગયો જાણવું. કોઈની ભેટ ન સ્વીકારતા ત્રિલંગ સ્વામીએ, ફળમીઠાઈ વગેરે ખાદ્યસામગ્રી પોતાના શિષ્યને સ્વીકારવા નિશાની કરી અને, પોતે વામાસુન્દરીએ આણેલું વસ્ત્ર સ્વીકાર્યું.

અને કલકત્તે પાછાં પહોંચ્યાં ત્યારે વામાસુન્દરીનો લાડકો દીકરો ઘેર આવી ગયો હતો. 'મને આ રીતે રડાવવા માટે તને મેં જન્મ આપ્યો છે?' એમ પુત્રને શિરે હાથ ફેરવતાં અને અશ્રુસિંચન કરતાં વામાસુન્દરીને પુત્ર ગંગાધરે જવાબ આપ્યો : 'તમારી કુખે હું જન્મ્યો તો તમને કેટલી બધી યાત્રાનું પુણ્ય મળ્યું?'

* * *

ઈ.સ. ૧૮૮૩ના મે માસના ઊકળતા એક બપોરે, શ્રી રામકૃષ્ણ દક્ષિણેશ્વરમાંના કાલીમંદિરના પ્રાંગણમાંના ગંગાતટ પરના પોતાના ઓરડામાં નાની પાટ પર આરામ કરી રહ્યા હતા. વૃદ્ધ ગોપાલ બાજુમાં ઊભા રહી શ્રી રામકૃષ્ણની સેવા કરી રહ્યા હતા. એવે કથોરે સમયે ઓગણીસ વર્ષના ગંગાધરે એ ઓરડામાં પ્રવેશ કર્યો. તદ્દન અસ્તવ્યસ્ત વાળ, દેખાવે સાવ સરળ, તડકાથી લાલઘૂમ થઈ ગયેલો ચહેરો, પણ અંતરના પાવિત્ર્યની એંધાણી આપતી શાંત, તેજસ્વી આંખો, નમણી મુખમુદ્રા. ઓરડામાં દાખલ થઈ એણે શ્રી રામકૃષ્ણને પ્રણામ કર્યા. સામા માણસનાં મનહૃદયને તરત કળી જનાર ઠાકુરે લવરમૂછિયા જુવાનને ઓળખી લીધો અને વાત્સલ્યપૂર્વક પોતાની પાસે પોતાની પાટ પર બેસાડ્યો. પછી પૂછ્યું : 'તેં મને અગાઉ કદી ક્યાંય જોયો છે?'

'હા, દીનાનાથ બસુને ઘેર. ત્યારે હું બહુ નાનો હતો.' ગંગાધરે કહ્યું.

'લે, ગોપાલ.' હસતાં હસતાં શ્રી રામકૃષ્ણ બોલી ઊઠ્યા. 'આ છોકરો કહે છે પોતે ખૂબ નાનો હતો ત્યારે એણે મને જોયો છે.'

પછી, બપોર ઢળતાં, શ્રી રામકૃષ્ણના કહેવાથી ગંગાધરે કાલીમાતાનાં અને વિષ્ણુનાં દર્શન કર્યાં અને ત્યાર બાદ શ્રી રામકૃષ્ણની સાધનાભૂમિ, પંચવટીમાં જઈ થોડો સમય ધ્યાન

કર્યું. ઠાકુરના સૂચનથી રાત પણ ત્યાં જ રોકાયા અને બીજે દિવસે એ ઘેર જવા નીકળ્યા ત્યારે એને ઠાકુરે કહ્યું, : 'પાછો શનિવારે આવજે.' કારણ? શનિવાર 'મધુવાર' છે!

તરતને શનિવારે તો નહીં પણ થોડા દિવસ પછીને એક શનિવારે ગંગાધર દક્ષિણેશ્વર ગયા. ગંગાધરનું ઘડતર શરૂ થઈ ગયું. 'ધ્યાન કરતી વેળાએ એકદમ નમીને બેસવું નહીં જોઈએ તેમ એકદમ ટટ્ટાર પણ નહીં બેસવાનું.' પછી શ્રી રામકૃષ્ણે એને કહ્યું, 'તારી જીભ બહાર કાઢ.' ગંગાધરની બહાર કાઢેલી જીભ ઉપર કંઈ લખીને ઠાકુરે એને દીક્ષા આપી.

પછી પોતે સૂતા અને ગંગાધરના ખોળામાં પોતાના પગ રાખી તેમને દબાવવા કહ્યું. કુસ્તીબાજ ગંગાધર કમળની ડાળખી સમા કોમળ એ પગ પર પહેલવાની જોર વાપરવા માંડ્યા ત્યારે ઠાકુર બોલી ઊઠ્યા, 'અરે! અરે! આ તું શું કરે છે? પગ ભાંગી જશે. જરા ધીરે ધીરે દબાવ.' ત્યારે ગંગાધરને ભાન આવ્યું કે ઠાકુરના માત્ર પગ જ નહીં, આખું શરીર સુકોમળ છે.

ગંગાધર શિવભક્ત હતા. એની એ ભક્તિને જરીય આંચ ન આવે એ રીતે એને સાધના અંગે માર્ગદર્શન મળતું રહ્યું ને પછી, એક દિવસે ગંગાધરને પોતાની સાથે ઠાકુર કાલીમંદિરમાં લઈ ગયા. ગર્ભમંદિરની નિકટ જઈ, નૃત્ય કરતાં કાલીમાતાની શ્યામલ મૂર્તિની નીચે શબવત્ શિવની શ્વેત પ્રતિમા દર્શાવી ઠાકુરે ગંગાધરને કહ્યું, 'આ જો. શિવ ચૈતન્યમય છે.' અને ગંગાધરને એ મૃણ્મય મૂર્તિમાં પોતાના ઈષ્ટ ચિન્મય શિવનાં દર્શન થયાં.

શ્રી રામકૃષ્ણની શિષ્યઘડતરની રીત વિશિષ્ટ હતી. એમના વર્ગમાં બધાને એક જ દાખલા, એક સરખા જ આંકપલાખા, સમાન શ્રુતલેખન કે ઈતિહાસ-ભૂગોળ-વિજ્ઞાનના એક જ પાઠ ભણાવાતા ન હતા. હોડીમાં બેઠેલા કોઈ મુસાફર ઠાકુરની નિંદા કરતા હતા તેથી ક્રોધિત થઈ હોડી ડુબાડવા તૈયાર થનાર નિરંજનને ક્રોધ કરવા માટે ઠપકો આપ્યો હતો તો, એવી જ પરિસ્થિતિમાં મૂંગા બેસી રહેનાર યોગીનને ક્રોધ ન કરવા બદલ ઠપકો આપ્યો હતો. ગુરુની આજ્ઞાને વશ થઈ પોતાની ઈચ્છાની સદંતર વિરુદ્ધ અદ્વૈત વેદાન્તના ગ્રંથ અધ્યાત્મ રામાયણમાંથી થોડું વાંચી સંભળાવ્યા પછી, ઓરડાની બહાર આવી હાજરા સાથે અદ્વૈત મતની ઠઠ્ઠામશ્કરી કરતા નરેન્દ્રનાથને, દક્ષિણેશ્વરથી નીકળી પોતાને ઘેર જતાં અને, ઘેર પહોંચ્યા પછી પણ બેએક દિવસ સુધી એવી તો અદ્વૈતાનુભૂતિ ગુરુએ કરાવી દીધી હતી કે પછીથી એ અદ્વૈતના ઉપાસક બની ગયા હતા.

ગંગાધરનો છૂત-અછૂતનો ગઢ તોડવો જ રહ્યો. દક્ષિણેશ્વરમાં ભોજન ન કરવું પડે એ રીતે પોતાનો આવવા-જવાનો સમય સામાન્ય રીતે ગોઠવતા ગંગાધરને રાત રોકાઈ જવાનું કહેવામાં આવ્યું. કાલીમંદિરના અને વિષ્ણુમંદિરના આવેલા પ્રસાદમાંથી થોડું હાથમાં લઈ, તેને વાંદી, ઠાકુરે પોતાના મુખમાં મૂક્યો અને પછી, ગંગાધરને તે ખાવા કહ્યું. ગંગાધરે તેમ કર્યું. બીજી એક વાર ગંગાધરને આજ્ઞા અપાઈ, 'જા, કાલીમંદિરે જઈ પ્રસાદ ખાઈ આવ.' પોતાને હાથે જ રાંધીને હવિષ્યાન્ન જન્મનારા બ્રાહ્મણ યુવાનની એ એકદમ આકરી કસોટી હતી. કાલીમાતાને માંસમચ્છી પણ ધરાવાય જ. ગંગાધરને સદ્ભાગ્યે તે દહાડે કાલીમાતાનો પ્રસાદ પણ શુદ્ધ શાકાહારી હતો!

એ જ રીતે શૌચ પછી ગંગાજળનો ઉપયોગ ન કરવાનો તેમજ, કોઈને ચાર પૈસા આપ્યા પછી, ગંગાજળથી હાથ ધોવાનો પાઠ પણ એને મળ્યો. કૅન્સરની માંદગી અંગે કાશીપુરમાં રહેવા ગયેલા ગુરુની સેવાનો પાઠ બીજા ગુરુભાઈઓની સાથે ગંગાધરને પણ મળ્યો. અને સંન્યાસની વિધિવત્ દિક્ષા આપ્યા સિવાય પણ, ગોપાલે આણેલા ભગવા કાપડનો ટુકડો પોતાના સોળ શિષ્યોના વૃંદને આપી, એ રીતે લાક્ષણિક રીતે માર્ગ ચીંધી, સને ૧૮૮૬ના ઑગસ્ટની ૧૬મીએ ગુરુએ મહાસમાધિ લીધી.

વિધિપુરઃસર મઠ સ્થપાયો ન હતો. સોળમાંના કોઈ શિષ્યે સંન્યાસ અંગીકાર કર્યો ન હતો. ગુરુ ચાલી જતાં રીતસરનું માર્ગદર્શન આપનાર તત્કાલ તો કોઈ ન હતું કારણ, નરેન્દ્રનાથને કોર્ટમાં ચાલતા મુકદ્દમાની ઉપાધિ જકડી રાખતી હતી. આમ છતાં, નરસિંહ મહેતાના ઉતારા જેવા વરાહનગરના એક ભૂતિયા મહેલમાં આ શિષ્યવૃંદે મઠની સ્થાપના કરી અને ભગવાં ધારણ કરી રહેવા લાગ્યા. ત્યાં સાપવીંછીનો અને ભૂતપલિતનો ડર હતો, એથી ક્યાંય મોટેરો ડર ભૂખમરાનો હતો. તીર્થસ્થાનોએ જવાની ઈચ્છા સાથે, સ્વામી બ્રહ્માનંદ વગેરે મઠમાંથી બહાર નીકળી પડ્યા તેનું એક કારણ આ પણ હતું. હિમાલયમાં નર્મદાતટે અને એવાં અન્ય પવિત્ર સ્થળોએ તપ કરવાની ઈચ્છા પણ એ સૌને આકર્ષતી હતી.

વરાહનગરના મઠમાં રહેતા ગંગાધરે ગુરુપૂજાનાં કેટલાંક સ્તોત્રો અને ભજનોનો ચાલ દાખલ કર્યો. મઠમાં રહેતા હોવા છતાં અવારનવાર એ ભગવાંધારી યુવાન પોતાને ઘેર પણ જતા. પુત્રની સંસારવિમુખતા માતા સમજી શકતી ન હતી, પણ પિતા સમજી શકતા હતા. હિમાલયમાં જઈ તપ કરવાની મંજૂરી માતા તો આપવાનાં જ ન હતાં, એને કશું ન કહેતાં ગંગાધરે પિતાને પોતાની મનેચ્છા કહી. પિતાએ કહ્યું, 'બેટા, હું તને સ્ટેશને વળાવવા આવીશ.'

બાબુરાયને ગામડે આંટપુરમાં, ૧૮૮૬ના ડિસેમ્બરની ૨૪મી તારીખે નરેન્દ્ર, શરત, શસી, તારક, કાલી, નિરંજન, શારદા અને ગંગાધર નાતાલ ઊજવવાને ગયાં હતાં. પણ ૨૪મીની રાતે એ નવ યુવાનો એક મોટું તાપણું કરી ટાઢ ઉડાડવા બેઠા ત્યારે, અચાનક, નરેન્દ્રનાથે ઈસુ ખ્રિસ્તની પવિત્ર

જીવનકથા ઉત્સાહભરી વાણીમાં કહી અને એ રીતે સૌના સંન્યાસ-નિશ્ચયને સુદૃઢ કર્યો હતો.

આ ઘટનાને પૂરા બે માસ થાય એટલામાં શિવરાત્રીએ અઠવાડિયું બાકી હતું ત્યારે, ૧૮૮૭ના ફેબ્રુઆરીમાં, પોતાના જ્યેષ્ઠ પુત્રને વચન આપ્યા પ્રમાણે, શ્રીમંત ઘટક દાવડા સ્ટેશને પહોંચી ગયા અને, ભારે હૈયે પણ શુભેચ્છા સાથે પુત્રને વિદાય આપી. કોઈ ગુરુભાઈને આ બાબતની જાણ ન હતી. ગંગાધરનું પરિભ્રમણ આરંભાયું.

* * *

પોતાના એ પરિભ્રમણની ગાથા એકદમ સૌમ્ય ભાષામાં સ્વામી અખંડાનંદે પછીથી બંગાળીમાં 'સ્મૃતિકથા' નામના નાનકડા પુસ્તકમાં કહી છે. પણ હિમાલયમાંનાં ચાર ધામ - બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી-ની યાત્રા, કૈલાસ અને માનસરોવરની યાત્રા, તિબ્બતની ત્રણ યાત્રાઓ, ઉત્તરમાં ઠેઠ લડાખથી આરંભી ચોમેર ભારતમાં એમણે કરેલું પરિભ્રમણ અને એમની સત્યપ્રિયતા, ત્યાગવૃત્તિ, નિઃસ્પૃહણીયતા, બીજાની સેવા કરવાની વૃત્તિ, ઈત્યાદિ ગુણોને લઈને એમને થયેલા પ્રવાસના અનુભવો લિવિંગસ્ટનના કે સ્વેન હેડિનના અનુભવો કરતાં જરાય ઓછી અગત્યના નથી. તેમજ એમાં પરાક્રમ પણ ઓછું નથી. લામાઓના આળસના એમના ઉલ્લેખે તિબ્બતમાંથી એમને છટકવું આકરું પડી ગયું હતું. જાસૂસ માનીને એમને લડાખમાં કેદમાં પૂરવામાં આવ્યા હતા. 'તમારા રાજ્યમાં કોઈ ભૂખ્યો ન રહેતો હોય તો હું તમારી ભિક્ષા સ્વીકારું' એમ રાણાને કહેવા બદલ એમને ઉદેપુર છોડવું પડ્યું હતું. સ્વામી વિવેકાનંદને મળવા આતુરતાપૂર્વક નારાયણ સરોવર જતાં લૂટારુઓનો ભોગ બનવું પડ્યું હતું. એકદમ ઓછાં વસ્ત્રોમાં હિમાલયમાં રહેવાથી શરદી, ખાંસી અને તાવનો ભોગ બનવું પડ્યું હતું. જામનગરમાં ટાંકરજી શેઠને ઘેર રહેતા હતા ત્યારે, એમને બારણે આવેલા કોઈ બીજા સંન્યાસીને હડધૂત થતા અટકાવવા બદલ શેઠના રસોઈયાએ કૉફીમાં આપેલા ઝેરનો ભોગ પણ એમને બનવું પડ્યું હતું.

પરંતુ અખંડાનંદની આ માંદગી એમને ઝંડુભટ્ટને ત્યાં લઈ ગઈ અને ભટ્ટજીના 'ધન્વંતરી ધામ'ની સમગ્ર પ્રવૃત્તિ તથા ભટ્ટજીની દિનચર્યાએ અખંડાનંદના અવચેતન મનમાં પ્રવેશી ગયેલો ગુરુદીધો 'શિવજ્ઞાને જીવસેવા'નો મંત્ર પુનઃ જાગ્રત કર્યો. એમની વિવેકાનંદપ્રીતિ એમને સૌરાષ્ટ્રમાં લીંબડી, જૂનાગઢ, પ્રભાસ, દ્વારકા અને કચ્છમાં લઈ ગઈ હતી. વિવેકાનંદ એકલા જ ભટકવા ચાહતા હતા પણ સંન્યાસદશામાં પણ વડીલ બંધુ પ્રત્યેની પ્રીતિ અખંડાનંદને વિવેકાનંદને પગલે પગલે દોડાવતી હતી. બંને ગુરુભાઈઓ આખરે માંડવીમાં મળ્યા. ગંગાધરને આમ પોતાની સગડ ન મૂકવા બદલ વિવેકાનંદે ઠપકો પણ આપ્યો. પણ પોતાના વડીલ અને માર્ગદર્શક ગુરુભાઈને મળીને તૃપ્તિનો ઓડકાર ખાનાર અખંડાનંદે તરત છૂટા પડી જવાની ખાતરી આપી. બંને કચ્છમાં થોડા દહાડા સાથે રહ્યા અને બંનેની અનિચ્છા છતાં, જુદા જુદા નીકળ્યા હોવા છતાં, બંને ફરી પોરબંદરમાં મળ્યા અને ત્યાંથી છૂટા પડ્યા. વિવેકાનંદ જૂનાગઢ ગયા અને અખંડાનંદ જેતપુર, ગોંડલ, રાજકોટ થઈ જામનગર ગયા. પોતાની 'સ્મૃતિકથા'માં એમણે લખ્યું છે, 'સેવાવ્રતનો પ્રારંભ જામનગરમાં થયો; એનો વિકાસ રાજપુતાનામાં ખેતડીમાં થયો અને વિકાસ પામી એ પરિપક્વ થયું મુર્શિદાબાદમાં.'

જામનગરમાં લગભગ એક વર્ષ રોકાઈ, કુંડલા, ભાવનગર, નડિયાદ, પુણે, મુંબઈ થઈ, રાખાલ(સ્વામી બ્રહ્માનંદ-રામકૃષ્ણ મઠ મિશનના પહેલા અધ્યક્ષ)નો પત્ર આવતાં એમને મળવા આબુ ગયા. ત્યાંથી એમની સાથે અખંડાનંદ જયપુર ગયા અને એમના પ્રેર્યા એ ત્યાંથી ખેતડી ગયા. ખેતડીના રાજા સ્વામી વિવેકાનંદના શિષ્ય હતા અને એમણે સ્વામીજીને અમેરિકા જવામાં સહાય કરી હતી.

ખેતડીના રાજાના અતિથિ બની થોડો સમય રહ્યા પછી સ્વામી અખંડાનંદ રાજ્યના ગ્રામવિસ્તારોમાં ફરવા લાગ્યા. આમ, ફરતા એમણે જાગીરદારો વડે રંક કિસાનોનું થતું શોષણ પ્રત્યક્ષ નિહાળ્યું. આઠ-દસ મહિનાના આ નિવાસથી અને શીખવા માટે કરેલ પ્રયત્નથી સ્વામી અખંડાનંદને હિંદીની ફાવટ સારી આવી ગઈ હતી. તે નીડર સંન્યાસીએ દ્રવિત હૈયે 'રાજાનો પ્રજા પ્રત્યે ધર્મ' એ વિષય પર ખેતડીના રાજાને લાંબો પત્ર લખી, રાંક પ્રજાને પડતા વસ્ત્ર-અન્નનાં વાખા તરફ કશી જ સગવડ વિનાની એમની ગંદકી ને ગીચ ઝૂંપડીઓ તરફ, એ રંક પ્રજાના થતા શોષણ તરફ તેમણે રાજાનું ધ્યાન દોર્યું. રાજાનો સહાનુભૂતિભર્યો પત્ર મળતાં સ્વામી અખંડાનંદ ખેતડી આવ્યા અને ત્યાંથી, માર્ગદર્શન માટે એમણે અમેરિકા, સ્વામી વિવેકાનંદને લખેલા પત્રનો જે ઉત્તર આવ્યો તેમાં, લેખને આરંભે મૂકેલું બીજું અવતરણ આવ્યું. 'દરિદ્રદેવો ભવ', એ મંત્ર ક્રાંતિકારક જ હતો અને 'સૌ સૌનાં કરમનાં ફળ ભોગવે છે'—એ કર્મવાદની રૂઢ માન્યતાના મૂળમાં કુઠારાઘાત કરનારો હતો. આ મંત્રે અખંડાનંદને કાર્યની દિશા સુઝાડી.

રાજમાં તે કાળે પાંચસો ગોલા કુટુંબો હતાં. નાનપણથી રાજાની, એનાં કુટુંબીઓની અને રાજપૂત જાગીરદારોની સેવા કરવા સિવાય એ લોકોને બીજા કશા અધિકાર ન હતા. રક્ષાબંધનના દિવસે ગોલાઓ પણ રાજાને રાખડી બાંધે અને સૌ થોડો આનંદ કરે. એ તકનો લાભ લઈ ગોલા છોકરાઓને શાળામાં ભણવા માટે છૂટા કરવાનું અખંડાનંદે રાજા પાસે માગ્યું. એમની માગણી મંજૂર થઈ, પાછી ખેંચાઈ, પાછી મંજૂર થઈ. ગોલાબાળકોના અધ્યાપનથી સ્વામી અખંડાનંદે પોતાના સેવાયજ્ઞનો પ્રારંભ કર્યો.

વળી, રાજાના દરબારમાં જેમને પ્રવેશતા અટકાવવામાં

આવતા હતા તે ખેતમજૂરોને સ્વામીએ દરબારમાં પ્રવેશ અપાવ્યો. શોષિતો પ્રત્યેની તેમની સહાનુભૂતિનું આ ઉદાહરણ છે. ત્યાંના ડોમ લોકોની સ્થિતિ સુધારવાનાં પગલાં તેમણે રાજા પાસે લેવરાવ્યાં. ગામડાંઓમાં ફરીને ત્યાંનાં બીમાર લોકોને રાજ્યની હૉસ્પિટલમાં સારવાર માટે આણવાનું કાર્ય તેમણે કર્યું.

ઠાકુરની મહાસમાધિ પછી તરત જ મઠ છોડી ૧૮૮૭માં વરાહનગર મઠમાં પાછા આવી વિધિસરની સંન્યાસદીક્ષા લઈ અખંડાનંદ પોતાને પરિભ્રમણે નીકળી પડેલા તે, ગુરુભાઈ સ્વામી અભેદાનંદના બોલાવ્યા ૧૮૯૫ના આરંભમાં ઠાકુરની જન્મજયંતીના ઉત્સવ નિમિત્તે મઠમાં પાછા આવ્યા. પણ મઠ હવે વરાહનગરથી આલમબજાર ચાલી ગયો હતો અને સ્વામી વિવેકાનંદે અમેરિકામાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓએ મઠ અને એના વાસીઓ પ્રત્યે જગતનું ધ્યાન દોર્યું હતું.

સ્વામી અખંડાનંદને વેદોના થતા સ્વરપાઠ અને ઘનપાઠથી આગળ વધી એમના અર્ચસહિતના અભ્યાસમાં રસ હતો. એટલે મઠમાં આવ્યા પછી, આ ભગીરથ કાર્ય માટે યોગ્ય પંડિતની શોધે પાછા એમને આમતેમ આથડતા કરી દીધા. એવામાં, ઠાકુર શ્રી રામકૃષ્ણને અતિપ્રિય એવાં નાગચમ્પાનાં પુષ્પોથી એમની પૂજા કરવાની વાત મઠમાં થઈ; અને સ્વામી અખંડાનંદ ગુરુને ગમતાં એ પુષ્પોની શોધમાં ઊપડ્યા. એક બગીચેથી બીજે અને એક ગામથી બીજે, નાગચમ્પાની શોધમાં એ ભટકતા જ રહ્યા. બરાબર અઢારમે દહાડે એ સાતપુકુર ગામે શ્યામ મલ્લિકના મોટા બગીચામાં પહોંચ્યા અને ત્યાંથી એ પુષ્પોનો ગુચ્છ લઈ, કેળના પાનમાં વીંટી, પોતાને મસ્તકે ઊંચકી એ દોડતા મઠમાં પાછા આવ્યા.

શ્રી રામકૃષ્ણ જન્મોત્સવમાં ઠાકુરના સૌ અંતરંગ ભક્તોને અને સૌ અતિથિઅભ્યાગતોને એકસરખો જ પ્રસાદ પીરસાય તેવો તેમનો આગ્રહ ફળ્યો. સર્વ જીવોને સમાન ગણવાનું આ કૃત્ય અદ્વૈતનું અનુસરણ હતું.

એમના પરિભ્રમણના અનુભવો વિશે સ્વતંત્ર પુસ્તક નહીં તો સ્વતંત્ર લેખ તો લખી જ શકાય. એ જ રીતે, એમની સાધના અને હિમાલયમાં એમણે કરેલા તપ વિશે પણ લખી શકાય. અહીં આપણે એમની એક અનુભૂતિનો ઉલ્લેખ કરીએ.

આપણે શ્રી રામકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે સ્વામી અખંડાનંદ કલકત્તે આવ્યાની વાત કરી છે. આલમબજાર મઠમાં જ એ રહેતા હતા ત્યારે, બંગાળને અતિ સામાન્ય એવો મલેરિયા તેમને લાગુ પડ્યો. ખૂબ શિરોવેદના થતી હતી. એટલે, સાથી સુબોધાનંદે એમને કપાળે કાળાં મરીના ભૂકાનું લેપન કર્યું. એ લેપની બળતરાએ માથાના દુખાવાને ભુલાવી દીધો, પણ સ્વામી અખંડાનંદ આખી રાત ઊંઘી શક્યા નહીં. એમના મનમાં જીવ-શિવના સંબંધ અંગેના દાસ્ય, સખ્ય, વાત્સલ્ય, મધુર અને શાંત એ પાંચ ભાવાભિગમનું ચિંતન ચાલ્યું. પણ એમને લાગ્યું કે આ ભાવો પણ એક પ્રકારની માયા જ છે અને 'સોઽહમ્' એ જ સત્ય છે!

* * *

સ્વામી અખંડાનંદનું સેવાકાર્ય આકસ્મિક રીતે આરંભાયું. સ્વામી વિવેકાનંદના અમેરિકાથી પુનરાગમન પછી, એમની નાદુરસ્ત તબિયતને કારણે એ મઠ અને કલકત્તા છોડી દાર્જિલિંગ ગયા. એમની સાથે અને એમની પાછળ બીજા કેટલાક ગુરુભાઈઓ પણ ગયા. મઠ ઉજ્જડ જેવો થઈ ગયો. અને આમ પણ અખંડાનંદ તો પરિભ્રમણનો જીવ.

મઠમાંથી બહાર જવા માટેનું નિમિત્ત એમની સેવાભાવના બની. મદ્રાસમાં નવા ખૂલેલા મઠમાં સ્વામી રામકૃષ્ણાનંદની સહાયે જતા સ્વામી સદાનંદને કૂતરું કરડી ગયાનું અખંડાનંદના સાંભળવામાં આવ્યું. એને માટેની વનૌષધિ લેવા એ ગોંડલપાડા જવા રવાના થયા, પહેરેલ લૂગડે, ખભે લુઈ (જાડો કામળો) રાખીને અને બે રૂપિયાની માતબર મૂડી લઈને!

ગંગા ઓળંગી સ્વામી બાલીથી ચંદ્રનગર રેલગાડીમાં ગયા. ટિકિટભાડું ચાર આના ખર્ચતાં એમની પાસે પોણા બે રૂપિયા રહ્યા. ગોંડલપાડામાં દવાનો દોઢ રૂપિયો આપ્યા પછી સ્વામી અખંડાનંદ પાસે મૂડીમાં એક પાવલી - આજના પચ્ચીસ પૈસા- રહ્યા. ભિક્ષાન્ન ખાતાં, કોઈના અતિથિ બનતાં અને કોઈ ઉદાર ગૃહસ્થની સહાયથી વાહનમાં પ્રવાસ કરતાં એ નવદ્વીપ અને બીજાં સ્થાનોએ ફરતાં ફરતાં મુર્શિદાબાદ જવા નીકળ્યા. મુર્શિદાબાદ એટલે બંગાળના નવાબોનું પાટનગર. ત્યાં જતાં પ્લાસીનું ઐતિહાસિક એવું મેદાન ઓળંગી એ દાદપુર ગામે પહોંચ્યા. માર્ગમાં ગામડાંઓમાં જ એમને દુકાળનાં દર્શન થયેલાં. કાલી-ગંજમાં કોઈ અંગ્રેજ અફસર દુષ્કાળ-રાહતના કામ માટે પડાવ નાખી રહેલો પણ એમણે જોયો. દાદપુર એ પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી. કોઈ દુકાનને ઓટલે રાત વિતાવી. વહેલી સવારે ગંગામાં હાથ-મોઢું ધોઈને સ્વામી અખંડાનંદ આવતા હતા ત્યારે ચૌદેક વર્ષની એક મુસલમાન છોકરી આક્રંદ કરી રહી હતી. ઘેલી ઘેલી, માથું ઓળ્યા વગરની અને શરીરે ચીંથરા જેવાં વસ્ત્રો પહેરેલી એ છોકરીની કાંખમાં એક માટીનો ઘડો હતો પણ તળિયા વગરનો.

સ્વામી અખંડાનંદને જોઈ, કલ્પાંત કરતી એ બોલી : 'બાપા, આકરો દકાળ છે, ઘરમાં ખાવાનું કાંઈ જ નથી, વખરીમાં એક આ ઘડો અને બે હાંડલી હતી. એમાંથી આ ફૂટી ગયો. હવે પાણી કેવી રીતે ભરી લઈ જવું? ને મારી બા મને વઢશે.'

કરુણાપૂર્ણ સ્વામીનું હૃદય આ દાસ્તાનથી અને એ કહેનાર છોકરીના દીદારથી દ્રવી ઊઠ્યું. એમણે એ છોકરીને બે પૈસાનો ઘડો અપાવ્યો અને બે પૈસાનો ચેવડો અપાવ્યો. સ્વામી અખંડાનંદે

પોતાની પાસે હતી તે પાવલી દુકાનદારને આપતાં, એણે ત્રણ આના પાછા આપ્યા. અખંડાનંદજીએ આ છોકરીને કરેલી સહાયના અને દુકાનદારે એમના હાથમાં મૂકેલા કેટલાક પૈસાના સાક્ષી હતા, તે મારાદીઘી ગામના ડઝનેક છોકરાઓનું ટોળું એમને ઘેરી વળ્યું અને દુષ્કાળઅંકિત ચહેરે, પેટનો ખાડો પૂરવામાં સહાયની યાચના કરવા લાગ્યું. પેલા દુકાનદારને પોતાની પાસેના ત્રણ આના આપી એમણે પેલા છોકરાઓને ચેવડો વહેંચી આપવા જણાવ્યું. પાવલીની મોટી મૂડીથી શરૂ થયેલું આ સેવાકાર્ય રામકૃષ્ણ મિશનની સ્થાપનાની દોઢેક મહિના પહેલાં થયેલું હતું.

પછી સ્વામી અખંડાનંદ સાવ અકિંચન થઈ ગયા. હવે એમની પાસે કોઈને સહાય કરવા માટે રાતી પાઈ પણ ન હતી. અને એમ હોય તો ત્યાં રહેવાનો અર્થ ન હતો. એ ત્યાંથી જવા નીકળતા હતા ત્યાં કોઈ પ્રૌઢ વયની સ્ત્રી એમની પાસે આવી અને બોલી, 'બાપા, એંશી વરસની ગયા વૈષ્ણવીને તમે નહીં બચાવો તો એ મરી જશે.' એક પણ પૈસા વગરની પોતાની અસહાય દશાની વાત પેલી સ્ત્રીએ કાને ન ધરી. ગંદી ઘોલકીમાં રહેતી ગયા વૈષ્ણવીને ત્યાં એ ગયા. એને ખૂબ ઝાડા થયા હતા અને નબળાઈને લઈને એ ઊઠી પણ શકતી ન હતી. પોતાના જ મેલામાં એ સબડતી અને કણસતી પડી હતી.

સ્વામી અખંડાનંદે એની શુશ્રૂષા આરંભી. જમીનદારને ત્યાંથી એને માટે ખાવાનું આણ્યું અને એ ગયા વૈષ્ણવીને રોજ મળે તેવી વ્યવસ્થા કરી. કોઈની પાસેથી કપડું માગી એ બાઈને સાફસૂફ કરીને ચોખ્ખું કપડું પહેરાવ્યું તથા છાણ વડે એની ઝૂંપડી લીંપવા તૈયાર થયા. પણ એમને ત્યાં આણનાર એ બાઈએ લીંપી આપી. ત્યાં તો જમીનદારને ઘેરથી દાળભાત વગેરે ભોજન આવ્યું ને તે આરોગતાં ગયામાં થોડી શક્તિ આવતાં એ બોલી, 'મા'રાજ, તમે આગલા ભવમાં મારા દીકરા હશો.' સ્વામી અખંડાનંદ કહે : 'આગલા ભવમાં શા માટે? મા, આ ભવમાં જ હું તમારો દીકરો છું.'

એ પીડાતી વૃદ્ધાની બધી વ્યવસ્થા કર્યા પછી સ્વામી અખંડાનંદ ત્યાંથી નાપુકુર, બેલડાંગા, ભાવટા વગેરે દુષ્કાળ-ગ્રસ્ત ગામોમાં દુષ્કાળ-પીડિત લોકોની વ્યથા નિહાળતા મહુલા ગામે પહોંચ્યા. ચૈત્રી પૂર્ણિમાના દહાડે (એપ્રિલ ૧૮૯૭માં) એ મહુલાના એક ભાગમાંથી બીજામાં ગયા. ત્યાં એ રોકાયા અને બપોરે થોડા શ્રોતાજનો સમક્ષ ગીતાનો સ્વાધ્યાય કરવા લાગ્યા. બપોરે કોઈ બ્રાહ્મણને ત્યાં પ્રસાદ લેવા જતાં પહેલાં કોઈએ એમને ઉગાડેલા મગ, તરબૂચની ચીરો, કશી મીઠાઈ અને સાકરનું પાણી મોકલ્યાં. એ સમયે સ્વામીજીની દૃષ્ટિ સામે ઊભેલાં કેટલાંક ભૂખ્યાં બાળકો પર પડી. પોતે કેવળ સાકરવાળું પાણી પીધું અને જે ખાવાનું હતું તે એ બાળકોને વહેંચી આપ્યું. એ બાળકોનાં માબાપો બાળકોને તરછોડીને પેટનો ખાડો પૂરવા ચાલી નીકળ્યાં હતાં.

મહુલા આવતાં પહેલાં જ, ભાવટાથી નીકળતી વેળા એમને એક અવાજ સંભળાયો હતો : 'તું ક્યાં ચાલ્યો? તારે અહીં ઘણું કરવાનું છે. ગંગાતટનું આ સ્થાન પવિત્ર છે.' પછી સ્વામી અખંડાનંદ ક્યાં જઈ શકે? 'તમારી પડોશમાં જ એક નિરાધાર કુટુંબ અન્ન વિના ટળવળે છે ત્યાં મારે ગળે કોળિયો કેમ ઊતરે?' આમ પોતાના યજમાનને કહી એનું ધ્યાન એના પડોશી તરફ દોર્યું. એ યજમાને તરત જ એ કુટુંબને ખાવાનું મોકલાવ્યું અને સ્વામીજીએ પ્રસાદ લીધો.

હવે ત્યાંથી દૂર ખસવાપણું ન હતું. મહુલાથી એમણે સ્વામી પ્રેમાનંદને મઠને સરનામે પત્ર લખ્યો અને પોતે ક્યાં ને શા કારણથી રોકાઈ ગયા છે તેની જાણ કરી. મઠમાંથી સ્વામી પ્રેમાનંદનો ઉત્તર આવતાં, અત્યાર સુધીના અજાણ સંન્યાસી તે સ્વામી વિવેકાનંદના ગુરુભાઈ છે એ જાણ મહુલાનાં લોકોને થઈ. પછી એમણે જ્યાં રહેતાં હતાં ત્યાં શ્રી રામકૃષ્ણ પરમહંસની છબી પધરાવી અને 'શ્રી રામકૃષ્ણ ઉપદેશ'માંથી વાચન ચાલુ કર્યું.

સ્વામી પ્રેમાનંદના આલમબજાર મઠમાંથી આવેલા પત્રમાં અને મદ્રાસથી સ્વામી કૃષ્ણાનંદના પત્રમાં સલાહ હતી, 'તમે કંઈ હજારો મોઢાંને અન્ન પૂરું પાડી શકવાના નથી. તમે તો અકિંચન સંન્યાસી છો. મઠમાં પાછા આવી જાઓ.' યાદ રહે કે આ શ્રી રામકૃષ્ણ મિશનની સ્થાપના થઈ તે પહેલાંની ઘટના છે. એ મિશન ૧૮૯૭ના મેની પહેલી તારીખે વિધિવત્ સ્થપાયું છે.

સ્વામી વિવેકાનંદ દાર્જિલિંગ હતા ત્યારે એમણે પણ સ્વામી બ્રહ્માનંદને પત્ર લખી અખંડાનંદને પાછા બોલાવી લેવા સૂચવ્યું હતું. પણ, એ મઠમાં પાછા આવ્યા અને એમણે સ્વામી અખંડાનંદના સ્વામી પ્રેમાનંદ પરના પત્રો વાંચી તરત અભિપ્રાય બદલ્યો. અખંડાનંદજીના પત્રોમાંની દુષ્કાળ-પીડિતોની વ્યથાની કથા વાંચી સ્વામીજીનું હૈયું દ્રવી ઊઠ્યું અને તરત જ એમણે અખંડાનંદને દોઢસો રૂપિયા અને બે મદદનીશો મોકલ્યા અને ૧૮૯૭ના મેની ૧૫મી તારીખથી ૧૮ કુટુંબોને અનાજ આપવાથી કાર્યનો પ્રારંભ થયો. કલકત્તાની મહાબોધિ સોસાયટી તરફથી પણ આર્થિક સહાય મળવા લાગી.

પછી સ્થાનિક અમલદારોના સહકારથી સ્વામી અખંડાનંદને ચોખા સસ્તે ભાવે મળવા લાગ્યા. સ્વામીજીનું કામ ખૂબ વ્યવસ્થિત હતું. ઘેરઘેર ફરીને એમણે જરૂરતમંદોને ટિકિટો આપી હતી અને એ ટિકિટોમાં ઘરના સભ્યોની સંખ્યા, તે દરેકની વય વગેરે બધું દર્શાવેલું હતું, જેથી કોઈ ખોટી રીતે વધારે ન લઈ જાય અને કોઈ સહાયથી વંચિત ન રહે.

આ કાર્યની એમને પ્રથમ ના પાડનાર સ્વામી રામકૃષ્ણાનંદે મદ્રાસથી સારી એવી રકમ મોકલી આપી. બંગાળી દૈનિક 'વસુમતી'માં લખેલા હૃદયદ્રાવક પત્રો પ્રગટ થયા. અંગ્રેજ અમલદારોએ સહાનુભૂતિ દાખવી અને સ્વામી અખંડાનંદનો

સેવાયજ્ઞ ચાલતો રહ્યો; ના, વિસ્તરતો ગયો. એ હવે જરૂરતમંદોને કપડાં પણ આપવા લાગ્યા.

એ જ અરસામાં ત્યાં ધરતીકંપ થયો જેણે લોકોની હાડમારી વધારી. સ્વામી અખંડાનંદને વધારે સેવાનું પુણ્ય પ્રાપ્ત થયું. દુષ્કાળ-રાહત માટે એમને જે સહાય મળતી હતી તેનો ઉપયોગ પોતાની અને પોતાના સાથીઓની જાત માટે એમણે ન કર્યો અને એ માટે મઠમાંથી જુદી આર્થિક વ્યવસ્થાની એમણે માગણી કરી. એવી તો એમની નિષ્ઠા.

દુષ્કાળ પૂરો થયો પછી શું? પછી દુષ્કાળે અનાથ કરી મૂકેલાં બાળકોને પાંખમાં લેવાનું કાર્ય સ્વામી અખંડાનંદે ઉપાડ્યું. સને ૧૮૯૭નો જૂન પૂરો થતાં એમણે બે સ્થાનિક બાળકોને પોતાની પાંખમાં લીધાં. વરસ પૂરું થાય એની પહેલાં દાર્જિલિંગનાં ચાર બાળકો એમાં આવ્યાં. ૧૮૯૮ના અંત સુધી એ આશ્રમ મહુલા ગામે જ રહ્યો. પછી એ નજીકના સારગાછિ ગામે ખસેડાયો. સને ૧૯૧૩માં પોતાની જમીન પર એ સ્થિત થયો.

સ્વામીજીએ એ બાળકોના શિક્ષણનો પ્રબંધ કર્યો અને તે પણ ઉદ્યોગો સાથેનો. બાળકો કૃષિકામ શીખે અને કરે, કાંતે અને વણે અને સુથારીકામ પણ કરે. મહાત્મા ગાંધીનો બુનિયાદી તાલીમનો ખ્યાલ જન્મ્યો તેની કંઈ વર્ષો પૂર્વે સ્વામી અખંડાનંદે કેળવણીમાં હાથનો ઉપયોગ કરવાનું આરંભી દીધેલું.

શાળાની સાથે ત્યાં ગૌશાળા પણ હતી, ચિકિત્સાલય હતું અને દેવાલય પણ હતું. અંધારામાં બહાર જતા સ્વામીજીને દીવો ધરવા માટે એક રાત્રે એક છોકરો તેમની સાથે ચાલવા લાગ્યો. તો તે છોકરાના હાથમાંથી ફાનસ તેમણે લઈ લીધું. શરીરે ઘારાં પડી ગયેલા કોઈ બાળકને ઋગ્વેદના પ્રસિદ્ધ પુરુષસૂક્તના મંત્રોચ્ચાર સાથે સ્વામી અખંડાનંદે જાતે સ્નાન કરાવ્યું હતું. 'શિવજ્ઞાને જીવસેવા'નું જ એ પ્રત્યક્ષ આચરણ હતું.

સારગાછિમાં આ સંસ્થા સ્થપાયા પછી એની વિવિધ જવાબદારીઓએ સ્વામી અખંડાનંદની પરિભ્રમણવૃત્તિ પર અંકુશ મૂકી દીધો હતો.

સને ૧૯૨૫માં શ્રી રામકૃષ્ણ મઠ-મિશનના ઉપાધ્યક્ષપદે થયેલી એમની વરણી એમને સારગાછિ ન છોડાવી શકી. સને ૧૯૩૪માં મઠ-મિશનના અધ્યક્ષપદે એમની વરણી થઈ તો એમણે એમની કર્મભૂમિ છોડી, પરંતુ એ જ સાલમાં થયેલા બિહારના ભીષણ ભૂકંપે વૃદ્ધવયે પણ એ બિહારના સેવાકાર્યમાં જોડાવા દોડી ગયા હતા.

૧૯૩૭ની સાલમાં એ માંદા પડ્યા. આ અંતિમ માંદગી છે એમ એ સમજી ગયા. બેલુડના પવિત્ર મઠમાં જઈ ત્યાં જ અંતકાળ સુધી રહેવાની એમની ઈચ્છા હતી. એમના ગુરુભાઈઓ પણ ઈચ્છતા હતા કે સ્વામી અખંડાનંદજી કલકત્તે આવે તો સારી સારવાર મળી શકે. ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખે એમને ગાડીમાં કલકત્તા લાવવામાં આવ્યા. પણ, અધરસ્તે જ કલકત્તા રેલગાડી પહોંચે તે પહેલાં જ એમનું બાહ્ય ભાન જતું રહ્યું હતું. હવે બધું કાબૂ બહાર હતું અને કશો બાહ્ય ઉપચાર કામયાબ નીવડે તેમ ન હતું. આથી એ બેહોશ અવસ્થામાં જ એમને બેલુડ મઠમાં લઈ જવામાં આવ્યા અને બીજે જ દહાડે ૭મી ફેબ્રુઆરીએ બપોરે ત્રણ પછી થોડી જ વારમાં દેહત્યાગ કર્યો.

શ્રી રામકૃષ્ણ મિશનની ભવ્ય ઈમારતનો પાયો સ્વામી અખંડાનંદે ખેતડીમાં અને વિશેષ તો મહુલામાં નાખ્યો. માત્ર પચ્ચીસ પૈસાની માતબર મૂડીથી આરંભાયેલો 'શિવજ્ઞાને જીવસેવા'નો એ યજ્ઞ આજે સો કરતાં વધારે વર્ષોથી અખંડ ચાલી રહ્યો છે, ને તે પણ એમણે પાડેલે ચીલે. ❐

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

જિદ્દુ કૃષ્ણમૂર્તિએ સને ૧૯૨૮ થી ૧૯૮૫ સુધી વિશ્વનાં ઘણાં સ્થળો ફરીને લોકો પાસે દુઃખના મૂળમાં જઈ સ્વનિરીક્ષણ દ્વારા ચિત્તમાં ચાલતા વ્યાપાર અને પસંદગીયુક્ત તેનું પરીક્ષણ-વિશ્લેષણ કરી વિચારની અવિરત જકડમાંથી નીકળી જવા પ્રશ્નોના મૂળમાં નાનાનાના પ્રશ્નો ઊભા કરી વિવિધ સૂચનો રજૂ કરી સંવાદો યોજ્યા હતા. તેમણે કહેવાતી ધ્યાન-પ્રથાઓ, જપ, તપ, યજ્ઞાદિ કર્મ કે યોગાદિ શિસ્ત માર્ગ નથી જે આપણને મુક્ત કરી શકે જ નહિ. એવી વાતોની સમજ ઊભી કરવા પ્રયત્ન કર્યો. તેઓ કહેતા કે 'જ્ઞાન અભિશાપ છે, સમજ કૃપા છે, જીવંતતામાંથી શીખવું એ જીવન છે અને હોવાપણું 'સ્વ'ની ઓળખ છે.'

એમની સાથે કૃષ્ણન ભારતના પ્રવાસ દરમ્યાન ખૂબ રહ્યા છે, એટલે આજે પણ જિદ્દુ કૃષ્ણમૂર્તિના ચાહકો રાજઘાટ, વારાણસી કે અન્ય સ્થળોએ તીથલ, આબુ, વડોદરા મળે છે ત્યારે કૃષ્ણનને તેમના 'સ્વશિક્ષણ'ની સમજ આપવા બોલાવવામાં આવે છે. આવા એક સ્વયંશિબિર પછી તેઓ દ્વારકા આવ્યા ત્યારે તેમણે એક વાત કરી તે સ્પર્શી ગઈ. (૧૯૯૯ સને) : 'જિદ્દુ કૃષ્ણમૂર્તિ પોતે મુક્તિ માટે પસંદગી મુક્ત સજગતા અને 'સ્વ'નિરિક્ષણ માટે જ પ્રબોધતા હતા અને અષ્ટાંગ યોગ વગેરે માર્ગને ઉત્તેજન આપતા નહિ. તેમ છતાં પોતાના સ્વાસ્થ્ય માટે તેઓ રોજ યોગ, આસનો અને પ્રાણાયામ કરતા હતા. જિદ્દુ કહેતા કે, અષ્ટાંગ યોગ દ્વારા સમાધિ લાંબો કષ્ટપ્રદ માર્ગ છે. તેને બદલે 'સ્વ'નિરિક્ષણ વડે સહેજ જાગી જવાય છે. (સહજ સમાધિ) પણ તેથી કોઈ યોગમાર્ગના શરીર-પ્રાણની સ્વસ્થતાની તકનીક જીવવામાં હરકત ન હોવી જોઈએ. ❐

નવલશા હીરજીની આજકાલ

(વળી પાછું પાછા વળીને આગળ)

પ્રાણજીવન મહેતા

નવલશા ના-મરદ, ના, ભૂલ્યો, નર્મદની અદામાં પાંચે આંગળી લમણે મૂકી કંઈ ઉપરછલ્લું મનોમન વિચારતા બેઠા હતા. મેલીઘેલી તેલ પીધેલી ટોપી ટેબલ-ખૂણે પડી હતી. ટોપી માથે માખીઓ ગણગણતી, રાસ રમી રહી હતી. માખીની બણબણ કે ગણગણ નવલશાના અધબહેરા કાને અથડાતાં નહીં હોવા કારણ નવલશાની નર્મદ-મુદ્રામાં કશો આંતર-બાહ્ય ફેર જણાયો નહીં. મને થયું, મેલીઘેલી ટોપી ઉપર બણબણ કરતી માખીઓ ભેળાં ચાર-છ મચ્છર ઊડે છે તેમાંનું એકાદ એમના કાને-નાકે જઈ બેસે ને જરા અમથું મીઠું ચટકું-બટકું ભરે તો નવલશા થોડા ચલાયમાન થઈ અત્તાર લગ મનોમન કરેલ વિચારણાને પટમાં વહેતી કરે અને કાંઈ વાતનો મેળ પડે. નવલશા બારામાં આટલું વિચારાઈ ગયું. પળમાં તેથી હું પણ ઝોલે ચઢ્યો તે કારણ મારું માથું ટેબલ-કાચે અફળાવાથી થોડો અવાજ થયો. અવાજનો પડઘો નવલશાના કાને ભમરી-ગુંજન સમ ગુંજી વળ્યો. નવલશા આધુનિક અવધૂતશા આંખો વિસ્ફારિત કરી મારી સામે ટગર-ટગર તાકી રહ્યા.

સારું થયું એમણે આંખે ચશ્મો નહોતો ચડાવ્યો. નહીં તો એમનું ટગર ટગર અંતર્ગોળ-બહિર્ગોળ કાચચશ્મેથી ચળાઈને તીરવેગે અગ્નિરૂપ ધારણ કરતું મારી ફરતે વિંટળાઈ વળતે. હું સમૂળો સળગી ઊઠત એમની સમક્ષ. ફેલાતા અગ્નિ-ઉજાસમાં હું ક્યાં ઓગળી ચાલ્યો તે પણ તેમને કળાત નહીં. જે ઉપરાવાળો, ના ભૂલ્યો, સામેવાળો કરે તે સારા માટે જ કરે એવું આશ્વાસન લઈ હું નવલશાને જોઈ રહ્યો.

એમનું ટગરટગર ઘડીવારે ટમટમ થતા ફાનસ જેમ ફટફટ કરતું ઓલવાઈ ગયું. પાછા આંખો ઢાળી નવલશા બેઠા રહ્યા. અગાઉની માફક શું સૂઝ્યું તે ગજવે હાથ ઘાલી બીડીબાકસ કાઢ્યા. મીંચેલી આંખે જ બીડી મોંમાં ખોસી બાકસકાંડી પેટાવી બીડી સળગાવવા યત્ન કર્યો. પેટવેલ કાંડી ભૂલથી બીડીને ન અડતાં મૂછો તરફ આડી ફંટાઈ ને પટમાં પેટાવેલું સુરસુરિયું આડું ફાટે તેમ એમની આંખો ફટાક ફાટી.

નવલશા મૂછ મઠારતા મારી સામે ગુસ્સાભર્યા અવાજે ગર્જ્યા : 'અલ્યા, તું ત્યાં બેઠો તમાશો જોયા કરે છે તે મને ચેતવતો પણ નથી? નગુણો નહીં તો.'

નવલશા, તમે આંખો મીંચી ગમે તે સળગાવો તે મને કેમ જાણ થાય કે તમે બીડી સળગાવો છો કે મૂછો?

તું શું મને મૂરખ માને છે કે હું જાણી જોઈને મારી મૂછો સળગાવી મોજ માણું?

ના, નવલશા. તમારી ધારણા તો કદાચ બીડી સળગાવવાની જ હશે પણ બળતી કાંડી પોતાના ઉજાસમાં અંજાઈ ગઈ હોવાને કારણે કદાચ તે મૂછો તરફ અવળી ફંટાઈ હોવી જોઈએ. આજકાલ બાકસ-કાંડી પણ ક્યાં પહેલાં જેવી સમજદાર મળે, નવલશા?

મારા ઉરાંગ-ઉટાંગ જવાબે નવલશાએ મૌન રહેવાનું નક્કી કરી ફરી બીડી જગાવી ધુમાડા છોડવા માંડ્યા. નવલશા ધુમાડાને એકીટશે તાકી રહી કશું વિચારી રહ્યા. એમની ધુમ્ર વિચારણામાં વિક્ષેપ પાડવાનો મારો પણ કોઈ ઈરાદો નહોતો. છતાં નવલશા જ કુતૂહલવશ મને પૂછી બેઠા : 'અલ્યા, હું વિચારું. આ કાળીમશ બીડીનો ધુમાડોય ધોળો ને પેલી ધોળીધફ્ફ સિગારેટનો ધુમાડો પણ ધોળો. એમનું કેમ હશે?'

નવલશાની ધુમાડા-વિચારણા મને કંઈ નૂતન જણાઈ. મેં એ બારામાં કંઈ પૂર્વે વિચારેલું જ નહીં, એટલે એમની તાજી પૃચ્છાને હું તુરંત સંતોષી ન શક્યો. છતાંય નવલશાને સાવ નિરાશ કર્યે મને પરવડે નહીં. તેથી મારી ધુમાડા-સમજને મેં એમની સમક્ષ ધૂંધળી રજૂ કરી : 'નવલશા, મારા મતે ધુમાડાનો ધરમ એક જ. તે પછી કોઈ પણ પદારથમાંથી નીસરે. બીડી કાળી હોય કે સિગારેટ ધોળી હોય તે ધુમાડાને સમજબારની વાત. પદારથમાંથી બહાર પડ્યે એમને તો ધોળો જ રંગ ધારણ કરવાનો રહ્યો. એમાં રંગભેદ જરીય ના. જુઓને ચૂલે કોલસો બાળો કે પછી મસાણે લાકડાં બાળો, પણ તમે જાણ્યું-જોયું હશે, ધુમાડા તો ધોળા જ ધોળા.'

મારી ધુમાડા-વિવરણ-વિચારણ સાંભળી નવલશા ધૂંધળાઈ ઊઠ્યા. નસકોરાં ફુલાવી આખલાની જેમ છીંકોટા મારતા મારી મેર ઘૂરકી બોલ્યા : 'અલ્યા, આવડી અમથી નાની વાતે તું મને ઠેઠ મસાણ લગી ઘસડી ગયો? મારી સમજને શું આંકી? બેઠાં બેઠાં ઊધઈ કાતરી ગઈ છે એમ તું જાણે? ટૂંકમાં કહ્યું હોત તો તારાં ધુમાડા-વચન સમજી ચૂક્યો હોત. હજુ થોડી સમજ ધુમાડા જેવી ધુમાડાબારામાં સમજવાને બચી છે. સમજ્યો કે નહીં?'

'નવલશા, અમથા ફોયણાં ફુલાવો નહીં. હું તો વિસ્તારે તમને સમજાવવા ઈચ્છતો હતો. જેમ જેમ વાત વદતો ગયો તેમ તેમ મારા મગજમાંથી ય ધુમાડા-વિચારણા વછૂટતી ગઈ અને તમારી બીડી-ફૂંક કારણ જેમ ધુમાડો આખી ઑફિસમાં ફેલાઈ છુટ્ટો ફરતો રહેતો જોઈ મારું મન પણ ધુમાડાથી થોડું મુક્ત થયું. અને હા, વળી, હું એવો નગુણો તો નહીં જ કે તમને ઠેઠ મસાણ લગ ઘસડી જઉં એકલપંડ. એ કાજે તો તમે જાણો છો કેટલાં જણનો ખપ પડે તે—'

હું જાણીજોઈને અધવચ્ચે અટક્યો. ફોડ પાડી બધું કહેત તો

નવલશા આખી ઑફિસમાં જ વગર કુહાડે મારા ફાડિયા કરી મેલત અને મસાણે જઈ મણ-અધમણના ભાવે મને જોખી નાખત નક્કી.

આમ અમારી વાત અહીં ઘડી અટકી. નવલશા હજુ બીડી-ધુમાડે અટવાયેલ. એક અમથી બીડી સળગાવવાને એમણે ચાર-છ કાંડીનો ભોગ લીધો. છતાંય બીડી બુઝાઈ ગઈ અને ગુસ્સે થઈ એમણે પટમાં બીડીનો ઘા કર્યો. મેં ટેબલ ઉપર ડોકિયું કરી જોયું તો એક બીડીએ આખા બાકસને નિર્વંશ કરી મૂકેલ. પત્યું.

હું પણે દૂર બેઠો હતો. નવલશા તાડૂક્યા : 'અલ્યા, અહીં આવ તો જરી હમણેં જ.' હું એમની સામે ગોઠવાઈ બેઠો. થોડી વાર ચૂપકીદી. ત્યાં એકાએક નવલશા-વચનવાણી ઊકલી, 'સાંભળ, હું હવે આ બધું ફેંકી દેવા ઇચ્છું છું. તારા મતની મને અબઘડી જ જાણ કર. કેમનું કરવું તે અને કેમ કરવું તે પણ.'

હું નવલશાની નવવિચારણા મનને કાન સમજી સાંભળી ચોંકી ગયો. છતાં જરી મજાક સૂઝી ને પૂછ્યું : 'નવલશા, બીડી ફૂંકતાં આ શું સૂઝ્યું? બીજું બધું ફૂંકી દેવાનું એકાએક અને વણચિંતવ્યું તે ના સમજાયું મને. તમારી બીડી જરૂર કરતાં કાંક વધુ પ્રભાવક જણાય કે અણધાર્યું તમને ચિંતનમગ્ન કરે.'

'હવે ચિંતનની માને ચોર પરણે અને મગનની માને માસ્તર. હું પૂછું તેનો જવાબ શોધ.'

ચિંતન અને મગનને પરણાવી નવલશા તો ઝટ્ટ નવરા થયા અને હું ચૉરીમાં હજુ આંટાફેરા માર્યા કરું. જવાબમાં શું કહું નવલશાને તે ઘડ નહોતું બેસતું. એટલે થોડું આડો ફાટ્યો : 'નવલશા, શું ફૂંકવા બેઠા અબી હાલ? હું જાણું તમારી પાસે નથી ભૂંગળ-ભૂંગળી, નથી વાંસળી કે વળી શરણાઈ જેવું કંઈ સાધન ના મળે હાથવગું, તે શું ફૂંકશો તમે? ફૂંક તમારી?'

નવલશાને મારા આડ-ઉત્તરની કોઈ સીધી અસર ના થઈ તે જાણ્યું. નવલશા આંખો ઢાળી હોઠ પહોળા કરી આગળ ઊચર્યા : 'આવું ગાંડુઘેલું ના હાંક મારી કને. સાંભળ, ફૂંકવાને તેં કહ્યું તે બધું ખપે એવું થોડું જ જરૂરી છે? હું રહ્યો વાણિયો. હું ફૂંકીશ તો ફૂંકીશ હવે દેવાળું.'

હું સાવ સ્તબ્ધ. મારી મતિને મૂંઝારો ચડ્યો તે મનમાં જ ગોળગોળ ઘાણી ફર્યા કરે. વિચારું. નવલશાને આ શું ફૂંકવાનું સૂઝ્યું તે મને કેમેય કરી ઘડ ના બેઠી.

હું હજુ એમની ફૂંકવા-ફૂંફાડાની અસરમાંથી બહાર આવું તે પહેલાં જ નવલશા ફેર પાછા તાડૂકી ઊઠ્યા : 'એલા, હું શું ઘાસ ઉગાડું અહીં તારી સામે તે તું લીલા ચારાની માફક ચરી જઈ ઓડકાર પણ ના આલે? ક્યારનો કહું છું.' નવલશા અટક્યા.

મને થયું, ચાલો ઘાસચારો ખાઈ નવલશાને થોડો ઓડકાર ધરીએ. કહ્યું : 'ઠીક ત્યારે નવલશા. ધણીનું કોઈ ધણી નથી. તમે વદો તે તથાસ્તુ કહ્યે છૂટકો. મારું આટલું માનો. વાળુ કરીને જ ફૂંકજો દેવાળું. પેટ ભરેલું હો ને ભલે પટારો ખાલી હો, બન્નેનું સમતોલપણું જળવાઈ રહેશે આપોઆપ એટલું નક્કી જાણજો.'

'હવે તું તારા તોલમાપને મેલ તળિયે. તું જાણે છે કે હું ગણિત બાબતે થોડું ગોથું ખાઈ જનારો. કેમેય કરી આ માંડેલા નામાના નવડા મળતા નથી એટલે વિચારું કે નાહી નીચોવી બધું ફૂંકી મારું. પછી મર રહે નવડા નવડાને ઠેકાણે ને નામું નામાના ઠેકાણે. ફૂંકી માર્યા પછી જીવને થોડી નવરાશ તો મળે. હું કંટાળ્યો છું બધી પાથી.'

નવલશાની સંતમુદ્રા જોઈ મને બોધવચન કથવાનું સૂઝ્યું :

'નલવશા, કેમેય કરી આ નબળા નવડા ના મળતા હોય તો મેલો એને માળિયે ને નવડા મેળવવાનું માંડી વાળી દસકા મેળવો. ફાયદો એ થાશે કે દસકામાંથી એકડો કાઢી ગજવે મેલી દે જો. ક્યારેક ખપમાં આવશે ને મીંડાં રહે બાકી તેમાં બીજાં મીંડાં ઉમેરતા જાવ. અમ આપોઆપ મીંડાં-મેળ મળી રહેશે તમને, નવલશા.'

'ભાઈ, તું ગણિત આંક બારોબાર બરોબર ભણ્યો લાગે એમ જાણું તારા મીંડાજ્ઞાનથી.'

'ના રે ના, નવલશા. ગણિત તો મારું કોરી પાટી જેવું. ઓછું ભણ્યો ને આછું શીખ્યો. નવલશા તમારી ગણતરીએ તો સાવ અવ-ગણતરીનું જ વળી.'

'ચાલ હવે, તારા ગણિતને ખવડાવ બે-ચાર ગડથોલિયાં. હવે હું કહું તેમ તારે આચરવાનું છે, સમજ્યો?'

હું નવલશાને જોઈ રહ્યો. એટલે આચરણ પ્રકરણે નવલશા આગળ વધ્યા : 'જો આ પેઢીમાં ખૂણે ખૂણે ને ખાંચરે ખાંચરે ઠેર ને ઠેર ઠેકઠેકાણે બાવાં બાઝી ગયાં છે. સાવરણી લઈ ઝાપટી મેલ ઝટ સંધુય. સાફ સૂથરું કરી મેલ બધુંય.'

હું અવાચક વિચારી રહ્યો. નવલશાને આ વળી નવતર શું સૂઝ્યું? વિચારી કહી જ નાખ્યું. આખરે કહેવા જેવું એમના મોઢેમોઢ :

'નવલશા, આ વળી શું સૂઝ્યું તમને તે જરી સમજાવશો?' એમનો ઉત્તર મળે તે પહેલાં પાછું કહી દીધું : 'નવલશા, સાફ સફાઈની શી જરૂર આપણને? તમે જાણો છો બાવાના ઘરમાં બાવા જ બાઝે કે પછી બીજે ક્યાં વળી? તમે જ જરી વિચારી કહો મને.'

'હું કહીશ તો તને કડવું લાગશે ને મને ખબર તને કડ-વાણી માફક આવતી નથી તે. માટે વધુ કહું તે પહેલાં કહ્યું તે અને તેમ કર તો મારું તે સંગાથે તારું પણ ભલું થાશે.'

નવલશા પોતાની તો ઠીક, મારા ભલાની ભવાઈ કરવા સુધી દોટ મૂકી પહોંચી ગયા તે મને કેમેય સમજાયું નહીં. કહ્યું : 'નવલશા, આ બધું જેમનું તેમ જ રેવા દો. આપણો ફાયદો દેખું. જુઓ ઑફિસમાં જાળાં-બાવાં બાઝેલાં હશે તો લેણદારો એ જોઈને જ ચાલતી પકડશે. એમને સમજાશે કે આંહીં કોડાઓ પાસેથી કોડીય નહીં મળી. એમ માથેથી લેણ-ઘાત વણચોઘડિયે ચલિત થશે. હા, વળી, દેણદારો આવી ચડે ને આપણા હાલ-હવાલ જોઈ મનમાં કંઈ વહાલ

ઉભરાય ને કાંઈ નાણાં છૂટાં કરતા થાય તો ભયો ભયો જ સમજવું.'

નવલશા મારું સંભાષણ એકચિત્તે સાંભળી રહ્યા : 'અલ્યા તારું કહેવું કાંઈ લેણદારોની ગતિ જેવું ને દેણદારોની મતિ જેવું જણાય.'

'ઠીક ત્યારે. છતાં તમારો આગ્રહ હોય તો લાવો સાવરણી લઈ બધું ઝાપટી મેલું ઝટ્ટ દઈ.'

'ના, ના. રેવા દે. જેમ છે તેમ ઠીક છે.'

થોડી વાર ઑફિસમાં સોપો પડી ગયો. નવલશા આંખો ઉપર મેલીઘેલી ટોપી મૂકી થોડું ઘોરવા મથ્યા. હું પણ ટેબલ ઉપર માથું ઢાળી નિંદરસ્થ થાવા મથ્યો. મને કેમેય નિંદરરૂપ ફળ્યું નહીં. ઘડીક વેળ રહી સિંહની બોડમાં માથું ઊંચકી જોયું તો નવલશા નસકોરાંને આધિન. નવલશાના નસકોરાંયણમાં મારે રાવણ થઈ કૂદવું નહોતું. છતાં મને-કમને મેં એમની ઊંઘ હરી. નવલશા આંખો પહોળી કરી મને પેખી રહ્યા. પૂછ્યું : 'આ ઘરઘરાટ શેનો હતો? શું આપણે વાઘ-વરુની બોડમાં તો નથી પુરાયાને?'

'અરે નવલશા, વાઘ-વરુની બોડમાં તમે? ભૂલ્યા લાગો. તમારી બોડમાં વાઘ-વરુ આવી ચડે એવો સંભવ ખરો.'

નવલશા મરક મરક હસ્યા. એમનું હસવું મને સિંહ-ઘૂરક જેવું લાગ્યું. વાઘ-વરુ-બોડ ચિંતને એમના ચિત્તજગતમાં કોઈ નવી ચિનગારી મૂકી તે મારી સમક્ષ પ્રકાશિત કરતાં કહ્યું : 'એલ્યા એ, આ શહેર કરતાં જંગલ ઘણું રૂડું લાગે મને તો. ત્યાં જઈ કોઈ બોડ શોધી પડ્યા રહીએ નિરાંતે. કોઈ પજવણી નહીં ત્યાં. સિંહ-વાઘ-વરુ જેમ શિકાર શોધી પૂરતું પેટ ભરી આળોટતા રહીએ દિ આખો. ના કોઈ ચિંતા, ના કંઈ ફિકર પંચાત પળોજણ - લેણદારોની દેવાદારોની આંહીની માફક. ને બસ લીલા લહેર.'

નવલશાની લીલા-લહેર હેરમાણમાં હું થોડો લહેર્યો. પછી સજાગ થતાં નવલશાને કહી દીધું : 'ખરું કહું, નવલશા? જંગલ પણ ઘણું સારું એમ મારું માનવું છે. એ પણ યોગ્ય તો ખરું જ કે સિંહ-વાઘ-વરુ સમ શિકાર આરોગી પડ્યા રહેવું પગ પહોળા કરી નિરાંતવા. હા, નવલશા, તમે કાં ભૂલો, આંહીં પણ એનું એ જ અને એમનું એમ જ છે. ક્યારનુંય, તો, પછી જંગલનું કાં અમથું વિચારો?'

'અલ્યા ભોટના પેટના, સમજાવ તો જરા વિગતે. તને મારી દરેક વાતમાં ફાચર મારવાની ટેવ છે તે જાણું.'

'નવલશા, અકળાવ નહીં. તમારી વાતને હું ફાચર મારી બે કે ચાર ફાડિયાં પાડવા નથી ઇચ્છતો. વાત જાણે એમ છે. આપણે આ ઑફિસના શ્રીગણેશ માંડ્યા ત્યારની જ વાત કરું. જંગલમાં તો શિકાર શોધવા જાતે ભટકવું પડે. વળી, ક્યારેક શિકાર મળે તો ભલું એનું નહીં તો સાંસાં ફાંફાં થાય ફળવાને. ખરું કે નહીં? સાંસાં-ફાંફાં ફળે તો આપણાં પેટ પાતાળે ને ઘાસ ઉપરતળે. પડ્યા રહેવું પડે પછી બોડમાં સોડ તાણી કે ટૂંટિયું વાળી.'

નવલશા મારી જંગલ-ઝાડી-વિચારણામાં અટવાયા. છટકવા કહ્યું, 'હવે બધું સમેટી ટૂંકમાં તારા વિચારના ટાંટિયા લાંબા કર ને કહે શું કરવું તે.'

'નવલશા, જુઓ તો ખરા, આ જાળા-બાવાંમંડિત આપણી પોતીકી બાપીકી નહીં તો આપીકી બોડમાં શિકાર તો સામેથી તમારાં પગલાં સૂંઘતું આવી ચડે છે આપમેળે. તમારે ન તો મહેનત ન તો મજૂરી કરવી રહે ને મફતમાં જે કોઈ અટવાયું મળે તેને ઝાપટ મારી ઝડપી હડપ જ કરવાનું રહે છે. હણાનારું હણાઈ જાય તેની જાણ પણ ના થાય એને. આ ઑફિસ તે જ આપણું જંગલ અને આપણી બૉડ. ઝાઝું વિચારવું છોડી દો, નવલશા.'

નવલશા મારી જંગલ-બૉડ વિચારણાથી પ્રભાવિત થયા હોય એમ મને એમની મુખમુદ્રા પરથી જણાયું. વદ્યા : 'અહોહો, હું ભૂલ્યો 'ભા. તું તો ઘણું આગળનું વિચારે આપણા બારામાં.'

થોડી વાર નવલશા મૌન રહ્યા. ઘડી રહી એમને ફૂંકવા-હેડકી ઊપડી તે મને પૂછી બેઠા : 'તો તું એમ ઇચ્છે છે કે હું ફૂંકવા બારામાં ફેર-વિચારણા કરું? ખરું ને?'

'નવલશા, તમારા વિચાર તમારે અધીન છે. તમારે શું ફૂંકવું ને શું નહીં તે તો મારાથી વિશેષ તમે જાણો. કારણ ફૂંક તમારી, ફૂંકવું તમારે. મારે તો ઢોલિયા જેવા આંહીં બેસી રહી ફૂંકાવું રહ્યું.'

'તારી દાઢ-ડહાપણને ત્યાં બેઠો બેઠો વલોવ નહીં નાહકનો. મને જાણ, તારી દાઢ ઢીલી ને તારું ડહાપણ ડહોળું. મેલું-ઘેલું. એમાંથી કંઈ નહીં નીતરે તે તું જાણ.'

'તો નવલશા બીજું શું કહું તમને? તમે તો તમારા બારામાં સર્વ-જ્ઞાની. હું તો મારાથી પણ સાવે અજાણ.'

'હું સર્વ-જ્ઞાની હોઉં કે ના હોઉં એ તું જાણે, પણ હું હવે આ બધી જટાજાળમાંથી છૂટવા મથું. હવે મને થાય, સમજને મારા મન-શરીરમાં વેરાગ પ્રવેશે. ચડઊતર કરે.'

'નવલશા, વેરાગ ને તાવને ભાઈચારો. વેરાગનું પણ તાવ જેવું સમજો. હાથીવેગે વેરાગ ચઢે ને કીડીવેગે ઊતરે. તમારા વેરાગનો વેગ હું ના જાણું એટલે એ બારામાં ચૂપ રહું તો તમારા વેરાગનું માન જળવાશે.'

'હવે હાથીઘોડાના વંશજ, ઝટ્ટ એક તમંચો લઈ આવ ક્યાંકથી ભાડે, મારો વેરાગ ઊતરી પાણીના રેલાશો ફેલાય ઑફિસ-પટમાં તે પહેલાં જ એક ભડાકો કરી હું ફૂંકી મેલું એને અબઘડી. પછી ભલે લેણીઆતો બધા મારા લોહીનું તિલક કરી જાતરાએ જાય.'

'નવલશા, આમ જાત ફૂંકવા સુધી પહોંચી ગયા તમે વાતવાતમાં? હું તમંચો તો લાવું પણ આજકાલ અસલી તમંચાની પણ તાણ. તમંચો લાવું તો ખરો પણ ખાલી ધડાકો થાય ને તમે ફૂંકવા ઇચ્છો તે ફૂંકાય જ નહીં. વળી પાછો ધડાકો સુણી લેણીઆતો ભેળાં મળી ઑફિસમાં હુણના ધાડા જેમ ધસી આવે ને એમને તો

(અનુસંધાન પૃષ્ઠ ૬૫૨ ઉપર)

પૃથ્વીની માવજત

પ્રહ્લાદ છ. પટેલ

આપણું અસ્તિત્વ, જીવનશૈલી અને અર્થ(સંપત્તિ)શાસ્ત્ર સમગ્રતયા સૂર્ય અને પૃથ્વી ઉપર નિર્ભર છે. સૂર્ય અને પૃથ્વી કાળા ડિબાંગ જેવાં ખાલી (રિક્ત) અવકાશમાં શ્વેત (ઝળહળતા) અને શ્યામ ટાપુઓ સમાન છે. જીવન માટે જરૂરી તમારે ઊર્જા સૂર્ય પૂરી પાડે છે. આ ઊર્જા સજીવોના જીવનક્રમનું સંચાલન કરે છે તે અર્થમાં સૌર ઊર્જા માનવો માટેની મહત્ત્વની મૂડી છે. પૃથ્વી હવા, પાણી, કપડાં મકાન વગેરે પૂરાં પાડે છે તો તે બીજી મૂડી થઈ. આથી સૂર્ય અને પૃથ્વી આપણાં શિર્ષ છે, સ્તંભ છે.

સૂર્યમાંથી ઉચ્ચગુણવત્તાવાળી ઊર્જાનું એકતરફી વહન થાય છે, પૃથ્વી ઉપરનું જીવન જેના ઉપર આધારિત છે. સૌર ઊર્જાનો આ પ્રવાહ જીવનને પુષ્ટ કરતા તંત્રોમાં થઈને આખરે તો નિમ્ન-કોટિની ઊર્જા તરીકે અવકાશમાં પરત થાય છે. ઉષ્મા, ગુરુત્વ તથા જૈવિક, ભૂસ્તરીય અને રાસાયણિક સંયોજનો દ્વારા આવશ્યક રસાયણોના પુનઃચક્રણમાં આવી નિમ્ન-ઊર્જાઓ પ્રકટ થતી હાય છે.

સૂર્ય અને પૃથ્વી જીવનના આધારસ્તંભો છે. સૂર્ય, પૃથ્વી, જીવન અને પર્યાવરણ વચ્ચે એક કડી (ધરી) તૈયાર થાય છે. પૃથ્વી એટલે આપણે અને એકબીજાં ઉપર આધારિત તમામ સજીવો. તમામ સજીવો પ્રકૃતિ સાથે સંકળાયેલા અંશો છે. તમામ સજીવો સહિત આપણે પ્રકૃતિ ઉપર સંપૂર્ણપણે નિર્ભર છીએ. માણસની જીવનશૈલી, સ્વાસ્થ્ય, અર્થતંત્ર વગેરે પૃથ્વી અને તેનાં પ્રાકૃતિક તંત્રો ઉપર આધારિત છે. હવા, પાણી, આહાર અને અન્ય પરિગ્રહ (માલમિલકત) સૌર ઊર્જાનું પ્રદાન છે. ઉપરાંત હવા, પાણી, જમીન, પશુઓ, છોડવાઓ, ખનીજો, ઊર્જા-સંસાધનો અને જીવન ટકાવતી પ્રક્રિયાઓ પૃથ્વીનું પ્રદાન છે.

આ રીતે સૂર્ય અને પૃથ્વીએ જીવનમાં ગુણવત્તા, સૌંદર્ય અને સંસ્કારનું સિંચન કર્યું છે. આપણા સિવાય પૃથ્વી ટકી શકે તેમ છે, પણ આપણે પૃથ્વી વિના ટકી શકીએ તેમ નથી. આ વાતમાં માણસની પ્રકૃતિ પ્રત્યેની ફરજો અને પ્રવૃત્તિઓ અભિપ્રેત થાય છે એટલે આપણે આપણા દિલ અને દિમાગના દરવાજા ખોલીને પ્રકૃતિના મહત્ત્વને સમજવું પડશે, તેની સાથે સંગત કરીને કાર્ય કરતાં શીખવું પડશે. તેની સામે થવાનું નહીં પાલવે. જો તેમ થશે તો જ પર્યાવરણની અખંડિતતા, વૈવિધ્ય અને જીવન-સ્તંભોની અનુકૂલનશીલતા ટકી રહેશે.

પ્રકૃતિના ક્રમ (વ્યવસ્થા)ની જાણકારી મેળવવા, તેનાં રહસ્યો જાણવા વિજ્ઞાન પ્રયાસો કરે છે. આ પ્રયાસોથી ઉપલબ્ધ થતા જ્ઞાનનો ઉપયોગ કરીને પ્રકૃતિમાં શું શું બની રહ્યું છે તે સમજીને વર્ણવા માટે માણસ યત્કિંચિત પ્રયત્નો કરે છે તેને આધારે ભવિષ્યે પ્રકૃતિમાં કેવી ઘટનાઓ બનવાનો સંભવ છે તેની આગાહી કરી શકાય છે. તેમાંથી વિજ્ઞાનના સિદ્ધાંતો અને નિયમોનો ઉદ્ભવ થાય છે. આવા નિયમોને ચકાસી શકાય છે. ચકાસાયેલા નિયમો સર્વસ્વીકૃત બને છે. પ્રકૃતિ કેવી રીતે કાર્યરત છે તે વિશે આપણે કેટલુંક જાણીએ છીએ, પણ પ્રકૃતિ એટલી બધી તો જટિલ અને ગતિમય છે કે આપણે પ્રાપ્ત કરેલું જ્ઞાન ખરેખર મર્યાદિત છે.

કુદરતમાં આપણે એકલા જ કાર્ય કરતા નથી અને આપણે પણ અનેક કાર્યો કરીએ છીએ. જે કોઈ પ્રવૃત્તિ આપણે કરીએ છીએ તેની અસરોની આગાહી થઈ શકતી નથી. દરેક વસ્તુ અને પ્રવૃત્તિ એકબીજાં સાથે સંકળાયેલ છે. આપણે તે બધાંની વચ્ચે (અંદર) છીએ. આ બધાં સંયોજનો (સમીકરણો)ને આપણે સમજવાનાં છે અને તેમાંથી એ તારતમ્ય કાઢવાનું છે કે કયાં સંયોજનો જીવનને ટકાવવા માટે મહત્ત્વનાં છે. તેથી આગળ એ જાણવાનું રહે છે કે કુદરતનાં સંસાધનો કેટલા પ્રમાણમાં મર્યાદિત છે. તે જાણવાથી સંસાધનોનો બુદ્ધિગમ્ય ઉપયોગ કરી શકાય અને તેમનો વ્યય અટકાવી શકાય. આ વિશ્વમાં કશું જ વધારાનું નથી, કશું જ નિરર્થક નથી. સમસ્યાઓને સમજી અગાઉથી અટકાવવી એ પાલવે તેવી પ્રવૃત્તિ છે. સમસ્યાઓનો સામનો કરવો તે ખર્ચાળ પ્રવૃત્તિ છે. દર્દનો ઈલાજ કરવાનો સમય આવે તેના કરતાં તેને થતું અટકાવવાના પ્રયાસમાં જ ડહાપણ રહેલું છે. આને સાવચેતીનો સિદ્ધાંત કહી શકાય.

પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોને વેદમાં દેવ તરીકે દર્શાવવામાં આવ્યાં છે. આ તત્ત્વો શક્તિઓ છે. સૃષ્ટિમાં અનંત શક્તિઓ કાર્યરત છે તેથી તો આપણે જડને ચેતન તરીકે ઓળખીએ છીએ. વિજ્ઞાનીઓ સૃષ્ટિને જડ તરીકે અને બ્રહ્મવિદ્યા તેમને ચેતન માને છે.

દરેક વ્યક્તિ (જીવ) તેના જીવનકાળ દરમ્યાન સૃષ્ટિનાં તત્ત્વોનો ઉપયોગ કરે છે. તેને લીધે સૃષ્ટિને ક્ષતિ પહોંચે છે. જેમ સૃષ્ટિનો વધુ ઉપયોગ કરવામાં આવે તેમ તે વધુ ક્ષતિગ્રસ્ત બને છે. પરિણામે સૃષ્ટિનો ક્ષય થવા લાગે છે. સૃષ્ટિને અક્ષય રાખવા માટે તેને શક્તિથી સરભર કરવી પડે. કુદરત પાસે જ્યાં સુધી છે ત્યાં સુધી માણસને તેની જીવન-જરૂરિયાતો પૂરી પાડશે. કુદરતનો ખજાનો ખાલી થશે ત્યારે શું ? કુદરત તો ઉદાર છે. આથી તે આપણને થોડોક વધુ સમય ટકાવે ખરી. પણ ક્યાં સુધી ?

ટૂંકમાં, પૃથ્વી પાસેથી જેટલું મેળવીએ તેટલું તેને પરત કરવું પડે. પૃથ્વીના ઘસારાને પૂરો કરવાની પ્રક્રિયાને તાત્ત્વિકો યજ્ઞ કહે છે, તો વિજ્ઞાનીઓ તેને પર્યાવરણની સમતુલા કહે છે. પૃથ્વી પાસેથી જેટલો કસ ખેંચવામાં આવે છે તેટલો પાછો આપવા માટે જમીનને ખેડી તેમાં સૂર્યની ઊર્જા દાખલ થાય તેવી પદ્ધતિઓ

અપનાવવી જોઈએ. આજે પૃથ્વીમાંથી પાણી ખેંચવા માટે લોકો મજબૂર છે. તેથી ભૂગર્ભ જળનાં સ્તરો રોજબરોજ નીચાં ને નીચાં જઈ રહ્યાં છે. આથી ભૂગર્ભ જળનો જથ્થો યથાવત્ રાખવા માટે વરસાદનું પાણી દરિયાભેગું થાય તે પહેલાં તેને યોગ્ય પદ્ધતિઓને આધારે જમીનમાં ઉતારવું જોઈએ.

પર્યાવરણનો પ્રથમ હેતુ એ છે કે કુદરતમાં કયાં કયાં સંયોજન પ્રબળ છે, કયાં સંયોજનો અતિ મહત્ત્વનાં છે, કયાં સંયોજનો હાનિકારક અને ભંગાણ સર્જવા સક્ષમ છે, વગેરે જાણવું અને વિલુપ્તિના આરે આવેલી જાતિઓનો અભ્યાસ કરવો. ઉત્ક્રાંતિનો પદાર્થ પાઠ છે કે કોઈ પણ જાતિ પોતાના ભોગ-વિલાસ માટે કુદરતમાંથી વધુ પડતો હિસ્સો ભોગવી શકે નહીં; તે પણ લાંબા સમય માટે તો નહીં જ.

પર્યાવરણવિદો **CPR (Conservation, Preservation, Restoration)** ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે એટલે કે એવા સમાજનું નિર્માણ કરવું પડે જેમાં સંચયની ભૂમિકા મહત્ત્વની રહે અને વ્યય ન થવો જોઈએ. જેનું પ્રતિસ્થાપન થઈ શકતું નથી તેની જાળવણી કરવી જોઈએ અને છેલ્લે જેનો આપણે નાશ કરીએ છીએ તેની સાથે એવી રીતે કાર્ય કરવું જેથી તેનું પ્રત્યાવર્તન થાય.

દ્રવ્ય અને ઊર્જાના સંચયના નિયમોને આધારે પ્રત્યેક સંસાધનનો ઉપયોગ ઓછે-વત્તે અંશે આપમેળે થતો હોય છે તેથી અલ્પાંશે વ્યય પામેલ ઉષ્મા અને દ્રવ્યનો પર્યાવરણમાં ઉમેરો થાય છે. વિદ્યમાન ઔદ્યોગિક રાષ્ટ્રો એવા સમાજનું નિર્માણ કરી રહ્યાં છે જેમાં વ્યય વિશેષ પ્રમાણમાં થતો હોય છે. આવા સમાજની અર્થવ્યવસ્થા દ્વારા કુદરતી સંસાધનોનો પ્રવાહ હવા, પાણી, જમીન અને સજીવો મારફતે ભૂમંડળમાં ઠલવાય છે. પરિણામે પ્રદૂષકો અને વ્યયનો ઝમેલો જામતાં હાનિકારક સ્તર ઊભું થાય છે. લોકો સંસાધનોનો વધુ ને વધુ ઉપભોગ કરતાં જાય અને વધારે વ્યય કરતાં જાય તો પર્યાવરણની તાકાત તૂટતી જાય છે. એક સમયે વધુ વ્યય કરતો સમાજ બિનટકાઉ બની રહે છે.

ટૂંકા ગાળાના ઉપાય તરીકે એવો સમાજ ઊભો કરવો જોઈએ જેમાં દ્રવ્ય પુનઃપ્રાપ્ત કરી શકાય. જો તેમ થાય તો દ્રવ્યનાં સંસાધનો લગભગ અકબંધ રહે. પ્રદૂષણ અટકે અને પર્યાવરણ ભંગ અટકે. પણ ધ્યાન રહે કે તમામ પ્રકારના દ્રવ્યને લાંબા સમય માટે પુનઃ પેદા કરી શકાતું નથી. કુદરતી સંસાધનો ખલાસ થતાં જાય છે, કારણ કે ઉદ્યોગો, શહેરીકરણ અને ભૌતિકવાદી સંસ્કૃતિ નિરંકુશપણે આગળ ધપી રહ્યાં છે. ઉપભોગ માટે માણસની વૃત્તિઓ બેલગામ બનતી જાય છે. જેના ઉપર માનવ સંસ્કૃતિ અને સમગ્ર સૃષ્ટિ નિર્ભર છે, તેનો ભોગવટો એક નાનો વર્ગ પોતાના હાથમાં લઈ રહ્યો છે તે નીંદનીય ઘટના છે.

પર્યાવરણ અને સંસાધનોની સમસ્યાના લાંબા ગાળાના ઉપાય તરીકે દ્રવ્ય અને ઊર્જાના બિનજરૂરી કે વધુ પડતા ઉપયોગથી દૂર થઈ ન્યૂનતમ વ્યય અને ટકાઉ સમાજના નિર્માણ ભણી ગતિ કરવી રહી. વિજ્ઞાનીઓનો નમ્ર મત છે કે કુદરતમાં કાર્યરત વૈજ્ઞાનિક નિયમો અને સિદ્ધાંતો દર્શાવે છે કે આપણે એકબીજાં સાથે તથા કુદરત સાથે સમભાવથી જીવન જીવીએ. આથી આપણે વહેલી તકે સમજી લેવું પડશે કે આપણે બધા કુદરતની સામે આવ્યાં સિવાય તેની સામે મેળ-મિલાપથી જીવન જીવીએ.

આપણે આપણાં બાળકોને જેટલા વહાલ અને સ્નેહથી ચાહીએ છીએ તેટલા જ સ્નેહથી આપણે પૃથ્વીને ચાહીએ છીએ. આપણા ઘર-પૃથ્વીની એટલાં જ સ્નેહ, સંવેદનશીલતા, ઋજુતા અને સંભાળ સાથે માવજત કરીએ, જે અદ્ભુત નૈસર્ગિક વૈવિધ્ય અને સૌંદર્ય આપણને વારસામાં મળ્યાં છે તેમાં વિધેયાત્મક વધારો કરીને આપણે આપણી ભાવિ પેઢીને સુપરત કરીએ, જેથી હજારો વર્ષ પછી પણ વસંતના ગરમ દિવસોમાં હરિત વનસ્પતિના સમુદ્રમાં નીરવ શાંતિનો અનુભવ આપણાં બાળકો કરે. પુષ્પોની મુલાકાતે આવતી મધમાખીઓ અને ગણગણાટ કરતા ભ્રમરોનું નિરીક્ષણ કરી શકે. રંગબેરંગી પતંગિયાંનું ચાંચલ્ય નિહાળી શકે, તારામઢી અમાસ-રાત્રિ અને સોળે કળાએ ખીલેલા ચંદ્રની શીતળતાનો લ્હાવો લઈ શકે, સોનાવરણી સવારને માણી શકે. કલરવ અને ગીત-નાદ કરી આકાશમાં ઊડતાં નાનાં-મોટાં પંખીઓ સાંભળવા મળે તો તેમને જિંદગી જીવ્યાંનો આનંદ મળે અને પૂર્ણ સદ્ભાવથી પોતાના પૂર્વજોનું પ્રાતઃકાળે સ્મરણ કરશે. સૌ ધન્ય થશે. ❒

અનુસંધાન] નવલશા હીરજીની આજકાલ [પૃ. ૬૫૦ થી
તિલક કરવા લોહી પણ ના મળે, તો શું કરશો તમે ત્યારે, નવલશા?'

'આ કોરુંધાકોર કપાળ કૂટીશ એમની કને.'

'પણ તમે જાતે ઊઠીને તમારું કપાળ કૂટો તે તો ઠીક જ નહીં ને. જેનું કામ જે હોય તે તેનું કામ કરે. હું હજાર હાથવાળો, ભૂલું પાછો, બે હાથવાળો હેમખેમ તમારી પાસે હાજરાહજૂર બેઠો તે તમે જાતે જ તમારું કપાળ કૂટો તો મારાપણું લજવાય નહીં? હેં નવલશા? આટઆટલાં વરસો થયાં છતાં હજુ બાવડાંમાં તમારું કપાળ કૂટવા જેટલું જોમ બચ્યું છે બાકી તે જાણો જરી.'

હું થાક્યો નવલશાની નવલી ફૂંકવા-રીતિથી. આંખો ઢાળી ગોકળગાય ગતિએ નવલશાને કહી રહ્યો કેટલીય વાર લગી તે મેં માથું ઊંચું કરી નવલશા તરફ ઊંચી નજર કરી જોયું તો નવલશા ટેબલ ઉપર ટોપી પસારી ઉપર માથું મેલી વળી ફૂંકવાની બીજી તરાહો મનોમન તપાસી રહ્યા હોય તેમ એમના ચહેરાના હાવભાવથી જાણ્યું. એમની કથિત-વ્યથિત તરાહ-તરંગાવલીમાં સુરંગ ચાંપવી મને યોગ્ય ન લાગતાં હું ચૂપચાપ એમની સામે પલાંઠી વાળી બેસી રહ્યો! ❒

ફિલ્માકાશ-૨૨
ન્યૂ થીએટર્સની સ્પર્ધામાં કેટલીક સફળ અને નિષ્ફળ ફિલ્મો

રજનીકુમાર પંડ્યા

ન્યૂ થીએટર્સને પલાણી જવાની વાતો હીરાલાલ ડૉક્ટર મણિનગરના ઘરડાઘરમાં સાવ નિરાધાર અવસ્થામાં બેસીને પણ જે આવેશથી મને કરતા હતા તે જ એ હકીકતનો પુરાવો હતો કે ન્યૂ થીએટર્સની ફિલ્મોએ એમના જેવા લઘુ-નિર્માતાઓથી માંડીને બૉમ્બે ટોકિઝ કે પ્રભાત જેવા ધરખમ નિર્માતાઓને ઉજાગરા કરતા કરી દીધા હતા. વાત કરતી વખતે તેઓ એક વાક્ય વારંવાર દોહરાવતા હતા. 'બી. એન. સરકારની ખોપરી તોડી નાખે એવાં ભેજાં આપણે ત્યાં બી હતાં પણ...'

પણથી આગળની ખાલી જગ્યા તેઓ પ્રકટપણે કશું જ બોલ્યા વગર માત્ર હોઠ ફફડાવીને મનોમન પૂરી લેતા હતા, પણ આપણો ત્રીજો કાન એમાં ન્યૂ થીએટર્સનો વિજયઘોષ સ્પષ્ટ સાંભળી શકે.

ખેર, ૧૯૩૬ની સાલમાં ન્યૂ થીએટર્સને ટક્કર આપે તેવી બીજી ફિલ્મોની વાત કરીએ તે પહેલાં ન્યૂ થીએટર્સના કૅમ્પની જ ગણાય તેવા પ્રફુલ્લ ઘોષની મુંબઈમાં બનાવેલી ફિલ્મ 'માં'ની વાત જાણી લેવી જોઈએ. એમ જ કહી શકાય કે ન્યૂ થીએટર્સની ગાઢ અસરમાં જ એ બંગાળીબાબુએ આ ફિલ્મ મુંબઈમાં પ્રફુલ્લ પિક્ચર્સના નેજા હેઠળ બનાવી હતી. તો દ્વિપત્ની-પ્રથાના વિરોધમાં બનાવાયેલી સામાજિક ઢાંચાની ફિલ્મ પણ ન્યૂ થીએટર્સવાળું બંગાળી વાતાવરણ પેદા કરવા માટે, એમાં પણ બંકીમચંદ્ર ચૅટરજીની નવલકથા 'આનંદમઠ'નું ગીત 'વંદેમાતરમ્' લેવામાં આવ્યું હતું. એ વખતે આ બંગાળી ગીતે પૂરા રાષ્ટ્રમાં નવજાગ્રતિનું મોજું ફેલાવી દીધું હતું. જો કે ફિલ્મને સફળ બનાવવામાં એ કામયાબ ના રહ્યું; કારણ કે વાર્તા બહુ દમદાર નહોતી. જાલ મર્ચન્ટ જેવા સામાન્ય અભિનેતાએ એમાં બાપ-બેટાની બેવડી ભૂમિકા અદા કરી હતી. અને એની સામે કાનનબાલા જેવી તેજસ્વી અભિનેત્રી નાયિકા હતી. આ જોડી દેખીતી રીતે જ અસમાન ગુણવત્તા-વાળી જણાતી હતી. એનું સંગીત એસ. પી. રાણેએ આપ્યું હતું. છતાં ગીતા પણ લોકજીભે ના ચડ્યું. નહીં તો મેગાફોન જેવી કંપનીએ એનું માર્કેટિંગ કર્યું હતું.

આ ફિલ્મથી અલબત્ત એક કામ બહુ સારું થયું. કાનન-બાલાનું એમાં બ્રહ્મચારિણી વ્રજરાણી તરીકેનું કામ બહુ વખાણાયું. આ અગાઉ પણ પ્રફુલ્લ ઘોષે તેમને ૧૯૩૪માં 'શ્રી ગૌરાંગ'માં વિષ્ણુપ્રિયાની ભૂમિકા વેળા દિગ્દર્શન આપ્યું હતું; પણ બહુ ધ્યાન ખેંચાયું નહોતું. અલબત્ત, પ્રતિષ્ઠા વધી હતી. એમ તો ૧૯૩૪માં રજૂ થયેલી ફિલ્મ 'માનમયી ગર્લ્સ સ્કૂલ' (બંગાળી) પણ ઘણી સફળ થઈ હતી.પણ ફિલ્મ સાધારણ હોવા છતાં અભિનેત્રીની અભિનય-પટુતાનાં બે મોઢે વખાણ થયાં હોય તો તે ફિલ્મ 'માં'થી.

આ જ ફિલ્મથી બી. એન. સરકારનું ધ્યાન તેમના તરફ ખેંચાયું. વીસ વરસની આકર્ષક દેહયષ્ટિ સાથે મધમીઠું ગળું ધરાવતી એ ગાયિકા-અભિનેત્રીને 'દેવદાસ'માં પારો તરીકે લેવાની ઇચ્છા હતી. તેમણે વાતચીત પણ ચલાવી પરંતુ કાનનદેવી (એ વખતે કાનનબાલા) રાધા ફિલ્મ્સ સાથે કરારથી બંધાયેલાં હતાં એટલે એ શક્ય ના બન્યું. પ્રફુલ્લ ઘોષ સાથે આ અગાઉની 'શ્રી ગૌરાંગ' ઉપરાંત 'માં' (હિંદી)માં કામ કર્યું હતું. તેથી તેમણે ફરી વાર વાતચીત આગળ ધપાવી પણ ટેકનિકલ કારણોવશાત્ એ શક્ય ના બન્યું. આગળ ઉપર ૧૯૩૭માં રાધા ફિલ્મ્સ સાથેના કરારમાંથી મુક્ત થઈ ન્યૂ થીએટર્સમાં પગ દીધો અને ૧૯૩૮માં તેમની યુગપ્રવર્તક ફિલ્મ 'વિદ્યાપોત'માં બેનમૂન અભિનય આપીને વિજય ધ્વજ લહેરાવી લીધો. પણ એ વાત આપણે કાળક્રમાનુસાર જોઈશું.

૧૯૩૬ના વર્ષના ન્યૂ થીએટર્સ સિવાયના પ્રોડ્યુસરોમાં સૌથી વધુ શક્તિશાળી સમર્થ શાંતારામ (પ્રભાત) ઉપરાંત સાગર મુવિટોન હતું તે આપણે અગાઉ જોયું. સાગર મુવિટોન કંપની ગુજરાતી સાહસિક ચિમનલાલ દેસાઈની હતી. શરૂઆતમાં તેમના ભાગીદાર બીજા એક પાટીદાર સજ્જન અંબાલાલ પટેલ ઉપરાંત દક્ષિણના કેટલાક વિતરકો અને અરદેશર ઇરાની પણ હતા. પણ સમય થતાં એ સૌ એમનાથી છૂટા પડતા ગયા. ચિમનલાલ દેસાઈના ઉત્કર્ષમાં શરૂઆતમાં દક્ષિણ ભારતીય દિગ્દર્શક સર્વોત્તમ બદામી અને એઝરા મીરનો સારો ફાળો હતો. ગુજરાતી હોવાના નાતે સાહિત્યકાર શ્રી કનૈયાલાલ મુનશીએ પણ તેમને ઘણો મજબૂત ટેકો આપ્યો હતો. તેમની જ વાતો પરથી સાગર મુવિટોને ૧૯૩૫માં 'ડૉ. મધુરિકા' ફિલ્મ બનાવી હતી. શ્રી કનૈયાલાલ મુનશીનો સહકાર મેળવી આપવામાં અભિનેત્રી સવિતાદેવીનો મોટો ફાળો હતો.

પણ ન્યૂ થીએટર્સની સામે ટક્કર લઈ શકે તેવી એક પણ ફિલ્મ સાગર મુવિટોન ૧૯૩૫ સુધીમાં આપી શક્યું નહોતું. ૧૯૩૧થી જેનો આરંભ થયો હતો તેવી આ નિર્માણ-સંસ્થા ૧૯૩૫ સુધીમાં વીસેક ફિલ્મો આપી ચૂકી હતી. ૧૯૩૫માં તેમણે

'જજમેંટ ઑફ અલ્લાહ' (અલહિલાલ)થી તેમણે મહેબુબનો પણ દિગ્દર્શન-ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો હતો. પણ તે કંઈ સફળ ફિલ્મ ના ગણાય. તેનાં 'વીર અભિમન્યુ' (૧૯૩૯)થી માંડીને 'ડેક્કન ક્વિન' સુધીનાં ચિત્રોની કમાણી સરેરાશ રહી હતી. આપણે અગાઉના પ્રકરણ-૧૪માં જોઈ ગયા તેમ સાગર મુવિટોને ન્યૂ થીએટર્સના સાયગલની સામે સુરેન્દ્રને એની બરોબરીમાં મૂકવાનું નક્કી કર્યું હતું એટલું જ નહીં પણ એની પાસે 'બાલમ આયે બસો મોરે મનમેં'ની બેઠી નકલ જેવું ગીત 'બિરહા કી આગ લગી મોરે મનમેં' ગીત ગવડાવ્યું હતું. આ રીતે સાગર મુવિટોને ન્યૂ થીએટર્સની સ્પર્ધા કરવા માટે નૈતિક આચારસંહિતાના તમામ નિયમો પણ નેવે મૂકી દીધા હતા. છતાં કદી પણ તેના સમોવડિયા ગણાવાની કોટીમાં ન આવી. બેશક, તેની આવી વધુ શક્તિશાળી બનવાની પેરવીઓને કારણે સુરેન્દ્ર, બિબ્બો, સવિતાદેવી, મોતીલાલ, શોભના સમર્થ, કુમાર, યાકૂબ જેવા ઉત્તમ કલાકારો, હિંદી ફિલ્મ-ઉદ્યોગને સાંપડ્યાં. મહેબુબ કે ચિમનલાલ લુહાર જેવા દિગ્દર્શકો, ઝીયા સરહદી કે રામચંદ્ર ઠાકુર જેવા લેખકો પણ સાગર મુવિટોનને કારણે જ મળ્યા. એ તથ્ય સ્વીકારવું જોઈએ કે તેમનામાં ન્યૂ થીએટર્સ સામે જન્મેલા ઝનૂની સ્પર્ધાભાવની આ દેણગી હતી.



યાકૂબ

પણ ૧૯૩૬માં તેણે જે છ ચિત્રો આપ્યાં, તેમાં 'ડેક્કન ક્વિન' ઉપરાંત 'દો દીવાને', 'જીવનલતા', 'લગ્નબંધન' અને 'વિલેજગર્લ' ઉપરાંત 'મનમોહન'નો પણ સમાવેશ થતો હતો. આ 'મનમોહન' ફિલ્મે સાગરની અગાઉની તમામ નિષ્ફળતાઓને જાણે કે ધોઈ નાખી અને એની સફળતામાં સિંહફાળો 'તુમ્હીને મુઝકો પ્રેમ સિખાયા' એ ગીતનો હતો. સુરેન્દ્ર અને બિબ્બોએ ગાયેલા એ ગીતની શરૂઆત બિબ્બોના 'ક્યા મૈં અંદર આ શકતી હું?' શબ્દોથી થતી હતી અને એ પછી તરત જ સુરેન્દ્રના ભારેખમ સ્વરથી ગીતની શરૂઆત થતી હતી. પણ આ નવતર પ્રયોગે ભારતભરમાં ધૂમ મચાવી દીધી. લોકો આ ગીત સાંભળવા-જોવા થીએટરો છલકાવી દેતાં હતાં. 'કલકત્તા ક્રોનિકલ' નામના અખબારે અધુરામાં પૂરું એવી અફવા (હા, અફવા જ, કારણ કે એમાં તથ્ય નહોતું) ફેલાવી કે બી. એન. સરકારે પણ આ ગીત પૂરતો એ ફિલ્મનો ટુકડો મંગાવીને પોતાની ટીમ સાથે જોયો અને સૂચન કર્યું કે આપણે આને ભુલાવી દે તેવું કંઈક બનાવો. આવા સમાચારોનું ખંડન એટલા માટે ન કર્યું કે એનાથી એ સમાચારો દોહરાવવા જેવું થાય અને બીજાં અખબારો પણ એ છાપે. ગીતમાં ખરેખર સંવાદથી શરૂ થવા સિવાય બીજી કોઈ વિશેષતા નહોતી. ઝીયા સરહદીએ લખેલા શબ્દો પણ સામાન્ય હતા. 'સોયે હુએ હિરદે (હૃદય) કો જગાયા, મસ્ત બનાયા, રૂપ દિખાયા' જેવા શબ્દોની 'સોયે હુએ મુરદેકો જગાયા' જેવી પૅરડી પણ થઈ અને એની પણ પીળા લેબલવાળી રેકોર્ડ્ઝ બહાર પડી. પણ એની મશ્કરીની કે ટીકાની કોઈ પણ પેરવી તો એ ગીત અને એ ફિલ્મ માટે ટૉનિક જ પુરવાર થઈ.

સુરેન્દ્ર અને બિબ્બોને મુખ્ય ભૂમિકામાં ચમકાવતા એ ફિલ્મના યાકૂબ, રામચંદ્ર, ભુદો અડવાણી જેવાં કલાકારો હતા. ગીતકાર ઝીયા સરહદીએ એમાં એક ભૂમિકા પણ અદા કરી હતી (પાછળથી જેમણે 'હમલોગ' ફિલ્મ ૧૯૫૧માં બનાવી હતી એ જ આ ઝીયા સરહદી) તો રામચંદ્ર નામના અદાકારે ચાર ગીતો પણ ગાયાં હતાં. અનિલ બિશ્વાસને આગળ ઉપર પરણનારાં આશા-લતાનો પણ એમાં એક રોલ હતો અને નવાઈની વાત તો એ છે કે સંગીતકાર તરીકે અશોક ઘોષનું નામ ક્રેડિટ ટાઈટલ્સમાં હોવા છતાં 'તુમ્હીને મુઝકો પ્રેમ સિખાયા'ની ધૂન પોતે બનાવી છે, એવો અનિલ બિશ્વાસનો દાવો હતો. તે સાચો જ હશે કારણ કે એ ગીતની પછવાડે રેકોર્ડની બીજી તરફ એ જ ફિલ્મ કંપનીની ફિલ્મ 'જાગીરદાર' (૧૯૩૭)નું જ ગીત હતું. જેનું સંગીત અનિલ બિશ્વાસનું હતું.

પણ આ ફિલ્મ વિશે છેલ્લી એક નોંધવા જેવી વાત એ છે કે આ ફિલ્મની વાર્તા પણ ન્યૂ થીએટર્સની 'દેવદાસ'ની વાર્તાની પ્રાણવિહીન નકલ જેવી જ હતી. એમાં દેવદાસ જેવા જ નિરાશ પ્રેમી (સુરેન્દ્ર), પ્રેમિકા (બિબ્બો) અને ઈર્ષાળુ પતિ (યાકૂબ) વચ્ચેના સંવેદનાત્મક ટકરાવનું જ કથાવસ્તુ હતું.

આ બધાં આપણા એક વિવેચક તરીકે નિરીક્ષણો-તારણો છે. લોકમત કદી પણ પાટા ઉપર ચાલતો નથી. એટલે 'મન-મોહન' અપૂર્વ સફળતાને વરી અને એણે સાગર ફિલ્મ કંપનીના પાયા મજબૂત કર્યા.

ન્યૂ થીએટર્સની સાવ બરોબરિયા ગણાય તેવી બૉમ્બે ટૉકિઝની વિગતે વાત આપણે આગલાં પ્રકરણોમાં જોઈ, પણ તેની 'અછૂત કન્યા' જેવી બેમિસાલ અને ન્યૂ થીએટર્સની પરંપરાની જેમ જ સામાજિક સંદેશ ધરાવતી ફિલ્મની વાત થોડી કરી લઈએ.

નામ જ સૂચવે છે તેમ 'અછૂત કન્યા' (દેવીકા રાણી) અને બ્રાહ્મણ યુવક (અશોકકુમાર) વચ્ચેના પ્રણયની આપણે

ફિલ્મ જોયા વગર જ કલ્પી શકરીએ તેવા સંઘર્ષની વાર્તા ધરાવતી આ ફિલ્મ અજોડ સફળતા અને પ્રસંશાની નવાજેશ પામી હતી. અને એના કારણમાં એક-બે નહીં પણ અનેક પરિબળો હતાં. સૌથી મોટું પરિબળ તો ગાંધીજી દ્વારા ગતિમાં આવેલી અંત્યોદયની ચળવળે સર્જી આપેલી માનસિક આબોહવા હતી. પણ ફિલ્મો હંમેશાં કોરા ઉપદેશને બદલે નાટ્યાત્મક પદ્ધતિથી એવો સંદેશ પ્રસરાવવાનું કાર્ય કરતી હોય છે તેથી લેખક નિરંજન પાલ પાસે ખાસ આ કહાની લખાવવામાં આવી, જેમાં રેલવેનો હરિજન સાંધાવાળો દુખીયા (કામતાપ્રસાદ) અને બ્રાહ્મણ કરિયાણાવાળા મોહન (પીઠાવાળા) વચ્ચેની મિત્રાચારીના પરિણામે તેમનાં સંતાનો પ્રતાપ (અશોકકુમાર) અને કસ્તુરી (દેવીકારાણી) નાનપણથી જ એકબીજાંને ચાહતાં થઈ ગયાં હોય છે. આગળ ઉપર જે ચાહના પ્રણયમાં પલટાવાના દિવસોમાં જ એક દહાડો પ્રતાપને કસ્તુરીને ત્યાં ભોજન કરતો ગામલોકો જોઈ લે છે. ઊહાપોહ થાય છે અને જ્યારે મોહન એના બચાવમાં બધા મનુષ્ય સરખા હોવાની ફિલસૂફી આગળ ધરે છે ત્યારે લોકોનો મિજાજ વકરે છે અને એની દુકાન લૂંટાઈ જાય છે.

આ પછી થોડા વિચિત્ર ઘટનાક્રમો આકાર લે છે. કસ્તુરીનાં લગ્ન બે પત્નીવાળા હરિજન યુવક મનુ (કિશોરીલાલ) સાથે અને પ્રતાપનાં લગ્ન મીરા નામની બ્રાહ્મણ યુવતી સાથે થાય છે. એ બધી સ્ત્રીઓને મન એક માત્ર કસ્તુરી જ આંખના કણાની જેમ ખૂંચે છે અને એને બેઈજ્જત કરવાના, મુશ્કેલીમાં ફસાવવાના તમામ પ્રયત્નોને અંતે, થોડા નાટ્યાત્મક પ્રસંગોને અંતે, રેલવેના પાટા ઉપર ધસમસતી ટ્રેન નીચે જ તેનું બલિદાન દેવાઈ જાય છે. રેલવેના પાટા સાથે જ આ ફિલ્મનો પ્રારંભ થાય છે અને સમાપ્તિ પણ ત્યાં જ આવે છે.

ફિલ્મ નિર્માણ બેશક ઉત્કૃષ્ટ હતું જ. ફ્રાંઝ ઑસ્ટીનનું દિગ્દર્શન પણ ભારે સૂઝબૂઝભર્યું હતું. સંગીત સરસ્વતીદેવી (પારસીબાનુ)નું અને ગીતો જે. એફ. કાશ્યપ 'નાતવાં'નાં હતાં. એમાં પણ 'મૈં બનકી ચીડિયા, બનકે બન બન ડોલુ રે' ગીતે પૂરા દેશમાં ધૂમ મચાવી હતી. અશોકકુમારના સાવ મામૂલી બિનતાલીમી સ્વર અને એવો જ દેવિકારાણીનો તીણો સ્વર, છતાં તર્જની મધુરતા અને વાદ્યોના સમુચિત પ્રયોગને કારણે ફિલ્મનું આ ગીત સર્વાધિક સફળ થયું. સરસ્વતીદેવીએ પોતે 'કિત ગયે હો ખેવનહાર' ગીત બહુ ભાવપ્રવણતાપૂર્વક ગાયું હતું. 'કિસે કરતા મુરખ પ્યાર' એ અશોકકુમારનું એકલગીત હતું.

પણ આમ છતાં ન્યૂ થીએટર્સમાં જોવા મળતી જીવનની વાસ્તવિકતાઓનો સ્પર્શ એમાં પૂરતો હતો. પાત્રોના પહેરવેશ એ ગરીબ ઘરમાંથી આવતા હોય તો પણ ભારે મોંઘા જણાતા હતા. વાર્તાનો સમગ્ર પરિવેશ જોકે ગામડાનો હતો છતાં ભારતના અસલ ગામડાનાં એમાં દર્શન થતાં નહોતાં. ફ્રાંઝ ઓસ્ટીન પરદેશી હતા એટલે ભારતની આ અસલિયતને તેઓ પામી શકતા નહોતા. એમના કૅમરામેન વિરચિંગનો કસબ દશ્યોનાં કંડારણીમાં ઠેર-ઠેર દેખાતો હતો, પણ એ કલાની કોટીએ પહોંચી શકતો નહોતો, કારણ કે જેટલો રસ એમને હરેક ફ્રેમ ઘડવામાં હતો એટલો રસ અંદર મૂકવાની સામગ્રીમાં વરતાતો ના હોય એમ જણાતું હતું. આ જ ફરક બૉમ્બે ટૉકિઝ અને ન્યૂ થીએટર્સની ફિલ્મો વચ્ચે છેક સુધી રહ્યો.


સાગર ફિલ્મ કંપનીની કલાકાર 'બિબ્બો'

અલબત્ત, ન્યૂ થીએટર્સે પણ નવા શરૂ થયેલા આવા બધા પ્રવાહોના પ્રભાવમાં આવીને સામાજિક સંદેશા આપતી ફિલ્મોનું નિર્માણ ૧૯૩૭ના વર્ષથી શરૂ કર્યું. એમ કહેવાય છે કે ગ્રામોદ્ધારની વાત લઈ આવતી ૧૯૩૬ની સાલની બૉમ્બે ટૉકિઝની ફિલ્મ 'જન્મભૂમિ' પરથી પ્રેરણા લઈને જ ન્યૂ થીએટર્સે પોતાની આગામી પ્રેસિડન્ટ (૧૯૩૭) કે ધરતી-માતા (૧૯૩૮) ફિલ્મો બનાવી હતી. (ક્રમશઃ)

(નોંધ : સુરતના ફિલ્મ ઇતિહાસમાં હરીશ રઘુવંશીએ જણાવ્યા મુજબ ૨૦મા પ્રકરણમાં ફિલ્મ 'જવાની કી હવા' અને 'અછૂત કન્યા'ની નિર્માણસાલ છાપભૂલથી ખોટી છપાઈ છે. તે અનુક્રમે ૧૯૩૫ અને ૧૯૩૬ જોઈએ. પ્રકરણ ૨૧માં શ્રી એન. આર. આચાર્યને 'કંગન'ના દિગ્દર્શક પણ દર્શાવવામાં આવ્યા છે, જે બરાબર નથી. 'કંગન'ના દિગ્દર્શક ફ્રાંઝ ઑસ્ટીન હતા. એ જ પ્રકરણમાં છેલ્લા ફકરામાં હીરાલાલ ડૉક્ટરે ઇંદુલાલ યાજ્ઞિક સાથે બનાવેલી ફિલ્મનું નામ 'પાવાગઢનું પતન' દર્શાવ્યું છે તેની જગ્યાએ 'પાવાગઢનો પ્રલય' જોઈએ. સરતચૂક બદલ દિલગીર છું. - લેખક)

આથમતાં અજવાળાં-૧૫

નવલાં નોરતાં



ભગીરથ બ્રહ્મભટ્ટ

નવરાત્રિ એટલે ચૈત્ર અને આસો મહિનાની શુક્લ પક્ષની નવ તિથિઓ. ભારતમાં એ શક્તિપૂજાના મહિમા માટે જાણીતા દિવસો છે. હવે 'નવરાત્રિ', પહેલાં તો 'માનાં નોરતાં' એમ જ કહેવાતું.

આપણા સમાજમાં ઉત્સવો એ ધર્મના ઇતિહાસમાં બીજકો બનીને સંયોજાયેલા છે. ઉત્સવોની મૂળ પ્રકૃતિ ઓળખવી મુશ્કેલ છે. જેમ વાઙ્મય સમુદ્રમાંથી શબ્દો એ કાંઠા ઉપર તરી આવેલાં શંખ, ચક્ર, ગદા, પદ્મ છે તેમ લોકોમાં પળાતા ઉત્સવો એ ધર્મસમુદ્રમાંથી ઘસડાઈ આવેલાં કાંઠા ઉપરનાં રંગબેરંગી વજ્રો અથવા પથ્થરો છે. એ રીતે જોઈએ તો શંખચક્રાદિમાં પ્રાચીન પ્રાણીઓનો ઇતિહાસ છુપાયેલો છે, તેમ ઉત્સવોમાં પણ આપણા પૂર્વજોના બાહ્ય આચારોના અવશેષો જોવા મળે છે.

આપણા જીવનનું રહસ્ય કેવળ બુદ્ધિમાં કે જ્ઞાન-ભૂમિકામાં નથી પણ આપણા અંતરતમ સ્વરૂપમાં રહેલા અપરોક્ષ અનુભવ બળમાં તથા આપણી નિગૂઢ દિશામાં રહેલી શક્તિના સમતોલ વિકાસમાં છે. આપણા જીવનનાં જ્ઞાન, ઇચ્છા અને ક્રિયારૂપ ત્રણ સૂત્રો તે અધ્યાત્મ તત્ત્વ સાથે સંધાયેલા છે. એ તત્ત્વો સાથે માનવી સંયોજાયો છે. એનો મહિમા એ શક્તિપૂજા દ્વારા કરવા ચાહે છે.

નવરાત્રિના નવ દિવસો એ આદ્યશક્તિ-મહાશક્તિની ઉપાસનાના દિવસો એટલે કે મહાલક્ષ્મી, મહાકાળી અને મહાસરસ્વતી અને મા અંબાના દિવસો. ઋતુજન્ય વસંતની નવરાત્રિ ચૈત્ર સુદ એકમથી (શરદ નવરાત્રિ) શરૂ થાય છે. આસો સુદ એકમથી નોમ સુધી પણ નવરાત્રિ ઉજવાય છે જે શક્તિપૂજાનું પર્વ છે.

ઋગ્વેદમાં (૧/૨/૫/૬) તો વાગામ્ભૃણીય નામનું સૂક્ત મહાશક્તિની ઉપાસનાનું પ્રતિપાદન કરે છે. તેવું જ માર્કંડેય પુરાણ વગેરેમાં પણ છે.

નવરાત્રિના નવ દિવસની વૈજ્ઞાનિક મનોભૂમિકા પણ ખૂબ સમજવા જેવી છે. 'નવ' શબ્દનો અર્થ **'Nine'** જ નહિ, **New** પણ થાય છે. એટલે 'નવ' નાવીન્યસૂચક પણ છે. તેમાં **Nine** એટલે પંચમહાભૂત અને ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) એમ નવ તત્ત્વોની શુદ્ધિ કરવાનું પર્વ એટલે નવરાત્ર. એ નવ તત્ત્વો જ સમગ્ર વિશ્વના કેન્દ્રમાં છે, એના દ્વારા જ સંસાર રચાયો છે. વિશ્વસર્જકની કલ્પના એમાંથી જ થઈ છે. સંસારના અનેકવિધ રંગોમાં ગૂંથણી એમાંથી થઈ છે. સાધકની દૃષ્ટિએ સાધના માટે વિચાર કરવાનો હોય તો તે દુર્ગાનાં નવ રૂપ સંદર્ભે છે. તેનું પૂજન-અર્ચન કરવામાં આવે છે.

માનવીના જીવનનો પ્રવાહ અનેકવિધ વાસના, વિકારો અને ભાવનાનું સંમિશ્રણ છે. આ પ્રવાહ અધઃપતિત ન થતાં ઊર્ધ્વગામી બને, ઈશ્વરાભિમુખ બને. યાંત્રિક ન બનતાં સદૈવ ઉલ્લાસિત રહે એ માટે આપણા પૂર્વજોએ પર્વનો મહિમા કરેલો. પર્વની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સમજ આપી, જીવન વહેવાર સાથે તેને વણી લીધી, એથી આ ઉજવણીમાં આસુરીવૃત્તિનો ક્ષય કર્યો. જીવનના ગાંભીર્યને સમૃદ્ધ કરવાનું બળ આવાં પર્વોમાં રહેલું છે. પર્વોમાં કેવળ પરંપરા નથી, સાંસ્કૃતિક દૃષ્ટિ પણ છે. આધ્યાત્મિક સમજ છે.

પહેલાંના જમાનામાં માતાજીની ઉપાસના જ નવરાત્રિના કેન્દ્રમાં હતી. ઝવેરા વાવવા, ઘડાનું સ્થાપન કરવું, દીવા કરવા, ઉપવાસ કરવા, પવિત્ર વાતાવરણમાં રહેવું, ગુણગાન કરવા, ગરબા ગાતાં અને અર્ચન કરતાં, આઠમ-નોમના દિવસે એ પર્વની પરાકાષ્ઠા આવતી, આનંદપૂર્વક એ ઝવેરા પાણીમાં પધરાવી દેવાતા...

માથે ઘડુલિયો લઈને કુંવારિકા નીકળે... એમાં કુંભારે કાણાં કર્યાં હોય, એ કાણાંમાંથી અંદરનો પ્રકાશ બહાર દેખાય. મૂળ તો 'ગર્ભદીપ'માંથી જ 'ગરબો' શબ્દ આપણે ત્યાં ઊતરી આવ્યાનું મનાય છે. ગરબે જુવાન સ્ત્રીઓ ગાય, ઘરડાં માણસો દર્શન કરવા જ આવે, ઘી પૂરે... 'માતાજી સૌનું સારું કરે' એ ભાવના હતી. પૂજા, પાઠ, યજ્ઞ-અનુષ્ઠાન એ મુખ્ય પ્રવૃત્તિ બની રહેતાં.

આજે નવરાત્રિનો મિજાજ અને રોફ જોવા જેવો છે. બધું પરિવર્તન આવ્યું છે. ઉત્સાહ રહ્યો છે પણ એના કેન્દ્રભાવો પરિવર્તિત થયા છે. આજે તો ગરબો શેરી છોડી પાર્ટીપ્લૉટમાં પહોંચ્યો છે. દર્શનીયને બદલે પ્રદર્શનીય બન્યો છે. અવનવાં વિદ્યુત ઉપકરણોથી ગરબો-નવરાત્રિ વધારે દીપી ઊઠે છે કે વરવાં બન્યાં છે? સ્વયંસંચાલિત માંડવીઓ આધુનિકતાથી શણગારાય છે અને યુવાનો-યુવતીઓ મોંઢેથી એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર ઘૂમે છે—મનફાવે એમ સાથે ફરે છે.

બહેનોના આ ઉત્સવોમાં ભાઈઓ જોડાયા છે. એને લીધે ગરબાનું સ્થાન ગરબીએ લઈ લીધું છે. શક્તિપૂજાનો મહિમાનો એ વિસ્તાર થયો છે? જો કે ગરબી એ મૂળ નૃત્યપ્રધાન છે. સંગીત તેમાં ગૌણ છે. કાવ્ય તેમાં ગૌણતર છે. નૃત્ય તાલ-પ્રધાન હોઈ સૌંદર્યના નિયમ પ્રમાણે તે સમયના ખંડ રચે છે. તાલ સમયના વિભાગો કરે છે. સ્થાપત્ય જેમ સ્થળના વિભાગો રચે છે તેમ નૃત્ય તાલથી થતા વિભાગોને શરીરની ગતિથી અનેક અંગોના હલનચલનથી પૂરે છે.

નૃત્યમાં શરીરની ગતિ મુખ્ય છે. શરીરની એક જ સ્થિતિ જો વધારે વાર રહે તો તે અરુચિકર લાગે છે.

જૂની રીતમાં આપણે ફેરફાર કરી દીધો છે. ગરબીને આપણે સંગીતપ્રધાન બનાવી છે. માત્ર ગાવાની ગરબીઓ થાય તો તે ઠીક, પણ સંગીતે એનું મૂળ માધુર્ય જાળવ્યું નથી. ગરબીને સંગીતપ્રધાન કરવાથી એક બીજો ફેર થયો છે તે એ કે ગરબી

(અનુસંધાન પૃષ્ઠ ૬૫૮ ઉપર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

મૅકોલે

ઓગણીસમી સદીના આરંભમાં કેટલાંક નવાં સામયિકો પ્રકાશિત થવા માંડ્યાં હતાં. તેમાંનું એક ઈ. ૧૮૦૨માં પ્રકટ થયેલું 'એડિનબર્ગ' હતું. તેના સ્થાપકોમાં એક સિડની સ્મિથ (૧૭૭૧-૧૮૪૫) હતો. એનું સાહિત્યના ઇતિહાસમાં કોઈ ખાસ અર્પણ નથી, પણ એ દિવસોમાં પાર્લમેન્ટમાં વ્હિગ અને ટૉરી એ બે પક્ષ મુખ્ય હતા. તેમાં સિડની સ્મિથ વ્હિગ પક્ષમાં સુધારાવાદી તરીકે જાણીતો હતો. એણે પોતાની વિદ્વત્તા અને વિચારધારા વિનીત વ્યક્તિત્વવાદને પલ્લે મૂકી. એનું એક પુસ્તક 'પીટર પ્લીમ્લેઝ લેટર્સ' (૧૮૦૭-૦૮) કૅથલિક સંગ્રહાલયને કેટલાંક નિયંત્રણોથી મુક્ત કરવા માટેનું પક્ષકાર પુસ્તક છે. ધાર્મિક અસહિષ્ણુતા પર કટાક્ષપ્રહાર એ પુસ્તકની વિશેષતા છે. સિડનીએ એના 'એડિનબર્ગ' સામયિકમાં પણ ધાર્મિક જડતા અને બિનજરૂરી પૂર્વગ્રહો પર અભિનિવેશપૂર્વક લેખો લખ્યા હતા. ઓગણીસમી સદીમાં વિકાસમાન ઈંગ્લન્ડ કરતાં તેને જ્ઞાનપ્રકાશમાં વિશેષ રસ હતો. જ્ઞાનપ્રબોધની પરંપરા બંધાય - વિકસે તે માટે તે વ્હિગપક્ષ દ્વારા સતત પ્રયત્નશીલ રહ્યો હતો.

ટૉમસ બૅબિંગ્ટન મૅકોલે (૧૮૦૦-૧૮૫૯) એક ગણનાપાત્ર સાહિત્યકાર કરતાં ઇતિહાસકાર તરીકે વિશેષ ખ્યાતિ ધરાવે છે. ઈ.સ. ૧૮૦૦ની સાલમાં ૨૫મી ઑક્ટોબરે લેસેસ્ટરશાયરમાં શ્રીમંત વેપારીને ત્યાં તેનો જન્મ. કૅમ્બ્રિજમાં તેનો અભ્યાસ થયો. અદાલતમાં પ્રૅક્ટિસ કરી. 'એડિનબર્ગ' સામયિકમાં તેણે લેખો પ્રકટ કરવા માંડ્યા. ઈ. ૧૮૩૦માં તે પાર્લમેન્ટમાં ચૂંટાયો. ઈ. ૧૮૩૪ થી ૧૮૩૮ના સમયગાળામાં તેને હિન્દુસ્તાનમાં મૅજિસ્ટ્રેટ તરીકે મોકલવામાં આવ્યો અને તેણે પીનલકોડ રચવામાં મહત્ત્વની કામગીરી બજાવી. ઈંગ્લન્ડ પાછા ફર્યા પછી ઈ. ૧૮૪૨માં તેણે કાવ્યસંગ્રહ 'લેઝ ઑવ્ ઍન્શયન્ટ રોમ' પ્રકાશિત કર્યો. બે-બે વાર ફરી તે પાર્લમેન્ટમાં ચૂંટાયો અને 'ક્રિટિકલ ઍન્ડ હિસ્ટોરિકલ એસેસ'નો સંગ્રહ ત્રણ ખંડમાં ઈ.સ. ૧૮૪૩માં પ્રકટ થયો અને એના મુખ્ય કાર્યરૂપ 'ધ હિસ્ટરી ઑવ્ ઈંગ્લન્ડ ફ્રૉમ ધ ઍક્સેસન ઑવ્ જેમ્સ દ્વિતીય' (અપૂર્ણ) પાંચ ગ્રંથોમાં ઈ. ૧૮૪૯ થી ઈ. ૧૮૬૧ના સમયગાળામાં પ્રકટ થયો; અને ઈ. ૧૮૫૪માં તેનાં વ્યાખ્યાનોનો સંગ્રહ 'સ્પીચીઝ' પ્રસિદ્ધ થયો. મૅકોલે કોઈ ફિલસૂફ કે ઉદ્દામવાદી નહોતો. એની વિચારધારા વ્હિગ પક્ષ તરફ ઢળેલી હતી. મૅકોલેની વિચારધારા પર ઉપયોગિતાવાદની ફિલસૂફીની સ્પષ્ટ અસર જોઈ શકાય. ઓગણીસમી સદીમાં એ ફિલસૂફીનો પ્રજામાનસ પર પ્રબળ પ્રભાવ હતો. એની સમતોલ પ્રકૃતિ અને પ્રખર બૌદ્ધિકતા એના લેખોમાં બરાબર પ્રકટ થતી જણાય છે. એ વ્યવસ્થાવાદી છે. સત્ય કરતાં ય વધારે તે વ્યવસ્થાનો મહિમા કરે છે. વ્યવસ્થામાં સત્ય સમાઈ જાય છે. એટલે જ એ ઇતિહાસકાર કરતાં સર્જકને-કલાકારને વધુ મહિમાવંત ગણે છે.

મૅકોલે એના ઇતિહાસ, અર્થશાસ્ત્ર, શાસન, નીતિ-ધર્મના પ્રશ્નો અને સમગ્ર સંસ્કૃતિ અંગેના અભિગમની બાબતમાં કદાચ અંગ્રેજી લેખકોમાં પ્રથમ ખ્યાતનામ વિક્ટોરિયા યુગનો પ્રતિનિધિ છે.

આદમ સ્મિથની ઉપયોગિતાવાદની અને વિક્ટોરિયા યુગના મધ્યમવર્ગીય ઉદારમતવાદની ફિલસૂફીનો પ્રભાવ ઝીલીને મૅકોલે પણ એ જ નીતિ-ફિલસૂફીનું અભિવાદન કરે છે. એને અભિનિવેશ-પૂર્વક પુરસ્કારે છે અને એ દ્વારા વ્હિગ પક્ષની નીતિને આગળ ધપાવે છે. મૅકોલે ઉદ્દામવાદી નથી તેમજ તેને શાસકપક્ષના ઇતિહાસ અંગેનાં અર્થઘટનોમાં પણ રસ નથી. એની તો એક જ માન્યતા છે કે સરકારનું સીધુંસાદું મુખ્ય કર્તવ્ય વ્યક્તિની અને તેની માલમિલકતની રક્ષા કરવાનું છે અને પ્રજાને પોતાના હિતનું ભાન થાય, એ માટે તે પ્રયત્નશીલ બને તેવી ભૂમિકા તૈયાર કરવાનું છે. દેશમાં યંત્રવાદ વિકસે, ઔદ્યોગિકીકરણ થાય તેનો તે ભારે હિમાયતી છે.

વિજ્ઞાન વિશેનો તેનો અભિગમ ફ્રાન્સિસ બૅકનના શબ્દોમાં **'the relief of man's estate'** છે.

મૅકોલેને સાહિત્ય પ્રત્યે ય લગાવ છે. મિલ્ટન વિશેનો તેને 'એડિનબર્ગ' સામયિકમાં લખેલો લેખ એની સાખ પૂરે તેમ છે. અલબત્ત, એનું સાહિત્યિક વિવેચન અભિવ્યક્તિની દૃષ્ટિએ આંજી નાખે છતાં એ સપાટી પરનું જ હોય છે. મૅકોલેએ ચરિત્રાત્મક અને વિવેચનાત્મક લેખો 'એડિનબર્ગ' સામયિકમાં ઘણા લખ્યા છે અને એ એનાં અવલોકનોમાં એ પુસ્તકને વિસ્તૃત રીતે સમજાવે છે. પણ એ મૂળે ઇતિહાસનો માણસ હોવાથી એનાં અવલોકનોમાંય એની ઇતિહાસલક્ષિતા પ્રવેશી જાય છે. દાખલા તરીકે બોઝવેલની લખેલી જ્હોન્સનની જીવનકથાનું અવલોકન કરતાં તે જ્હોન્સનને ૧૮મી સદીના આર્થિક અને સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં મૂલવે છે. મિલ્ટનનું મૂલ્યાંકન કરવામાં તે તેના યુગના ધાર્મિક-સામાજિક સંઘર્ષનો સંદર્ભ રજૂ કરે છે.

મૅકોલેનું મહત્ત્વનું પ્રદાન તો તેના ઇતિહાસવિશેના ગ્રંથોમાં છે. એનો પાંચ ગ્રંથોમાં - ઈ. ૧૮૪૮ થી ઈ. ૧૮૬૧ના સમયગાળામાં પ્રકટ થયેલો ઈંગ્લન્ડનો ઇતિહાસ એનો યશ પોકારે છે. 'હિસ્ટરી ઑવ્ ઈંગ્લન્ડ ફ્રૉમ ધ એક્સેસન ઑવ્ જેમ્સ દ્વિતીય'

એ બૃહદ્ ગ્રંથોનું શીર્ષક છે. એ ગ્રંથમાં સત્તરમી સદીનાં છેલ્લાં વર્ષોમાં ઈંગ્લન્ડનું વર્ણન કરે છે. તેમાં તેની અનોખી ચિત્રાત્મક શૈલી અનુભવાય છે. ઈંગ્લિશ સમાજ, તેના રીત-રિવાજો, તેનું રાજકારણ, તેની સંસ્કૃતિ - એ સર્વનાં વર્ણનો વાચકને રોચક બની રહે તે રીતે થયાં છે.

અલબત્ત, ઇતિહાસ વિશે એની ફિલસૂફદૃષ્ટિ નથી. એ ફિલસૂફ તો નથી જ, પણ એનામાં એક શિક્ષણકારની સમજ છે. કદાચ એનામાં 'શોમૅન'ની સૂઝ છે. વિરોધો અને સાતત્ય બંને તે કુશળતાથી રજૂ કરી શકે છે. એનું મુખ્ય પ્રયોજન વાચકોને ઐતિહાસિક વિગતો રસપ્રદ બની રહે તે જોવાનું છે.

ઇતિહાસકાર મૅકોલે આશાવાદી છે. ભૂતકાળમાં ઈંગ્લન્ડે જે પ્રગતિ સાધી તેનો તેને સંતોષ છે અને ભવિષ્યમાં પણ એ (પ્ર)ગતિશિલ બની રહેશે એવી તેને પૂરી આશા પણ છે. મૅકોલેનો આ આશાવાદ ઓગણીસમી સદીના પ્રારંભે અને મધ્યમાં જે યંત્રશક્તિનો વિકાસ થયો અને ઉદ્યોગો વિકસ્યા તેને આભારી છે. રેલવેનો ઝડપી વિકાસ, યંત્રોને કારણે વધેલું ઉત્પાદન અને મધ્યમ-વર્ગની આર્થિક સમ્પન્નતા - આ બધી વિક્ટોરિયન યુગની વિશેષતાનો મૅકોલે સાક્ષી છે.

ઈંગ્લન્ડના આ ભૌતિક-યાંત્રિક વિકાસની સાથે સાથે નવા નવા સામાજિક-આર્થિક પ્રશ્નો પેદા થયા-તે, ઈંગ્લન્ડનો પ્રામાણિક અને સમજદાર વર્ગ સ્પષ્ટ રીતે જોઈ શક્યો, પણ ભૌતિક વિકાસના કેફમાં રાચનારા મૅકોલેએ આવા પ્રશ્નોને સાવા નગણ્ય દર્શાવી દીધા અને પોતાનાં મંતવ્યો પર મક્કમ રહીને તેણે દર્શાવ્યું કે ભલે પ્રજાનો એક વર્ગ મુશ્કેલ પરિસ્થિતિમાં જીવતો હશે, તથાપિ વિક્ટોરિયન યુગનો ચાલી-નિવાસી પણ ભૂતકાળના ખેડૂતો કરતાં વધારે સમ્પન્ન છે.

મૅકોલેનાં પુસ્તકો પર દૃષ્ટિ કરતાં વિવેચકોને પણ એટલું તો સમજાયું છે કે એનું વિશાળ વાચન અને અત્યંત તેજસ્વી સ્મૃતિ-શક્તિને દાદ દેવી ઘટે. એક ઇતિહાસકાર તરીકે તેમજ નિબંધકાર લેખે એના જ્ઞાનની સીમા તો વિસ્તૃત છે જ, પણ એની આકર્ષક રજૂઆત પણ વિવેચકોને રસપ્રદ બની રહે છે. વસ્તુ કે વિચારને પ્રતીતિકર થાય તેમ રજૂ કરવાની એનું સામર્થ્ય એવું તો અદ્ભુત છે કે વાચક તેમાં અંજાઈ જાય છે. એનામાં ચિંતન સાવ અલ્પ, માત્ર નિરીક્ષણ જ ધ્યાનપાત્ર છે. એ બાબત યાદ જ આવતી નથી.

એ જ રીતે મૅકોલેના વિવેચનાત્મક લેખો પહેલી નજરે - સપાટી પર - આકર્ષક લાગે, પણ અંદર વિવેચન સાવ પાંખું જ હોય. એની પદ્ધતિ કેટલાક મુદ્દાઓ ઊંચકી લઈને તેના પર ધ્યાન કેન્દ્રિત કરી તેને અત્યંત રોચક-રોમાંચક રીતે રજૂ કરવાની છે. એનામાં કોઈ કુશળ વકીલની તાર્કિકતા છે. દલીલોની બાબતમાં તેનું પૂરું સામર્થ્ય પ્રકટે છે. પણ આખરે તો એ પક્ષકાર છે એવી છાપ ઊપસી રહે છે. મૅકોલે, ભલે વિવેચક તરીકે સમર્થ ન હોવા છતાં ઇતિહાસકાર તરીકે તેની પ્રતિષ્ઠા પ્રમાણાઈ છે. ભૂતકાળમાં થઈ ગયેલી વ્યક્તિઓ અને ઘટનાઓને પ્રત્યક્ષ કરાવવાની તેનામાં અનોખી ક્ષમતા છે. મૅકોલે ઇતિહાસને વાસ્તવિક હોય તેમ ચીતરે છે અને ભૂત તથા વર્તમાન વચ્ચેના તંતુને તે એવો સંયોજે છે કે તે પ્રતીતિકર બની રહે. એણે આલેખેલાં ઐતિહાસિક વ્યક્તિઓનાં ચિત્રોમાં ભલે ગાઢો રંગ હોય, પણ તે કદી અપ્રમાણભૂત લાગતાં નથી. એના ઐતિહાસિક ચુકાદાઓ ભલે ઊહાપોહ મચાવનારા હશે તથાપિ તેની સદંતર ઉપેક્ષા થઈ શકે તેમ નથી. એણે ઇતિહાસને આકર્ષક બનાવીને હજારો વાચકોનું મનોરંજન કર્યું છે. એની આ કાંઈ જેવી-તેવી સિદ્ધિ નથી.

અલબત્ત, ઇતિહાસમાં તે ઘણી બધી અત્યુક્તિઓ કરે છે અને કેટલીક હકીકતોને વિકૃત રીતે ય રજૂ કરે છે; પણ જે યુગને તે ઇતિહાસમાં મઢે છે તેની સામાન્ય-જનમાન્ય વિગતોને તે આંતર-સૂઝથી બરાબર ઓળખીને રજૂ કરે છે. મૅકોલે એની અનેકવિધ મર્યાદાઓ વચ્ચે પણ એક અનોખો ધ્યાનપાત્ર ઇતિહાસકાર છે. (ક્રમશઃ)

અનુસંધાન] નવલાં નોરતાં [પૃ. ૬૫૯ થી

ધીમે રાગે, લાંબે રાગે, ગાવી પડે છે. આનું પ્રત્યક્ષ પરિણામ એ આવે છે કે એ તાલની વચ્ચેનું સમયનું અંતર અંગ કે શરીરની ગતિથી પૂરું અલંકૃત થઈ શકતું નથી. શરીરની એક જ સ્થિતિ જાણે ઘણી વાર ચાલુ રાખવી પડે છે. ગરબી લેનારને જાણે એક જ સ્થિતિમાં હાથ પહોળા રાખી તાલની રાહ જોવી પડે છે. નૃત્યનો આત્મા જ ગતિ છે અને ગતિ શિથિલતાથી નૃત્યની ચંચલતાને હાનિ પહોંચે છે પણ એ બધું કોણ કોને સમજાવે?

એક સમયનો ગામડા-ગામનો અસલ ગરબો—નહોતો ઘોંઘાટવાળો, નહોતો અંજાઈ જવાય એવા પ્રકાશવાળો, નહોતો ચોરસ-લંબગોળ. આ તો આજના ઝાકમઝોળ આલાપમાં આકૃતિહીન થઈ ગયો છે, અથવા તો બેડોળ બની ગયો છે જાણે! 'શક્તિ-ભક્તિ'ની આરાધના હવે 'મસ્તી'માં કેન્દ્રિત થઈ ગઈ છે.

માટીના ઘડા ઉપર છીદ્રો પાડી, કોતરણી કરી એમાં દીપ પ્રગટાવી ગામના ચોકમાં વચ્ચે ગરબો મૂકીને મા-દીકરીઓ, વહુઓ-બહેનો, નિર્દોષ ભાવે આદ્યશક્તિ પ્રત્યેની દિવ્ય આસ્થાથી ગરબે ઘૂમતી... આજે હવે અત્ર-તત્ર-સર્વત્ર એ ચિત્ર છે ખરું? ગામડામાં પણ અસલ નવરાત્રિ રહી નથી, અસલ ગરબો રહ્યો નથી. આજનાં અજવાળાંએ આપણા અસલ અજવાળાને રાણો કર્યો છે. અંતરિયાળ ગામડાનો ગરબો પણ લાઉડસ્પીકરથી અભડાઈ ગયો છે. ડીસ્કો ગરબાને નામે ફૅશન પરેડ, મનમોજ, ખાણીપીણી, અવનવી પાર્ટીઓ, પાર્ટીપ્લૉટો, નીતનવા પોશાક-પ્રકાશનાં પરાવર્તનો... માતાજીના નામે તો??? વિવિધ ફૅશનપરેડો સમયની જ લીલા કહીશું કે બીજું કંઈ? આમ, નવરાત્રિનો મહિમા દર્શનથી પ્ર-દર્શન સુધી આ રીતે વિસ્તરતો જાય છે. એનું શું કરીશું? ❐

ખગોલીય ગણિત-
સ્થળ, અંતર, સમયની સરળ સમજ

પ્રફુલ્લ એ. પરીખ

જેમ અનંત આકાશમાં નક્ષત્રો, તારાઓ વગેરે આકાશી જ્યોતિઓ પથરાયેલાં છે તેમ પૃથ્વી પર નિશ્ચિત નામથી ઓળખાતા ખંડો, દેશો, શહેરો, ગામો વગેરે આવેલાં છે. પૃથ્વીના વિશાળ વિસ્તારમાંથી કોઈ એકાદ સ્થળ ક્યાં આવેલું છે એ શોધવાનું કામ સમય માગી લે તેવું છે. સિવાય કે આ માટે કોઈ સરળ પદ્ધતિ વિકસાવવામાં આવી હોય.

શાળાના અભ્યાસ દરમિયાન ભૂમિતિ, ભૂગોળ, વિજ્ઞાન વગેરે વિષયો શીખતી વખતે આકૃતિઓ, રેખાંકનો વગેરે માટે વપરાતા 'ગ્રાફપેપર'થી સૌ કોઈ પરિચિત હશે. ચિત્રકારો, શિલ્પીઓ, સ્થપતિઓ વગેરે ચિત્ર, શિલ્પ, મૂર્તિ કે અન્ય વસ્તુઓની આબેહૂબ પ્રતિકૃતિ ઉપસાવવા કાચાં રેખાંકનો દોરવા 'ગ્રાફ' જેવી પદ્ધતિનો ઉપયોગ કરે છે. બુદ્ધિશાળી મનુષ્યે પૃથ્વી પર આવેલાં અનેક સ્થળોનાં ચોક્કસ સ્થાન, માપણી, અંતર, સમય વગેરે નક્કી કરવા આ પદ્ધતિનો આધાર લઈ, પૃથ્વી પર કાલ્પનિક વર્તુળો, રેખાઓ વગેરે ઉપસાવી આ કઠિન કાર્ય કેટલું બધું સરળ બનાવ્યું છે! જોઈએ કેવી રીતે.

આપણે જે પૃથ્વી પર વસીએ છીએ તે પોતાની કાલ્પનિક ધરી (Axis) ઉપર ભમરડાની માફક ફરતી રહે છે અને ૨૪ કલાકમાં (ઘડિયાળના ૨૩ ક. ૫૯ મિ. ૪.૦૯૧સે.) એક આંટો પૂરો કરે છે. પૃથ્વીને ૩૬૦° (અંશ) માં વિભાજિત કરવાથી તે દર કલાકે ૧૫° જેટલું અંતર (૪ મિનિટમાં ૧૦) કાપે છે. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરવાની આ ગતિ પશ્ચિમમાંથી પૂર્વ તરફની હોવાને લઈને આકાશમાંના બધા સ્થિર તારાઓ વગેરે આપણને ઊલ્ટા ક્રમે એટલે કે પૂર્વથી પશ્ચિમ તરફ જતા દેખાય છે.


પૃથ્વીની આ કલ્પિત ધરી ભૂગર્ભમાં આવેલા તેના મધ્યબિંદુમાં થઈને જાય છે અને ત્યાંથી બંને બાજુએ પૃથ્વીની સપાટી સુધી પહોંચી તે સામસામેનાં બિંદુઓને મળે છે. આ બિંદુઓને આપણે ઉત્તરધ્રુવ (North Pole) અને દક્ષિણ ધ્રુવ (South Pole) કહીએ છીએ. પૃથ્વીના દૈનિક ભ્રમણકાળ દરમિયાન પૃથ્વીની ધરી સ્થિર રહે છે. આથી બંને ધ્રુવો પણ સ્થિર રહે છે. જ્યારે પૃથ્વી ઉપરનાં બીજાં બધાં જ સઘળાં ૨૪ કલાકમાં પશ્ચિમથી પૂર્વ તરફ ફરતાં રહે છે.

ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવની બરાબર વચ્ચે પૃથ્વીની સપાટી ઉપર માનેલા કલ્પિત વર્તુળને વિષુવવૃત્ત (Equator) કહેવામાં આવે છે. આ વર્તુળ રેખા પૃથ્વીના બે સરખા ભાગ પાડે છે. તેમાંના ઉપરના ભાગને ઉત્તરગોળાર્ધ (Northern Hemi(-Half)spere) અને નીચેના ભાગને દક્ષિણ ગોળાર્ધ (Southern Hemisphere) કહેવામાં આવે છે.

અક્ષાંશ : વિષુવવૃત્તથી ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ સુધી બંને તરફ ૦° થી ૯૦° અક્ષાંશ - એક એક અંશને અંતરે કલ્પેલાં સમાંતર (Paralles) વર્તુળોને અક્ષાંશ (Latitude) કહેવામાં આવે છે. અક્ષાંશવત્તથી પૃથ્વી પરના કોઈ પણ સ્થાનનું ઉત્તર-દક્ષિણ અંતર માપી શકાય છે. આ સમાંતર વર્તુળો એક-બીજાને મળતાં ન હોવાથી બે અક્ષાંશ વચ્ચેનું અંતર બદલાતું નથી પરંતુ અક્ષાંશ વધવાની સાથે તેમનો વ્યાસ નાનો થતો જાય છે.

અક્ષાંશના ૧° બરાબર લગભગ ૧૧૧ કિ.મી. (૬૯ માઈલ) ગણવામાં આવે છે. સ્થળની માપણી વગેરેમાં સૂક્ષ્મતા લાવવા માટે દરેક અંશને (Degree) ૬૦ મિનિટ (') અને દરેક મિનિટને ૬૦ સેકન્ડ ('')માં વિભાજિત કરવામાં આવી છે. ૧ મિનિટ અક્ષાંશ બરાબર આશરે ૧.૮૫ કિ.મી. (૧.૧૫ માઈલ) અને એક સેકન્ડ બરાબર ૩૧ મીટર (૧૦૧ ફૂટ) ગણવામાં આવે છે.

રેખાંશ : જેમ અક્ષાંશ કોઈ પણ સ્થળનું ઉત્તર-દક્ષિણ અંતર બતાવે છે તેવી જ રીતે રેખાંશ તે સ્થળનું પૂર્વ-પશ્ચિમ અંતર તેમજ સમય પણ બતાવે છે. પૃથ્વીની દૈનિક ગતિ કુદરતી હોવાથી તેની ધરી, બંને ધ્રુવો, વિષુવવૃત્ત વગેરે કુદરતી રીતે જ નક્કી થઈ જવાથી કોઈ પણ સ્થળના અક્ષાંશ-રેખાંશ આપમેળે જ નક્કી થઈ જવાથી કોઈ પણ સ્થળના અક્ષાંશ આપમેળે નક્કી થઈ જાય છે. જ્યારે રેખાંશનું એવું નથી. રેખાંશ નક્કી કરવા માટે કોઈ કુદરતી આધાર મળતો નથી. આથી રેખાંશ નક્કી



કરવા પૃથ્વી પરના પૂર્વ-પશ્ચિમ અંતરો માપવાને માટે કોઈ એક વિશિષ્ટ સ્થળ નક્કી કરવું પડે છે.

અગાઉના સમયમાં આપણા દેશમાં ઉજ્જૈનથી પૂર્વ-પશ્ચિમ સ્થળોનાં અંતરો માપવામાં આવતાં હતાં. હાલમાં વિશ્વના સરળ વ્યવહાર અને સુગમતા માટે ભૂગોળ-ખગોળ શાસ્ત્રીઓએ આંતરરાષ્ટ્રિય સમજૂતીથી ઈંગ્લંડ-લંડનમાં આવેલા ગ્રિનીચ શહેરને (Greenwich-England) રેખાંશની ગણતરી માટેનું વિશિષ્ટ સ્થાન નક્કી કર્યું છે. ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવને જોડતી અર્ધવર્તુળ રેખા જે ગ્રિનીચથી પસાર થાય છે તેને ૦° (અંશ)ની પ્રમાણ મધ્ય રેખાંશ રેખા (Prime Meridian) તરીકે માન્ય રાખી તેનાથી પૂર્વ અને પશ્ચિમ તરફ એક એક અંશના (૧°) વિભાગ પાડતી દરેક બાજુ ૧૮૦° રેખાઓ કલ્પવામાં આવી છે જેને રેખાંશ (Longitude) કહેવામાં આવે છે. આ પ્રમાણ રેખાંશ રેખા ઉપર આવેલાં બધાં જ સ્થળોના રેખાંશ ૦°ના ગણવામાં આવે છે. આ રીતે કોઈ પણ સ્થળ ગ્રિનીચના ૦°થી પૂર્વ કે પશ્ચિમ તરફ કેટલા રેખાંશ ઉપર આવેલું છે તેના ઉપરથી તે સ્થાનનું અંતર નક્કી કરી શકાય છે.

અક્ષાંશ-રેખાંશથી પૃથ્વી ઉપરના કોઈ પણ સ્થળનું સ્થાન કેવી રીતે નક્કી કરી શકાય છે તે સરળ રીતે સમજવા એક ઉદાહરણ જોઈએ.

પંચાંગ જોવાથી જણાશે કે અમદાવાદ ૨૩°.૦૨' ઉત્તર અક્ષાંશ અને ૭૨°.૩૭' પૂર્વ અક્ષાંશ પર આવેલું છે. બસ આટલી જ વિગતથી પૃથ્વી પર અમદાવાદનું ચોક્કસ ભૌગોલિક સ્થાન નક્કી કરી શકાય. જોઈએ કેવી રીતે.

પૃથ્વી ઉપર ગ્રિનીચથી પસાર થતી ૦°ની મધ્ય રેખાંશ રેખા વિષુવવૃત્તને જ્યાં છેદે છે ત્યાંથી ૭૨°.૩૭' પૂર્વ તરફ જઈ, ત્યાં અટકી, તેનાથી ઉત્તર તરફ ૨૩°.૦૨' જઈ અટકતાં બરાબર અમદાવાદનું સ્થાન આવી જશે.

ઘણાખરા 'સ્કૂલ એટલાસ'માં વિશ્વનાં કેટલાંક મુખ્ય શહેરોના અક્ષાંશ-રેખાંશ આપવામાં આવે છે. ઘણાંખરાં ભારતીય પંચાંગોમાં પણ આવી વિગતો આપવામાં આવે છે. દરેકમાં નજીવો ફરક હોય છે. અહીં જાણ માટે ભારતનાં થોડાંક શહેરોના અક્ષાંશ-રેખાંશ-રેખાંતર આપવામાં આવ્યા છે જે ઉપર તેમનું ભૌગોલિક સ્થાન તથા અન્ય બાબતો જાણવાનું સરળ પડશે.

(ક્રમશઃ)

શહેરનું નામ	અક્ષાંશ અંશ ક. ઉત્તર	રેખાંશ અંશ ક. પૂર્વ	રેખાંતર મિનિટ સે.
અમદાવાદ	૨૩.૦૨	૭૨.૩૭	-૩૯.૩૨
વડોદરા	૨૨.૧૮	૭૩.૧૩	-૩૭.૦૮
સુરત	૨૧.૧૨	૭૨.૫૦	-૩૮.૪૦
રાજકોટ	૨૨.૧૭	૭૦.૪૯	-૪૬.૪૪
ભૂજ	૨૩.૧૫	૬૯.૪૮	-૫૦.૪૮
મુંબઈ	૧૮.૫૫	૭૨.૫૦	-૩૮.૪૦
દિલ્હી	૨૮.૩૮	૭૭.૧૭	-૨૦.૫૨
ચેન્નાઈ	૧૩.૦૬	૮૦.૧૫	-૦૯.૦૦
કોલકાતા	૨૨.૩૫	૮૮.૨૩	+૨૩.૩૨
દિબ્રુગઢ	૨૭.૨૯	૯૪.૫૬	+૪૯.૪૪
શ્રીનગર	૩૪.૦૫	૭૪.૫૦	-૩૦.૪૦

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

વસંતનાં વધામણાં

તા. ૧૬-૩-૯૭ : છેલ્લાં દસેક વર્ષથી અમારા વસવાટ-વિસ્તારમાં એક પાયાનો વાસંતી ફેરફાર થયો છે. તે પહેલાં તો કોયલના ટહુકાથી વસંતના આગમનની ખબર પડતી. હવે કોયલ તો શું કાગડા પણ સવારના સંભળાતા નથી. હવે તો તારીખ જોઈને અને દિવસ-રાતનાં તાપમાન વાંચીને નક્કી કરીએ છીએ કે વસંત બેસી ગઈ! ના, પણ સાવ એવું નથી. હજી અમારી આસપાસ થોડુંક એવું સચવાઈ રહ્યું છે કે જે નિસર્ગની નવસર્જન પ્રવૃત્તિની ઝાંખી કરાવે. હજી પાંચ, છ, આસોપાલવનાં ઝાડ સચવાઈ રહ્યાં છે. આ બધાં તો હવે ૩૫ વર્ષ ઉપરનાં અટલે કે 'બૂઢાં' થઈ ગયાં છે પણ તેમાંનો એક આસોપાલવ હજુ નાનો (જુવાનિયો) છે.

શિયાળાની વિદાય સાથે આસોપાલવનાં પાન ખરવા લાગે અને રોજ ઢગલાબંધ ખરેલાં પાંદડાં વાળી, ભેગાં કરી, બાળવાની વિધિ ચાલે. એમાં પેલા નાનકડા આસોપાલવનાં પાંદડાં પણ ખરી ગયાં. એક સવારે તેની બધી ઊભી ડાળીઓ પાંદડાં વગરની. પણ અઠવાડિયા-પંદર દિવસ પછી કોરી દેખાતી બધી જ ડાળી ઉપર અસંખ્ય, ઝીણાં ઝીણાં, કુમળાં કુમળાં પાન લાગી ગયાં હતાં અને તે આસોપાલવ એક એક વેઢા જેવડી લંબાઈનાં લીલાંછમ પાંદડાં ધરાવતો થઈ ગયો! બધાય આસોપાલવને નવાં પાન તો આવ્યાં છે પણ પેલા બૂઢા આસોપાલવને મથાળે ડાળી પર બેસતાં નવાં જન્મેલાં ઝીણાં પાંદડાં તો આપણને ક્યાંથી દેખાય? જ્યારે આ જુવાન આસોપાલવ તો હજુ ઘરના પહેલા માળ જેટલો પણ ઊંચો નથી થયો એટલે નિસર્ગની નવસર્જનની પ્રક્રિયા તમારી નજર સમક્ષ નિહાળવાનો લ્હાવો આપીને તમને કહે છે કે વસંત આવી ગઈ!!

હું તે વળી ખગોળશાસ્ત્રી?

તા. ૧૬-૫-૯૭ : અત્યારે યુવાન મંડળી કલકત્તા, દાર્જીલિંગની સફરે છે. નાનાં ભાણેજડાં એમની ફોઈને ઘેર છે એટલે અમારા ઘર વિદ્યુલ્લેખામાં અમે મિયાં-બીબી એકલાં જ છીએ. આ સાચું છે છતાં સાવ સાચું નથી. વિદ્યુલ્લેખાનાં વૃક્ષો, પુષ્પો અને પંખીઓ અમારી સાથે જ છે. ઉનાળાની પ્રખર ગરમી પણ અમને એકલાં મૂકીને ચાલી ગઈ નથી. આ વરસના ઉનાળાની ખાસ વિશેષતા એ છે કે લગભગ આખો દિવસ કોયલના સ્વર સંભળાય છે. અત્યારે સાંજના સવાપાંચ થયા છે અને કોયલના પંચમ સૂર સંભળાય છે. વિદ્યુલ્લેખાનાં પંખીઓને થયું કે આ દાદા અને બા એકલાં તે તો ઠીક નહિ એટલે સવારના પાંચથી તે સાંજના સાત સુધી જાતજાતના મીઠા સંગીતના સૂર અમને સંભળાવતાં જ રહે છે. કદાચ એ બધાં જાણે છે કે સાંજે ૭-૦૦ વાગે અમે બન્ને ટીવી સામે બેસીએ છીએ એટલે પછી અમારી એકલતાની તેમને ચિંતા નથી રહેતી!

માર્ચ-એપ્રિલમાં જાતજાતના કાર્યક્રમોમાં મારે જવાનું થાય છે. તે માટેની આમંત્રણ પત્રિકાઓમાં મારો હોદ્દો, સામાન્ય રીતે માજી કુલપતિ ગુજરાત યુનિવર્સિટી અથવા ભૂતપૂર્વ અધ્યક્ષ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એમ લખાય છે. ગાંધીવાદી સંસ્થાઓ મને 'ગાંધી વિદ્યાપીઠ, વેડછીના કુલપતિ' તરીકે ઓળખાવે છે. ઘણા મને 'પ્રખર ગણિતશાસ્ત્રી' કહે છે પણ કોઈ મને 'પ્રખર ગણિતશિક્ષક' કે 'વૈજ્ઞાનિક' તરીકે ઓળખાવતા નથી, એથી ઊલટું જ મને એક કાર્યક્રમમાં સાંભળવા મળ્યું. ભર સભામાં એક ભાઈ મારી ઓળખાણ આપતા હતા. શાળા શિક્ષણમાં 'નવું ગણિત' લાવવામાં મારી વાત કરી, તેમણે ઉમેર્યું, 'વૈદસાહેબની વિદ્યાર્થી-અવસ્થામાં આર્થિક સ્થિતિ સારી ન હતી. તેથી આગળ અભ્યાસ માટે પરદેશ જવાનો તેમને પ્રસંગ ન મળ્યો. પરદેશ જઈ શક્યા હોત તો મોટા વૈજ્ઞાનિક થયા હોત!' આવી બધી વાત પણ હું સાંભળી લઉં છું.

એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા (ભારતીય ખગોળ મંડળ)ને ૨૫ વર્ષ થયાં તેના માનમાં દેશના ૧૦ ખગોળ શાસ્ત્રીઓનાં જીવન-ચરિત્રો તેઓ છાપે છે. તે ૧૦માં મને પણ ગણી લેખ લખવા કહ્યું. મેં એક લેખ લખી મોકલ્યો છે - મથાળું છે - **'Me an Astronomer?'** ('હું તે વળી ખગોળશાસ્ત્રી?') તંત્રી (એક બહેન છે) તો તે લેખ વાંચીને ખુશખુશાલ થઈ ગયાં છે. જૂનના બુલેટિનમાં તે પ્રગટ થશે. ગણિત-શિક્ષક ગણિત શીખવતાં શીખવતાં ખગોળશાસ્ત્રી કેવી રીતે થઈ ગયો તેની વાત તે લેખમાં છે.

આઝાદીનાં પચાસ વર્ષ

(૧) તા. ૭-૭-૯૭ : આ વર્ષે ભારતની આઝાદીનાં પચાસ વર્ષ પૂરાં થાય છે. અને તેની દેશભરમાં ઉજવણી થશે એમ વાત આવ્યા કરે છે. પણ હજુ સુધી આ ઉજવણીનાં કોઈ ચિહ્ન દેખાયાં નથી – ના, સાવ એમ નહીં કહેવાય. ગઈ કાલે 'કુમાર'ના તંત્રીનો ફોન આવ્યો : ૧૫મી ઑગસ્ટના 'કુમાર'ના વિશિષ્ટ અંક માટે આઝાદી પછીનું ઉચ્ચ શિક્ષણ વિશે મારે લેખ લખવો. મેં તરત જ હા પાડી. આઝાદી પહેલાં સંશોધન માટે પત્ની અને બાળક સાથે ગાંઠના રૂ. ૬૦૦ લઈને હું બનારસ ગયો હતો. આઝાદી પછી મારી પુત્રીને સંશોધન માટે મહિને રૂ. ૫૦૦ની સરકારી સ્કૉલરશિપ મળી હતી! આ લેખ લખવાની મારાથી ના કેમ પડાય?

(૨) તા. ૧૭-૧૨-૯૭ : સાપેક્ષતા અને ગુરુત્વાકર્ષણની ૧૫મી આંતરરાષ્ટ્રિય પરિષદ **GR15** આ વર્ષે પૂનામાં ભરાઈ રહી છે. એટલે હું પૂના આવ્યો છું. **GR15** માં **GR** એ **General Relativity** નું ટૂંકુ રૂપ છે. દર ત્રણ વર્ષે

(અનુસંધાન પૃષ્ઠ ૬૬૩ ઉપર)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૨૮મી જાન્યુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

કેટલાંક અઠવાડિયાં થયાં અમારા કૌટુંબિક આંબામાં અને રાજવી કુટુંબના વંશવેલામાં મને ઘણો રસ પડવા માંડ્યો છે. હું એવા નિષ્કર્ષ પર આવી છું કે એક વાર તમે પોતાની ખોજ શરૂ કરો એટલે ભૂતકાળને વધારે ને વધારે ઉખેળવા સિવાય છૂટકો રહેતો નથી. અને એમ વધારે ને વધારે રસિક વાતોની ખબર પડતી જાય છે.

મને મારા અભ્યાસમાં રસ છે અને બીબીસી પર આવતી હોમસર્વિસ પણ હું સમજી જાણું છું. છતાંય અહીંયાં પણ દર રવિવારે સવારે મારા સિને-સ્ટારના ફોટાનો સંગ્રહ જોવાનું કામ હું ચૂકતી નથી. મારો સંગ્રહ ઘણો ફાલ્યો છે. શ્રી કુગ્લર મને ખુશ કરવા સારુ ખાસ દર સોમવારે 'સિનેમા અને થિયેટર'નો અંક લાવી આપે છે. ઘરમાં જેને આવી દુન્વયી બાબતોમાં રસ નથી એવી બધી જ વ્યક્તિઓને મન આ પૈસાનો વ્યય છે. પણ જ્યારે હું કોઈ પણ સિનેમામાં કામ કરતાં અભિનેત્રી-અભિનેતાનાં નામ ફટાફટ બતાવી દઉં ત્યારે તેમનાય આશ્ચર્યનો પાર રહેતો નથી. બેપ એના બૉયફ્રેન્ડ સાથે ઘણી વાર શનિવારે સિનેમા જોવા જાય છે. મને એક વાર બેપ સિનેમાનું નામ કહે કે તરત હું એમાંના અભિનેતા-અભિનેત્રીનાં નામ અને એનું અવલોકન કહી આપું. થોડા દિવસ પહેલાં જ મમ્મીએ ટાપશી પૂરી હતી કે ઍનને સિનેમા જોવાની જરૂર જ નહિ રહે કારણ કે સિનેમાનું કથાવસ્તુ, અવલોકન બધું જ એને મોઢે છે.

હું મારી પર કોઈ નવી કેશરચનાનો પ્રયોગ કરું એટલે મને બધાંના ચહેરા પર લખાયેલી નાપસંદગી સ્પષ્ટ દેખાઈ આવે. અને મને ખાત્રી જ હોય કે કોક તો મને પૂછશે જ કે આ કઈ અભિનેત્રીની નકલ કરી છે. મારી પોતાની છે એવો મારો જવાબ માનવા કોઈ તૈયાર ન થાય. મારી કેશરચના પણ ઝાઝો વખત ક્યારેય ટકી શકી નથી અને બધાંની ટીકા-ટીપ્પણીથી કંટાળીને હું પણ બાથરૂમમાં ભાગીને મારી જૂની ને જાણીતી રીતે વાળનાં ગૂંચળાં - ગૂંચળાં વાળું માથું ઓળી આવું. લિ. ઍન ફ્રેંક.

શુક્રવાર, ૨૮મી જાન્યુઆરી ૧૯૪૪
પ્રિયતમ કિટી,

આજે સવારે મને વિચાર આવ્યો કે તેં કોઈ દિવસ તારી જાતને ગાય સાથે સરખાવી છે? ચવાઈ ગયેલી વાતોને વાગોળતી ગાય. ઝોકાં ખાતાં ખાતાં તને પણ લાગ્યું હશે નહિ કે હવે તો ઍન કંઈ નવી વાત કરશે!

તારી અવસ્થા આવી કરવા માટે હું માફી માગું છું. મને ખબર છે કે તને મારી વાતોથી ખાસ્સો કંટાળો આવતો હશે પણ તું મારો તો વિચાર કર એની એ વાતો સાંભળીને મને કેવો કંટાળો આવતો હશે. જમતાં જમતાં વાતો ક્યાં તો રાજકારણની હોય નહિ તો સ્વાદિષ્ટ રસોઈની હોય. એની ન હોય તો મમ્મી ને શ્રીમતી વૅનડાન અમે હજાર વાર સાંભળેલી એમની બચપણની વાતો શરૂ કરે અને નહિતર ડસેલ સાહેબ રેસના સુંદર ઘોડાની ને એમની શાર્લોટનાં વસ્ત્રાભૂષણની, પાણી ગળતી હોડીઓની, ચાર વર્ષની ઉંમરમાં જ તરવા માંડેલા છોકરાઓની, દુઃખતા અંગોની કે ગભરાયેલા દર્દીઓની વાત શરૂ કરે. ટૂંકાણમાં : આઠમાંથી કોઈ પણ એક વ્યક્તિ વાતની શરૂઆત કરે કે તરત બાકીનાં સાત એ આખી વાત કહી નાખે. એવી અહીં હાલત છે. એક ટુચકાની કોઈ શરૂઆત કરે કે અમને આખો ટુચકો જ સમજાઈ જાય એટલે ફક્ત કહેનારને જ હસવું આવે. બંને ગૃહિણીઓએ એમના દૂધવાળા, શાકવાળા, દુકાનવાળાને વખાણી વખાણીને ક્યાં તો આકાશે પહોંચાડ્યા છે અને નહિ તો વખોડી વખોડીને જમીન પર પછાડ્યા છે. અને એ પણ એટલી વાર કે એ બધા જ અમારે મન બાવા આદમના જમાનાના હોય એવું જ લાગે છે. ગુપ્ત નિવાસમાં વાતો કરવા માટે નવો વિષય પેદા કરવો પણ શક્ય નથી.

અને તેમ છતાંય આ બધું જ અમે સહન કર્યું હોત જો મોટેરાંઓને ક્લાઈમન, જેન અને મીપે કહેલી વાતોનું પુનઃપ્રસારણ કરવાની ટેવ ન હોત. પાછું તે પણ જરાક પોતાનો મસાલો ભભરાવીને આવા ઉત્સાહી પ્રવક્તાઓ વચ્ચે જ રોકીને વાત સુધારવાની મારી ઇચ્છાને મારે મહાપ્રયત્ને રોકવી પડે છે. ઍન જેવાં નાનાં છોકરાંઓથી કોઈ દિવસ મોટેરાંની ભૂલો કઢાય નહિ. પછી ભલેને મોટેરાં કલ્પનાના ઘોડે ચડીને ગપ્પાં પર ગપ્પાં ન હાંક્યે જાય.

અમારી જેમ સંતાઈ ગયેલાં લોકો વિશેની વાતો શ્રી ક્લાઈમન અને જેન અમને રસથી કરે છે. એમને પણ ખબર છે કે એ વાતમાં અમને પણ રસ છે અને અમે એમના દુઃખે દુઃખી અને એમની મુક્તિએ સુખી થઈએ છીએ.

ભૂગર્ભમાં જતાં રહેવું કે સંતાઈ જવું એ તો અહીં રોજનું

થયું. અહીં 'મુક્ત નેધરલેન્ડ' જેવાં અનેક વિદ્રોહી સંગઠન છે જે બનાવટી ઓળખપત્ર બનાવવાનું, ભૂગર્ભમાં ગયેલાંઓને આર્થિક સહાય પહોંચાડવાનું, છુપાવા માટે જગ્યા શોધવાનું અને ભૂગર્ભમાં ઊતરેલ તરુણ ક્રિશ્ચિયનો માટે કામ શોધવાનું કામ કરે છે. પોતાને જોખમમાં મૂકીને આ લોકો તદ્દન નિઃસ્વાર્થ ભાવે કેટલું બધું કામ કરે છે એ જોઈને કોઈ પણ અચંબો પામે.

એનું સૌથી સારું ઉદાહરણ અમારા જ મદદનીશો છે. એમણે અમને અત્યાર સુધી તાર્યા છે અને આશા રાખીએ કે અમને હેમખેમ કિનારે પહોંચાડશે કારણ કે નહિ તો એમના હાલ અમારા જેવા જ થઈ જશે. એ લોકોએ કોઈ દિવસ અમારે કારણે આવી પડેલા ભાર માટે એક હરફ પણ મોંમાંથી કાઢ્યો નથી કે નથી ફરિયાદ કરી અમે પહોંચાડેલી તકલીફ બદલ. રોજ રોજ ઉપર આવે અને બધાં સાથે વાતો કરે, ધંધાકીય ને રાજકારણની વાતો પુરુષો સાથે, રસોઈ અને યુદ્ધને લઈને ઊભી થયેલી તકલીફોની વાતો બહેનો સાથે તો બાળકો સાથે પુસ્તકો અને છાપાંઓની વાતો કરે. જન્મદિવસે કે બીજા સારા પ્રસંગે હસતા ચહેરે ફૂલોની વધાઈ આપે ને કીધું કામ કરવા હંમેશાં તત્પર. આ અમે ક્યારેય ભૂલી શકીશું નહિ. યુદ્ધભૂમિ પર બીજાં લોકો જર્મન સામે વીરતા દાખવતાં હશે પણ અમારા મદદનીશોનું શૌર્ય તો એમના પ્રેમ અને અમારે માટે કાંઈ પણ કરી છૂટવાની તત્પરતામાં જ દેખાય છે.

અહીં કલ્પનામાંય ન આવે એવી વાતો સાંભળવા મળે છે. આશ્ચર્યની વાત એ છે કે એમાંની ઘણી સાચી પણ છે. દાખલા તરીકે ક્લાઈમને અમને વાત કરી કે ગેલ્ડરલેન્ડ નામના પરગણામાં એક ફૂટબોલની મેચ રમાઈ ગઈ. જેમાં એક પક્ષે ભૂગર્ભમાં ગયેલા પુરુષો હતા અને સામે પક્ષે અગિયાર લશ્કરી પોલીસો હતા. હિલ્વરસમમાં રજિસ્ટ્રેશન કાર્ડ વહેંચવામાં આવ્યાં. (આ કાર્ડ બતાવતાં રેશનકાર્ડ મળે નહિતર એને માટે ૬૦ ગિલ્ડર ભરવા પડે.) આ જિલ્લામાં સંતાયેલાં લોકો માટે રજિસ્ટ્રારે એક ખાસ સમય આપ્યો હતો જે દરમિયાન સંતાયેલાં લોકો આવીને રજિસ્ટ્રેશન કાર્ડ લઈ જઈ શકે. આ કાર્ડ એ સમય દરમિયાન અલગ ટેબલ પર રાખવામાં આવ્યાં હતાં.

અને દરેક વખતે આ બધાં પરાક્રમો જર્મનોના કાને પડે નહિ એની તકેદારી પણ રાખવાની! લિ. ઍન.

રવિવાર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૪

મારી વહાલી કિટી,

વળી પાછો રવિવાર આવી પહોંચ્યો છે. જો કે એ માટે શરૂઆતમાં કરતી હતી એટલી હું ફરિયાદ કરતી નથી, પણ દિવસ તો કંટાળાભર્યો જ જાય છે.

હજી સુધી મેં ગોદામમાં પગ મૂક્યો નથી. પણ થોડાક દિવસમાં એ પણ કરીશ. થોડા દિવસ પહેલાં પપ્પા સાથે રાત્રે હું નીચે ગઈ હતી એ પછી ગઈ કાલે રાત્રે અંધારામાં હું નીચે ગઈ હતી. તદ્દન એકલી. દાદરા પર હું ઊભી હતી અને ઉપર જર્મન વિમાનો ઊડતાં હતાં. મને ભાન થયું કે હું અહીં સાવ જ એકલી છું, મને મદદ કરવા આસપાસ કોઈ નથી. મારો ડર ભાગી ગયો. મેં ઉપર આકાશ તરફ જોયું અને ભગવાનમાં શ્રદ્ધા રાખી.

મને એકલા રહેવાની ખૂબ જરૂર ભાસે છે. પપ્પા પારખી ગયા છે કે હું પહેલાં જેવી રહી શકતી નથી, પણ હું એમને કાંઈ જ કહેતી નથી. મારું મન પોકારી રહ્યું છે : 'મને એકલી રહેવા દો.'

પણ કોણ જાણે, કદાચ ભવિષ્યમાં એવો પણ વખત આવે કે મને ગમે એ કરતાં વધારે મારે એકલાં રહેવું પડે!

લિ. ઍન. ફ્રૅન્ક. (ક્રમશઃ)

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૬૬૧ થી

આ પરિષદ જુદા જુદા દેશોમાં મળે છે. મારો આ પરિષદો સાથે પહેલેથી સંબંધ રહ્યો છે. ૧૯૫૬માં આ પહેલી પરિષદ **GR1** પેરિસમાં મળી હતી અને તેમાં હાજરી આપવાનું મને આમંત્રણ મળ્યું હતું—તે અરસામાં ગુરુત્વાકર્ષણ અને વિદ્યુતશાસ્ત્ર એમ બન્નેને આવરી લે તેવો એક સંયુક્ત સિદ્ધાંત આઈન્સ્ટાઈને આપ્યો હતો. ૧૯૫૩-૫૪ના ગાળામાં મેં આ સંયુક્ત સિદ્ધાંતનાં કેટલાંક પરિબળો તારવ્યાં હતાં. તે સમયે પેરિસની પ્રોફેસર મૅડમ તોનેલા આ સંયુક્ત સિદ્ધાંતના ક્ષેત્રમાં અગ્રસર હતી. તેણે આ સિદ્ધાંત ઉપર એક પુસ્તક લખ્યું હતું અને તેમાં એક આખું પ્રકરણ મારાં પરિણામો વિષે મૂક્યું હતું. ૧૯૫૬ની પહેલી **GR** પરિષદની સ્વાગત સમિતિનાં પ્રમુખ આ મૅડમ તોનેલા હતાં. એટલે તેમણે મને **GR1** માટે આમંત્રણ આપ્યું હતું. આમ, હું આ પરિષદો સાથે **GR1** થી જ આડકતરી રીતે સંકળાયેલો છું.

અમારી આ પરિષદમાં 'ઉદ્ઘાટન સમારંભ' જેવું હોતું નથી. શરૂઆતની ૧૫ થી ૨૦ મિનિટ ઓળખાણવિધિ અને આભાર-વ્યક્તિ માટે રાખે છે. આ વખતની **GR15**ના પંદર મિનિટના આવા કાર્યક્રમમાં મારે ત્રણ-ચાર મિનિટ સ્વાગતનું બોલવાનું હતું. તેમાં મેં મૅડમ તોનેલાએ મને **GR1** માટે આમંત્રણ આપેલું તેની વાત કરી. મેં નીચે પ્રમાણે ઉમેર્યું : 'ત્યારે હું પેરિસ જઈ ના શક્યો કારણ કે ભારત આઝાદ થયે હજુ આઠ જ દિવસ થયા હતા. સંશોધન કરતા જુવાનને તેના વિષયની પરિષદોમાં જવા-આવવાના ખર્ચની જોગવાઈ દેશમાં હજુ થઈ ન હતી. પણ આજે અમારા દેશને આઝાદ થયે પચાસ વર્ષ થયાં છે, એ પચાસ વર્ષોમાં યુવાન સંશોધનકારોને દુનિયાભરની સંશોધન પરિષદમાં જઈ શકે તેવી નાણાકીય વ્યવસ્થા થઈ છે. એટલું જ નહિ પણ આવી આખી ને આખી સંશોધન પરિષદ દેશમાં બોલાવી શકાય છે. તો અમારા દેશની આઝાદીનાં પચાસ વર્ષમાં મળતી આ પરિષદમાં આપ સર્વનું અમે હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ.' એમ કહીને મેં મારું ત્રણ મિનિટનું ભાષણ પૂરું કર્યું અને પરિષદમાં હાજર રહેલા પાંચસો ઉપર પ્રતિનિધિઓએ તાળીઓથી પ્રવચન વધાવી લીધું. (ક્રમશઃ)

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૯. પર્વતીય પરિસરમાં

એ સવારે આઠ વાગ્યે તો વાતાવરણ ઉપર ઊંચકાતા આછા પડદાની જેમ ધુમ્મસ છવાઈ ગયેલું હતું. પોખરા જતા મારા વિમાનનો સમય સાડા નવનો હતો. એ જશે ખરું? એવો પ્રશ્ન મને થયો. મથકે જતાં રસ્તો માંડ થોડા ફીટ આગળ દેખાતો હતો. પણ કદાચ નેપાળીઓ આવા વાતાવરણથી અભ્યસ્ત હતા. નહીં તો શિયાળામાં સવારનું ઉડ્ડયન શા માટે રાખે?

પર્વત દર્શન માટે જતું વિમાન ઊપડ્યું, અને પિસ્તાલીસ મિનિટમાં પાછું આવ્યું. મહાકાયી હિમગિરિઓ તો નક્કી નહીં જ દેખાયાં હોય. એ જ વિમાનમાં મારે પોખરા જવાનું હતું, ને બે કલાક મોડું તો થયું જ. એ પછી વાર ના થઈ. આ હવા-માર્ગ પણ પર્વત દર્શન માટે સારો ગણાય છે. પણ ના, આજે નહીં.

પોખરા વિમાન-મથક એટલે ઘાસમાં પાડેલો એક રસ્તો, અને એક ઓરડી! કેટલીક ટેક્સીઓ ઊભેલી, ને એક દુકાન હતી-પણ અંધારી. પ્રવાસ-ખાતાનું ટેબલ હતું, પણ કોઈ નકશા કે ચોપાનિયાં ન હતાં. સામે બે-ચાર હોટેલો બનેલી હતી. વળી, ત્યાં સાયકલ પણ ભાડે મળતી હતી. હું તો હાથ-સામાન લઈને જ નીકળેલી, તેથી મેં એક સાયકલ આખા દિવસ માટે ભાડે કરી. ડ્રેગન હોટેલ વિષે મેં વાંચેલું, એટલે એ દિશામાં એક-બે કિ.મી. હું સાયકલ ચલાવી ગઈ. રૂમ મળી પણ ગયો. ગામની બહાર રહેવાનો વિચાર કેટલો સારો હતો તે ગામનું કેન્દ્ર - જે ધૂળિયું, ઘોંઘાટિયું, ભીડવાળું હતું તે જોયા પછી સમજાયું!

સૌથી પહેલાં હું ફેવા તળાવ પર ગઈ. આડોઅવળો એનો આકાર અને લીલા મણિના રંગનું એનું પાણી. ચોતરફ પાકો રસ્તો અને ઘણી નાની દુકાનો, ચ્હાના ગલ્લા. લોકો સરળ ને હસતા. તિબેટી પુરુષો જમીન પર કટકો પાથરી એમનાં મણકા, માળા, કિંમતી પથ્થરો અને હાડકાંમાંથી બનાવેલી ચીજો વેચવા બેઠા હતા. આસપાસ ઊંચા પર્વતો હવે સ્પષ્ટ થયેલા હતા. હવાની તાજગી શ્વાસની સાથે મન-પ્રાણ સુધી ફરી વળતી હતી.

ગિરિવરોથી જાણે બે હાથના ખોબામાં ધરી લેવાયેલી આ ખીણ નેપાળમાંનો ખૂબ રમણીય પ્રદેશ ગણાય છે. એમાં વસેલું પોખરા ગામ કાઠમંડુથી બસોએક કિ.મી. પશ્ચિમે છે અને ૮૨૭ મીટરની જ ઊંચાઈ પર આવેલું છે. નજીકનાં ફેવા, બેગ્નાસ, રૂપા વગેરે તળાવોનાં પાણીનાં સ્રોત હિમાલયમાંની અન્નપૂર્ણા ગિરિમાળા પરની હિમ-નદીઓ છે. ધવલગિરિ, મનસ્લુ, માછપૂછરી, અન્નપૂર્ણાનાં પંચશિખર વગેરે પર્વતો પોખરા ખીણમાંથી અદ્ભુત રીતે અત્યંત સ્પષ્ટ તેમજ સમીપે - દૃશ્યમાન થતા રહે છે. એમના અપૂર્વ દર્શન માટે જ પ્રવાસીઓ પોખરા આવતા હોય છે.

વિદેશીઓ તો વળી પર્વતારોહણનો રસ ધરાવતાં હોય. પોખરામાં દરેક વિદેશી પૂછતો રહે, 'તમે ક્યાં ચઢવાનાં છો?' અને ક્હેતો રહે, 'બહુ જ મઝા આવી ઊંચા પર્વતો પર ચઢવાની' ને 'ઓહ, શું ભવ્યતા છે આ પર્વતોની.' પહેલેથી કશું નક્કી કર્યું ના હોય, તો પણ નેપાળ કે પોખરા પહોંચીને પણ એ ગોઠવણ કરી શકાય છે. દોરી જનારા પથદર્શક તેમજ સામાનને સીધું ઊંચકી લેનારા શેરપાની સગવડ નેપાળના કોઈ પણ ટ્રાવેલ વિના વિલંબે કરી આપી શકે છે. મેં આ વખતે આરોહણને બદલે પોખરા ગામમાં જ ફરવાનું, અને એ રીતે જ નગ-સૌંદર્ય માણવાનું રાખેલું. એમાં પણ મઝા જ હતીને!

ફેવા તળાવની વચ્ચે 'ફીશટેઈલ લૉજ' નામની સરસ હોટેલ છે. સપાટ ચોરસ મંચ તળાવનાં પાણી પર તરતો હોય છે. બે કાંઠે એને દોરડાથી બાંધેલો હોય છે, ને એકથી બીજે કાંઠે એ દોરડું ખેંચતાં જવાનું હોય છે. હોટેલના માણસો જ ખેંચે, આમ તો, પણ મેં ખેંચવાનો લોભ ટાળ્યો નહીં. દોરડું પ્લાસ્ટિક જેવું લાગ્યું. હથેળીઓ માટે બહુ ખરબચડું ન હતું, ને બહુ જોર પણ ખેંચવામાં પડ્યું નહીં. માછપૂછરી પર્વતનું તીક્ષ્ણ ત્રિકોણાકાર શૃંગ અને એની ટોચ પરનો રૂપેરી બરફ જાણે હાથ અડે એટલે જ દૂર છે. કદાચ પોખરાનું આ સ્થાન સૌથી વધારે જાણીતું બનેલું છે.

લૉજનાં મકાન ગોળાકારે છે, ને નીચાં, ઢળતાં છાપરાં છે. ઘણી દીવાલો કાચની છે, ને તેથી દરેક ઓરડામાંથી ક્યાં તો પર્વતો, ક્યાં તો તળાવની ઝાંખી થતી રહે છે. બાગમાં રંગરંગનાં ફૂલ અને ઠેકઠેકાણે બેઠકો. સૌંદર્ય નિહાળવા, ને આરામ કરવા માટે સરસ સ્થાન છે આ. જો કે હું એ જોવા જ ગયેલી, ત્યાં આરામ કરવા નહીં! ત્યાં રહેનારાં પ્રવાસીઓને ફરવા લઈ જવા માટે સામે કિનારે જીપ તૈયાર ઊભી હોય છે. પણ મારી પાસે તો મારી સાયકલ હતી. હું તો કુદરતની સાથે એક થઈ જઈ શકતી હતી.

બપોરે થોડી વાર જરા ગરમી ને પરસેવો થયેલાં - ખાસ કરીને



પોખરાની આસપાસ

ઢાળ ચઢવાનો આવે ત્યારે. ગામની અંદર એક વાર તો એવું થયું કે સાયકલને હાથથી ખેંચીને લઈ જવાને બદલે મેં એને પાનના એક ગલ્લા પાસે મૂકી દીધી. એક હસતી નેપાળી સ્ત્રી એની પર બેઠેલી. એણે મને કહ્યું કે બિંધબાસિની ('વિંધ્યવાસિની?') દેવીનું મંદિર પાસે જ છે. મારે જવું હતું મહેન્દ્ર પુલ પરથી, ઊંડે વહેતી નદી જોવા પણ ખોટે રસ્તે જતાં હું ગામના મુખ્ય બજારમાં નીકળી આવેલી. પાનને ગલ્લે સાયકલ ટેકવીને ચાલીને જવામાં ભીડ એટલી ન હતી નડતી.

એ મંદિર એક ટેકરી પર હતું. પગથિયાં ચઢીને ઉપરના ચણેલા ચૉકમાં આવો પછી એની વચ્ચે વયોવૃદ્ધ, પીપળાનું વૃક્ષ દેખાય, ને એટલાથી જ જગ્યા જાણે હૂંફાળી, સ્નેહાળી બની જતી લાગે. દેવીના મંદિરની સાથે ગણેશનું મંદિર પણ હતું અને ઝાડનાં થડની પાસે કેસરી રંગેલા હનુમાન સ્થાપિત થયેલા હતા. એ સમયે કોઈ બીજું ત્યાં હતું નહીં. એ નિઃશબ્દતા, શાંતિ ને પીપળાના છાંયા પર કેવળ મારો અધિકાર હતો.

ઢાળ ઊતરીને પાછા જતાં, જો કે, મને થયું કે સાયકલ હોત તો મઝા આવત. ફટાફટ અને ફાસ્ટ નીચે ઊતરી જવાતને! દિવસ થોડો વાદળિયો રહેલો, અને બધા પર્વતોનાં હિમ-શૃંગો સરસ દેખાતાં ન હતાં. મોડી બપોરે દૂરના પર્વતો પર જોર-શોરથી વરસાદ પડતો લાગેલો. પછી સાંજ થતાંમાં ખીણમાં પણ ધોધમાર વરસ્યો, અને રાતે ઋતુ વગરની ઠંડી ફરી વળી.

બીજે દિવસે પણ સાયકલનો સંગ રાખ્યો. ગામના રસ્તાઓ પર મન ફાવે તેમ ફરી. થોડું દિશા-ભાન થઈ ગયેલુંને! એક ધૂળિયો, કાંકરિયાળો, ઉબડખાબડ પથ લઈને નદી તરફ ગઈ. ઊંચી ભેખડ પરથી મારે એને જોવી હતી. નાનકડું વહેણ, પણ ફીણ ફીણ થતું, ઊછળતું-કૂદતું, નાચતું-ગાતું એ ગતિ કરી જતું હતું. રામ ઘાટની એ ઊંડી ગર્તમાંથી એનું લીલચટું પાણી સતત પથ્થરો પર અથડાતું રહેતું હતું. આ તોફાન ક્યારેય અટકતું ન હતું. એની સાક્ષી હું ઘણી વાર સુધી રહી, ને પછી ગામ તરફ પાછી ફરી.

કોઈ પણ દેશના ગામડામાં જે બહુધા જોવા મળે તે પોખરામાં જોવા મળ્યું. તે એ કે પુરુષો રખડી ખાતા, આંટા મારતા, બેસી રહેલા દેખાય, પણ સ્ત્રીઓ લગભગ ક્યારે પણ નહીં. લગભગ સર્વત્ર, અને હંમેશાં સ્ત્રીઓ કોઈ ને કોઈ કામમાં કે પ્રવૃત્તિમાં રોકાયેલી જ દેખાય. આ ગામનાં અનેક ઘરોની પડસાળમાં સ્ત્રીઓ વણતી જોવા મળે છે. છોકરાં આસપાસ રમતાં હોય, મોટેરાં આડે પડખે થયાં હોય ત્યારે આ નેપાળી સ્ત્રીઓ વણાટ-કામમાં રત હોય છે. આશરે જ હું એકની પાસે ઊભી રહી, ને એની આંગળીઓની ચપળતા જોવા લાગી. પહાડી પ્રજામાં હોય તેવું ચોરસ પડતું ચપટું એનું મોઢું હતું ઝીણી આંખો, ગોરી-પીળાશ પડતી ત્વચા, જરા લાલાશ પડતા ગાલ અને મુખ પર તત્કાળ સ્મિત.

એનું નામ નેન્જિલ હતું. કામ અટકાવ્યા વગર એણે મને ધ્યાન આપ્યું. એના ફોટા પણ લેવા દીધા. એની દીકરીએ પહેલાં પૈસા માગ્યા, પછી કૅમેરાની આંખમાંથી જોવા માગ્યું, એ તો મેં એને બતાવ્યું. નેન્જિલ ખુશ થઈ ગયેલી. બાજુના ઘરમાં વણવા બેઠેલી સ્ત્રીઓને પણ એ ફોટા પડાવવા આવવા બોલાવવા લાગી!


નેપાળી વણકર સ્ત્રી

એટલામાં, બીજી તરફ રહેલી દુકાનમાંથી દુકાનદાર બહાર આવ્યા, ને મારી સાથે કૅમેરા વિષે વાત કરવા લાગ્યા. મને કહે કે ફોટા પાડવાનો શૉખ એમને પણ હતો. પછી મને દુકાનમાં લઈ જઈ એક આલ્બમ બતાવ્યું, જેમાં એમનો દીકરો હાઈસ્કૂલમાંથી ઉત્તીર્ણ થયા પછી યોજેલી મિજબાનીના ફોટા હતા. મેં એમને અભિનંદન આપ્યાં, અને એમને પણ ખુશ કર્યા. સહેજ વારમાં ગામમાં જાણે મારે કેટલી બધી ઓળખાણો થઈ ગઈ હતી. પછી ક્યાંથી છોડવું ગમે?

બપોર પછી સાયકલ પાછી આપવા ગઈ, ને એ ભાઈને કહ્યું કે સાયકલને ક્યાંક ટેકવીને ઢાળવાળા રસ્તા પર ચાલી પણ હતી. સાંભળીને એ પણ ખુશ થયા. મને કહે, 'સાયકલને મૂકી દઈને આમ ચાલનારાં મને ગમે છે, કારણ કે એથી ટાયરને ઘસારો ઓછો પહોંચે છે, ને પૈસા તો પૂરા મળે છે!' ત્યાંથી ડ્રેગન હોટેલ સુધી હું ચાલીને પહોંચી ગઈ.

સવારે સાડા છ વાગ્યે આકાશ ચોખ્ખું હતું ને સૂર્યનાં પહેલાં કિરણોનો સોનેરી-ગુલાબી સ્પર્શ ઉચ્ચ શૃંગો પર પડેલો હતો. માછપૂછરી તો નખશિખ ત્રિકોણાકારે, અને ખૂબ પાસે (૨૮ કિ.મી.) તેથી અત્યંત અપરિમેય લાગે. વળી, ધવલગિરિ અને અન્નપૂર્ણાનાં પણ સરસ દર્શન થતાં હતાં. કાઠમંડુ પાછા જવાનું મેં બસ માર્ગે નક્કી કરેલું, ને બેઠક માટે પોખરાથી આરક્ષણ કરાવેલું. પણ બસમાં મને છેલ્લે, બીડી ફૂંકતા એક ફિરંગની બાજુમાં બેસાડી, ત્યારે મારે ભદ્રકાળીનું સ્વરૂપ બતાવવું પડ્યું - જો કે રુદ્ર નહીં, સૌમ્ય જ! પછી મને સારી બેઠક મળી, ને ત્રણ બંગાળી કિશોરોએ મને ભારે દાદ આપી. કહે, 'દિદિ, તમે એને બતાવી આપ્યું!'

થોડી વારમાં વાદળોએ ગિરિ-શૃંગોને છુપાવી દીધેલા. પછી ઢોળાવો પર કેળ ને પીપળા હતા, લીલાં ખેતરોમાં ઘઉંનું વાવેતર હતું. ઘરો સાદાં ને સુઘડ હતાં. રસ્તો અડધી મિનિટ માટે પણ સીધો ના જતો. સતત વળાંક આવતા જ રહેતા, અને બસ સતત હાલતી ને ખખડતી જ રહેતી. નાનકડી નદીઓને જાણે થાક જ ન હતો. એમનાં વહેણ ધરાને કોતર્યાં જ કરતાં. આમાંની એક નદી તે કાળી ગંડકી, જેને માટે કહેવાય છે કે એના પટમાંનો દરેક પથ્થર શાલિગ્રામ હોય છે. (ક્રમશઃ)

લઘુકથા

છેલ્લો શબ્દ

ભગવત સુથાર

એક પછી એક જ્ઞાતિબંધુઓ, પાડોશીઓ, સ્નેહીજનો આવીને બેસતા હતા. રઘા બાપાને વધારે છે. ઘડી-બે-ઘડીના મહેમાન. એમ તો છેલ્લા બે દિવસથી છોકરા તો ઝાલીને બેસી રહ્યા છે.

સૌથી નાનો મુંબઈ હતો. મોટો કહેતો હતો કે જયંતીમાં તેમનો જીવ ખલાયો છે. જયંતી તેમને ખૂબ જ વહાલો. ઘરમાં સારો-ખોટો પ્રસંગ હોય તો યે જયંતી તેમને પહેલો જ યાદ આવે. મુંબઈમાં ધાંધલ-ધમાલ કે વધારે પડતો વરસાદ થાય કે કંઈક તોફાનના વાવડ મળે કે રઘાબાપા ટપ લઈને ફોન કરાવે. જયંતી સાથે મૂઢોમૂઢ વાતો કરે ત્યારે જ જંપ વળે. તેથી ડોસી ઘણીય વાર કહેતાં કે જોંતિડાના ત્યાં આ ડોહા છોકરો થઈને આબ્બાના... જો જો ના મારી બઈ! છાતી પર ચાર ચાર દીકરા છે પણ જોંતિડા વના ચેન ના પડ! શી મારી બઈ! માયા વળગી છ...

એ જયંતી યે આવ્યો. રઘાબાપાના ખાટલે ઓશિકે બેઠો. કાનમાં મોં ઘાલીને જોરજોરથી બોલ્યો, 'બાપા, હું તમારો જોંતિ, તમારો જોંતિડો આયો... છું... બોલો, બાપા! શું કામ છે? મને કંઈ કે'વું છે? હું તમારા પાછળ પાંચ મણ જુવાર કબૂતરાંને...

રઘાબાપાની આંખ સહેજ હાલી. હોઠ સહેજ ફફડ્યા. આંખ ઊઘડી. જયંતી તરફ જોઈને મલક્યા અને વળી પાછા લાકડા જેવા થઈ ગયા.

'લો, હવે જીવ ક્યાં ઘલાણો છે, બોલો! આ જોંતિડો યે આઈ જ્યો...' પાડોશીએ બળાપો કાઢ્યો.

'વનાકાકા!' તમે કાનમાં કાંક કો,' મોટા દીકરાએ વિનંતી કરી.

વનાકાકા ભારે ડગલે ગયા. રઘાબાપાના કાનમાં મોં ઘાલીને બોલ્યા, 'ડોહા! જેસી ક્રસ્ન... હવ માયા મેલો. ભગવોનનું નોમ લ્યો... નોમ! ડોહા, કાંય કે'વું છ? શમાં જીવ છ, બોલો ન... બોલી નાખોન, મારા ભઈ!'

વનાભાના શબ્દોએ ચમત્કાર સર્જ્યો. રઘાબાપાના હોઠ સળવળ્યા. અંદરથી જીભ હાલી... ને માંડમાંડ બોલ્યા : 'વના... વના... મિ... મં... દિ.... ર.... નો ધર... માદો.... થોડો.... મન... માફ કર... મન.... મન...'

બે હાથ માંડમાંડ ઊંચા કરીને પગે લાગે તે પહેલાં તો હાથ વેરાઈ ગયા.

સ્પોર્ટ્સ ક્વીઝ - ૪ના સાચા ઉત્તરો

૧. રાવ રાજા દનુતસિંહ, ૨. શાઈની વિલ્સન, ૩. રામનાથન કૃષ્ણન, ૪. કે.ડી.સિંહ 'બાબુ', ૫. કમલજિત સંધુ, ૬. કતારમાં દોહા મુકામે, ૭. ગીત શેઠી, ૮. બલબીરસિંહ ભાટિયા, ૯. લેવી પિન્ટો.

સ્પોર્ટ્સ ક્વીઝ - ૫

ડૉ. પી. ડી. શર્મા

(૧) 'વિશ્વ સ્નૂકર ખિતાબ' સૌ પ્રથમ ક્યા ભારતીય ખેલાડીએ મેળવ્યો હતો?
(અ) ગીત શેઠી (બ) ઓમ બી. અગ્રવાલ
(ક) યાશિન મર્ચન્ટ (ઇ) સુભાષ બી. અગ્રવાલ

(૨) સૌથી નાની વયે ભારતીય ક્રિકેટ ટીમના સુકાની બનવાનો શ્રેય ક્યા ખેલાડીને જાય છે?
(અ) અજિત વાડેકર (બ) કપિલદેવ
(ક) મંસુર અલીખાન પટૌડી (ઇ) સચિન તેંડુલકર

(૩) હૉકી વિશ્વકપના પ્રણેતા ક્યા બે દેશો ગણાય છે ?
(અ) ભારત તથા પાકિસ્તાન (બ) દ.આફ્રિકા તથા મલેશિયા
(ક) જર્મની તથા જપાન (ઇ) ઈંગ્લન્ડ તથા ઓસ્ટ્રેલિયા

(૪) સીંગાપોર માસ્ટર્સ ગોલ્ફ ટૂર્નામેન્ટ-૨૦૦૨ કોણે જીતી?
(અ) કપિલ દેવે (બ) રીચાર્ડ ગ્રીને
(ક) ચિરંજીવ મિલ્ખાસિંઘે (ઇ) અર્જુન અટવાલે

(૫) સચિન તેંડુલકરે ૨૮મી ટેસ્ટ સદી ક્યા દેશ સામે ક્યાં કરી હતી?
(અ) ઝિમ્બાબ્વે સામે નાગપુર મુકામે
(બ) શ્રીલંકા સામે કોલંબો મુકામે
(ક) ઓસ્ટ્રેલિયા સામે સિડની મુકામે
(ડ) ન્યુઝીલેન્ડ સામે ઑકલૅન્ડ મુકામે

(૬) ૧૯૮૩ના ક્રિકેટ વર્લ્ડકપમાં સેમીફાઈનલ તથા ફાઈનલમાં 'મેન ઑફ ધ મૅચ' ક્યો ખેલાડી બન્યો હતો?
(અ) કપિલ દેવ (બ) મોહિન્દર અમરનાથ
(ક) સુનિલ ગાવસ્કર (ડ) રોજર બિન્ની

(૭) ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૦૩ માટે સત્તાવાર મેસ્કોટ શું રાખવામાં આવ્યું છે.?
(અ) હાથી (બ) સિંહ
(ક) ઝેબ્રા (ડ) ટાઈગર

(૮) 'ગુલબર્ગ કપ' કઈ રમતમાં અપાય છે?
(અ) આઈસ હૉકી (બ) આઈસ સ્કેટિંગ
(ક) ગોલ્ફ (ઇ) બિલિયર્ડ્સ

(૯) ક્યા ભારતીય ખેલાડીને લોર્ડસના મેદાન પર સતત ત્રણ સદી કરવાનો શ્રેય પ્રાપ્ત છે?
(અ) દિલિપ વેંગસરકર (બ) સુનિલ ગાવસ્કર
(ક) સચિન તેંડુલકર (ઇ) કપિલદેવ

(૧૦) ભારતમાં 'રાષ્ટ્રિય ખેલ દિવસ' ક્યારે ઉજવાય છે?
(અ) ૮ ઑગસ્ટ (બ) ૨ ઑક્ટોબર
(ક) ૧૪ નવેમ્બર (ડ) ૫ જૂન

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

ચાર જાતની વાણીઓનો રસથાળ

ડૉ. ચંપકલાલ આઈ. વસાવા 'આતુર'

ચાર જાતની મુખ્ય વાણીઓ આ પ્રમાણે છે : (૧) ગૌબરહાર અથવા શુદ્ધવાણી, (૨) ડાગુરવાણી, (૩) ખંડહારવાણી, (૪) નોહારવાણી.

ગઉહરહાર : ગૌબરહાર વાણીના મુખ્ય ગુણ શાંત અને રસોદ્દીપક છે અને તેની ગતિ ધીર છે. આ વાણીને ઘણા લોકો ગૌરહાર, ગોબરહાર, ગૌહરહાર, ગૌડબહાર, ગુવરહાર વગેરે નામોથી ઓળખે છે. ખાસ કરીને આ વાણીનો જન્મ ગ્વાલિયરમાં થયો છે. ગ્વાલિયરમાં પહેલા જે રીતે ધ્રુપદ ગવાતા હતા તે પ્રમાણે ગાવાની પદ્ધતિને કારણે ગ્વાલયરી શબ્દથી ગ્વારિયરી, ગ્વારારી, ગૌરારી, ગૌરહારી, ગૌહારી, ગઉહરહારી વગેરે થઈ ગયા છે. (ક) આ ગૌડીય બ્રાહ્મણોની ગાયનપદ્ધતિ છે અને આ વાણીનું નામ કુદરતી ગૌડબહાર છે. ઘણા દુ:ખની વાત છે કે ગ્વાલિયરના પ્રાચીન ઈતિહાસમાં આ શબ્દની કોઈ નોંધ નથી. (ખ) ગુહરનો અર્થ છે મોતી. 'ગુહર' શબ્દનો અપભ્રંશ છે ગોહર તથા ગૌહર. અંતમાં એક મતે જોઈએ તો આ વાણીનું નામ છે ગૌહરહાર - મુક્તા માળા જેવી સુંદર. (ગ) એક ક્ષત્રિય જાતિનું નામ હતું ગવરહાર. તે દ્વારા આ વાણીનો જન્મ થયો. પરંતુ આજ સુધી આ જાતિમાં એક પણ ધ્રુપદ ગાયક અથવા રચનાકારનું નામ શોધવા છતાં મળતું નથી. આ જાતિનાં લોકો પહેલાં યુદ્ધમાં ભાગ લેતા અને હવે ખેતી કરી જીવનનિર્વાહ કરે છે. (ઘ) ઘણા લોકો આ વાણીને ગો-બહાર-ગોહાર તથા ગોપુચ્છ સાથે સરખાવે છે, કોઈ ભૌગૌલિક કારણ હોય તે સિવાય તેની કોઈ નોંધ કે પુરાવો મળતો નથી. આ વાણીમાં અંશ અને મીંડની પ્રધાનતા છે. પંક્તિઓની સાથે શબ્દસંખ્યા તેમાં ઓછી હોય છે. બે અક્ષર અથવા બે પદોની વચ્ચે મીંડ અથવા અંશથી ભરે છે. આ વાણીની સ્વરાવલી ખાસ કરીને નિયમ મુજબ મીંડયુક્ત હોય છે, સ્વરનો ક્રમ તૂટતો નથી. કોઈ માત્રા પર ભાર આપવાની જરૂરત હોય તો મીંડ કે અંશના સહકારે આ કામ થાય છે.

ડાગુરવાણી : તેનો મુખ્ય ગુણ સહેલી અને લાલિત્યવાન ચાલ છે. તેમાં સ્વરોનું વાંકું અને વિચિત્ર કામ દેખાય છે. આ વાણીમાં પણ ઘણાં જ મતમતાંતર છે. એક મત પ્રમાણે તેનું નામ 'ડગર' છે તો બીજે મતે ડગરનો અર્થ રસ્તો કે પંથ થાય છે. ડગરથી જ 'ડાગર' બની જાય છે તે સંભવ છે, ડાગરવાણી (પંથપ્રદર્શન) કરવાવાળી વાણીના અર્થમાં સમાયેલી હોઈ શકે. દિલ્હીની નજીકમાં 'ડાંગ' નામની એક ઘણી મોટી વસ્તી હતી. ત્યાં ઘનઘોર જંગલ અને જંગલી પશુ-પંખીનો મુકામ હતો તેથી આ સ્થળને ડાંગ જ કહેતા. ડાંગનો ચોખ્ખો અર્થ જંગલ થાય છે. જંગલ સાફ થઈ જવા છતાં આ સ્થળનું નામ આજે પણ ડાંગ જ રહી ગયું છે. શબ્દના ફેરફાર સાથે ક્રમ મુજબ ડાંગ, ડાગુરી પછી ડાગુર થઈ ગયું હોય તેવું જણાય છે. જહાંગીરના સમયથી આ વાણીને ઘણું જ સુંદર દરબારી સ્થાન મળ્યું હતું.

ખંડહરવાણી : વિચિત્ર અને ઈશ્વરીય પ્રકાશ ખંડહરવાણીની વિશેષતા છે. તે તીવ્રરસોદ્દીપક છે. ગોબરહાર વાણીમાં વેગ અને તરંગ વધારે જોવા મળે છે, પરંતુ તેની ગતિ અતિ વિલંબિત હોતી નથી. રાજપુતાના પાસે (ખંડાર)નામનું એક સ્થળ આજે પણ છે. બાદશાહ બાબરે જે સમયે આ કિલ્લો જીતી લીધો હતો તે સમયે કિલ્લો રાણા સાંગાની પાસે હતો, તે સમયે કિલ્લામાં ઘણા મુસ્લિમ કલાકારો થોડા સમય માટે રહ્યા, તે દરમિયાન સ્થાનિક સંગીતના ઉચ્ચારણ અને શાસ્ત્રીય સંગીતના મિલનથી ખંડહારવાણીનો જન્મ થયો હોય તેવું મનાય છે. બીજા એક મત અનુસાર ખંડહર વાણીનો જન્મ કંધાર (કંદહાર)થી મનાય છે. તેને અનુમોદન ઓછું મળે છે, મહારાજ સમોખનસિંહને પણ આ વાણીના જન્મદાતા કહ્યા છે.

નોહારવાણી : નોહારની રીતથી સિંહની ગતિનું જ્ઞાન થાય છે. એક સ્વરથી બે-ત્રણ સ્વર ઓળંગીને નક્કી સ્વર પર પહોંચવું તેનું લક્ષણ છે. આમ, નોહારવાણીના વિષયમાં પણ એકમત નથી. 'મખાદવ-ઉલુ-મૂર્તની'ના રચયિતા મહંમદ કરમ ઈમામના મત પ્રમાણે 'નોહા' નામના એક સ્થળ પરથી આ વાણીનો જન્મ થયો મનાય છે, એ મત સિવાય આ વાણી સિંહની ગતિ સાથે સુસંગત જણાય છે. આમ, સિંહની ઊછળવાની ગતિ દેખાય છે, પરંતુ સિંહ કોઈ દિવસ ઊછળીને ચાલતો નથી.

શિકારના સમયે વાઘ અને ચિત્તો સિંહ કરતાં ઘણી વધારે ઝડપથી દોડે છે, જેથી 'નાહર' શબ્દ ચર્ચામાં ટકી શકવો મુશ્કેલ છે. તેથી પણ વધારે ઝડપથી હરણ દોડે છે. 'નાહર'ની પદવીવાળો મૌખિકરૂપે આ વાણી સાથે પોતાનું નામ ભલે જોડે અથવા દાવો કરે તેમ છતાં આજ સુધી તેમાંનો નથી કોઈ ધ્રુપદ કે નથી મળી શકતો તેમાંનો ગીતકાર.

ઉત્તરપ્રદેશના દેવરિયા લોકસંપર્કમાં રહેલા બૌદ્ધોનું વિશ્વપ્રસિદ્ધ સ્થાન 'કુશીનગર'ની પાસે પકરૌનાનગર છે. પકરૌનાથી લગભગ ત્રણચાર કિ.મી. દૂર દક્ષિણ તરફ બાબા સિદ્ધનાથની તપોભૂમિ ગામ 'ગુલેલહા' હરકા સ્થળ છે, ત્યાં સંગીતસાધકોની પ્રાચીન વસ્તી છે. અહીંના કલાકારોની ઘણી પેઢીઓએ પડરૌના રાજયના રાજયાશ્રયમાં પોતાની જીવનલીલા પૂર્ણ કરી છે. ❐

ભાત ભાત કે લોગ

રિદ્ધિ દેસાઈ

એક બહુમાળી મકાનને અડીને એક ઝૂંપડું હતું. મકાનના પાંચમા માળે ઊભેલી યુવતીએ ઝૂંપડા પાસે ઊભેલા યુવકને કંઈક કહ્યું, જે સાંભળતાં જ વડલાની ડાળે બેઠેલો કાગડો ચરક્યો. યુવકે એક રિક્ષા રોકતાં કહ્યું : આશ્રમ...! આશ્રમ રોડ!

આ ટચૂકડી ઘટનાને ભાતભાતનાં લોકો - એક સંગીતકાર, રાજકારણી, વૈદ, ફિલસૂફ, જ્યોતિષી અને ગૃહિણી - પોતાની મૌલિક ઢબે કેવી રીતે રજૂ કરે છે તે જોઈએ.

સંગીતકાર : બિલ્ડિંગ પાસે ઝૂંપડું... જાણે તાનસેન પાસે બેઠેલો ગલીનો ગવૈયો! સિતારની બાજુમાં પડેલા મંજીરા! બિલ્ડિંગ દશ માળનું હોય, એમાં વીશ પરિવાર વસેલાં હોય ને દરેક પરિવારમાં સરેરાશ બે બાળકો છે એમ ગણીએ તો ય ચાલીસ શિષ્યો રોકડા મળી જાય... સંગીતના વર્ગો ખોલી શકાય!

બિલ્ડિંગમાં ઊભેલી યુવતી - વીણા, સરોદ, સંગીતા કે પછી રાગિણી ઠેઠ પાંચમા માળેથી નીચે સુધી સંભળાય એવો એક સૂર પ્રયોજે છે—નિઃશંકપણે તાર સપ્તકનો શુદ્ધ 'ની'! યુવતીની કંઠ્યક્ષમતા કાબિલે દાદ... શક્ય છે કે મારી કોઈ જૂની શાગિર્દ હોય!

નીચે ઝૂંપડી પાસે પાવાની પેઠે વળીને ઊભેલા યુવક સાથે એના હૃદયના તાર મળેલા હોય એમ જણાય છે. યુવતીએ ચોક્કસ યુવકને પંચમ સૂરમાં પૂછ્યું હશે—લાડવા ખાવાથી ભીમપલાસી આવડે ખરો? તાનસેનની મોજડીનો નંબર શો હશે? અથવા તો ઉમાશંકરે 'વિશ્વશાંતિ' રચવાને બદલે કો'ક સંગીતકારનું ગળું દબાવી નાખ્યું હોત તો? આવા બેસૂરા સવાલો સુણવાથી સંગીત-પ્રકોપ પ્રજળી ઊઠતાં ચરકનાર પંખી કદાપિ કાગ ન હોઈ શકે, કોકિલ જ હોય!

યુવતીના પ્રશ્નોનો જવાબ લેવા આશ્રમ અથવા તો સંભવતઃ આશ્રમ રોડ - મારે ઘેર આવી રહેલા યુવકને ત્રિતાલમાં ત્રણ ધબ્બા મારીને, ઝપતાલમાં કહીશ—ધાધિંધિંના... ધાતિંતિંના.... નાધિંધિંના... ધાતિંતિંના...! તાર વિનાના તંબૂરા! આવા બેસૂરા સવાલના તે વળી જવાબ હોતા હશે?

રાજકારણી : ચૂંટણી જીતેલા અને ચૂંટણી હારેલા નેતાનું નિવાસસ્થાન... બિલ્ડિંગ અને ઝૂંપડું! બિલ્ડિંગને અડીને ઝૂંપડાનું હોવું એટલે સામાજિક અસમાનતાના મોં પર લપડાક મારવામાં અમારા પક્ષ બી.ડી.પી.ને મળેલી જ્વલંત સફળતા! આગામી ચૂંટણી જીતવા માટે યાદ રહે-અમારા પક્ષનું નિશાન છે બે પગવાળા બળદ! પરિપૂર્ણ નગરરચના માટે જેટલા બિલ્ડિંગ જરૂરી છે, તેટલાં જ ઝૂંપડાં પણ જરૂરી છે. તમે ચૂંટણીમાં ઊભા હો તો જ આ વાત સારી પેઠે સમજી શકો!

બિલ્ડિંગની એક અત્યંત શ્રીમંત યુવતી ઝૂંપડાના સાદા-સીધા, ગરીબ યુવકને પસંદ કરે તો એનું શ્રેય નિશ્ચિતપણે શિક્ષણખાતા અર્થાત્ અમારા શિક્ષણપ્રધાન શ્રીમાન અક્ષર રિપુજીને જ આપવો ઘટે. બિલ્ડિંગ સ્થિત યુવતી ઠેઠ પાંચમા માળેથી નીચે સુધી સંભળાય એ રીતે મુક્ત કંઠે સંભાષણ કરી શકે છે. એક આદર્શ ચૂંટણી-પ્રચારક થવાની પૂરેપૂરી લાયકાત એ બહેનમાં છે! મોંમાં પિત્ઝા ભર્યા હોય એ રીતે બોલતાં સોનિયાજીએ આ બહેન પરથી ધડો લેવા જેવો છે. ઝૂંપડાનો એક મુફલિસ બંદો સ્કાઈસ્ક્રેપરના ખ્વાબ જોઈ શકે એટલો સાહસિક અને હિંમતવાન છે. બૂથ કૅપ્ચરિંગ માટે આદર્શ કાર્યકર પુરવાર થઈ શકે એમ છે. બોકડાને પાળવા જેવો ખરો!

અહીં યુવતીએ યુવકને શું કહ્યું હશે એ તો પ્રજાને વાયદા કરવા જેવી - સાવ સરળ વાત છે. યુવતીએ યુવકને પૂછ્યું હશે - 'ડુ યુ બીલીવ ઈન બી.ડી. પાર્ટી?' યુવકે ઈન્કાર કર્યો હશે જેથી યુવતીએ ગુસ્સામાં એને ચોપડાવી હશે - 'ધેન ગો ટુ? હેલ! ફર્ગેટ મી!' રાજકારણ અંગેની યુવતીની ખાનગી વાતો સાંભળતો કાગડો આઈ. એસ. આઈ.નો ગુપ્ત એજન્ટ માલૂમ પડે છે. ચરકી-ચરકીને આખા દેશમાં રોગચાળો ફેલાવવાનું દુશ્મન દેશનું ભીષણ ષડયંત્ર પણ હોય!

આ બાજુ યુવતીનો છણકો સાંભળીને યુવકને વૈરાગ્ય આવે છે ને તે આશ્રમ ભણી વળે છે. અહીં જાહેર જનતા પ્રતિ અમારો એક પ્રશ્ન છે કે નિષ્ફળ પ્રેમીઓ જો કવિ અને સંન્યાસી બની જશે તો આ દેશનું શું થશે? દેશનું યુવાબળ આશ્રમવાસી થશે તો દેશના ઉજ્જ્વળ ભવિષ્યનું શું? બાય ધ વે, મને થાય છે કે એને સત્વર રોકવો જોઈએ. (નેતાજી એમના હમરાઝ-હમખયાલ-હમનીવાલા-હમપિયાલા અંગત મદદનીશ ગુંડાશિરોમણિ શ્રીમાન પકિયાદાદા ઉર્ફે 'છોટા ખંજર'ને ફોન જોડે છે.)

વૈદ : બિલ્ડિંગની પાસે ઝૂંપડું? આ તો સુવર્ણવસંતમાલતીના ડબા પાસે ગોખરાના ચૂર્ણની પડીકી પડી હોય એવું થયું! બિલ્ડિંગ બહુમાળી છે એટલે એની લિફ્ટ બગડે તો તે મધુપ્રમેહ, કબજિયાત અને વાયુના અઠ્ઠાવીસ પ્રકારના રોગોના દરદીઓ માટે હિતકર પુરવાર થાય. હૃદયરોગીઓ માટે પણ! અલબત્ત, તેઓ હૃદય ઘેર મૂકી આવે તો!

બિલ્ડિંગના ઉપરના માળવાળાઓને શીત હવાથી કફ પ્રકોપ થઈ શકે. હવા ભેજવાળી થાય તો વાતપ્રકોપ પણ થઈ શકે! 'ભાવપ્રકાશ નિઘંટુ'ના કથનાનુસાર એમણે બે ભાગ હરડે તથા અડધો અડધો ભાગ સૂંઠ અને અજમાને ખાંડીને બારીક ચૂર્ણ ખરલમાં ખાંડવાથી ભીષણ નાદને કારણે નીચેના માળવાળાઓને કર્ણશૂળ કે કર્ણનાદ અને એને પ્રતાપે કર્ણપાક, કર્ણકંડૂ કે કર્ણક્ષ્વેડ પણ શકે શકે!

બિલ્ડિંગમાં રહેતી બહેન શતાવરી, ગોદંતી, મંજિષ્ઠા અથવા ચંદ્રપ્રભા કે જે હોય તે, ઠેઠ પાંચમા માળેથી નીચે સુધી સંભળાય

એવી બૂમ પાડવા સક્ષમ છે એટલે તે નિશ્ચિતપણે અમારી ઉષ્ટ્ર ફાર્મસીના અશ્વગંધા, કેસરીજીવન, યેષ્ઠીમધુ ઘનવટી અથવા કુશલકંઠીલનું સેવન કરતી હોવી જોઈએ. આવી વાગ્બાણ વાચસ્પતિકા બહેનો માટે અમારી ફાર્મસીએ ખાસ ઉષ્ટ્ર છાપ સ્વરપીટિકાવટી અને કંઠકર્કશકુંઠાપાક તૈયાર કર્યો છે તેની સુજ્ઞ માતા-ભગિનીઓએ નોંધ લેવી.

હવે તૃતીય મુદ્દો એ ઉપસ્થિત થાય છે કે યુવતીએ યુવકને શું કહ્યું હશે...? હાલમાં જ શંખપુષ્પી અને સારસ્વત ચૂર્ણનું સેવન કર્યું હોવાથી અમે એનું અનુમાન લગાવી શકીએ છીએ. યુવતીએ જે જોસ્સાભેર ત્રાડ પાડી છે, તે પરથી જણાય છે કે તેણે યુવકને સંભળાવી દીધું હશે—'સાલ્લા! મકરધ્વજવટી ખા અથવા કાંકરિયામાં પડ!, યુવક-યુવતીની વાત સાથે પોતાને કાંઈ પણ નિસબત ન હોવા છતાં કાગડો ચરકી પડે છે. તે અતિસાર (મરડા)નો જૂનો દર્દી જણાય છે. 'ચરક-સંહિતા' મુજબ ચરકાઘતિરેક અટકાવવા એણે કુટજ ઘનવટી તથા શંખવટીના ચૂર્ણને શુદ્ધ મધ સાથે ચાટી જવું.

હવે, યુવક-યુવતીની વાત. પુનરપિ યુવતીએ આપેલ વિકલ્પ સાંભળીને ઝૂંપડાવાસી યુવક મૂંઝાય છે. એક તો મકરધ્વજવટીના ભાવ આસમાને ઉપરથી કાંકરિયામાં પાણી પણ નહીં! એટલે હતાશ થયેલો યુવક આખરે ત્રીજો જ માર્ગ અપનાવે છે. ભરયુવાનીમાં સંન્યાસી થઈને આશ્રમમાં રહેવાનો! અમારા નિદાન અનુસાર યુવકને મનોશાંતા અને નિદ્રાની આવશ્યકતા છે. એણે શતાવરી ચૂર્ણ અને બ્રાહ્મી ઘનવટીનું નવશેકા પાણી અથવા દૂધ સાથે સેવન કરવું. પછી આગળ પ્રભુ ધન્વન્તરીની મરજી!

ફિલસૂફ : માનવમનની વિશાળ આકાંક્ષાઓ અને એની મુઠ્ઠી જેવડી મહેનત... જાણે બિલ્ડિંગ આગળ ઝૂંપડું! ઘરનો પર્યાય એ બહુમાળી મકાન નથી એ વાત આપણા યુવાનોએ સમજવા' જેવી છે. બહુમાળી મકાનોમાં તમને હિટલરો, મુસોલિનીઓ કે ઝારો મળશે, પણ જિબ્રાન કે સૉક્રેટિસ જેવી પ્રતિભાઓને ખોજવી હોય તો ઝૂંપડીમાં દીવો લઈને જવું પડે!

સ્વતંત્રતા અને સ્વચ્છંદીપણાની ભેદરેખાને વળોટીને એક નવયૌવના એના પ્રેમીને ઠેઠ પાંચમા માળેથી છડેચોક પોકારીને પોતાના અમૂલ્ય સંસ્કારોને લાંછન લગાડે છે. યૌવનના લપસણા ઉંબરા પરથી કદી યુવતી લપસી છે તો એમાં દોષ કોનો કહેવાય, એનો? એનાં માતા-પિતાનો? શિક્ષણસંસ્થાનો? કે પછી સમાજનો?

યુવક-યુવતીની અંગત વાતો સાંભળીને ચરકતો કાગડો અહીં બે રીતે દોષી ઠરે છે—એક અન્યની વાત છાના-છપના સાંભળવાની અભદ્રતા આચરીને અને બીજું ગમે ત્યાં ચરકવા જેવી અસભ્ય વર્તણૂક કરીને. ઉત્તમ પુસ્તકોનું વાચન જ એનામાં સારા સંસ્કારોનું સિંચન કરી શકે! મીઠાં વચનો બોલવાવાળી કબીરની વાણીને વીસરી જઈને વિવેકભાન ભૂલી જઈને અહીં યુવતી યુવકને કટુવચનો કહે છે, જેથી ઍરિસ્ટોટલની એક સુપ્રસિદ્ધ ઉક્તિ 'ચંદ્ર જેવું મુખ અને ઝેરનો પ્યાલો એકસમાન હોય છે'ની દુ:ખદ અનુભૂતિ થતાં યુવકના ચિત્તમાં વૈરાગ્યની ચિનગારી પ્રકટે છે ને તે રિક્ષામાં બેસીને આશ્રમ તરફ જાય છે.

પણ હે યુવાન! 'હજારો માઈલનું અંતર એક એક કદમથી માપી શકાય છે'-લાઓત્સેનું આ ચિંતનમુક્તક તું શી રીતે વીસરી ગયો? યુવાની તો દરિયાનાં મોજાં જેવી હોય છે ને દરિયામાં મોજાંને આગળ ધપવા રિક્ષાની જરૂર હોય છે વારુ? દેશની યુવાપેઢી આલસ્ય ત્યજશે તો જ ઉત્કર્ષને પામશે!!!

જ્યોતિષી : ગોચરમાં શુક્ર-રાહુની અમંગળ યુતિ થઈ હોય તેવું દશ્ય... બિલ્ડિંગની બાજુમાં ઝૂંપડું! બિલ્ડિંગના માલિકની જન્મકુંડળીમાં ચતુર્થેશ વક્રી થઈને કષ્ટ-કર્તરીમાં હોવાનો! એક્યુરેટ ફળકથન માટે બિલ્ડિંગની અને ઝૂંપડાની અલગ અલગ જન્મકુંડળી બનાવવી પડે. એક યુવતી બિલ્ડિંગના પંચમ માળેથી ઠેઠ નીચે ધરાતલ સુધી સંભળાય એ રીતે પ્રબળ વાક્પ્રહાર કરી શકે છે. એટલે બહેનની કુંડળીમાં બુધ નિશ્ચિતપણે સ્વગૃહી કે ઉચ્ચનો હોવો જોઈએ. જો કે સ્ત્રી-જાતકની જિહવિાના હિસાબે મોટે ભાગે એમનો બુધ બળવાન જ હોય છે. નબળો બુધ પણ સ્ત્રીઓનું ખાસ કાંઈ બગાડી શકતો નથી એવો અમારો અંગત અનુભવ છે.

જ્યારે શ્રીમંત કન્યાઓનો ધનેશ નીચેનો થઈ પાપગ્રહથી દૃષ્ટ હોય છે ત્યારે જ તેઓ દરિદ્રનારાયણ પર દૃષ્ટિ ઠારે છે. એવું જ્યોતિષવિદ્ વરાહમિહિરનું સંશોધન છે. પુરાણકાળમાં સુકન્યા નામની એક રાજકુમારીની જન્મકુંડળીમાં પણ એવો જ યોગ હતો. ગ્રહોની ગતિવિધિને કારણે મહેલ છોડીને એણે ચ્યવનઋષિ સાથે ઝૂંપડામાં જીવન ગાળેલું. જો કે આવા યોગવાળી પ્રત્યેક કન્યા સુકન્યા જ નીવડે એવું નથી. એનો ગુરુ, રાહુ કે શનિથી પીડિત હોય તો તે કુકન્યાય નીવડી શકે! બિલ્ડિંગના પંચમ્ માળે સ્થિત યુવતી યુવકને શું કહે છે એ જાણવા તે સમયની પ્રશ્નકુંડળી કાઢવી પડે.

યુવક-યુવતીની વાત સુણીને અનાયાસે ચરકી પડતા કાગડાની નક્કી સાડાસાતી કે એવું કંઈક ચાલતું હોવું જોઈએ. અમારા ખયાલથી જાતકની રાશિ કુંભ હોવાની. એનું ગમે ત્યારે, ગમે ત્યાં ચરકી પડવું એ આંતરડાની બીમારી સૂચવે છે, જે નબળા ગુરુનો પ્રતાપ છે. એણે તર્જની પર ત્રણ કૅરેટનો પોખરાજ ધારણ કરવો. શુદ્ધ અને ભરોસાપાત્ર નંગ માટે એ અમારા કાર્યાલયનો સંપર્ક સાધે.

યુવતીના વાગ્બાણે વીંધાયેલા યુવકને વૈરાગ્ય આવે છે. અહીં દોષ યુવક કે યુવતીનો નથી બલકે સંભવત: યુવકની કુંડળીમાં બેઠેલા નૅપ્ચ્યુન અને કેતુ નામના ગ્રહોનો છે. વૈરાગ્યાર્થે આશ્રમ ગયેલો યુવક શું જટાધારી સાધુ બની જશે? આગળ જતાં અમેરિકા-ઈંગ્લન્ડમાં પોતાનો આશ્રમ ખોલશે? શું એને સહસ્ર

ચેલીઓનું સુખ સાંપડશે? કે પછી જે રિક્ષામાં એ આશ્રમે ગયો છે તે જ રિક્ષામાં લીલા તોરણે પાછો ફરશે?

ઉપર્યુક્ત પ્રશ્નોના સચોટ અને તાર્કિક જવાબ માટે જિજ્ઞાસુ ભાઈ-બહેનોએ એમનાં નામ-સરનામાં સાથે રોકડા રૂપિયા પાંચસો એક આંગડિયા અથવા મનિઑર્ડર દ્વારા એમારા જ્યોતિષ કાર્યાલયને મોકલી આપવા. (ચેક કે ડ્રાફ્ટ સ્વીકારવામાં આવતો નથી એ વાતની ખાસ નોંધ લેવી.)

ગૃહિણી : બિલ્ડિંગની બાજુમાં ઝૂંપડું? છી! બિલ્ડિંગની બ્યૂટી બગાડી નાખે! બાય ધ વે, જે તરફથી ચીઝ, પિત્ઝા અને મલાઈ કોફ્તાની ફ્રૅગ્રન્સ આવે તે તરફ બિલ્ડિંગ અને બાજરીના રોટલાની સોડમ આવે તે તરફ ઝૂંપડું છે એમ જાણવું. અચાનક બિલ્ડિંગના પાંચમા માળે એક યુવતી બહાર ધસી આવે છે. શું તે પોતાની નવી સાડીનું પ્રદર્શન કરવા બહાર આવી હશે? નવી સેન્ડલનું? કે પછી ગોલ્ડ જ્વેલરીનું? હું ગેરંટી સાથે કહું છું કે ઘરેણાં ગિલેટવાળાં જ હોવાનાં! પરંતુ તે નીચે ઊભેલા ઝૂંપડાવાસી યુવકને શું કામ બોલાવતી હશે?

શક્ય છે કે તે બટાટા-પૌંઆ બનાવી રહી હોય ને અચાનક પૌંઆ ખૂટી ગયા હોય! ઝૂંપડાવાસી પાસે બીજું કંઈ હોય કે ન હોય પણ પૌંઆ જરૂર હોય છે, એ વાત તો સુદામાના જમાનાથી સુપ્રસિદ્ધ છે. કિન્તુ એણે ઝૂંપડાવાળા યુવક પાસે જ પૌંઆ શીદને મંગાવ્યા? શું એને તેનામાં રામાનાં દર્શન થતાં હશે? પણ ના, જે જોશભેર યુવતી ઘાંટો પાડે છે એ જોતાં લાગે છે કે એને યુવકમાં રામાનાં નહીં, પણ પોતાના ભાવિ પતિનાં દર્શન થાય છે. ઝૂંપડાવાળામાં? હાય રામ! આજકાલની છોડીઓ તો તોબા! ફિલ્મો જોઈને જેટલું ના શીખે એટલું ઓછું છે!

મારી સાસુ ઘણી વાર કહેતી કે આપણા પૂર્વજો કાગડા બનીને શ્રાદ્ધપક્ષમાં ઊડાઊડ કરતા હોય છે. લગભગ ભજિયાં, ફાફડા અને ચવાણા પર જ જીવતા મારા સસરા ડાયેરિયા (મરડા)માં ગયેલા! અહીં કથામાં ચરકતો કાગડો ક્યાંક મારા...

હવે યુવક-યુવતીની પારાયણ ફરી એક વાર. યુવતીને પોતાનામાં રાંઝા કે રોમિયોના નહીં, બલકે રામાનાં દર્શન થયા છે એવી આશંકાવશ આઘાત પામેલો યુવક આશ્રમની શોધમાં આશ્રમરોડ તરફ પ્રયાણ કરે છે. અહીં અમારો એક પ્રશ્ન છે કે પૌંઆ લેવા જવાનું કહેવાથી શું પુરુષ રામો બની જાય છે? ઉફ્ફ! આ પુરુષ જાત કોઈ દિ' સુધરવાની નહીં! એક ફરહાદ હતો કે જેણે શીરીં કાજ દૂધની નેહર ખોદેલી ને એક આજકાલના ભાયડાઓ! બાય ધ વે, આશ્રમ રોડ ગયેલો યુવક ત્યાં ઝાઝું ટકવાનો નહીં એ તમે લખી રાખો! આશ્રમ રોડ પર મચ્છર કેટલા...! એ ત્યાં જશે તો મસ મોટા મચ્છરો કરડી ખાશે ને અહીં આવશે તો રૂપાળી લલના!


હવે તમે જ કહો મચ્છરના ડંખ વધુ સારા કે રૂપાળી લલનાના???? □

પોસ્ટકાર્ડ ઉપર

ફતેહપુર સીકરીનો પંચમહેલ

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

તાજેતરમાં લોકસભામાં પેશ થયેલા કેન્દ્રીય અંદાજપત્રમાં ટપાલ ખાતાની વિવિધ સેવાઓના દરમાં ભાવવધારો સૂચવાયો છે. તેમાં છાપેલા અને સ્પર્ધાત્મક પોસ્ટકાર્ડના દર બમણા કરાયા છે, જ્યારે સાદા પોસ્ટકાર્ડના દર યથાવત્



(૫૦ પૈસા) રખાયા છે. (જો કે હજુ ગયા વર્ષે ૧લી જૂનથી આ સાદા પોસ્ટકાર્ડની કિંમત એકીસાથે સો ટકાના વધારા સાથે ૨૫ પૈસામાંથી ૫૦ પૈસા કરાઈ છે એ વાચકોને યાદ હશે.)

દરમાં પરિવર્તન પછી દરેક ટપાલ-સામગ્રીની સ્ટેમ્પ-ડિઝાઈન પણ બદલવામાં આવતી હોય છે, જેથી પ્રથમ નજરે જૂના-નવા દરવાળાં પત્રો અલગ તરી આવે. આઝાદી બાદ ઘણાં વર્ષો સુધી ૫, ૬ કે ૧૦ પૈસાવાળાં પોસ્ટકાર્ડ્ઝ પર આપણાં રાષ્ટ્રિય પ્રતીકચિહ્ન 'સિંહાકૃતિ' અને તે પછી ૧૫ પૈસા તથા ૨૫ પૈસાવાળાં કાર્ડ્ઝ પર 'વાઘ'ની મુખાકૃતિએ સ્થાન લીધેલું.

ગત વર્ષના ભાવવધારા પછી પોસ્ટકાર્ડ પરની ટિકિટમાં બે વખત ફેરફાર કરાયા છે. ૨૦૦૧માં 'પાંખાળા મોર'ના ચિત્ર-વાળી નવી ડિઝાઈન મૂકવામાં આવેલી, તો ચાલુ વર્ષના પ્રારંભમાં ફતેહપુર સીકરીના વિખ્યાત ઐતિહાસિક સંકુલમાં આવેલ 'પંચ-મહેલ'ના ચિત્રવાળા નવાં પોસ્ટકાર્ડ્ઝ બહાર પાડવામાં આવ્યાં છે.

૧૮૭૯માં શરૂ થયેલ ભારતીય પોસ્ટકાર્ડની સવાસો વર્ષ જેટલી પ્રલંબ તવારીખમાં પ્રથમ વાર તેની સ્ટેમ્પ ડિઝાઈનમાં એક ઐતિહાસિક ઈમારતને સ્થાન મળ્યું છે! (આ અગાઉ એલિફન્ટા ગુફાની ત્રિમૂર્તિ, કોણાર્ક અશ્વ, અશોકસ્તંભની સિંહાકૃતિ વગેરે કલાકૃતિઓ સ્થાન પામી છે, પરંતુ ઈમારત પહેલી વખત ચમકી છે.)

સીકરીના ઐતિહાસિક પરિસરમાં અનેક શાહી ઈમારતો આવેલી છે. તેમાં આ બધાના એક ભાગ જેવો

(અનુસંધાન પૃષ્ઠ ૬૭૧ ઉપર)

ઈ.સ. ૨૦૦૨નો જાદુઈ ચોરસ

માધવજી દેવળીઆ

138	236	233	135	141	136	239	235	134	137	238
242	153	145	157	228	156	221	150	217	213	122
240	220	200	205	203	167	163	162	168	144	124
237	154	166	192	171	189	170	188	204	210	127
241	219	199	174	185	178	183	190	165	145	123
140	152	198	177	180	182	184	187	166	212	224
139	218	158	191	181	186	179	173	206	146	225
133	155	163	176	193	175	194	172	201	209	231
132	216	196	159	161	197	195	202	164	148	232
234	151	215	207	142	208	143	214	147	211	130
126	128	131	229	223	228	125	129	230	227	226

આ સાથે **11x11**નો એક મોટો જાદુઈ ચોરસ આપ્યો છે, જેનો અચળાંક-જાદુઈ સરવાળો ઈ.સ. **2002**ના વર્ષ જેટલો થાય છે. આ ચોરસના વિશિષ્ટ ગુણધર્મો જોઈએ...

(૧) 11x11 = 121. તેથી 122 થી 242 સુધીની ક્રમિક સંખ્યાઓ વાપરી આ ચોરસ બનાવ્યો છે. પ્રત્યેક હાર, સ્તંભ કે વિકર્ણ પર આવેલી 11 સંખ્યાઓનો સરવાળો 2002 થાય છે. એટલે કે ચોરસનો જાદુઈ સરવાળો-અચળાંક 2002 છે.

(૨) ઉપલા ચોરસના કિનારા પરની ઉપર-નીચેની હાર તથા ડાબી-જમણી બાજુના સ્તંભ કાપી લઈએ તો બાકી રહેલા **9x9**નો ચોરસ પણ જાદુઈ ચોરસ છે અને તેનો જાદુઈ સરવાળો **1638** થાય છે. – આ રીતે આગળ ચલાવતાં બધા જ જાદુઈ ચોરસો બને છે. (૧) **7x7**ના જાદુઈ ચોરસમાં **158** થી **206** સુધીની **49** ક્રમિક સંખ્યાઓ વાપરવામાં આવી છે, જેનો જાદુઈ સરવાળો-અચળાંક **1274** થાય છે. (૨) **5x5**ના જાદુઈ ચોરસમાં **170** થી **194** સુધીની **25** ક્રમિક સંખ્યાઓ વાપરવામાં આવી છે, જેનો જાદુઈ સરવાળો-અચળાંક **910** થાય છે. (૩) **3x3**ના જાદુઈ ચોરસમાં **178** થી **186** સુધીની **9** ક્રમિક સંખ્યાઓ વાપરવામાં આવી છે, જેનો જાદુઈ સરવાળો-અચળાંક **546** થાય છે. (૪) દરેક મોટા ચોરસના ચારે ખૂણાની ચાર સંખ્યાનો સરવાળો એક સરખો-**178** થાય છે. જેમ કે :

11 x 11 = 138 + 126 + 226 + 238 = 728
9 x 9 = 153 + 151 + 211 + 213 = 728
7 x 7 = 168 + 200 + 196 + 164 = 728
5 x 5 = 188 + 192 + 176 + 172 = 728
3 x 3 = 183 + 185 + 181 + 179 = 728

(૫) દરેક મોટા ચોરસની બબ્બે હાર અને બબ્બે સ્તંભની વચ્ચે આવેલી ચાર સંખ્યાઓનો સરવાળો એક-સરખો જ - **728** થાય છે. જેમ કે :

11 x 11 = 140 + 228 + 224 + 136 = 728
9 x 9 = 152 + 208 + 212 + 156 = 728
7 x 7 = 198 + 197 + 166 + 167 = 728
5 x 5 = 177 + 175 + 187 + 189 = 728
3 x 3 = 180 + 186 + 184 + 178 = 728

(૬) કોઈ પણ ચોરસની કોઈ પણ હાર કે સ્તંભમાંની સામસામેની બે સંખ્યામાં, અન્ય કોઈ પણ ચોરસની કોઈ પણ હાર કે સ્તંભમાંની બે સંખ્યા ઉમેરતાં એ ચારે સંખ્યાનો સરવાળો એકસરખો જ - **728** થાય છે. જેમ કે :

11x11 =	233	9x9 =	156	7x7 =	167
11x11 =	131	9x9 =	208	7x7 =	197
9x9 =	219	7x7 =	160	5x5 =	174
9x9 =	145	7x7 =	204	5x5 =	190
	728		728		728

આથી વિશેષ ગુણધર્મો જણાય તો શોધી કાઢવા વાચકોને નિમંત્રણ છે. ❑

અનુસંધાન] ફતેહપુર સીકરીનો પંચમહેલ [પૃ. ૬૭૦ થી

'પંચમહેલ' પણ દર્શનીય છે. દીવાન-એ-આમની પાછળ ખાસ મહેલ નામક ભવન આવેલું છે. તેની પશ્ચિમે પાંચ માળનો પંચમહેલ દૂરથી જ નજરે ચડે છે. તેમાં બૌદ્ધવિહારોની માફક પ્રત્યેક ઉપરનો માળ નીચેના માળથી નાનો બનેલો છે.

ભોંયતળિયે આ મહેલ ૭૨ ફૂટ લાંબો, ૫૮ ફૂટ પહોળો અને ૮૫ થાંભલા પર ઊભેલો છે. એવી રીતે બીજા માળમાં ૫૬, ત્રીજામાં ૨૦, ચોથામાં ૧૨ અને સૌથી ઉપર ૪ સ્તંભો છે. આ રીતે પંચમહેલમાં કુલ ૧૭૭ સ્તંભો ઊભા કરાયા છે અને દરેક થાંભલાની કલાકોતરણી એકમેકથી જુદી પડે છે! તેના પર હિન્દુ શિલ્પ અનુસાર હાથી, ફળફૂલ તોડતાં લોકોનાં ચિત્ર કોતરેલાં છે.

તેના પ્રથમ માળની ઊંચાઈ ૪૯ ફૂટ, બીજા માળની ૬૨ ફૂટ, ત્રીજા માળની ૨૦ ફૂટ, ચોથા માળની ૧૨ ફૂટ અને સૌથી ઉપર ચાર થંભો પર સુંદર ગુંબજ બનેલો છે. એવું મનાય છે કે સમ્રાટ અકબર સંધ્યા સમયે પત્નીઓ સાથે ફરવા અને હવા ખાવાનો અહીં આનંદ લેતો. પંચમહેલની વાયવ્યે પચ્ચીસી મેદના, પૂર્વે ખાસ મહેલ અને દક્ષિણે મરિયમ મહેલ આવેલ છે. ❑

ગણિતગમ્મત

પ્રભુલાલ દોશી

(૧) કોઈ પણ ચાર ક્રમિક સંખ્યાઓમાંથી પ્રથમ બે સંખ્યાના ગુણાકાર, તથા ત્રીજી અને ચોથી સંખ્યાના ગુણાકાર વચ્ચેનો તફાવત તે ચારે સંખ્યાના સરવાળા જેટલો હોય છે.

ક્રમિક સંખ્યાઓ : ૮, ૯, ૧૦, ૧૧.
૮ x ૯ = ૭૨,
૧૦ x ૧૧ = ૧૧૦
૧૧૦ – ૭૨ = ૩૮,
૮ + ૯ + ૧૦ + ૧૧=૩૮.

(૨) કોઈ પણ ચાર ક્રમિક સંખ્યાઓમાંની પહેલી અને ચોથી સંખ્યાના ગુણાકાર તથા બીજી અને ત્રીજી સંખ્યાના ગુણાકાર વચ્ચેનો તફાવત બે-બેનો હોય છે.

ક્રમિક સંખ્યાઓ : ૫, ૬ ૭, ૮.
૫ x ૮ = ૪૦,
૬ x ૭ = ૪૨
૪૨ – ૪૦ = ૨

(૩) કોઈ પણ ચાર ક્રમિક સંખ્યાઓમાંની પહેલી અને ત્રીજી સંખ્યાના ગુણાકાર તથા બીજી અને ચોથી સંખ્યાના ગુણાકાર વચ્ચેનો તફાવત – પહેલી અને ચોથી સંખ્યાના સરવાળા જેટલો અથવા બીજી અને ત્રીજી સંખ્યાના સરવાળા જેટલો હોય છે.

ક્રમિક સંખ્યાઓ : ૧૪, ૧૫, ૧૬, ૧૭.
૧૪ x ૧૬ = ૨૨૪,
૧૫ x ૧૭ = ૨૫૫
એટલે, ૨૫૫ – ૨૨૪ = ૩૧,
૧૪ + ૧૭ = ૩૧
૧૫ + ૧૬ = ૩૧

હોંકારો

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના આશ્રમમાં શિષ્યોએ બજુવાને આપેલા એક સૂત્રનું પાલન કરવા માટે સતત સાવધ રહેવું પડતું.એ સૂત્ર હતું - 'સતત જાગતા રહો.' દિવસના તો ઠીક રાત્રિના પણ જાગતા રહેવા માટે બજુવા શિષ્યોને ઢંઢોળતા રહેતા. રાત્રિના નિંદર દરમિયાન પણ તેઓ કોઈ શિષ્યને તેનું નામ લઈને ઊંચા અવાજે બોલાવે તો તરત જ લાગતાવળગતા શિષ્યે હોંકારો આપતાંની સાથે જ પથારીમાંથી ઊભા થઈ જવું પડતું. ઊંઘ દરમિયાન જે શિષ્યો હોંકારો ન આપી શકે, તેને દિવસના આછી-પાતળી શિક્ષા કરવામાં આવતી. જો કે 'રાત્રિ જાગરણ'ની આ પ્રક્રિયામાં હજુ બે-ત્રણ શિષ્યો જ સફળ થઈ શક્યા હતા. જેમાં એક ગુરુ બજુવાના માનીતા શિષ્ય આપાજી.

એક વખત મધ્ય રાત્રિના ગુરુ બજુવાએ આપાજીને તેમનું નામ લઈને ઊંચા અવાજે બોલાવ્યા. પણ આપાજીએ કંઈ જ હોંકારો ન આપ્યો. આથી ગુરુને આશ્ચર્ય થયું, શું આજે આપાજી પણ ઊંઘી ગયો હશે? તેમણે બીજી વખત આપાજીના નામની બૂમ પાડી. પણ આપાજી તો પથારીમાં ન હલે કે ચલે! ખેર, હવે સવારે એની વાત - બબડતાંકને ગુરુ પોતાની પથારીમાં લાંબા થયા.

દોઢ-બે કલાક પછી સ્વયં આપાજીએ ગુરુના નામનો અવાજ દીધો. પણ ગુરુએ કંઈ જ હોંકારો ન આપ્યો. આપાજીએ ગુરુની પથારી પાસે આવી બૂમ પાડી. પણ ગુરુ ન હલે કે ચલે. ત્રીજી વખત અવાજ દઈને આપાજીએ ગુરુને ઢંઢોળવા પ્રયત્ન કર્યો. પણ ગુરુ તો જાણે ઘસઘસાટ ઊંઘમાં જ...

સવારના જાગતાંની સાથે જ ગુરુ બજુવાએ આપાજીને પૂછ્યું : 'રાત્રિના મેં તને બે વખત અવાજ દીધેલો પણ તેં હોંકારો આપેલ નહીં. તો શું આજે તું પણ ઊંઘી ગયો હતો?'

'હું મારો જવાબ પછી આપીશ પણ પહેલાં હું આપનું પૂછું છું - રાત્રિના મેં પણ આપને ત્રણ વખત અવાજ દીધેલો. આપે મને કંઈ હોંકારો આપેલ નહીં. તો શું આપ પણ ઊંઘી ગયા હતા?' આપાજીએ બેધડક ગુરુને પૂછ્યું.

ગુરુ બજુવાએ હસતાં હસતાં જવાબ આપ્યો : 'ના, હું જાગતાં જાગતાં સૂતો હતો, ને તારી પરીક્ષા કરવા માટે જ મેં ઈરાદાપૂર્વક તને હોંકારો આપેલ નહીં!'

આપાજી બોલ્યા : 'તો, હવે મારો જવાબ સાંભળો–હું સૂતાં સૂતાં જાગતો હતો, ને આપ મને આપની પરીક્ષામાં પાસ કર્યા વગર નહીં જ રહો, એ શ્રદ્ધા સાથે મેં પણ આપને ઈરાદાપૂર્વક જ હોંકારો આપેલ નહીં!' ને જરી રહી તેમણે ગુરુને પૂછ્યું : 'સ્વયં જાગરણથી બીજો ક્યો મારો હોંકારો હોઈ શકે?'

હસતાં હસતાં ગુરુ બજુવા બોલી ઊઠ્યા : 'આજે પરીક્ષામાં મેં તને પાસ કર્યો કે તેં મને પાસ કર્યો એ જ કંઈ સમજાતું નથી!!' ને જરા રહી ગુરુએ ઉમેર્યું : 'આપાજી! આજ તો તેં મને જ બહુ મોટો હોંકારો આપી દીધો!!' ❐

પ્રસંગ પરાગ



એકલવાયા બાપુ

ધનુભાઈ મહેતા

૧૯૪૬ના ડિસેમ્બરમાં અમે બધા ગાંધીજીની સાથે અસમના અંતરિયાળ પ્રદેશની મુલાકાતે હતા. અમારો ઉતારો ગૌહત્તી ગામને છેવાડે આવેલા શ્રીમતી અમલપ્રભા દાસના આશ્રમમાં હતો. શ્રીમતી દાસ અગાઉ સેવાગ્રામના આપ્તજન હતા. ગાંધીજીના પુત્ર મણિલાલ પણ અમારી સાથે હતા. તેઓ દક્ષિણ આફ્રિકામાં રહી બાપુનું કામ આગળ ધપાવતા અને ઘણાં વર્ષો પછી ભારત આવ્યા હતા. તેઓ એક સીધા-સાદા આદમી હતા. ગાંધીજીએ પોતાના જ કુટુંબ પ્રત્યે દાખવેલી દુર્લક્ષતા વિશે ખુદ ગાંધીજી સમક્ષ તેઓ ઘણી વાર હૈયાવરાળ ઠાલવતા! 'કુટુંબ' વિશે ગાંધીજીની વ્યાખ્યા આગવી હતી. તેમનું કુટુંબ તેમનાં કુટુંબીજનો પૂરતું પર્યાપ્ત ન હતું. સુખદુ:ખમાં સાથે રહી કામ કરતાં હજારો સ્ત્રી-પુરુષો એ જ એમનું કુટુંબ હતું! તેમના પુત્રોને તેઓ તરછોડાયેલા હોય તેવો અહેસાસ થતો. એક સાંજે ગાંધીજીની એક અંતેવાસી કન્યા બીમાર પડી. માંદગી ગંભીર ન હતી, માત્ર કોઈ પ્રકારનો તાવ હતો. તો પણ કલકત્તાના મોટામાં મોટા ડૉક્ટર બી.સી. રૉય તેને તપાસવા તથા તેની જરૂરી સારવારની વ્યવસ્થા કરવા તાબડતોબ દોડી આવ્યા. ગાંધીજીના આ બહોળા પરિવારની ખાતરબરદાસ્ત કરવા સહુ કોઈ તલપાપડ!

આવી ઊંચા ગજાની હસ્તીઓને આ 'માનવ' ગાંધી પરિવાર માટે કાગનો વાઘ કરી ઊંચી-નીચી થતી જોઈ ત્યારે મણિલાલ ચૂપ ન રહી શક્યા. ગાંધીજીએ પોતાના જ કુટુંબ પરત્વે કેવી ઉદાસીનતા દાખવી હતી એ વાત પર તેમણે લાંબુંલચ ભાષણ આપ્યું. વધુમાં એવી આકરી ટીકા પણ કરી કે બાપુ સાથે રહેવું એ તો 'સુખ-સગવડ'. મણિલાલે જે કાંઈ કહ્યું તે ગાંધીજી શાંત મને સાંભળી રહ્યા અને પછી ધીમા અવાજે બોલ્યા, 'મણિલાલ, મારી સાથે રહેવામાં સુખ-સગવડ હતાં તો પછી મારા દીકરાઓ મને કેમ તરછોડી ગયા?' મણિલાલ ઓરડાની બહાર ગયા પછી મને ગાંધીજીએ કહ્યું, 'સુધીર, આ બિચારો મણિલાલ અણસમજુ છે. તું તેને 'શિલોંગ'ની સહેલગાહે લઈ જાને. તે મજાનું સ્થળ છે. તું અને મણિલાલ એકાદ દિવસ મોજ માણી આવો. તેથી તેનું દિલ બહેલાશે. અલબત્ત, આ ઘરડા માણસ સાથે એક આખો દિવસ ગાળવો એ તારે માટે કંટાળારૂપ થશે.

મણિલાલને 'શિલોંગ'ની સહેલગાહે લઈ જવા માટે મેં ગૌહત્તીના કોઈ ગ્રામજનની મોટર માગી લીધી. તેમાં બેસી ૬૦ માઈલ લાંબી પર્વતીય સફર કરી, અમે 'ગિરિમથક' પહોંચ્યા. ભોજનનો સમય હતો. અમે ભૂખ્યા પણ થયા હતા તેથી ત્યાંની એક ખ્યાતનામ હોટેલ 'પાઈનવુડ'માં ગયા. ત્યાં આરામથી જમાવી ખાણાનો ઑર્ડર આપવા વેઈટરને બૂમ પાડી. વેઈટરો ક્ષુબ્ધભાવે એકબીજા સામે જોઈ રહ્યા પણ અમને કોઈ પ્રતિભાવ ન આપ્યો. ઠીક વાર રાહ જોયા પછી અમે હોટેલના મૅનેજરને બોલાવ્યો. તે ભારતીય હતો. તેણે બહાર આવી અમને વિનયપૂર્વક જણાવ્યું કે 'પાઈનવુડ'માં 'યુરોપિઅન' સિવાય કોઈનેય ખાણું પીરસવામાં આવતું ન હતું. તે ભગવાન ઈસુની ૧૯૪૬ની સાલ હતી! તે રાત્રે મણિલાલે તેના પિતાને સરોષ જણાવ્યું કે દક્ષિણ આફ્રિકા રંગદ્વેષની બાબતમાં આસામ કરતાં વધુ પ્રગતિશીલ હતું. આ સાંભળી ગાંધીજી ખિન્ન થયા, પણ ઘૃણિત નહિ. કોઈ હોટેલ મૅનેજરે અમારી સહેલગાહ બગાડી હતી એ વાતે અલબત્ત તેઓ નારાજ હતા. (સુધીર ઘોષની **'Gandhi's Emissary'** ના **'The Lonliness of Love'** – પ્રકરણ-૩ પર આધારિત.) ❑

'કુમાર'ના અમૃતપર્વ નિમિમત્તે 'કુમાર' ટ્રસ્ટને મળેલાં દાન

૧.	શ્રી જયરણછોડભાઈ એસ. સેવક (અમદાવાદ)	રૂ. ૩,૫૦,૦૦૦
૨.	અ.સૌ. શાન્તાબહેન વિ. પુ. પટેલ (વડોદરા)	રૂ. ૨૫,૦૦૦
૩.	શ્રી મુકુન્દ દેસાઈ (સૂરત)	રૂ. ૨૫,૦૦૦
૪.	શ્રી અલકેશ મુકુન્દરાય દેસાઈ (સૂરત)	રૂ. ૧૫,૦૦૦
૫.	શ્રી પ્રવીણભાઈ એલ. શાહ (મુંબઈ)	રૂ. ૧૦,૦૦૦
૬.	શ્રી સંજય ભટ્ટ (OH-૪૩૦૩૫, U.S.A.)	રૂ. ૫,૦૦૦
૭.	શ્રી અવનિ સી.બુચ (અમદાવાદ)	રૂ. ૩,૦૦૦
૮.	શ્રી શારદાબ્હેન નટુભાઈ પરીખ (ચિત્રકાર) અમદાવાદ	રૂ. ૨,૦૦૦
૯.	શ્રી નિર્મળાબહેન વ્યાસ (ભાટેલ, જિ. આણંદ)	રૂ. ૨,૦૦૦
૧૦.	શ્રી હરીશભાઈ ઝવેરી (ગૂડગાંવ-હરિયાણા)	રૂ. ૧,૫૦૦
૧૧.	શ્રી જયસુખભાઈ જે. પારેખ (અમદાવાદ)	રૂ. ૧,૫૦૦
૧૨.	શ્રી મયંક એન. કાપડિયા (મુંબઈ)	રૂ. ૧,૪૦૦
૧૩.	સદ્‌ગત શ્રીમતી નિર્મળાબહેન વસોવાળા (નડિયાદ)	રૂ. ૧,૨૦૧
૧૪.	શ્રી હરીશ પંડ્યા (ભાવનગર)	રૂ. ૧,૦૦૧
૧૫.	શ્રી પી. આર. બકેરી (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૬.	શ્રી વી. જી. મજમુદાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૭.	શ્રી અનાર વી. મજમુદાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૮.	પ્રા. સુરેશ મ. શાહ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૯.	શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)	રૂ. ૭૦૦
૨૦.	શ્રી હિમ્મતભાઈ જોશી 'પુષ્પમ્' (ગાંધીધામ)	રૂ. ૫૨૫
૨૧.	શ્રી પ્રફુલ્લ એ. પરીખ (અમદાવાદ)	રૂ. ૫૦૧
૨૨.	ડૉ. વર્ષા પી. શાહ (ડીસા)	રૂ. ૫૦૦
૨૩.	શ્રી રમણીક સોમેશ્વર (અંજાર-કચ્છ)	રૂ. ૫૦૦
૨૪.	શ્રી શિવલાલ જેસલપુરા (અમદાવાદ)	રૂ. ૫૦૦
૨૫.	શ્રી અનુભૂતિ ટ્રસ્ટ (ભાવનગર)	રૂ. ૫૦૦
	કુલ	રૂ. ૪,૫૧,૩૨૮

દાનની રકમ 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવી.
કલમ ૮૦જી અન્વયે આ દાન આયકર રાહતને પાત્ર છે.

ભારતીય શિલ્પકલા

ડૉ. આર. ટી. સાવલિયા

કલા એ માનવમનનું ખેડાણ છે. કલાની મદદ વડે જ માનવજીવન સંસ્કૃતિની ચમક ધારણ કરે છે. જીવનને પ્રસન્નગંભીર અને રસમય બનાવવા માટે કલાના આ ખેડાણ દ્વારા સમગ્ર પ્રકૃતિમાં જે સૌંદર્ય પડેલું છે તેને પામવાનો મનુષ્ય પ્રયત્ન કરે છે.

સમગ્ર સૃષ્ટિમાં જે રસ, રૂપ, ગંધ અને સ્વર વ્યાપેલાં છે તેને કલાકાર પોતાનું આગવું અને વિશિષ્ટ રૂપ આપીને તેમજ ક્ષણે ક્ષણે નાવીન્ય સર્જીને સૌંદર્યની અલૌકિક સૃષ્ટિ ઊભી કરે છે. પળે પળે પલટાતા સૃષ્ટિના સૌંદર્યને આકૃતિ આપીને તેને શાશ્વત બનાવે છે. વ્યવહાર જીવનમાં જે કંઈ અવ્યવસ્થિત, કિલષ્ટ, અતંત્ર અને અપૂર્ણ છે તેને કલાકાર પૂર્ણસ્વરૂપે પ્રકટ કરવા પ્રયાસ કરે છે. આપણે જે સૃષ્ટિમાં જીવન ગુજારીએ છીએ તેમાં અનેક વિષમતાઓ, વિટંબણાઓ અને વિસંવાદિતાઓ પડેલી છે. જ્યારે કલાની સૃષ્ટિ એ નિરંતર આનંદથી સભર છે, તેમાં ક્યાંય શોક કે દુઃખ નથી. કલાની આ સૃષ્ટિમાં ભૌતિક જગતની વિષમતાઓ, વિટંબણાઓ અને વિસંવાદિતાઓનું આનંદમાં રસાયણ થઈ જાય છે! કલાસર્જન દ્વારા કલાકાર અલૌકિક ભાવસૃષ્ટિનું સર્જન કરે છે, જેમાં કરુણ રસ પણ આનંદનું સ્વરૂપ ધારણ કરે છે. કલાની સાધના દ્વારા મનુષ્યે જે કંઈ સિદ્ધ કર્યું છે તેનાથી તે સમગ્ર ચૈતન્યસૃષ્ટિમાં ઊંચે આસને બેઠો છે. રાજાઓ અને સમ્રાટો ઇતિહાસનાં પાનાં ઉપરથી ભૂંસાઈ જશે, સામાજિક જીવનમાં વૈભવો અને સિદ્ધિઓ પણ ભૂંસાઈ જશે, પરંતુ નિરંતર સૌંદર્યનો આનંદ આપતી કલાકૃતિઓ અમર રહેશે. સાંચીના સ્તૂપનું સ્થાપત્ય, અજન્તાની ચિત્રકલા, તાજમહેલનું બારીક નકશીકામ, પંડિત ઓમકારનાથનું સંગીત કે બીરજુ મહારાજનું કથક નૃત્ય આપણને સૌંદર્યની દુનિયામાં લઈ જઈ અલૌકિક આનંદ આપે છે. ભારતીય શાસ્ત્રકારો માને છે કે કલા એ ભોગવિલાસનું સાધન નહીં, પરંતુ પરમાનંદમાં લીન થવાનું સાધન છે. કલાની ઉપાસના એટલે જ सत्यम्, शिवम् અને सुंदरम् ની ઉપાસના.

'કલા શબ્દ સંસ્કૃત ધાતુ कल् - કળવું, પામવું, જાણવું ઉપરથી બન્યો છે. સંસ્કૃતકોશોમાં તેની વ્યુત્પત્તિ कल्पति, कलते : कल्पते ज्ञायते वा इति कला એટલે કે જાણે છે, જાણી શકાય છે તે કલા. આમ, ભારતીય પરંપરામાં 'કલા' શબ્દનો અર્થ 'જ્ઞાન' અથવા 'જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન' એવો થાય છે. અંગ્રેજી ભાષામાં કલા માટે વપરાતો શબ્દ **Art** લૅટિન **Ars** સાથે સંબંધ ધરાવે છે અને તેનો અર્થ પણ 'શિક્ષણ મેળવવું', 'કેળવવું', 'જ્ઞાન પ્રાપ્ત કરવું' એવો થાય છે. કલા દ્વારા આપણે જીવનનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ.

દુનિયાની બધી સંસ્કૃતિઓમાં જ્ઞાન અને વિશેષ કરીને ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાન તથા કલાનું વિશેષ મહત્ત્વ સ્વીકારાયું છે. કલા સંસ્કૃતિના વારસાને સમૃદ્ધ કરે છે. પછી તે સ્થાપત્ય હોય, શિલ્પ હોય, ચિત્ર હોય, સંગીત હોય, કે નૃત્ય હોય. સાડીમાં જે સ્થાન પાલવનું છે, સંસ્કૃતિમાં એ સ્થાન કલાનું છે. સંસ્કૃતિની જેમ સભ્યતાના વિકાસમાં પણ કલાનું ખેડાણ અગત્યનો ભાગ ભજવે છે. કલાવિવેચકો કહે છે કે કલાના ખેડાણ વિના સભ્યતાની સિદ્ધિ અપૂર્ણ રહેવાની. હડપ્પા સભ્યતા ધરાવનાર પ્રજા લેખનકલા, ચિત્ર, શિલ્પ, નૃત્ય અને અન્ય કલાઓનું ખેડાણ કરવામાં કુશળ હતી.


પ્રકૃતિ એ ઈશ્વરી રચના છે. એ રચનામાં મનુષ્યનો પ્રત્યક્ષ યા પરોક્ષ, સહેતુક યા અહેતુક જરાયે ભાગ નથી. જ્યારે કલા એ માનવીય રચના છે. માનવે અંતઃસ્ફુરિત કામના કે દુરંદેશથી વિચાર કરી હેતુપૂર્વકનું જેમાં આયોજન કર્યું છે તે કલા. મનુષ્યની મનોકામના બે પ્રકારની હોય છે. એક, સાંસારિક જરૂરિયાત પૂરી પાડવાની એટલે કે ઐહિક જીવનને સુખ આપવાની એષણા. આ કાર્યકૌશલ **(applied) Art** કે **Crafts** દ્વારા સધાય છે. બીજા પ્રકારની એષણામાં તે પોતાના અંતરાત્માને સંતોષવા તરફ પ્રવૃત્ત થાય અને આ કાર્ય લલિતકલા **(Fine Arts)** દ્વારા સધાય છે.

ભારતીય સંસ્કૃતિ અને કલા પર પ્રાચીન કાળથી ગાઢ અસર કરનારાં કેટલાંક પરિબળો અસ્તિત્વ ધરાવે છે, જે પૈકી (૧) ભૌગોલિક **(Geographical)**, (૨) જલવાયુક **(Climatic)**, (૩) જાતિજનિત **(Racial)** મુખ્ય છે. આ ઉપરાંત ધર્મ એ સંસ્કૃતિ અને કલાના વિકાસનું એક મહત્ત્વનું પરિબળ હોઈ ભારતીય કલાના વિકાસના વિવિધ વર્ગોમાં ધર્મ-સંપ્રદાયોએ અગ્રિમ ભાગ ભજવ્યો છે.



હડપ્પા, મોહેં-જો-દડોનાં શિલ્પો

ભારતીય કલાનાં મૂલ્યો મુખ્યત્વે ધર્મ,



મૌર્યકાલીન શિલ્પો

સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાન પર નિર્ભર છે. હિંદુ ધર્મ વિશ્વને વિશ્વનિયંતાનું પરમ પરિસ્ફુરણ માને છે. ભારતીય કલામાં પરિસ્ફુરણનો આ દિવ્ય અંશ દેખાય છે. મોક્ષપ્રાપ્તિ એ ભારતીય જનનો અંતિમ આદર્શ છે. આ ધાર્મિક દૃષ્ટિબિંદુ પર ભારતીય કલા નિર્ભર છે. ધર્મની માફક કલામાં પણ ધ્યાનનું મહત્ત્વ સ્વીકારાયું છે.

ભારતીય કલાનું હાર્દ તેના વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થમાં સવિશેષ રહેલું છે. ગ્રીક કલામાં ભૌતિક શારીરિક સૌંદર્યની પરિપૂર્ણતાનું પ્રાકટ્ય પ્રાધાન્ય ભોગવે છે, પણ ભારતીય કલાને તો આત્મિક સૌંદર્યના પ્રાકટ્ય સાથે જ નિસબત છે. આ તત્ત્વ જ ભારતીય કલા, ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં એકસરખી રીતે નિષ્પન્ન થાય છે. ભારતીય કલાનાં તમામ પ્રતીકો લોકમાનસમાં રૂઢ થઈ ગયેલાં આત્મિક સૌંદર્યની નિષ્પતિ સાથે સંબંધ ધરાવે છે.

ભારતીય કલા બહુધા ઈશ્વરપરક એટલે કે ઈશ્વર પરની આસ્થાને પ્રકટ કરનારી તથા પૌરોહિત પરંપરાને અનુસરનારી છે. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક જગતને નિયંત્રિત કરનારાં પરિબળ પર બ્રહ્મનો આવિર્ભાવ કરવો એ ભારતીય કલાનો પ્રધાન હેતુ છે. આ પરમતત્ત્વ પ્રગટ કરવા કલાનો દરેક અંશ મથે છે.

'Indian art may, in a general way, be described as theological, hierartic as perhaps best of all, as traditional.'

-(Benzamin Holland)

જીવનના દરેક ક્ષેત્રમાં ધર્મનું સ્થાન ભારતમાં સવિશેષ છે. કલાનું ક્ષેત્ર પણ તેનાથી




સિંહસ્તંભશીર્ષ - સારનાથ

વંચિત રહ્યું નથી. તેથી જ કલાકાર પોતાના સર્જનમાં જીવનના પરમ આનંદનો અનુભવ કરે છે. પ્રતિમાનિર્માણની કલા કલાકાર માટે મોક્ષપ્રદ છે તેમ ભારતીય કલાના સિદ્ધાંતો નિરૂપે છે. આથી ભારતીય કલાકારની પ્રતિભા કેવળ આંતરમુખી ન



ગજલક્ષ્મી, બોધગયા



રહેતાં સર્વજન હિતાયના સિદ્ધાંતને પ્રસ્ફુટ કરતી બહુમુખી બને છે. પ્રતિભા વિષયક એના જ્ઞાન અને તાલીમ પૌરોહિત પરંપરાને આભારી છે. એ એની આગવી સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર પ્રજામાનસના વિકાસની એ દેન છે. ભારતીય કલાકાર પ્રકૃતિનું અનુકરણ નથી કરતો પરંતુ પ્રતીકો દ્વારા પ્રકૃતિનાં સ્વાભાવિક પરિબળોનાં આલેખનો કરી ભારતીય જનમાનસને એ અનુરૂપ અર્થ યા વ્યંજના પ્રકટ કરે છે.

ભારતીય કલાકાર પ્રતિમા-નિર્માણની બાબતમાં પ્રતિમાના શારીરિક બાહ્ય સૌંદર્ય પર ધ્યાન આપતો નથી, પરંતુ પ્રતિમાના આત્મિક સૌંદર્ય, પ્રસન્નતા, ગાંભીર્ય અને શક્તિ કે પ્રાસાદિકતાના ભાવ વ્યક્ત થાય છે કે નહિ તે પર લક્ષ આપે છે. આથી જ મનુષ્યદેહી દેવોનું આલેખન નિર્માતાની નજરે પ્રતિમા-વિધાનના



વેદિકાસ્તંભની નારીઓ, મથુરા

સિદ્ધાંતને અનુસરે એ ઘણું મહત્ત્વનું ગણાતું નથી, પણ તેનામાં દેવત્વ અને પારલૌકિક ચિત્ર પોતાને અભિપ્રેત કલ્પનાજગત દ્વારા પરમ સત્યના એક યા બીજા પાસાને સૌંદર્ય સંપન્નતા પ્રકટે છે કે કેમ તે જોવાય છે. આ દેવત્વ અને પરલૌકિકતાના પ્રાકટ્ય અર્થે દેવોના આલેખનમાં તેમને ઘણાં શિર કે હસ્તવાળાં બતાવવામાં આવે છે. પ્રજામાનસમાં રૂઢ થઈ ગયેલા કલા-સંસ્કારોનું અહીં નિરૂપણ થતું જોવામાં આવે છે. આમ, ભારતીય કલા પ્રતીકો દ્વારા પોતાના હાર્દને પ્રગટ કરે છે.



માયાદેવીનું સ્વપ્ન -ભરહુત

નિલગિરિહાથીની શરણાગતિ -અમરાવતી

પાશ્ચાત્ય વિચારસરણીની માફક ભારતીય કલા 'કલા ખાતર કલા'ના સિદ્ધાંતને ધર્માભિમુખતાને કારણે સ્વીકારતી નથી, અહીં કલાને ધર્મ અનુસરે છે, અને ધાર્મિક અનુદાતા પ્રમાણે, અનુજ્ઞાઓ પ્રમાણે, તેનું સર્જન થાય છે. આથી જ શિલ્પગ્રંથોના નિયત સિદ્ધાંત સ્થાપત્ય, શિલ્પ, ચિત્રાદિ કલાઓમાં અનુસરતા જોવા મળે છે. પણ શાસ્ત્રીય સિદ્ધાંતોનું માત્ર અનુકરણ એ ભારતીય કલાનો પ્રાણ નથી તે ભારતીય કલાકારો સારી રીતે જાણતા. પરિણામે તેમણે કલામાં માનવીય પ્રકૃતિ તેમજ પ્રાકૃતિક પરિબળોનાં અનુકરણયુક્ત આલેખનો નથી કર્યાં પણ પ્રતિકૂળ વૃત્તિઓનો વિરોધ કરી પ્રકૃતિના અંતસ્તત્ત્વને પ્રસ્ફુટ કર્યું છે. અહીં કલાપ્રવૃત્તિના રહસ્યને છતું કરવામાં આવે છે. મનુષ્ય સ્વભાવને સમજી લઈ તેના અંતઃરંગ રહસ્યને બહાર લાવવામાં જ કલાની ખરી સાર્થકતા રહેલી છે. બાહ્ય ઈન્દ્રિયો વડે આપણે જે જોઈએ છીએ તે ખરું દર્શન નથી, આંતરદર્શન એજ કલાનું ખરું દર્શન છે. ભારતીય કલાકાર ચર્મચક્ષુ કરતાં માનસચક્ષુ દ્વારા વધુ કામ કરે છે, પરિણામે શાસ્ત્રીય સિદ્ધાંતોનું અનુકરણ તેમનું લક્ષ્ય બનતું નથી. તે તો એકમાત્ર સાધન તરીકે ઉપયોગમાં લેવાય છે.



બુદ્ધ મસ્તક - ગંધાર

બુદ્ધ - ગંધાર

સુશોભન - ગંધાર

શુકક્રિડા - ગંધાર

શિલ્પ પોતે એક આગવી કલા છે એ વાત પણ ઈતિહાસ દ્વારા સિદ્ધ થાય છે. એક રીતે એમ કહેવાય કે રાષ્ટ્રની સંસ્કાર-સમૃદ્ધિ સાચા અર્થમાં વ્યક્ત થાય છે, કારણ કે પ્રતિભાશાળી જીવોએ નક્કર સ્વરૂપમાં લાંબો વખત ટકી રહે તેવાં સાધનો વડે પોતાના ભાવો વ્યક્ત કરવાનું કામ તેમાં કર્યું છે.

શિલ્પ શબ્દ વેદોમાં વાસ્તુશબ્દની જેમ વપરાયેલો છે, ત્યાં તેનો વિશેષણ તરીકે વિવિધતાવાળું એવો અર્થ થાય છે. નામ તરીકે વિવિધતાવાળો આકાર વિભૂષણ વગેરે અર્થો થાય છે. નિઘણ્ટુ (અ. ૨,૧)માં શિલ્પ ૨૬ કર્મ નામોમાં ૩, ૭માં ૧૬ રૂપ નામોમાં ગણાવ્યું છે. શિલ્પના આ બે અર્થો ઉપરૂપી રૂપ અને રૂપ ઘડવાની ક્રિયા કે કલા અર્થો પ્રચારમાં આવ્યા છે. ઐતરેય બ્રાહ્મણમાં શિલ્પોના ઉલ્લેખ છે. આ શિલ્પોની અનુકૃતિને અહીંયાં (માનવલોકમાં) સમજવાનું છે. હાથી, કાંસું (કાંસાનું દર્પણ), વસ્ત્ર, સોનું (સોનાનાં ઘરેણાં), અશ્વતરી રથ (ખચ્ચરગાડી) શિલ્પ છે. (અ. ૩૦ ખ. ૧, ૫, ૭૬૪)

આ કણ્ડિકાનું ભાષ્ય કરતા સાયણાચાર્ય કહે છે : शिल्पशब्दाश्चर्य कृरं कर्म ब्रूते । શિલ્પ શબ્દ આશ્ચર્ય કર્મ સૂચવે છે. તે શિલ્પ બે પ્રકારનું છે. દેવ શિલ્પ અને માનુષ શિલ્પ. આ



બોધિસત્વ - સારનાથ

બુદ્ધ - કટારા

દેવ શિલ્પોની અનકૃતિસદશ રૂપ મનુષ્યલોકમાં ઓળખાય છે.

ઐતરેય બ્રાહ્મણના આ ઉલ્લેખમાં મૂર્તિ દર્પણ, વસ્ત્ર, ઘરેણાં અને રથ આદિ ઘાટની કળાઓ માટે શિલ્પ શબ્દ વપરાયો છે.

કૌશિતકી બ્રાહ્મણ (૨૯-૫)માં શિલ્પને ત્રણ પ્રકારનું કહી તેમાં નૃત્ય, ગીત અને વાદિત ગણાવ્યાં છે.

આમ, વેદ-સાહિત્યના બ્રાહ્મણ ભાગમાં શિલ્પ શબ્દ ઘાટની તેમજ સ્વર તથા ગતિની કલાઓ માટે વપરાયો છે. અર્થાત્ પ્રાચીનકાળથી શિલ્પ શબ્દ બધી કલાઓ માટે વપરાયો છે.

શિલ્પ એ ઘાટ આપનારી કલા છે, જેનું કામ ઘનરૂપમાં કુદરતી પદાર્થો અને મુખ્યત્વે માનવશરીરની અનુકૃતિથી ભાવ વ્યક્ત કરવાનું અને ઉત્તેજવાનું છે. આ પુનઃસર્જન તે અનુકાર્ય પદાર્થના ત્રણ પરિમાણો (લંબાઈ, પહોળાઈ અને જાડાઈ)માં તેમના વાસ્તવિક પ્રમાણો દ્વારા કરે, અગર ફક્ત બે પરિમાણોમાં લંબાઈ, અને પહોળાઈમાં અને ત્રીજા પરિમાણ ગહરાઈ અથવા જાડાઈનાં અપચય સાથેનાં પ્રમાણોમાં કરે છે.



આયાગપટ્ટ અને એકમુખ શિવલિંગ - મથુરા



બુદ્ધ - સારનાથ

બુદ્ધ - મથુરા

આ પ્રમાણે ઘડેલી મૂર્તિઓ બે પ્રકારની હોય છે. એક આખી ઘન હોય અને બીજી અંશતઃ ઘન હોય છે. શિલ્પો બે પ્રકારનાં થતાં. આ બંને પ્રકારના નમૂનાઓ ભારત-માં શિલ્પાવશેષો-માં મોજૂદ છે. એક પ્રકારમાં સમગ્ર બાજુઓથી મૂર્તિને ઘડવામાં આવતી, જેની ચારે બાજુએ ફરી શકાય. મૂર્તિઓમાં શરીરના આગળના અને પાછળના ભાગો, વસ્ત્રો કે અલંકારો સહિત જે કાંઈ હોય તે વિગતથી ઘડવામાં આવતા. આને અંગ્રેજીમાં Sculpture in round કહે છે. બીજા પ્રકારમાં આગળ-પાછળ પૂરેપૂરી ન ઘડતાં જેટલો ભાગ બતાવવાનો હોય તેટલો જ ઘડાતો. આ પ્રકારમાં કેટલીક વખત મૂર્તિ અડધાથી વધારે ઉપસાવવામાં આવતી, તો કેટલીક વખત અડધા જેટલી અથવા તેથી ઓછી ઉપસાવવામાં આવતી. આ બીજો પ્રકાર Sculpture in relief ના નામથી અંગ્રેજીમાં ઓળખાય છે.

ભારતમાં શિલ્પના ઈતિહાસ તથા વિકાસને સમજવા માટે આ બંને પ્રકારને ધ્યાનમાં લેવા પડશે. જો કે વધારે પ્રમાણ ઉપસાવેલાં શિલ્પોનું છે અને તેથી સ્તૂપ, ચૈત્ય, વિહાર અને મંદિરમાં જે શિલ્પો રચવામાં આવ્યાં છે તે દ્વારા જ આ અભ્યાસ કરવાનું પ્રાપ્ત થાય છે.

માટી, લાકડું, પથ્થર, ધાતુ અને હાથીદાંત આદિ નક્કર કે ઘન પદાર્થોનો શિલ્પ માટે ઉપયોગ થતો. જે પદાર્થો જ્યાં સુલભ હોય ત્યાં તેનો શિલ્પ બનાવવા માટે ઉપયોગ થાય તે સ્વાભાવિક છે. આ ઉપરથી અમુક શિલ્પ ક્યાંનું હશે તેની અટકળ પણ કરી શકાય



વિશ્વરૂપ વિષ્ણુ - કનોજ

છે. જુદા જુદા યુગમાં ક્યા ક્યા પદાર્થો વપરાતા તેનો નિર્દેશ મેળવી શકાય છે.

ભારતમાં સૌથી જૂનામાં જૂનું શિલ્પ સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી મળી આવ્યું છે. સિંધુ ખીણની નગરસંસ્કૃતિ ઈ.સ.પૂ. ત્રીજી સહસ્રાબ્દીની ગણાય. ત્યાર પછીની આશરે ૨૦૦૦ વરસની તૂટ શિલ્પપરંપરામાં જણાય છે. કારણ તે સમયના શિલ્પાવશેષો પ્રાપ્ય થયાં નથી, જો કે આ સમયના બ્રાહ્મણ ધર્મની મૂર્તિઓનાં વર્ણનો વેદમાં તેમજ મહાકાવ્યના સાહિત્યમાં મળી આવે છે. આમ, સાહિત્ય દ્વારા બે હજાર વર્ષનો ગાળો પૂરી શકાય છે. પરંતુ આ સમયની કોઈ પણ પ્રકારની શિલ્પાકૃતિ મળી નથી.



સૂર્ય - કોણારક

ઈ.સ.પૂ. ૩૨૨માં ચંદ્રગુપ્તે મૌર્ય સામ્રાજ્ય સ્થાપ્યું. આ સમય ભારતના પાષણશિલ્પનો સૌથી જૂનો ઐતિહાસિક યુગ બને છે. મૌર્ય સમય (ઈ.સ. પૂ. ૩૨૨-૧૮૫)માં પારખમ (મથુરા) અને પટણામાંથી મળેલી યક્ષની મૂર્તિ તેમજ એક જ પથ્થરમાંથી ઘડેલા થાંભલાઓ કે જેની ટોચ પશુની આકૃતિઓથી શોભે છે વગેરે મળી આવ્યા છે. આ બધા અવશેષો મૌર્યકાલીન માનવામાં આવે છે.

ત્યાર પછીનો ગાળો ઈ.સ.પૂ. બીજો-પહેલો સૈકો શુંગો અને તેમના ઉત્તરાધિકારીઓનો છે. આ સમયના ભારહુત અને સાંચીના કઠેડા અને તોરણદ્વારો પ્રાપ્ત થયા છે. ઈ.સ.ના પહેલા અને બીજા સૈકામાં એટલે કે કુશાન રાજાઓના સમયમાં ગાંધાર શૈલીનો ઉદ્‌ભવ થયો. આ સમય મથુરામાં શિલ્પની સ્થાનિક શૈલીનો સુવર્ણયુગ હતો. આ સ્થાનિક શૈલીમાં સૌપ્રથમ બુદ્ધની મૂર્તિઓ નજરે પડે છે. શિલ્પાકૃતિથી લાદેલા સંગેમરમરના અમરાવતી અને નાગાર્જુનીકોંડાના મહાન સ્તૂપો ઈ.સ.ના ૧૫૦ થી ૩૦૦ના ગાળામાં બનેલા હતા.



પત્રલેખા - ખજુરાહો

ભારતના ઈતિહાસમાં ગુપ્તસમ્રાટોનો સમય (૪થો-૫મો સૈકો) સુવર્ણયુગ તરીકે પંકાયેલો છે. આ યુગમાં મથુરા, સારનાથ, દેવગઢ, ઉદયગિરિ ભુમરા, ભીતરગાંવ, અજંતા વગેરે કલા અને શિલ્પનાં બેનમૂન કેન્દ્રો હતાં.



બુદ્ધ - સુલતાનગંજ

મધ્યયુગના પૂર્વકાલીન શિલ્પોનાં ચાર મુખ્ય કેન્દ્રો હતાં — જેવાં કે (૧) બાદામી અને ઐહોલની ચાલુક્ય ઈમારતો (ઈ.સ. ૫૫૦-૬૪૨), (૨) કાંચીના પલ્લવો (ઈ.સ. ૬૦૦-૭૦૦)ના આશ્રયે મહાબલિપુરમમાં કોરાયેલાં ખડકમંદિરો અને શિલ્પો (૩) રાષ્ટ્રકૂટો (આઠમો-નવમો સૈકો)ના સમય દરમ્યાન ઈલોરા અને એલિફન્ટામાં શિવનાં કંડારેલાં ગુફા-મંદિરો અને (૪) પાલ રાજાઓ (ઈ.સ. ૭૫૦-૧૦૦૦)ના સમય દરમ્યાન બંગાળનાં મહાયાન બૌદ્ધ શિલ્પો.

મધ્યયુગના ઉત્તરકાલીન (નવમાંથી બારમા સૈકા) બાંધકામવાળાં ઈમારતી મંદિરોએ વિકાસ કરીને મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આ સમયના મંદિર સ્થાપત્યમાં ગૂઢ પ્રતીકો અને સુશોભનોનું મિશ્રણ સ્થાન પામેલું જણાય છે. શિલ્પની દૃષ્ટિએ ઉપસાવીને કોરેલા પથ્થરો, અલંકૃત સુશોભન અને ભવ્ય આકૃતિઓથી આ યુગ નોંધપાત્ર હતો. પરિણામે ગોળ ફરતી ઘડાતી શિલ્પની મૂર્તિઓનું સ્થાન કંઈક ઓછું થયું અને ઉપસાવીને કરેલાં શિલ્પો મંદિરસ્થાપત્યને આધિન થયાં.

ચંદેલ (ઈ.સ. ૧૧૦૦)ની કલામય ઈમારતો બુંદેલખંડમાં ખજુરાહોનાં ભવ્ય મંદિરો છે. આ મંદિરોમાં શિલ્પો વધારે પડતાં લાદેલાં છે. આ શિલ્પોમાં રજૂ કરાયેલા ભોગાસનોના કઠિન આસનોમાં કારીગરોની નિપુણતા જોઈ શકાય છે.



ચામરધારિણી-અકોટા,વડોદરા

ભુવનેશ્વરનાં મંદિરો (ઈ.સ.

૧૧૦૦) અને કોણાર્કનું સૂર્યમંદિર (તેરમો સૈકો) શિલ્પાકૃતિનું વૈવિધ્ય બતાવે છે. તેમાં રજૂ કરાયેલી પશુ અને માનવની સુશોભનની અસંખ્ય આકૃતિઓથી આ મંદિરો સમૃદ્ધ બનેલાં છે. સોલંકી રાજાઓના રાજ્યકાળ (દસથી બારમા સૈકા) દરમ્યાન ગિરિરાજ આબુ, ગિરનાર અને શત્રુંજયમાં જૈન મંદિરો બંધાયાં હતાં. આ મંદિરોએ શિલ્પાકૃતિઓને કારણે સ્થાપત્યકલાના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ રીતે શિલ્પ અને સ્થાપત્ય એકબીજાની સાથે વણાઈ ગયેલાં છે.

દક્ષિણ ભારતમાં આવેલું તાંજોર મંદિરનિર્માણનું મહાન કેન્દ્ર હતું. દક્ષિણ ભારતના ચોળોના પરોપકારશીલ મહાન રાજરાજ (ઈ.સ. ૯૮૫-૧૦૧૮) અને તેના પુત્ર રાજેન્દ્ર (ઈ.સ. ૧૦૧૮ - ૧૦૩૫)ના અમલ દરમિયાન મંદિર-સ્થાપત્ય પરાકાષ્ઠાએ પહોંચ્યું. મંદિર-સ્થાપત્યની સાથે સાથે શિલ્પ પણ ભવ્ય અને અસરકારક બન્યું. આ રીતે શિલ્પ પણ મંદિરના એક અંગ તરીકે અસ્તિત્વમાં આવ્યું. આ સમયમાં મહાકાય મૂર્તિઓ બનાવવાની ઘેલછા પણ નજરે પડે છે, જેમ કે મૈસુરના શ્રવણબેલ્ગોલામાં ગોમટેશ્વરની જૈન મૂર્તિ ૫૭ ફૂટ ઊંચી છે. જગતમાં આના જેવી એકલી અટૂલી ઊભેલી મહાકાય મૂર્તિ બીજે ક્યાંય હોય એવું જાણમાં નથી. આ મૂર્તિ એક જ નક્કર ખડકમાંથી કોરી કાઢેલી છે. એનો સમય ઈ.સ. ૯૮૩માં આવે છે. પહેલા હોયશલા રાજા વિષ્ણુવર્ધન (ઈ.સ. ૧૧૧૧-૧૧૪૧) ના આશ્રયે બેલૂર અને હબેબીડમાં મંદિરો બંધાયાં. આ મંદિરમાં હિંદુ દેવદેવીઓની મૂર્તિઓ વિપુલ પ્રમાણમાં છે. મંદિરોની શૈલી અલંકૃત છે. ધાતુમાં કરાતા કોતરકામ જેવું કોતરકામ આ મંદિરમાં પથ્થરમાં થયેલું છે. ભારતીય શિલ્પસમૃદ્ધિનો આ છેલ્લો ઝળહળતો દીપક જણાય છે.

ઈ.સ. ૧૩૦૦થી ભારતીય શિલ્પે પોતાનો પ્રભાવ ગુમાવ્યો. રોજિંદા વપરાશની જરૂરિયાતો ઘડવા માટેની કારીગરી શરૂ થઈ. પરિણામે ઉમદા કલા નીચી કક્ષાએ ઊતરવા લાગી.

ભારતીય શિલ્પનો ઈતિહાસ તપાસીએ તો તેમાં વિવિધ વિષયો આવરી લેવાયેલા જોઈ શકાય છે. આ બધા વિષયોનું વર્ગીકરણ કરતાં આ શિલ્પો મુખ્ય ચાર ધાર્મિક વિભાગમાં વહેંચી શકાય છે. પહેલા વિભાગમાં બૌદ્ધકથા, બીજા વિભાગમાં બ્રાહ્મણ દેવદેવીઓની પૌરાણિક કથાનાં દશ્યો, ત્રીજા વિભાગમાં જૈન પરંપરાના વિષયો અને ચોથામાં સર્વસાધારાણ સુશોભિત આકૃતિઓ અને તેમનાં પ્રતીકો મૂકી શકાય.

પ્રાચીન ભારતીય શિલ્પમાં બુદ્ધની જીવનકથાએ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ધાર્મિક ઈતિહાસ તરીકે વિચારીએ તો પણ બૌદ્ધ ઈમારતોમાં કલા તરીકે બૌદ્ધજીવનકથાઓએ જે સ્થાન લોકોનાં હાર્દમાં ભક્તિભાવથી ઉત્પન્ન કર્યું છે અને જે કથાઓ આટલી લોકપ્રિય થઈ છે તેટલી બીજા કોઈ સંપ્રદાયની કથાઓ શિલ્પમાં આકાર પામી નથી. આવી બૌદ્ધ ઈમારતો દક્ષિણ અને ઉત્તર ભારતમાં જોઈ શકાય છે.



નટરાજ - મદ્રાસ મ્યુઝિઅમ

સૌથી પ્રાચીન બૌદ્ધકલા સમ્રાટ અશોકના રાજ્યકાળ દરમિયાન જણાય છે. આ સમયના અસ્તિત્વવાળા સુંદર કલામય અવશેષોમાં નોંધપાત્ર સ્તંભો અને તેના ઉપરની શિલ્પાકૃતિઓ ભારતીય કલાની શૈલીમાં અને ભારતીય કલાના ઈતિહાસમાં નિરાળી ભાત પાડે છે.

ઈ.સ. પૂ. ૨૦૦માં મહાન સ્તૂપોના અલંકાર રૂપ તોરણ દ્વારો અને ભવ્ય અસર ઉપજાવે તેવા કઠેડાઓ બનાવવાનું પ્રચારવામાં આવ્યું. આ યુગના ગણનાપાત્ર કઠેડાઓ મધ્યભારતમાં આવેલા ભારહુત અને સાંચીના છે. કલકત્તાના ઈન્ડિયન મ્યૂઝીઅમમાં ભારહુતના કઠેડાના મળી આવેલા અવશેષોને વ્યવસ્થિત કઠેડાના સ્વરૂપમાં ઊભા કરવામાં આવ્યા છે. આ કઠેડાના શિલ્પના વિષયોમાં મુખ્યત્વે બુદ્ધના છેલ્લા જીવનપ્રસંગો અને પૂર્વજીવનની જાતકકથાઓ રજૂઆત પામેલી છે, આ જાતકકથાઓ જાતકોના પાલી ગ્રંથોમાં નોંધાયેલી છે.

છતાં પણ આ કલાનું મુખ્ય લક્ષણ લોકસંપ્રદાયના યક્ષ-યક્ષિણી, જંગલના સ્થાનિક ઈષ્ટદેવતા, ગ્રામ્યજીવન, વૃક્ષદેવતા અને નાગનાગિણીઓને આપેલા સ્થાનમાં જોઈ શકાય છે. આ લોક સંપ્રદાયની પ્રેરણા ભારતીની ભૂમિમાં રહેલી છે. આ સંપ્રદાયને કલા દ્વારા રજૂ કરીને લોકમાનસને મૂર્ત સ્વરૂપ નજરે પડે છે. કલાની સીધી અસર તેની રજૂઆતમાં છે. કેટલાકના મતે આ લોકકલા પ્રાકૃત કક્ષાની છે છતાં પણ આ રજૂઆતમાં ધારી અસર કલા ઉપજાવી શકે છે. વ્યક્ત કરાયેલાં દશ્યો બુદ્ધાવસ્થા પહેલાંની બુદ્ધની દશા બતાવે છે. પાછળથી કલાકારોએ બુદ્ધને સંપૂર્ણ માનવ તરીકે નિહાળ્યા છે અને તે જ અસર આખા વાતાવરણને ભરી દે છે. પરંતુ બુદ્ધનો માનવદેહ કે માનવશરીરનું અસ્તિત્વ પ્રતીકથી રજૂ કરવામાં આવેલું છે. પ્રાચીન બૌદ્ધને માનવદેહમાં કદી રજૂ કરવામાં આવ્યા નથી. ભારહુત, સાંચી અને બોધગયા આવી પ્રતીકકલાના ખાસ નમૂનાઓ છે. ❑

પર્જન્ય ક્યાં!

પ્રફુલ્લ રાવલ

હવે એ થાકી ગઈ હતી - એકલતાથી, એકાકી જીવનથી. પણ...

જ્યારે એનું ઘર ભર્યુંભર્યું હતું ત્યારે એ સતત એકાન્ત શોધતી, એકલતા શોધતી. ઘોંઘાટ એને વાગતો એટલે એ મેડે જતી રહેતી. ધીમું ધીમું ટેપ વગાડતી કે કશુંક વાંચતી. એને માણસનો કંટાળો આવતો હતો. અવાજ એના માટે પ્રદૂષણ હતો. સહુ વાતો કરતાં તો ય તે મૂક બેસી રહેતી. સાવ મૌન. ચહેરા પર કોઈ ભાવ જ ન દેખાય. સ્થિતપ્રજ્ઞ જેમ બેસી રહેતી. ક્યારેક તો એ એની બહેનને કહેતી, 'તમે લોકો વાત કર્યા વગર રહી શકતાં નથી? તમને બોલવાનો થાક નથી લાગતો?' સામે સણસણતો જવાબ અથડાતો : 'તું તારે બોલ્યા વગર એકલી બેસી રહેને! તને બોલવાનું કોણ કહે છે?' બન્ને વચ્ચે ચકમક ઝરતી અને એ તરત ઊભી થઈ મેડે જતી રહેતી. ક્યારેક તો ખરા બપોરે અગાશી પર પહોંચી જતી. એને તડકો જોવો ગમતો હતો. ક્યાંય લગી તે તડકાને તાકી રહેતી. તાપ વધે ત્યારે પાછી ખંડમાં આવીને તીખો તડકો જોતી. ક્યારેક સાંજના ઢળતા તડકે ઊભી રહેતી અને પોતાનો લાંબો પડછાયો જોતી રહેતી. એનું ઘર મહોલ્લામાં સહુથી ઊંચું હતું. એ અગાશીમાં ઊભી ઊભી આકાશ જોતી રહેતી. આકાશ પણ એના જેવું એકલું હતું. દૂર લગી એની નજર ફરતી રહેતી. નાનાં-મોટાં છાપરાં દેખાતાં - કોઈક નળિયાંવાળું, તો કોઈક પતરાંવાળું. કોઈકને અગાશી હોય તો કોઈકને ઢળતું છાપરું. ક્યારેક એ સામેના ઢળતા છાપરે નાનો કાંકરીનો ઘા કરતી અને કાંકરી રગડતી નીચે જતી. રગડતી કાંકરી જોવામાં એને આનંદ આવતો. વારંવાર નાની કાંકરી ફેંકતી રહેતી. નળિયાંવાળાં છાપરાંમાં કાંકરીનો ઘા કરતી તો કાંકરી બે નળિયાં વચ્ચે અટવાઈ જતી. પછી એ પોતાની કાંકરીને શોધતી. પણ એ કાંકરી એને દેખાતી નહીં. કાંકરી શોધતાં શોધતાં એ પોતે ક્યાંક ખોવાઈ જતી. અવકાશમાં એને એક ચહેરો દેખાતો. આંખ પટપટાવતી તો ચહેરો ગાયબ થઈ જતો. વળી, ઊપસી આવતો.

ચોમાસામાં એને અગાશીમાં ઊભા રહીને ન્હાવું ગમતું. ન્હાતાં ન્હાતાં એ વરસાદનાં ફોરાંમાં પોતાનો ચહેરો શોધતી રહેતી. ઢાળવાળાં છાપરાં પરથી દડતું પાણી એ જોતી રહેતી. ક્યારેક છાપરાં પર વાંદરાં દોડતાં, તો ક્યારેક ખિસકોલી દોડતી.

ભાદરવા મહિનાના શ્રાદ્ધના દિવસો દરમિયાન એને કાગડા જોવાનું કૌતુક થતું. કાળાં કાગડા-કાગડી એ જોતી રહેતી. પણ કાગડાના કર્કશ અવાજથી એ ખિન્ન થઈ જતી. કાગડા પણ મૌન જ હોવા જોઈએ. છતાંય કાગડા પ્રત્યે એને અનુરાગ રહેતો. પણ માણસની એને ભારે સૂગ હતી. માણસની ગંધથી એ આકળ-વિકળ થઈ જતી.

ઉત્તરાયણના દિવસોમાં સહુ અગાશી ઉપર હોય ત્યારે એ નીચેના માળના છેલ્લા ઓરડાના પલંગ પર સૂતી સૂતી વાંચતી કે પછી સૂઈ જતી. એ ન સમજાય તેમ વર્તતી અને એમ જ પોતાનું જીવન જીવતી. એને હીંચકો ખૂબ વહાલો હતો. એ હીંચકા પર એકલી બેસી રહેતી. ક્યારેક ઠેસ મારીને જોરથી હીંચકો ખાતી, તો ક્યારેક સાવ ધીમો. હીંચકા પર પણ એને એકલું જ બેસવું પ્રિય હતું. કોઈને ન બેસવા દે. માત્ર હીંચકાનો કિચૂડ કિચૂડ અવાજ એના ચિત્તને પ્રસન્ન કરતો. એ હીંચકા ખાતી ખાતી સિનેમાનાં ગીતો ગાતી રહેતી. પણ વચ્ચે વળી એ મનથી ક્યાંક સ્થળાંતરિત થઈ જતી.

સહુને એનો સ્વભાવ ન ગમતો. સાવ અતડો સ્વભાવ! તોછડો પણ ખરો. માત્ર આત્મકેન્દ્રી. એના વિચારવર્તુળમાં એનું પોતાનું જ સામ્રાજ્ય છવાયેલું રહેતું. કોઈક એને એના સ્વભાવ વિશે કહેતું તો એ મોઢે એવું ચોપડાવતી કે પછી એને કોઈ વતાવતું જ નહીં.

એ પંદર વર્ષની થઈ ત્યારે એના કિલ્લોલતા સંયુક્ત કુટુમ્બમાં અચાનક એક તિરાડ પડી. નાની અમથી વાતમાં એના મોટા ભાઈ જુદા રહેવા ગયા. થોડા દિવસ તો સહુનાં મન ઊંચાં રહ્યાં. સહુ અજંપો અનુભવતાં હતાં ત્યારે એને થયેલું કે 'હાશ, સાત તો ઓછા થયા!' હવે ઘરમાં ભીડ નહીં પડે. વળી, બે વર્ષ પછી વચેટ ભાઈએ અમદાવાદ સ્થિર થવાનું વિચારીને ગામ છોડ્યું ત્યારે એ મનોમન બબડી હતી - 'હવે બીજાં ચાર ઘટ્યાં.' છ મહિનામાં એની મોટી બહેન બેલા પરણી ગઈ. વળી એક સંખ્યા ઓછી થઈ. પણ એને જરાય અસર ન થઈ. ઘરમાં એકાદ વ્યક્તિ ન હોય તો શું થઈ જવાનું છે! એની બા ક્યારેક બેલાને યાદ કરીને રડતી ત્યારે એ સહેજ તોછડાઈથી કહેતી - 'એ એના ઘરે સુખી જ હશે, તું નકામી જીવ બાળે છે.' હવે ઘરમાં માત્ર પાંચ વ્યક્તિ હતી. નાનું છોકરું તો એકેય નહીં. શોરબકોર જરાય નહીં. માત્ર શાંતિ છવાયેલી રહેતી. એની બાને આ શાંતિ જાણે ડંખતી હતી! ઘરમાં તો ભીડ હોવી જ જોઈએ. ભીડ ન હોય તો ઘર શાનું ? પણ ક્રમશઃ ઘરની સભ્યસંખ્યા નાની થતી જતી હતી. એ આ પરિસ્થિતિને સહજ લેખતી તો વળી ભીતરથી આનંદ માણતી.

બીજે વર્ષે નાની બહેન સ્મિતા પરણી ગઈ. તો ય એણે કશું જ ન અનુભવ્યું. કોલાહલમાં ઘટાડો થતાં એ તો મનથી ખુશ થતી

રહેતી. એને પરણવાની જરાય ઇચ્છા નહોતી. એનું ય કારણ હતું તે દૂધ જેવી સફેદ હતી - કોઢને લીધે. પિતાએ ખૂબ પ્રયત્ન કર્યો તો ય ક્યાંય મેળ નહોતો પડતો. એને સંગની કોઈ મનીષા પણ નહોતી. ત્યાં સંગાથની તો વાત જ ક્યાંથી પ્રવેશે? એને પુરુષમાં રસ નહોતો. એનું વિજાતીય આકર્ષણ સાવ શુષ્ક હતું! છતાં ય વચેટ ભાઈએ એના માટે છોકરો શોધ્યો. ત્યારે એને અનિચ્છાએ પણ પરણવું પડ્યું. બાલિકા વધૂની જેમ એ પરણી ગઈ! જરાય ઉલ્લાસ નહીં, ઉમંગ નહીં. માત્ર પરણી ગઈ. પણ દામ્પત્યજીવન ટકાવવું એ એની રુચિમાં નહોતું, કેમ કે એને પુરુષની સૂગ હતી. ઇતર ઇચ્છા તો જરા ય નહીં એટલે પતિના કામુક વ્યવહારે ત્રાસી ગઈ ને પિયર દોડી આવી. જિદ્દી એવી કે પાછી ત્યાં ન જ ગઈ અને બની ગઈ ત્યક્તા. પણ એના પર જરાય અસર ન થઈ. માતા-પિતાએ ઘણું સમજાવી પણ એકની બે ન થઈ. ત્યારે એની બા હજુ જીવતી હતી. એમને એની ચિંતા કોરી ખાતી હતી. આ અતડી છોકરીને એ અવારનવાર સમજાવતાં, પરન્તુ એ વાત કાને ધરતી જ નહીં.

એનો નાનો ભાઈ પરણી ગયો. ઘરમાં નવી વ્યક્તિનું આગમન થયું. એ હતી બોલકી-વાતોડિયણ. પણ એ તો હતી એવી જ રહી. ઘરની સંખ્યા માત્ર પાંચની હતી. તો ય એને માણસની ગંધ ન પોષાતી. એ એની જ રીતે વર્તતી. એ અને એની એકલતા. એકાએક એની બા મરી ગઈ ત્યારે એ રડેલી ખરી, પણ એકલી પડી ગયાનો અહેસાસ એને થતો નહીં. પછી તો મોટા શહેરની હવા ભાઈને ખેંચી ગઈ અને ઘરમાં રહી માત્ર બે જ વ્યક્તિ - વિધુર પિતા અને એકાંતપ્રિય એ પોતે.

'કેવી શાંતિ થઈ ગઈ!' એ અરીસા સામે ઊભી ઊભી વાળ ઓળતાં ઓળતાં ઉત્સાહથી બોલી. એણે જાણે એકલતા મળ્યાનો મનમાં ઉત્સવ ઊજવ્યો. એણે સ્મિત કર્યું ત્યારે એનો ચહેરો સહેજ ગર્વિષ્ઠ બન્યો. માત્ર બે જ જણ ઘરમાં હોવાનો આનંદ એના રોમરોમમાં વ્યાપી ગયો. અરીસામાંનો એનો ચહેરો એણે જોયા કર્યો, ભાવથી જોયા કર્યો. એ એની આંખમાં બેઠેલા આનંદને પામતી રહી. આટલી બધી એકલતા વર્ષો પછી એને મળી હતી. એના અશક્ત પિતા વારંવાર એની સાથે વાત કરવા મથતા હતા-તલસતા હતા. પરંતુ એ બહુ થોડું બોલતી. બાકી એ ટેપ સાંભળતી. તે ય જૂનાં ગીતો. ક્યારેક ગઝલો સાંભળતી. તો ક્યારેક કોઈક નૉવેલ વાંચતી. ક્યારેક કવિતા વાંચતી રહેતી. પિતા બોલતા તો એને ચીડ ચડતી. ક્યારેક એ એમને છણકો કરતી, પણ પછી પસ્તાવો કરતી. જાતને કોષતી. એકલી એકલી રડતી. પોતાની લાગણીને એ આમ વ્યક્ત કરતી, પણ અન્યને એનો અહેસાસ જ કરાવતી. કોઈક લાગણી દર્શાવે તો પણ એ દૂર ભાગતી. વ્યવહાર એવો રુક્ષ કરતી કે કોઈ ભાગ્યે જ એના પ્રત્યે લાગણી દર્શાવતું. પિતા ઘણી વાર ભાવથી એની સાથે વાત કરતા, પરન્તુ એ જરાય પ્રતિભાવ ન આપતી. અધવચ્ચે જ વાત કાપી નાખતી. આ એની રીતિ હતી. કદાચ એણે એના 'હું'ને સતત પંપાળ્યા કર્યો હતો. એ જ 'હું' એને અત્યારે જાણે ડંખતો હતો - વીંછી ડંખે તેમ. છતાં ય એને ગમતું હતું. એનું કારણ હતું એની એકલતાપ્રીતિ. આ એકલતાને એણે પોતાની સંગી બનાવી હતી. એકાન્તમાં એ વિશેષ મહોરતી હતી. પણ એકાન્તમાં ક્યારેક એક ચહેરાનો એને આભાસ થતો. એની આભાથી એ અંજાઈ જતી. પરન્તુ એ ચહેરો કોનો છે એનો ખયાલ એને આવતો નહોતો. એકાન્તમાં ક્યારેક એ કોઈ વિચારમાં ખોવાઈ જતી ત્યારે એ ચહેરો ઉપસ્થિત થઈ જતો! ઘણી વાર એને પામવા મથતી પણ પામી શકતી નહીં. વળી, એ થોડી વારમાં એને ભૂલી જતી. પણ એનું સ્મરણ થતાં અજંપો એનો સાથી બની જતો.

અને એક સાંજે ફોનની ઘંટડી રણકી અને એણે જે અવાજ સાંભળ્યો તેથી પેલો અજંપો આપતાં ચહેરાની ઓળખ મળી ગઈ. એ દિવસે વાત સામાન્ય થઈ હતી, પરન્તુ બીજે દિવસે સાંજે એ જ સમયે ફરી ફોન આવ્યો ત્યારે પહેલી વાર જ એનું મન પ્રકંપિત થયું હતું. પછી તો પ્રત્યેક સાંજે એ ફોનની પ્રતીક્ષા કરતી થઈ ગઈ. આમ, એ પર્જન્યની બની ગઈ. પહેલી મુલાકાતે જ એ પર્જન્યથી ભીંજાઈ ગઈ અને એણે એકરાર કર્યો પોતે પામેલી ભીનાશનો. હવે જેવું એને એકાન્ત મળતું કે પર્જન્ય એના મનનો સ્વામી બની જતો. પછી એને પ્રિય એવું એકાન્ત એને કરડવા લાગ્યું હતું. પરિવર્તનનો પવન એને સ્પર્શી ગયો હતો. નવરાશની પળોમાં પર્જન્યના શબ્દોનું સ્મરણ એને મુગ્ધ કરતું. પર્જન્યના સ્પર્શના સ્મરણમાત્રથી એ પુલકિત થઈ જતી. એની આંખની દ્યુતિ એના અંગમાં નવો સંચાર ઊભો કરતી હતી. એની અનુરાગી દૃષ્ટિથી એ ભીંજાઈ જતી હતી. અધર પર સ્મિત પથરાઈ જતું! એ એને પોતાને ચાહતી થઈ ગઈ હતી. એ પર્જન્યને ઝંખતી રહેતી હતી પણ...

પણ એના પેલા 'હું' એ એને અવ્યક્ત જ રાખી અને એ રહી ગઈ કેવળ વલવલતી - વૈદર્ભીની જેમ. એના દર્પ પાસે દર્પણ પણ અવાક્ રહ્યું. રહી ગઈ માત્ર એની અમીર યાદ. એ જ વાગોળ્યાં કરતી અને પર્જન્યની સાથે ગાળેલી નાજુક ક્ષણોને ચ્યૂઈંગમ જેમ ચગળાવતી રહી - દિવસો સુધી.

પણ હવે એ થાકી ગઈ હતી, - એકલતાથી, એકાકી જીવનથી. એના જીવનમાં પથરાઈ ગયો હતો દુષ્કાળ. પણ ક્યાં રિસાઈ ગયો હતો પર્જન્ય?! ❐

નિઝામુદ્દીન અમીરુદ્દીન કુરેશી-અનુવાદિત : કૃષ્ણકથા (૧૯૧૮)

ડૉ. મકરન્દ મહેતા

મુસ્લિમ વિદ્વાનો અને સાહિત્યકારો વિશે ગુજરાતી ભાષામાં ખાસ લખાયું નથી, પરંતુ સાંસ્થાનિક યુગ દરમિયાન હિંદુ, જૈન અને પારસીઓની જેમ મુસ્લિમોએ પણ ગુજરાતી ભાષા અને સાહિત્યને ખીલવવાના પ્રયાસો કર્યા હતા. તેની સાથે સાથે કોમી એખલાસની ભાવનાને પણ તેમણે વિકસાવી હતી. ઉદાહરણ તરીકે હાજી મહંમદ અલારખિયા શિવજીએ ૧૯૧૬માં શરૂ કરેલ 'વીસમી સદી' માસિક. ચિત્રકલા અને ફોટોગ્રાફીના ઉત્તમ નમૂનારૂપ આ માસિકે તે સમયના ગુજરાતી રાષ્ટ્રવાદીઓ, સાહિત્યકારો અને બૌદ્ધિકોનું મન અને હૃદય જીતી લીધું હતું. તે જ પ્રમાણે મહંમદ સાદીક અને હરજી લવજી દામાણીએ ('શયદા') ૧૯૨૪માં શરૂ કરેલ માસિક 'બે ઘડી મોજ' પણ અત્યંત લોકપ્રિય પુરવાર થયેલું. કરીમ મહંમદ માસ્તર અને હિંમતલાલ ગણેશજી અંજારીઆએ રચેલ 'કવિતાપ્રવેશ'નો અભ્યાસ એક સમયે શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ કરતા. કાજી અનવરમિયાંએ હિન્દુ-મુસ્લિમ એકતાની ભાવનાને પુષ્ટ કરવા ૧૯૧૬માં 'રામ-કૃષ્ણની સ્તુતિઓ' નામનો ગ્રંથ રચ્યો હતો. 'કૃષ્ણકથા' ગ્રંથ પણ આવી જ ઉદાત્ત ભાવનાથી રચાયો હતો. તેને સમજવા લેખકનો પરિચય કરીશું.

નિઝામુદ્દીન કુરેશી (૧૮૮૪-૧૯૪૬) : અમદાવાદના વ્યાપારી કુટુંબમાં જન્મેલા નિઝામુદ્દીને ધીકતી વ્યાપારી પ્રવૃત્તિઓને ત્યજીને સાહિત્ય અને પત્રકારત્વની કારકિર્દી સ્વીકારી હતી. ૧૯૦૨માં તેમણે વલી મોહંમદ મોમિન સાથે અમદાવાદમાં 'શિરાજ' નામનું દૈનિક શરૂ કર્યું હતું. ત્યાર બાદ ૧૯૦૪માં તેઓ મુંબઈ ગયા અને ત્યાં 'મુસ્લિમ લેખક-મંડળ'ની સ્થાપના કરી. ૧૯૦૭માં સચિત્ર 'ખબરદાર' પેપરમાં જોડાયા અને ત્યાર બાદ તેમણે ૧૯૧૨માં પોતાની માલિકીનું 'નિઝામી પ્રેસ' શરૂ કર્યું.

કુરેશી ૧૯૧૬માં અમદાવાદ પાછા ફર્યા અને ગાંધીજીએ શરૂ કરેલ રાષ્ટ્રિય તેમજ રચનાત્મક કાર્યક્રમો અને આંદોલનોમાં જોડાયા. આજની નવી પેઢીનાં સ્ત્રી-પુરુષોને એ જાણીને નવાઈ લાગશે કે તે સમયે 'ઘેર-ઘેર ગાય'ના હિંદુઓએ ચલાવેલા આંદોલનમાં કેટલાક મુસ્લિમોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, તેમાં નિઝમુદ્દીન કુરેશી પણ હતા. ૧૯૨૫માં તેમણે રાષ્ટ્રિય ભાવનાથી રંગાયેલું 'દીન' સાપ્તાહિક પ્રકટ કરેલું. રાંદેર ખાતે તા. ૨૮-૧૧-૧૯૩૨ના રોજ ભરાયેલા પાંચમા કવિસંમેલનના તેઓ પ્રમુખ હતા. તે વખતે તેમણે 'સાહિત્ય જેવા પવિત્ર ક્ષેત્રમાં કોમી વાડા ન હોય' વિષય પર માનનીય પ્રવચન કર્યું.

કુરેશી સારા લેખક હતા. તેમણે ઉર્દુ અને ગુજરાતી ભાષામાં અનેક ગ્રંથો રચ્યા હતા. ગુજરાતી ભાષામાં તેમણે રચેલાં પુસ્તકોમાં નીચેનાંનો સમાવેશ થાય છે : મોહમ્મદ (સ.)નું ટૂંકું જીવન, સોમનાથની મૂર્તિ, સલિમ-મોહરુન્નિસા, ગોહરજાન, કૃષ્ણકથા, નિઝામી વાર્તાઓ, જુવાની દીવાની, અફઘાનિસ્તાનનો પ્રવાસ, વડોદરા રાજ્યના નવાબી ખાનદાનનો ઈતિહાસ, અણધારી આફત ને સત્યનો જય... વગેરે. ઉર્દુમાં લખેલા ગ્રંથોના નમૂના, જોશે જવાની, હવાબાઝ તુર્ક, કમાલી શમશીર, હિંદી જાસૂસ, બહારી રમજાન... વગેરે.

કૃષ્ણકથા : આ ગ્રંથ 'કૃષ્ણબીતી' નામના ઉર્દુ ગ્રંથનો ભાવાનુવાદ છે. 'કૃષ્ણબીતી' ગ્રંથ મૂળ ઉર્દુ ભાષામાં ૧૯૧૬માં રચનાર દિલ્હીના વિદ્વાન ખ્વાજા હસન નિઝામી હતા. તેઓ સુવિખ્યાત સૂફી શેખ નિઝામુદ્દીન ઓલીઆના (૧૨૩૮- ૧૩૨૫) વંશજ હતા. સૂફી પરંપરાને અનુસરીને તેમણે રચેલો આ ગ્રંથ સરોજિની નાયડુને અર્પણ કર્યો છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં નિઝામીએ લખ્યું છે :

'મેં વીસ વર્ષ સુધી હિંદુધર્મની વિદ્યાઓ ને તેમના સાંસારિક રીત-રિવાજોનો અનુભવ મેળવ્યો છે અને તેને માટે હું મથુરા, વૃંદાવન અને કાશી જેવાં પવિત્ર ધામોમાં ઘૂમ્યો છું. મને હિંદુઓના ધાર્મિક અને સાંસારિક ગુણો સમજવામાં ફતેહ મલી છે. હિંદુઓએ રચેલા ગ્રંથો એવા છે કે જે દરેક ભાષા બોલનાર સમજી શકે. હિંદુ પોતે જ પોતાના



રાધાજીની લીનતા

ઈતિહાસ, પોતાના ધર્મ, પોતાનું વેદાંત અને પોતાના રીતરિવાજો સમાન છે અને જો તે આપણે સૌ વાંચી શકીએ તો કાગળનાં પુસ્તકો વાંચવાની જરૂર રહેતી નથી... મેં શ્રી કૃષ્ણજી, ગીતાના કર્તાની વીતી લખી છે. તે હિંદુ હતા, હું મુસલમાન છું પણ તેથી શું થયું? મારો ઈસ્લામ ધર્મ વિદ્યા અને વિદ્વાનોની પ્રીતિ શીખવે છે, પછી તે ગમે તે ધર્મના હોય.'

ઉપરોક્ત ઉર્દુ ગ્રંથની અસર નિઝામુદ્દીન કુરેશી પર એવી તો પડી કે તેમણે તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો. હકીકતમાં તો કુરેશીના કથન મુજબ ગુજરાતની સામાન્ય પ્રજાને આકર્ષવા માટે તેમણે ભાવાનુવાદ કર્યો હતો. સાદી અને રસળતી ભાષા અને શૈલીમાં રચાયેલા આ ગ્રંથમાં ઉર્દુ ભાષાની છાંટ વર્તાય છે. કૃષ્ણકથાની નિખાલસ ભાવે પ્રસ્તાવનામાં કુરેશીએ લખ્યું છે કે :

'હિંદુઓના એક મહાન પુરુષના ખરા જન્મ ચરિત્રથી ખાસ તો મુસલમાનો જાણીતા થાય અને મુસલમાનોમાં એકબીજાના ધર્મ સંબંધી જે ભૂલ ભરેલા વિચારો સમાયેલા છે તે મટી જઈ ખરી હકીકતથી વાકિફ થાય એ મૂળ પુસ્તક કર્તાનો જે ઉદ્દેશ હતો તે જ મારો પણ છે. એક મુસલમાનને માટે કૃષ્ણચરિત્ર ને ગુજરાતી ભાષા બંને ત્રાહીત હોવાથી સંભવિત છે કે આ પુસ્તકમાં દોષ નજરે પડે તો તે માટે હું સુજ્ઞો પાસેથી ક્ષમા ચાહું છું. જો એવી ભૂલો કોઈ ગૃહસ્થ સૂચવશે તો બીજી આવૃત્તિ વખતે તે ઉપકાર ધ્યાનમાં લેવામાં આવશે.'

અત્રે એ યાદ રાખવું ખાસ જરૂરી છે કે ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના રોજ થયેલા જલિયાંવાલા બાગના હત્યાકાંડ અને ત્યાર પછી દેશભરમાં પ્રકટ થયેલા ખિલાફત આંદોલન પહેલાં ઉપરોક્ત ગ્રંથો રચાયા હતા. ખિલાફત આંદોલન દરમિયાન હિંદુ અને મુસલામાન કોમો વચ્ચે કોમી એખલાસની ભાવના પ્રકટે તે તો સ્વાભાવિક હતું. તેથી મુખ્ય મુદ્દો એ છે કે 'કૃષ્ણ-બીતી', 'કૃષ્ણકથા' દ્વારા મુસલમાન વિદ્વાનોએ મુસ્લિમ અને હિંદુ કોમો વચ્ચે સ્નેહનો સેતુ રચવાના પ્રયાસો ગાંધી યુગની શરૂઆતમાં કર્યા હતા.

'કૃષ્ણકથા'માં શ્રી કૃષ્ણનું જીવન તેમના જન્મથી અવસાન સુધીનું આલેખવામાં આવ્યું છે અને ભાષા અને રજૂઆતની શૈલીની દૃષ્ટિએ તે નવી જ ભાત પાડે છે. તેમાં મુસ્લિમ સંસ્કારો ઉપરાંત ઉર્દુ ભાષાની છાંટનો પરચો એવો તો સ્વાભાવિક રીતે પડતો દેખાય છે કે તે કોઈ પણ સહૃદયી વાચક તેમજ ભાષા-શાસ્ત્રી તથા સાહિત્યકારને અવનવો અનુભવ કરાવે! તેનાં ત્રણેક ઉદાહરણો નોંધીશું. લેખકે હિંદુ અને ઈસ્લામ ધર્મો વચ્ચે સેતુ સાધવાના પ્રયાસો કર્યા છે. કંસના જુલમોનું શબ્દચિત્ર દોરતાં નિઝામુદ્દીન કુરેશી લખે છે કે 'હઝરત ઈબ્રાહીમના નમરૂદ અને હઝરત મૂસાના ફિરઓનથી કંસ કોઈ વાતે ઊતરે એવો નહોતો. દુન્યાની લાલચ એવી જ, લોભ એવો જ, જોર જુલમ એવો જ, નિર્દયતા કઠોરતા પણ એવી જ.'



શ્રીકૃષ્ણ કંસનો નાશ કરે છે.

શ્રી કૃષ્ણના જન્મપ્રસંગને લેખકે 'સત્યનું પ્રભાત' પ્રકરણમાં નીચેના ઉદ્ગારો દ્વારા બિરદાવ્યો છે. અહીં લેખકની પોતાની સંવેદનાઓ અને ચેતના પ્રકટ થયા વગર રહેતી નથી. તેનો ખયાલ તથા ઝલક માણવા-સમજવા માટે નીચેનું વર્ણન પ્રસ્તુત છે :

'લો, વખત આવી પહોંચ્યો, રાતના અંધારાને પ્રકાશનું તીર વાગ્યું. અંધારાની છાતી કપાઈ ગઈ. ભાદરવાની કાળી રાત મથુરાની અંધારી ઘોર કાળાશથી ભેદી રહી હતી. જખમી છે, જીવ આપે છે, ખુદાએ કાળાં વાદળાં મોકલ્યાં છે. વાદળાંની ગર્જના સાથે છે. વીજળી કેરની જીભ કાઢી કાઢીને વાદળાંના લશ્કરને એકઠું કરતી ચાલે છે.

જરા ઊભા રહો, તેજ હવાનો ઝપાટો, ગર્જના, ચમકારા અને વરસાદનો શોર સાંભળવા દેતાં નથી. મથુરામાં અદૃશ્ય આત્માઓ શું ગાયન ગાય છે? કોની પધરામણીનાં ગીત સંભળાવે છે?!

આજે તો મહાન સિપાહસાલાર, પરાક્રમી સેનાપતિ, હિન્દુ-સ્તાનના કમાન્ડરની પધરામણી છે, જેની ફોજો વિખરાયેલી ફરતી હતી. જે હિન્દુસ્તાન જેવા મોટા મુલકનો પ્રખ્યાત સેનાપતિ છે. આજે ધરતીના મુખડા પર શ્રીકૃષ્ણની આંખ દેખાય છે, જેની દૃષ્ટિ આકાશથી પૃથ્વી સુધી પહોંચે છે. આ ગુલબાંગ તેની પધરામણીની છે જે લડાઈમાં, શાંતિની સભામાં, જીવવામાં, મરવામાં અર્થાત જીવતરના દરેક ખૂણામાં *હિંદીઓને* આશ્વાસન આપનાર છે, મોટાઓનો સરદાર છે ને નાનાઓનો દીલદાર છે.

યશોદાનું પાત્ર ઉપસાવતાં નિઝામુદ્દીન કુરેશી લખે છેઃ 'ગરીબ નિરાધાર ગોવાલણના ઝૂંપડામાં હિન્દુસ્તાનનો જાહેર અને ગુપ્તનો રાજા ઝોળીમાં હિંચકા ખાય છે. યશોદાની ગરીબીનો

વિચાર ન કરો. એના અંતઃકરણમાં પ્રેમ અને માયાનો દરબાર ભરાયો છે અને તે એ દરબારની મહારાણી છે. જેમને માટે આકાશ ને જમીન પેદા થયા તે બે લોકના શહેન-શાહ મોહમ્મદ (સલ.)ની વાર્તા યાદ નથી? તે પણ એક ગરીબ ગોવા-લણના ખોળામાં ઊછર્યા હતા. જેનું નામ હલીમા હતું,


નિઝામુદ્દીન કુરેશી (જન્મ સને ૧૮૮૪, હીજરી સન ૧૩૦૧)

ને જે બકરીઓ પાળીને પોતાનું ભરણપોષણ કરતી હતી. ખુદા દેખાડે છે કે પ્રેમના દરિયા ગરીબીના પ્રવાહમાંથી નીકળે છે. પ્રેમી પુરુષો અનાદિ કાળથી ગરીબ જ હોય છે. બીચારી યશોદાની પાસે શું હતું જેનું હું વર્ણન કરું અને ખુદાના વહાલા મહેમાનનાં ઘરનું ચિત્ર આલેખું?! એક તંબુ કે ઝૂંપડું હતું જેમાં ઘંટી હતી, રેંટીઓ હતો, માટીનાં વાસણ હતાં, ઘાસની ચટાઈઓ હતી, બહાર ગાય હતી, એમના વાછરડા અને વાછરડીઓ કુદકારા મારતાં હતાં.

આ રીતે ગરીબીના આ મહેલની હકીકત છે જેમાં ઐશ્યરૂપી જગતના મહારાજની નાની મૂર્તિ યશોદાના ખોળામાં એશ કરતી હતી. ઈશ્વરી સંદેશાનો હંમેશા સ્ત્રીઓએ પહેલો સ્વીકાર કર્યો છે. ફિરઓનની સ્ત્રી આસિયા, હજરત મૂસા અલ. પરપુરુષોની પહેલાં ઈમાન લાવી હતા. હજરત ખદીજતુલ કુબ્રા હજરત મોહમ્મદ સલ૦નાં પવિત્ર પત્નીએ, સૌથી પહેલાં પોતાના સ્વામીનો ધર્મ ઇસ્લામ સ્વીકાર્યો હતો. એવી જ રીતે હિન્દુસ્તાનના આ ફિલોસોફરની જિંદગીને ફરજની ફિલ્સૂફી ઉપર જેણે સૌથી પહેલાં માથું નમાવ્યું તે પણ સ્ત્રી હતી અને એનું નામ યશોદા હતું. હિન્દુસ્તાનની સ્ત્રીઓ લાચાર ને જુલમ વેઠનારની હિમાયતમાં એવાં એવાં કામ કરે છે કે જે અન્ય દેશોના પુરુષોથી બનવાં અશક્ય છે. યશોદા, તારૂં નામ ચિરંજી થાઓ, તારાં કામો મજબુત થાઓ. યશોદાના પ્રેમની જય ને તેની વફાદારીની જય.'

નિઝામુદ્દીન કુરેશીએ રચેલ ગ્રંથની એક વિશેષતા તે તેમાં આલેખવામાં આવેલા નયનરમ્ય ફોટોગ્રાફો છે અને તે કોઈ પણ સંવેદનશીલ વાચકનું મન હરી લે તે કક્ષાનાં છે. ફોટો-ગ્રાફની નીચે મૂકેલા શીર્ષક પરથી તેનો કાંઈક ખયાલ આવશે. 'રાધાકૃષ્ણનું પ્રેમસંભાષણ', 'રાધાજીની લીનતા', 'શ્રીકૃષ્ણની લીનતા', 'શ્રીકૃષ્ણ કંસનો નાશ કરે છે', 'સારથિ તરીકે શ્રીકૃષ્ણ અર્જુનને ગીતાનો બોધ કહે છે', 'હિંદુ વિમાનનો નમૂનો'.

ગ્રંથની સમાપ્તિ બાદ કુરેશીએ 'કૃષ્ણકથા ઉપર એક નજર' શીર્ષક હેઠળ ૧૯૧૮માં જે ઉદ્‌ગારો કાઢ્યા તે આપણા આજના સમયની દૃષ્ટિએ એટલા બધા મહત્ત્વના છે કે તેના કેટલાક અંશો ટાંકવા જરૂરી માનું છું. લેખક કહે છે : 'જે લખવું હતું તે લખી ચૂક્યો, જે કહેવું હતું તે કહી ચૂક્યો, શ્રીકૃષ્ણની આપવીતી આખા જગતની આગળ મૂકી દીધી.

એ કહેવું અને દાવો કરવો કે મેં શ્રીકૃષ્ણનું બધું જ જીવનચરિત્ર લખ્યું છે તે અસત્ય છે. મારે તો મુસલમાન કોમને શ્રીકૃષ્ણની હસ્તીથી વાકેફ કરવા હતા ને હું ખુદાનો ઉપકાર માનું છું કે તેણે મને આવી શક્તિ આપી ને મારા વતન હિંદુસ્તાનની એક અગત્યની સેવા મારી કલમથી પૂરી કરાવી જે ઉપર ભવિષ્યની પ્રીતિ ને બે કોમોનો સંપ આધાર રાખે છે.

અમે બધા આ દેશમાં રહીએ છીએ. હિંદુ હો કે મુસલમાન, શિખ હો કે પારસી, ખ્રીસ્તી હો કે યહુદી, ઉત્તમ હો કે કનિષ્ટ, ધનવાન હો કે નિર્ધન્, એક માતાના બાળક છીએ, એક ઘરના રહેવાસી છીએ. દેશની સેવા કરવી એ જ ઉદ્દેશ અમારા બધાનો છે.

એકસંપી મૂળતત્ત્વ વીના હિન્દુસ્તાન સ્વરાજ્યને લાયક છે એમ કદાપિ પણ સમજાશે નહિ ને એનો ઉપાય એ જ છે કે હિન્દુઓ પોતાની ધાર્મિક માન્યતા પોતાના ઘરો ને અંતઃ કરણમાં રાખી મૂકે ને મુસલમાનો પોતાની ધાર્મિક માન્યતા ખાનગી રીતે માનીને છચોક બીજા ધર્મ ને ફાંટાઓમાં દખલ દેવામાં દૂર રહે કે જેથી બહારની દુનિયામાં અમારી રહેણી-કરણી ને કામકાજોમાં બધાને એકસંપી નજર આવે અને એ ત્યારે જ થશે જ્યારે અમે એકબીજાને માન આપવાનું શીખીશું અને પરદેશી લોકોની સામે આપણા મહાન પુરુષો વિષે ગર્વથી કહીશું કે અમારા કૃષ્ણ આવા હતા, અમારા રામ આવા હતા, અમારા અકબર આવા હતા ને અમારા શાહજહાન આવા હતા.'

'કૃષ્ણકથા'ને કેન્દ્રમાં રાખીને લેખકે જે ઉદ્‌ગારો કાઢ્યા તે સૌ હિંદવાસીઓએ પોતાના મન અને હૃદયમાં કોતરી રાખવા જેવા છે. છેવટે તો ઈતિહાસ આધુનિક જાહેર જીવનની જ મીમાંસા છે. જે મહાન આદર્શો અને આશાઓ સાથે ખ્વાજા હસન નિઝામીએ અને નિઝામુદ્દીન કુરેશીએ કૃષ્ણબીતી/ કૃષ્ણકથાની રચના કરી તે આદર્શો અને આશાઓના આજે ચૂરેચૂરા થઈ ગયા છે. તેથી આ લેખ તો કેન્સર જેવા જીવલેણ રોગ પરના મલમપટ્ટા સમાન જ ગણાય! તેથી વિશેષ નહીં. ❐

ઍથેન્સ નગરી પર અસ્ત થતો સૂર્ય

ભારતી રાણે

એથેન્સનગરી પર સૂર્યાસ્ત થયો. આછા કાળા ધુમ્મસ જેવો અંધકાર ટેકરીની તળેટીમાં વસેલા ગામ ઉપર ધીમે ધીમે ઊતરવા લાગ્યો. લાયકોસહિલની ઊંચાઈ પરથી શહેર જાણે નિર્જીવ લાગતું હતું. સામેની ટેકરી પર અસ્ત થયેલો સૂર્ય જે છોડી ગયો, તે આલોકમાં એક્રૉપૉલિસ ઝળકી રહ્યું હતું. સહસ્રાબ્દીઓથી આમ જ ગૌરવોન્મત્ત ઊભેલું, જાજ્વલ્યમાન એક્રૉપૉલિસ. એના ખંડિત કલેવરમાં પણ એટલી ભવ્યતા છે, એના ઇતિહાસમાં એટલાં સોનેરી પાનાં છે કે આ સમયે એને જોતાં એમ જ થાય કે અહીં ક્યારેય સૂર્યાસ્ત થતો જ નહીં હોય!

એક્રૉપૉલિસ એટલે ગ્રીસની ગરીમાનો સૂર્ય. માત્ર ગ્રીસ જ શા માટે? સમગ્ર યુરોપના સૂર્યોદયનું પ્રતીક. ભવ્ય, અતિ રુચિર સંગેમરમરમાં કંડારેલું સાક્ષાત્ ગૌરવ જાણે! સાડા ત્રણ હજાર વર્ષથી અવિરત ઝળકતું ગ્રીસનું ઉચ્ચતમ કેન્દ્રબિંદુ, જ્યાં સંસ્કારપ્રિય ઍથેન્સવાસીઓનું ધવલ-શુભ્ર સંસ્કારધામ, દેવી એથીનાનું મંદિર, પાર્થેનોન શોભી રહ્યું છે. એની રચનામાં દીવાલો નથી, પાંસઠ ફૂટ ઊંચા સપ્રમાણ, કલાત્મક એવા બાણું સ્તંભ જ છે. જાણે સૂચવતા ન હોય કે એનો અનુબંધ માત્ર ગ્રીસ સાથે નહીં, સમગ્ર વિશ્વ સાથે છે અને એની વિભાવના સમયના બંધનથી મુક્ત છે! આખી બપોર એના પરિસરમાં ઘૂમ્યાં ત્યારે એને એટલું આત્મસાત્ નહોતું કરી શકાયું, જેટલું નમતી સાંજે આ દૂરની ટેકરી પરથી નિહાળતાં એને અનુભવી શકાયું.

શબ્દની આંખે ક્યારેક જોયેલાં સદીઓ પારનાં દૃશ્યો અચાનક પુનર્જીવિત થઈ ગયાં. મન પહોંચી ગયું ઈ.સ. પૂર્વે ૧૧૦૦ની આવી જ કોઈ સાંજમાં, જ્યાં માયસીનિયનોનાં ટોળેટોળાં હાથમાં મશાલ લઈને ટેકરીની પશ્ચિમે કોતરેલી પગથાર ચડી રહ્યાં છે. પ્રોપીલિયાના મહાદ્વાર પર જબરી ભીડ જામી છે. ટેકરી પરના વિશાળ પ્રાંગણમાં રાજમહેલ અને રાજભવનો ઝળકી રહ્યાં છે. મહેલના આંગણાથી માંડીને પેલે ખૂણે સબડતાં ઘોર અંધારિયાં બંદીગૃહ સુધીના મેદાનમાં કીડિયારું ઊભરાયું છે. ભદ્રલોકના મેળાવડામાં સંસ્કારિતાની ફોરમ મહેકી રહી છે.


પણ પછી કોઈ નાનું બાળક પાટીમાં પોતે જે દોરેલું ચિત્ર પસંદ ન પડે, ને એને ભૂંસી નાખે, તેમ સમય એ ચિત્રને અચાનક અને અકારણ જ ભૂંસી નાખે છે. રાજમહેલ અને રાજવીઓ, કારાગૃહ ને બંદીઓ બધું જ ભૂંસાઈ જાય છે. પછીનાં ત્રણસો વર્ષનું ગાઢ અંધકારમાં ઓગળી જવું ને કાળક્રમે સમયનું પુનઃ નવા ચિત્રનું સર્જવું બધું જ તાદૃશ દેખાય છે. વીતી ગયેલી સદીઓના પડછાયા વારતા માંડીને બેઠા છે જાણે, આ લાયકોસહિલના મ્લાન વાતાવરણમાં.

એક્રૉપૉલિસ સંકુલમાં ઉત્તરે ઊભેલાં એરેક્થિયોનમાં આ શાનો સળવળાટ થઈ રહ્યો છે? આખેઆખું નગર એરેક્થિયોન પર ઊમટી આવ્યું છે. આજે વીર પોસાઈડન અને કુમારી એથીના વચ્ચે સ્પર્ધાનો દિવસ છે. કોની ભેટથી પ્રજા રીઝશે? કોને બનાવશે અધિષ્ઠાતા? ગ્રીક ટોળાની અપેક્ષાભરી ઉત્સુક આંખે હું પોસાઈડન અને એથીનાની રાહ જોઉં છું. ત્રિશૂળનો પ્રલયકારી પ્રહાર ને પછી નગરજનોનાં ચરણોમાં ઊછળી આવતો આખો ને આખો દરિયો! વેપાર-વાણિજ્યમાં બરકત અર્થે સમુદ્રની ભેટ ધરતા પોસાઈડનને નિહાળી રહેલા ટોળાની આંખોનું આશ્ચર્ય પૂછી રહ્યું છે, હવે શું આપશે એથીના? પોસાઈડને ધરતી ચીરી દરિયો દીધો, હવે એથીના આકશ ચીરી નાખશે કે શું? પણ રૂપાળી એથીનાના હાથમાં શસ્ત્ર નથી. પ્રહાર તો એના સ્વભાવમાં જ નથી. હાસ્યોજ્જ્વલ ચહેરે હાથમાં એક વૃક્ષ લઈને એ હાજર થાય છે. અહીં આ એરેક્થિયોનની ભૂમિ પર ઊભી રહી, એ ગ્રીસવાસીઓને ઑલિવના વૃક્ષની ભેટ ધરે છે. વૃક્ષ એટલે શીતળતા, વૃક્ષ એટલે સમૃદ્ધિ, વૃક્ષ એટલે પોષણ અને પરિતૃપ્તિ. ઑલિવનાં ફળ અને તેના તેલથી ગ્રીસના ઘરઘરનાં રસોડાં મઘમઘી ઊઠે છે. ગ્રીસવાસીઓ એથીનાની ભેટ ઉપર વારી જાય છે. એને પોતાની અધિષ્ઠાત્રી સ્થાપે છે. દેવી એથીનાના ગૌરવમાં એક્રૉપૉલિસની આ ટેકરી પર પાર્થેનોનનું ભવ્યાતિભવ્ય મંદિર રચે છે અને તળેટીમાં વસેલા પોતાના નગરને એથીનાના નામ પરથી 'એથીન્સ' નામ આપે છે. યુરોપની અસ્મિતાના આ સંસ્કૃત પૂર્વનો, વૃક્ષ ઉપર પસંદગીનો કળશ ઢોળનારા આ ઍથેનિયનો!

સદીઓ સુધી કવિતા, કલા, નૃત્ય, સંગીત ને સંસ્કારની સાધના



એક્રોપોલિસની ટેકરી પર દેવી એથીનાનું મંદિર – પાર્થેનોન.



પોસિડીયોન - એથીના વચ્ચે સ્પર્ધા થઈ તે ભવન એરેકિથયોન



ખંડિયેરોની આસપાસ ફરી વળેલું એથેન્સ શહેર

કરી બેનમૂન સંસ્કૃતિનું સર્જન કરતી એ પ્રજા વિશે વિચારતાં જ અનાયાસ આજની ગ્રીક પ્રજાનો અને ત્યાંથી સહેજ આગળ વધીને આજના વિશ્વનો ખયાલ આવે છે. શું ખરેખર વરસો જતાં પ્રજાનું તેજ ઝાંખું પડે છે કે કોઈ પણ પ્રચલિત કામ કરતાં ઇતિહાસનો ચહેરો વધુ ઉજ્જ્વળ ભાસતો હોય છે? સમય જીવનને સજાવે છે, કે વિખેરે છે?

એક્રૉપૉલિસના ઇતિહાસમાં અનેક અમર પાત્રો છે. વિશ્વના અધિષ્ઠાતા ઝ્યૂસ, લગ્નની દેવી ઝેરા, સંગીત ને કવિતાનો દેવતા અપૉલો, શુચિતાની દેવી અરથેમિસ, પેલા પ્રેમ અને સૌંદર્યના દેવતા એફ્રોડાઈટને તો કેમ ભુલાય? એક્રૉપૉલિસનાં એ પાત્રો વિશે વિચારતાં મનની માન્યતા ફરી એક વાર દૃઢ થાય છે કે સંસ્કૃતિનું સર્જન રાજખટપટથી કે યુદ્ધમાં વહેતા લોહીથી કરી શકાતું નથી. કલા, કવિતા ને પ્રેમને આમ પ્રતીકાત્મક રીતે પૂજતી પ્રજા જ ભવ્ય સંસ્કૃતિ ઘડી શકે.

સાહિત્ય, સંગીત, નૃત્ય તથા લલિતકલાઓ ઉપરાંત લોક-જીવનમાં વિચાર, આદર્શો, મૂલ્યો અને સુધારાવાદી અભિગમ દ્વારા નવસર્જનનો જુવાળ પણ અહીં જ માનવ ઇતિહાસે જોયો. આ જ ભૂમિ પર આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે વિશ્વ સામે સૌપ્રથમ વાર લોકશાહીનો સિદ્ધાંત મુકાયો. સ્ત્રી અને પુરુષને સમાન મતાધિકાર આપતી વિશ્વની પ્રથમ લોકશાહીનું જન્મસ્થાન એક્રૉપૉલિસ મને સરખામણી કરવા વિવશ કરે છે. આજે જે અમેરિકાને આપણે આદર્શ લોકશાહીનું તીર્થસ્થાન માનીએ છીએ ત્યાં તો હજારો વર્ષ પછી છેક અઢારમી સદીમાં લોકશાહી આવી અને ત્યારે પણ સ્ત્રીઓ અને ગુલામો મતાધિકારથી વંચિત હતાં. અમેરિકાએ છેક ૧૯૧૯માં સ્ત્રીઓને મતાધિકાર આપ્યો! સ્ત્રીઓના વ્યક્તિત્વના સન્માનની તવારીખ જોઈએ તો ૧૮૯૩માં સૌ પ્રથમ ન્યૂઝીલૅન્ડે સ્ત્રીઓને મતાધિકાર દીધો. ત્યાર બાદ ૧૯૧૯માં અમેરિકાએ, ફ્રાન્સે ૧૯૪૫માં ને સ્વિટ્ઝરલૅન્ડમાં તો છેક હમાણાં ૧૯૭૫ સુધી સ્ત્રીઓએ મતાધિકારની રાહ જોવી પડી! ઉત્ક્રાંતિ ખરેખર બહુ ધીમી પ્રક્રિયા છે! કેટલા યુગો લાગતા હશે માણસને વિકસતાં! પણ આ અઢી હજાર વર્ષ પૂર્વેના ઍથેન્સમાં એવું તે શું હશે કે આટલી સહસ્રાબ્દીઓ પહેલાં આ દૃષ્ટિ, આ આદર્શો, આ કલાઓને જીવી ગયો એક આખો સમાજ? અને પછી એ બધું પાછું ક્યાં ખોવાઈ ગયું? પ્રગતિને સદીઓ પાછળ ધકેલી દેતી કઈ ઘટનાઓ ઘટ્યા કરે છે માનવજીવનમાં વારંવાર?

પર્શિયનોએ તોડી પાડ્યા પછી બાકી બચી ગયેલા પાર્થેનોનને ગ્રીસવાસીઓએ 'ટૂરિસ્ટ સ્પૉટ' તરીકે સાચવ્યું છે. આજે એક્રૉપૉલિસની ઐતિહાસિક ટેકરી પર એથીનાના મંદિર પાર્થેનોનનું હાડપિંજર, પૉસાઈડન-એથીનાની સ્પર્ધા થઈ તે એરેક્થિયોનના થોડાક અવશેષો અને પ્રવેશદ્વાર પ્રોપિલિયાનો કેટલોક ભાગ માત્ર બચ્યો છે. એરેક્થિયોનના ખંડેરના પ્રવેશદ્વાર પર છતને આધાર આપનાર સ્તંભની જગ્યાએ સુંદર સ્ત્રીઓનાં અદ્‌ભુત શિલ્પ સમય સામે ટક્કર ઝીલીને હજીય ટકી રહ્યાં છે. આખી છતનો ભાર સહજતાથી કલાત્મક રીતે ઊંચકી રાખતી આ સુંદરીઓનું શિલ્પ જ્યારે સમાજની ગૌરવવંતી પરંપરાઓ જાળવી વિશ્વનો ભાર સહજ રીતે ઊંચકી શકવાની સ્ત્રીની ક્ષમતાનું પ્રતીક છે જાણે!

ટેકરી પરના મહાલયના પરિસરમાં પથ્થરો વિખરાયેલા પડેલા છે. નીચે વસેલા શહેરની વચ્ચેવચ્ચે ખંડિયરો ડોકાય છે. આ રહ્યું વિશ્વના પ્રાચીનતમ ઑડિટોરિઅમ ઓડિયોનનું ખંડેર, જ્યાંથી એકદા કાવ્ય અને સંગીતની રમઝટ રેલાતી અને પે...લું રહ્યું તૂટેલું-ફૂટેલું ડાયનોસિસનું થીએટર જ્યાં વિશ્વનું પહેલું નાટક ભજવાયું અને પછી તો પરંપરા... એકિલીઝ, એરિસ્ટોફેનિસ, યુરિપીડિસ, સોફોક્લિસ... ખંડિયરોની આસપાસ શહેર ફરી વળ્યું છે. વચ્ચે એક્રોપાલિસ દીવાદાંડીની જેમ વહેતા સમયમાં જાણે સ્થિર ઊભું છે. આ ભૂખ્ખુંડાંસ શહેર ઇતિહાસને બેરહેમીથી ગળી રહ્યું છે. ઍથેન્સ પર અંધકાર ઊતરી આવ્યો છે, ને એક્રૉપૉલિસ હવે કૃત્રિમ રોશનીમાં ઝળહળી રહ્યું છે. ❐

ભવાઈના બે વેશોની ફેરવિચારણા

દિનકર ભોજક

ભવાઈનું અસ્તિત્વ ઉત્તરગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતમાં જાણીતું છે. માળવા, મધ્યપ્રદેશ અને મારવાડ-રાજસ્થાન સાથે પણ એનો નાતો છે. 'પવાડા' કે 'પ્રબંધ' તરીકે જાણીતી 'હંસાઉલિ' નામની અસાઈતની મુદ્રિત પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે આ રચના વિ.સં. ૧૪૨૭, સને ૧૩૬૦માં લખી છે એમ કર્તા તરીકે તે સ્પષ્ટતાથી જણાવે છે. અસાઈતે જે વેશો રચ્યા એને એણે એક પણ ઠેકાણે 'ભવાઈ' એવું નામાભિધાન કર્યું નથી. આ સ્વરૂપ કોઈ જુદા જ આકારમાં એણે જોયું હશે, જાણ્યું હશે, એની પરંપરા હશે અને એમાં ઘટતા ભજવણીના અંશો ઉમેરી નૃત્ય, નાટ્ય, સંગીતમય કરી એને સર્જનાત્મક રૂપ આપ્યું છે. અસાઈતના કહેવાતા ત્રણસો અને સાઠ વેશમાંથી આજે લગભગ સાઠ જેટલા વેશો ઉપલબ્ધ છે. 'માંડણ નાયકે ભાવન જોડિયાં રે...' એવી પંક્તિ મળે છે. ભાવન એટલે ભક્તિ, ગુણકીર્તન કે લીલાવિસ્તાર, ભાવન ભઈ વે તે ભાવક-ભવઈયો અને આ ભવઈયો ભજવે તે ભવાઈ.

જે સમયપટ્ટી પર અસાઈત ઠાકરે જીવન પસાર કર્યું એ સમય ઈસવી સન ૧૩૨૦થી ૧૩૯૦નો છે. આ સમય રાજકીય, ધાર્મિક અને સામાજિક સંદર્ભમાં સંક્રાન્તિકાળ હતો. એક તરફ દિલ્હીમાં ખીલજી વંશનું પતન અને બીજી તરફ તઘલખ વંશના સૂર્યોદયનો આ ગાળો હતો. ગુજરાતમાં રાજપૂતયુગની સમાપ્તિ સને ૧૨૯૮માં થઈ. એક ઘટના પ્રમાણે અલ્લાઉદ્દીન ખીલજીનો સૂબો જટાનજરોઝ કનોજને રસ્તે થઈને ગુજરાત પર આક્રમણ કરવા આવ્યો હતો. એણે ઊંઝામાં છાવણી નાખી અને પછી ટેમાળા પટેલની શ્રુતકથા અસ્તિત્વમાં આવી. ચૌદમા સૈકાની પ્રથમ પચીસીમાં ખલ્જી કે ખીલજીઓના સૂબા અલફખાન વગેરેએ તે સમયની ગુજરાતની રાજધાની પાટણમાં પોતાની સત્તા જમાવી. ઐતિહાસિક ચક્રમાં 'મુજફરખાન'નામ પણ મળે છે. આ મુજફરખાને સન ૧૩૯૨ થી ૧૪૧૦ના ગાળામાં પાટણમાં પોતાનો સ્વતંત્ર અમલ પણ શરૂ કર્યો હતો. અમદાવાદના સ્થાપક અહમદશાહે આશા ભીલની જૂની કર્ણાવતી નગરીને સને ૧૪૧૧માં અમદાવાદ નામ આપ્યું. અમદાવાદની સ્થાપના સાથે માણેકનાથ બાવાની કથા પણ જાણીતી છે.

આ લેખમાં ગણપતિ અને જૂઠણના વેશોમાં આવતી શક્તિ-ઉપાસના, સૂફીવાદની જે અસર વર્તાય છે એને સમજવાની કોશિશ છે. ધર્મ અને સંતસાહિત્યની બાબતમાં આપણે સૌ મહદ્અંશે લાગણીપ્રચુર, ઊર્મિલ છીએ. આ દિશામાં વિચારવાન થોડાક ઓછા છીએ. આ દિશામાં વિવેકની જરૂર છે.

અસાઈત પોતાની ઊર્જાનું રૂપાંતર કરે છે. આ રૂપાંતર એટલે વિદ્યુતશક્તિ, બીજા અર્થમાં મહાશક્તિ કે ચૈતન્યની ઉપાસના!

ભવાઈનો પૂર્વરંગ તપાસીએ. પૂર્વરંગમાં જે જગા પર ભવાયાઓનો ઉતારો હોય, એ મંદિર હોય, ધર્મશાળા હોય, ચૉરો હોય કે પછી ચૉગાન હોય ત્યાં ભવાઈનો પ્રારંભ કરતાં પહેલાં સૌ ભવાયાઓ એક દીવો પ્રકટાવે છે. મશાલની જ્યોત પ્રજ્વલિત કરે છે. સામેની ભીંત કે પાટ પર માતાજીની તસવીર મૂકી અર્ચન-પૂજન કરી, કંકુથી સાથિયો કાઢી ત્રિશૂલ દોરે છે. સાથિયાના પાંખિયા દિશાઓના દિક્પાલોનું રક્ષણ છે. ત્રિશૂલ આકાશ અને પૃથ્વીના દૈવી અંશોનું રક્ષણ છે. આ બધા ભેગા મળી માતાજીની ગરબી ગાય છે. ઉતારે 'આઈ' કહેતાં સંસારની માતાજીની પૂજા થયા પછી, સામૈયું કાઢી બહાર વિશાળ ચૉગાનમાં આવે છે. 'ચાચર'ની હદ નક્કી થાય છે.

'ચાચર તાંટાં જાતર ભલી, જોત તણી જગમગ,
ઘણા એક ગુણીજન રચી ગયા, તીટાંના પગની રજ.'

ચાચર પવિત્ર જગા છે. મશાલની જ્યોત બળે છે. ચાચરની હદ એ ધરતીનું પૂજન છે. પૃથ્વી માતાનું પૂજન છે. વેશ ગોર કંકુ છાંટી, તેલ સીંચી જગાને અર્ધ્ય આપે છે. મશાલ એ જ્યોતિ છે, અગ્નિનું પ્રતીક છે. બાહ્ય રીતે જલતી જ્યોત પ્રકાશ આપે છે. પ્રાણતત્ત્વની આરાધના છે. ઉપનિષદકાર નોંધે છે, 'અગ્નિરેવ સવિતા...' અગ્નિ સવિતા છે. આ પ્રકૃતિ પૂજા છે. જેમાં જલ, વાયુ, પૃથ્વી, પાણી, આકાશનો સંદર્ભ પણ મળે છે. આ પાંચ તત્ત્વો આપણા જીવનનાં ધારક બળો છે. ભવાઈની મશાલ એ **The Living Blame of Love** છે. ભવાઈના કોડિયાની વાટ એ એક અર્થમાં સૂર્યનો સાક્ષાત્કાર છે. એ જ્ઞાનજ્યોત છે.



પૂર્વરંગ ભવાઈ



વેશ : ગણપતિ

આ જ્યોત ઈશવૃત્તિનું પ્રકટ સ્વરૂપ છે. આવી ઈશવૃત્તિ પ્રકટે ત્યારે જ અમૃતની ઉપલબ્ધિ થાય છે. આ જ્યોત અને સળગતા કાકડા એ ભાષા છે.

ભવાઈના પૂર્વરંગમાં કે ચાચરમાં ભૂંગળ વાગે ત્યારે ભૂંગળનું મુખ પ્રારંભમાં ધરતી ભણી, પછી સહેજ ઊંચે આસપાસ, સૃષ્ટિમાં ફેલાય એ રીતે પછી આકાશ-ભણી વાગે ત્યારે એમ લાગે કે કોઈ દૈવી તત્ત્વનું આકાશમાંથી અવતરણ થઈ રહ્યું છે. આ નાદ-બ્રહ્મ છે. આ જગતમાં જે કંઈ વિશાળ, વ્યાપક અને અનંત છે એને ઉપનિષદનો ઋષિ 'ભુમા' કહે છે. આ ધ્વનિ અને આ જ્યોતિ બ્રહ્માંડને આવરી લે છે - એ શક્તિ છે.

આ સમયે વૈદિકધર્મમાંથી વિકસેલા સ્માર્ત, ભાગવત્, સૌર, શાક્ત, શિવ, ગાણપત્ય આદિ સંપ્રદાયો ગુજરાતમાં પ્રચલિત હતાં. આજે પણ ભવાઈની શરૂઆતમાં ત્રણ વેશ પહેલા ભજવાય છે. ગણપતિ, કાલિ અને બ્રાહ્મણ. ગણપતિ વિઘ્નહર્તા દેવતા છે. આ દેવનો સંબંધ આદિ શિવ અને શક્તિ સાથે છે. ગણપતિ પછી તરત જ કાલિ આવે છે. આ કાલિ એ સમગ્ર શક્તિનું પ્રતીક છે અને આ શક્તિની ઉપાસના માટે જ ભવાઈ સર્જાઈ છે, રચાઈ છે. કાલિ સૌને આશીર્વાદ આપે છે. સાર્વત્રિક શુભની મંગલ કામના સર્વે દિશાએ પ્રસરે છે. આમ તો ગણપતિના વેશમાં કાલિ અને બ્રાહ્મણ આવી પણ જાય છે. ગણપતિ બનતો ભવાયો પીતાંબર અને કેડે કસબી દુપટ્ટો બાંધી, માથે નરસિંહ મહેતા જેવી કાનને ઢાંકતી ટોપી પહેરી પ્રવેશે છે. પોતાના મુખની આગળ પિત્તળની થાળી રાખે છે. આ થાળીના બહારના ભાગ પર સ્વસ્તિક અને ત્રિશૂળ કંકુથી આંકેલાં હોય છે. જે શક્તિ ને શિવનું પ્રતીક છે.

'દુંદાળો દુ:ખભંજણો, સદાયે બાળે વેશ,
પ્રથમ પહેલો સમરીએ, ગવરીપુત્ર ગણેશ.'

મારુજીના પહોર ગવાયા પછી કાલિનો પ્રવેશ થાય છે. એક સાખી જોઈએ :

'મારુ તારા દેશમાં દીઠાં ત્રણ રતન,
એક ઢોલો, દુજી મારુડી, ત્રીજો કસુંબી રંગ.'

મારવાડના જાણીતા મારુ અને ઢોલોની પ્રેમકહાણી ભવાઈનો એક મહત્ત્વનો ભાગ છે. મારવાડની આ લોકકથા લોકનાટ્યમાં આવે તે સ્વાભાવિક છે.

'હો જી રે જી રે હું તો બલીહારી રે,
જાઉં વારી રે, અંબા તારા નામને રે...'

ભારતીય દર્શનની મૂળશક્તિ પ્રકૃતિ જ રહી છે. માતૃદેવીના રૂપે સમગ્ર વિશ્વમાં શક્તિ પૂજાતી આવી છે. ઈજિપ્ત, મેસોપોટેમિયા, ઈરાન અને પ્રાગ્ ઐતિહાસિક ભારતમાં માતૃદેવી, ભૂદેવીની અણઘડ મૂર્તિઓ બનાવવામાં આવતી હતી; કારણ કે વિશ્વની ઉત્પત્તિનું એક કારણ શક્તિને પણ માનવામાં આવતું હતું. તેથી શક્તિને જગતમાં આગવું સ્થાન આપવામાં આવતું. સને ૧૬૪૦ થી ૧૭૫૧ના સમય દરમિયાન અમદાવાદમાં રહેતા ભક્ત વલ્લભ ધોળા શક્તિના ઉપાસક હતા. 'મા! તું સકલ મહત્ત્વ, વ્યાપક કહે સુરમુનિવર' એમ કરી શક્તિને લોકાભિમુખ કરતા એમાં ચમત્કારની વાતો પણ ઉમેરે છે. અસાઈત શક્તિ-ઉપાસક હતો અને તેથી જ સઘળી વિદ્યાઓ અને કળાઓ ભગવતીનાં જ રૂપો છે એમાં સંપૂર્ણ શ્રદ્ધા અને આસ્થા રાખી પોતાના કર્તવ્યને 'દેવી'ને કેન્દ્રમાં રાખી રજૂ કરે છે. બ્રહ્માંડ પુરાણમાં પણ શક્તિને ત્રણે લોકની જનની કહી છે.



જૂઠણ'-પહેરવેશ અને ચાપલ્યયુક્ત નૃત્યવિધાન

આઈન્સ્ટાઈન સિદ્ધાંતમાં પૃથ્વી પર રહેલી શક્તિ (energy)ને જ અંતિમ તત્ત્વ માને છે. શક્તિના વિવિધ માત્રામાં ફેલાયેલા તરંગો ક્યાંક રંગ, ક્યાંક સ્થૂળતા (solidity) જેવા રૂપોમાં પરાવર્તિત થઈને આ બહુવિધ



'જૂઠણ' આહાર્ય અભિનયનું રૂપવિધાન

વિશ્વના સર્જનનું કારણ બને છે. સમસ્ત વિશ્વની સંચાલિકા શક્તિ છે. વૈદિક પરંપરામાં પણ દેવી સત્ત્વ, રજસ અને તમસ એ ત્રૈગુણ્ય પ્રકૃતિ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શિવના પરમ તેજમાંથી પુનરાવતાર પામેલું તેજ અથવા શક્તિ મનાય છે.

જરા વિચિત્ર લાગે એવી ઘટના એ છે કે હિંદુ ધાર્મિક વેશ પછી તરત જ 'જૂઠણ'નો વેશ આવે છે. જૂઠણ મુસ્લિમ ફકીર છે. આ વેશ હિંદુ-મુસ્લિમ સમન્વય અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ નોંધપાત્ર છે. આ વેશને સમજવા એ સમયને સમજવો જરૂરી છે. સને ૧૩૨૫થી લગભગ ૧૩૯૦ સુધીનો સમય એટલે મહંમદ તઘલખ, આફ્રિકી મુસાફર ઈબ્નબતુતા, ફિરોજશાહથી દિલ્હી સલ્તનના સૈયદ ભાઈઓ સુધીનો, અમીર ખુસરોનો સમય, સ્થાનિક ભાષા હિંદવાઈ એટલે હિન્દુ અને મુસ્લિમ રંગનું મિશ્રણ, ઉત્તર ગુજરાતની 'બોલી'નું મિશ્રણ પણ ખરું! આ સમયના સાહિત્યની ભાષા તે 'મારુ-ગુર્જર', મારવાડ અને ગુજરાતના મિશ્રણવાળી. એને પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની પણ કહી છે.

આ સમયની રાજકીય, આર્થિક, વૈચારિક, ધાર્મિક બાજુનો વિચાર કરીએ તો સમગ્ર સમાજનું માળખું રૂઢિચુસ્ત, સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રકારના દબાવ - **social compulsion** બહુઆયામી. વિવિધ વર્ગના એકબીજા સાથે કાપતા આડા-ઊભા સતત છેદતા દૃષ્ટિબિંદુઓ, જેને આપણે અંગ્રેજીમાં ક્રૉસકટિંગ પણ કહી શકીએ. આ પ્રકારની કંઈક અંશે તનાવપૂર્ણ પરિસ્થિતિમાં અસાઈત અને એના પુત્રો અને એ પછી જે કોઈ હોય તેણે આ દિશામાં લોકનાટ્યક્ષેત્રે જે કોઈ મહત્ત્વનું કામ કર્યું છે એ તપાસવું માત્ર રસપ્રદ જ નહીં, પરંતુ નવી કેડી પર ચાલવા જેવું મહત્ત્વનું કામ છે. આ 'ઓરલ ટ્રૅડિશનલ લિટરેચર', કંઠસ્થ પરંપરાનું ગાન અને નૃત્યમાં અભિવ્યક્તિ થતું સાહિત્ય, એને જે નામ આપીએ તે. એમાં એ સમયની નરી વાસ્તવિકતા જ રજૂ થાય છે. આ સાહિત્ય સમસ્ત લોકસમુદાયનું પ્રતિબિંબ ઝીલે છે. ભવાઈના કેટલાક દર્શકોને-કેટલાક અભ્યાસીઓને આ વેશોમાં જેટલું મહત્ત્વ હાસ્ય અને શૃંગારરસને અપાયું છે એટલું મહત્ત્વ એના ભક્તિરસને, એના સમન્વયકારી વિચારતત્ત્વને અપાયું નથી એમ લાગ્યું છે. એમાં તથ્ય છે. સાચી વાત તો એ છે કે આ વેશોમાં સમકાલીન જીવાતા જીવનના સુખ-દુઃખ, હર્ષ-શોક, સંવાદિતા કે વિસંવાદિતા વચ્ચે એક સર્વવ્યાપક સ્વધર્મની સમજણ વિકસી છે. આ પ્રકારની પ્રમાણભૂત તપાસ કદાચ અસાઈત અને તેના સર્જનને વધારે વ્યાપક અને વિશાળ ફલક પર મૂકી દે!



'જૂઠણ' ની જોડી - ચટકી જે તે સમયની વેશભૂષાનો પરિચય - લાક્ષણિક મુદ્રા

'જૂઠણ'ના વેશનું 'આવણું' જોઈએ.

'એઈ..... સાઈયુંકા પંથ દોહ્યલા બાબા
મેરે સાંઈકા પંથ દોહ્યલા બાબા
અલ્લા અલ્લા વલ્લા વલ્લા
સાઈયુંકા પંથ દોહ્યલા...

ફકીરનો પંથ મુશ્કેલીથી ભરેલો છે. એ પોતાનો પરિચય આમ આપે છે :

'બલખ બખારેકા બાદશાહ, શેખહુસેન ઉનકા નામ,
ઉઠ ફકીરી લે ચલી, જૂઠણ ધરાયા નામ.'

ફકીરીના પંથને રાજમાર્ગ ગણી, આત્માનો પરિચય પામવા નીકળેલો મસ્ત ઓલિયો ઉપરની પંક્તિઓ ગાતો ગાતો મોઢે ખડીનાં ટીલાં કરી, પાયજામાની બાંય સાથળ સુધી ચઢાવી, કમર ઘોળતો ઘોળતો, એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તલવાર લઈ જીભના લપકારા કરે છે. બંને બગલો વાંદરાની માફક ખણે છે. મુખની ચેષ્ટાઓ કરે છે. જૂઠણ જે પ્રકારનું ઢીલું સૂથણું પહેરે છે તે ઉત્તર પશ્ચિમમાં પઠાણો આજે પણ પહેરે છે. અફઘાનના રાજકર્તાઓ આ પહેરવેશ હિંદુસ્તાનમાં લાવ્યા છે.

આ ગાળા દરમિયાન ઈસ્લામના સંદર્ભમાં સૂફીપંથના પ્રચાર અને પ્રસારનો સમય હતો. આમ તો સૂફીપંથના ત્રણ ફીરકા છે. હઝરત નિઝામુદ્દીન ઓલિયાનો ચીસ્તી સીલસીલા દિલ્હી



'જૂઠણ'ની જોરૂડીનું આંતરિક પ્રેમ પોત, એની એક નૃત્ય-ભાવભંગિ

અને પશ્ચિમ ભારતમાં, પૂર્વ ભારતમાં સુહરાવર્દી, બિહારમાં ઈક્કી હાસકાર બરાનીનો પ્રભાવ હતો. સૂફી-પંથના અનુયાયીઓ ઉલેમાઓ રૂઢિ-વાદીઓની તુલનામાં શાંતિ અને ભાઈ-ચારાના યાત્રીઓ હતા. શાંતિ, સલેહ-સંપ અને ભાઈ-ચારાનો પ્રચાર કરતા. સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી પ્રેમનો પંથ દર્શાવતા હતા.

સાહિત્ય કે કલાના પ્રાદુર્ભાવમાં શાસક અને શાસનનું મહત્ત્વનું સ્થાન છે. આ સમયે હિંદુધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ એ પ્રાણ પ્રશ્ન હતો. એટલે આ સમયે સવિશેષ ધાર્મિક અને તત્ત્વદર્શી સાહિત્ય રચાયું છે. સમયના વહેણની સાથે હિંદુ અને મુસ્લિમ વચ્ચે સમન્વયની ભાવના જાગતી ગઈ. જ્ઞાનમાર્ગ, સગુણ-નિર્ગુણ, એકેશ્વરવાદ અને ઈસ્લામ નજીક આવતા ગયા. ખાસ કરીને હિંદુ સંતો અને મુસ્લિમ સૂફીસંતોની કેટલીક જીવનવિષયક સમાન વિચારસરણીને કારણે, 'સમન્વય' પ્રવૃત્તિને વેગ મળ્યો. આ સાથે બે છેડા પર રૂઢિચુસ્ત જુનવાણી વિચારણા પણ હતી. એક બાજુ ઉલેમાઓની ચુસ્ત રૂઢિચુસ્તતા તો બીજી તરફ બ્રાહ્મણોની પારંપરિક રૂઢિચુસ્તતા. આ બંને છેડાઓની ધારા વચ્ચે સૂફી સંપ્રદાય અસાઈતના સમયમાં એનું સાહિત્ય આલોકતાં ખેડૂત-મજૂર-કારીગર વર્ગમાં વધુ અસરકર્તા હોય એમ લાગે છે. સૂફી સંપ્રદાય શિયાફીરકાના આરબો પ્રથમ સિંધમાં સાતમી સદીમાં લાવ્યા.

ગુજરાત આ અસરથી મુક્ત રહી શક્યું નથી. હિન્દુસ્તાનમાં ઈસ્લામની અસર ધાર્મિક ક્ષેત્રે કશી ગણનાપાત્ર નથી પણ સામાજિક ક્ષેત્રે સમગ્રભક્તિ પ્રવાહ આહલન પર એની અસરનો ઈનકાર કરી શકાય એમ નથી. કબીર અને નાનક એનાં સારાં દૃષ્ટાંતો છે.

હવે આ દિશામાં જ્યાં વેશો રચાયા છે તે ઊંઝાના ભૌગોલિક સ્થાન અંગે વિચારીએ. પાટણથી બહાર જવાના સીધા માર્ગ તરીકે સિદ્ધપુર અને ઊંઝા મહત્ત્વનાં સ્થળ હતાં. એક તરફ રાજસ્થાન, માળવા કે ગુજરાતના અંદરના ભાગે જવા માટે આ ધોરી માર્ગ હતો. સિદ્ધરાજે માળવા ઉપર ચઢાઈ કરી ત્યારે ઊંઝામાં આખું



ભવાઈટોળી

લશ્કર, લડાયક યોદ્ધાઓ, પદાધિકારીઓ અને સ્વયં મહારાજા સિદ્ધરાજ રોકાયા હતા તેવો સીધો સંદર્ભ મેરુતુંગાચાર્યના 'પ્રબંધ ચિંતામણી'માં મળે છે. એમણે ઊંઝાના ગ્રામજનો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. સિદ્ધરાજે સિદ્ધપુરમાં ત્રેવીસ હાથ ઊંચો મહામેરુ પ્રાસાદ રુદ્રમહાલય પણ બંધાવ્યો હતો.

ઊંઝાના ભૌગોલિક સ્થાન પર મહત્ત્વ આપવાનું કારણ એ છે કે અંતરિયાળ ગ્રામ્ય પ્રદેશ કરતાં ધોરીમાર્ગના કારણે સંસ્કાર અને સંસ્કૃતિની દૃષ્ટિએ શિષ્ટ-સમજુ-વિવેકી-સમ-વયવાદી અને નમ્ર નાગરિકો-ખેડૂતો-કારીગર વર્ગ હતો, એટલે સામાજિક રીતે જે વર્ગ હતો તે ઉદારમતવાદી હતો એને જ કારણે અસાઈત ઠાકરનો સ્વીકાર પણ ઊંઝામાં જ થયો અને શાંતિની વાતવાળા સૂફીઓનો સ્વીકાર પણ થયો. અસાઈતનો સમય એટલે એક અર્થમાં લગભગ અંગ્રેજોની સત્તા સ્થિર થયા પછી રાજા રામમોહનરાયના ઉદયકાળના બંગાળ જેવો પ્રવાહી અને એકબીજાને છેદતો-ક્રોસકટિંગ સમય હતો.

હવે આપણે 'જૂઠણ'ના વેશનો વિચાર કરીએ. આ વેશ ગુજરાતની સમુદારતાના પ્રેક્ષણીય શિખર જેવો છે. જૂઠણની બધી સલામો : 'ખડેકુ ખડી સલામ, બેઠેકુ બેઠી સલામ, ભાઈ ભાઈ ભલે ભલે ભાઈ, અચ્છેકુ અચ્છી સલામ, બુરેકુ બુરી સલામ...' એ પછી 'ઈશ્વરકે ઘરમેં, દાતા કે ઘરમેં, ખુદા કે દરબારમેં, સબ સરખે, એકારા ભાઈ એકારા, સાહેબ કે ઘરમેં એકારા.'

'સાહેબનું ઘર આવે' એટલે સંત કબીર યાદ આવે. સંત કબીર અને ઉપરોક્ત જે સંદર્ભ આપ્યો છે એમાં એકલતાનો સૂર અને બે સંસ્કૃતિનો સમન્વય છે. કબીર એટલે મધ્યયુગના પ્રાસ, સાધક અને રહસ્યવાદી સંતકવિ. અંદરથી સંપૂર્ણપણે મનુષ્ય-સૂફી અને સમાજસુધારક.

જૂઠણનો સાંઈનો પંથ સાચે જ દોહ્યલો છે. આ રસ્તો શૂરાનો છે. જેમ નટવા બજાણિયા બે ઊંચા વાસડા પર તંગ રીતે બાંધેલી દોરી પર સમતુલા જાળવવા હાથમાં વાંસડો રાખી ચાલે છે એ

રીતે ચાલવાનું છું. આ સતનો, સુરતાનો વાંસડો છે. આ વેશમાં 'સાંઈ', 'સાંયાજી,' 'સાદેબ' જેવા શબદ અંદરથી જાગેલા અને અન્યને જગાડવા મથતા સંત-તત્ત્વજ્ઞાનીના છે. હિંદુઓમાં જેમ શુદ્ધ નિષ્કામ ભક્તિનો માર્ગ છે તેમ સૂફીઓની વિચારણાનો પાયો નિઃસ્વાર્થ શુદ્ધ પ્રેમ છે. સૂફીઓની ચાર સિદ્ધિઓમાંનું અંતિમ ચરણ તે 'હકીકત' છે. 'હકીકત' એટલે સાધકની વિચારણા અને મનની સૌથી ઊંચી કક્ષા. આ કક્ષાએ પહોંચેલા સમકાલીન જ્ઞાની કવિ નરસિંહ મહેતા કહે છે : 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એમ સાધકને બધું પ્રેમમય ભાસે છે. સાધક સ્વયં પ્રેમી બનીને ક્યાંક મૌન બની જાય છે અને બોલે છે તો ખપપૂરતું પ્રેમમય! આપણે ત્યાં પ્રેમનું નીતાંત શુદ્ધ સ્વરૂપ તે રાધા અને કૃષ્ણ છે. અહીં જૂઠણ જેને ચાહે છે તે 'જોરુ'-'બીબી', 'ચટકી' હિંદુ છે. એ પ્રારંભમાં જૂઠણને નાચતો જોઈ આ પ્રમાણે કહે છે, જે અર્થસૂચક છે.

'લાલી દેખું લાલ કી, જબ દેખું તબ લાલ,
લાલી દેખન મૈં ગઈ, પિયુ હોગઈ લાલ ગુલાલ રે...'

આપણને અહીં મીરાંની પ્રેમલક્ષણા ભક્તિ યાદ આવે! અહીં જોરુના રુદિયાનો ખૂણો સંપૂર્ણપણે એના મનોમય કોષ સાથે એકાકાર થઈ ગયો છે. 'હું' ઓગળી જઈ 'તું' થઈ જાય છે. આ અભિન્ન અવસ્થા છે. આ અભેદ તે આંખ ખોલવાની, ખૂલવાની, આજની ઘડી તે રળિયામણી... જેવી પળ છે. પર્વતપુત્રી વનકન્યા નદી સાગરમાં એકાકાર થાય એવી આ શુદ્ધ અદ્વૈતની સૌભાગ્ય ક્ષણ છે. આપણે અહં 'બ્રહ્માસ્મિ' કે 'ચિદ્નંદરૂપમ શિવોઙ્હં શિવોઙ્હં' કરીએ છીએ. શ્રી કૃષ્ણએ ગીતાના સોળમા અધ્યાયમાં 'અભય' ગાયો છે. સૂફીઓ પણ આવા અભય હતા.

દિલ્હીના શેખ અહમદ દેહલવી-બાબા દેહલિયા સને ૧૧૩૮માં સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં પાટણમાં આવ્યા હતા અને ખૂબ આદરસન્માન પામ્યા હતા. એક સમયે સૂફીઓનું કેન્દ્ર ઉત્તર ગુજરાતનું પાટણ શહેર હતું. પાલનપુરમાં પણ સૂફીઓ આવતા હતા એનાં ઘણાં દૃષ્ટાંતો પ્રમાણભૂત રીતે મળે છે. એક ઘટના આ સંદર્ભમાં નોંધવા જેવી લાગે છે.

હજરત મન્સુર સાહેબ ભાવ સમાધિમાં બોલી ઊઠતા, 'અના અલ હક્ક' અરબી ભાષામાં 'અના' એટલે 'હું'. અલહક્ક એટલે ઈશ્વર, અલ્લા, ખુદા. આમ, હું ઈશ્વર છું જેવા ઉચ્ચારણો પ્રમાણે ધર્માંધ લોકોએ 'ઈસુ'ની માફક એમને પણ ખીલાથી નહીં પણ શૂળી પર જડી દીધા હતા. એક શ્રુતકથા પ્રમાણે તેમના લોહીથી બધે જ 'અના અલ હક્ક' છવાઈ ગયું હતું. આ ઓલિયાઓનો પંથ છે, જમાત છે.

જૈનેતર કવિ અસાઈત ઠાકરના આંતરિક મનની સ્થિતિ પણ કંઈક આ પ્રમાણે સતત ઊર્ધ્વયાત્રા કરે છે.

જૂઠણ સર્વ જીવો, જડ તેમજ ચેતન બધાને 'સલામ' કે વંદન કરે છે. અસાઈત ઠાકરના સમય પહેલાં અને સમાન્તરે ગુજરાતમાં જૈનધર્મ અને તેના તત્ત્વજ્ઞાનની ગુજરાતમાં વ્યાપક અસર હતી. જૈનતત્ત્વજ્ઞાન દર્શાવે છે કે કોઈ પણ વસ્તુ પૂર્ણપણે સ્વતંત્ર નથી તેમજ કોઈ પણ વસ્તુ અન્ય નિરપેક્ષ પૂર્ણપણે સમજી શકાતી નથી. તેઓ દૃઢપણે માને છે કે જેઓ એકને પૂર્ણતયા જાણે તે બધું જ જાણે અને જે બધી વસ્તુઓને જાણે તે જ એકને પૂર્ણપણે જાણે છે. આ સાપેક્ષવાદ છે. આ સાપેક્ષ અને અનેક તત્ત્વવાદ જૈનધર્મ સ્વીકારે છે. 'ખડેકુ ખડી સલામ...' એટલે કાઉસગની મુદ્રામાં ઊભી તપપૂત જૈન પ્રતિમાઓ. આ પ્રતિમાઓમાં વ્યાપકપણે બૌદ્ધ, હિંદુ દેવ-દેવીઓનો સંદર્ભ પણ છે. 'બેઠેકુ બેઠી સલામ...'માં પદ્માસનસ્થ ધ્યાનમગ્ન પ્રતિમાઓ, ઋષિઓ મર્મી, પૂર્વસૂરિયો સંતો, સાધકો, સોયે કો સોની સલામ... માં દરગાહની કબરમાં સૂતેલા ઓલિયા, પયગંબરો... દેખાતા ન દેખાતા સર્વે સ્થૂળ સૂક્ષ્મ જીવોને એ સલામ કરે છે. આ આખોય વેશ એક રીતે આંતર પ્રેરણાવશ છે. ઍબ્સર્ડ-જીવનનો મિથ્યાવાદ, અટપટાપણું, રહસ્યવાદની પણ આંશિક છાયા અહીં છે. આ પાત્રની આંખમાં એક અજબ અલગાર-ઈશ્કે હકીકી છે, ઈશ્કે ફકીરી છે. કારણ કે તે સંસારના પ્રેમભંગને મક્કા સાથે જોડે છે. સાથે 'જોરુ' ને કાશી સાથે જોડવા પ્રેરક સૂચન કરે છે. પ્રેમને આધ્યાત્મિક સ્વરૂપ મળે એટલે ત્યાં તીર્થ રચાય! જોરું કહે છે 'તું તરક (તુર્ક) હું હિંદવાણી'.


'જૂઠણ' એક અલગ આહાર્ય

જૂઠણ કહે છે : મૈં તો બન ગયા ફકીર પ્યારી તેરે કારણે,
મૈં તો બન ગયા ફકીર અલ્લા તેરે કારણે...
થારો તે રંગ મીને લાગ્યો ગોવિન્દા (૨)...
બીબી : 'તુમ જાઓ મક્કા, હમ જાય કાશી,
તેરે મેર દિલકી છૂટ ગઈ ફાંસી.

ઓલિયા કે પીરની ઉપાસનાને આ યાત્રી જાણે કશું જ બન્યું નથી એમ સ્વીકારી સૅમ્યુઅલ બેકેટના નાટક 'વેઈટિંગ ફૉર ગોદો'ની માફક જાણે ગોદો જેવું કોઈ પાત્ર પોતાના જીવનમાં આવ્યું નથી એમ સંકલ્પ કરી તત્ત્વજ્ઞાન તરફ વળે છે. એ પ્રતિજ્ઞા કરે છે માલિકની!

વેદનાં સૂકતો, મન્ત્ર-સાહિત્ય, બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદ નિસર્ગની પૂજા સાથે, નિસર્ગની શક્તિ અને સામર્થ્ય પાછળ કોઈ સચેતન તત્ત્વો કામ કરે છે, એમ સૂચવે છે; જેને પાછળથી દેવ-દેવીઓનું સ્વરૂપ મળ્યું. આ તત્ત્વ તેને 'બ્રહ્મ' કે 'આત્મા'—આ બે શબ્દોમાં ભારતીય તત્ત્વજ્ઞાન છે.

આ વેશમાં વૈષ્ણવ સંપ્રદાયનો સંદર્ભ પણ છે. 'ગામ આખું વૈશ્નવે ભર્યું, ગોપીચંદ મોંઘું કર્યું' તો બીજી તરફ જૈનધર્મનો ઉલ્લેખ પણ છે. 'ઢુંઢિયા જતિ હો મારા ઢુંઢિયા જતિ, નાની શ્રાવકડીને શીરાવા બેઠી છે.' પણ આ બે ધર્મના આંતરતત્ત્વ વિશે કશું નથી. સમગ્ર લોકજીવન જેને આધારે ટક્યું છે, એવું તત્ત્વ છે લોકધર્મ અસાઈત લોકધર્મી કવિ છે. એ કટાક્ષ પણ કરે છે.

એક જગાએ 'પર પુરુષ કો હંસ બુલાવે' એવી પંક્તિ સૂચક છે. પ્રણવની ઉપાસનાની અનુકૂળતા માટે નાદબિંદુનું ઉપનિષદમાં હંસરૂપે વર્ણન કરેલું છે. પ્રથમ પ્રણવને એક હંસપક્ષી સ્વરૂપે સમજવાનું છે. આ હંસની જમણી પાંખમાં અકાર, ડાબી પાંખમાં ઉકાર, પુચ્છમાં મકાર, શિરમાં અર્ધમાત્રા, જમણા પગમાં રજોગુણ, ડાબા પગમાં તમોગુણ, શરીરમાં સત્વગુણ, જમણી આંખમાં ધર્મ છે. હંસના પ્રત્યેક અવયવમાં 'સપ્તલોક' છે. આ સપ્તલોક એટલે ભૂલોક, અન્તરિક્ષલોક, સર્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક, સત્યલોક છે. આપણા શ્વાસપ્રવાસમાં હનો અને અંદર જતા શ્વાસમાં સનો સ્વાભાવિક ધ્વનિ ઊભો થાય છે. શ્વાસ, પ્રશ્વાસની આ ક્રિયા ચાલુ રહેવાથી *હંસ*નું *સોહં* થઈ જાય છે. આ સોહંમાંથી સકાર અને હકાર કાઢી નાખતાં ૐ એવા અવશિષ્ઠ અક્ષરાકારને રૂપે પ્રણવ જ રહે છે, જે શબ્દ પરમાત્માનો વાચક છે, જેનું ધ્યાન કરનાર પણ પરમાત્મા સ્વરૂપ જ થાય છે. ઉપનિષદે 'હંસ' શબ્દને અજયામંત્ર કહ્યો છે, જે શ્વાસ-ઉચ્છ્વાસ સાથે ચાલુ રહી પરમાનંદનો અનુભવ કરાવે છે. એટલે જૂઠણ બીબીને આ તત્ત્વજ્ઞાન હંસના રૂપકથી સમજાવે છે. અસાઈત ઠાકરની તત્ત્વવેત્તા તરીકેની સમજદારી તે હંસ શબ્દનો સમુચિત પ્રયોગ!

આ જ વેશમાં એક અન્ય પાઠ્યક્રમમાં જૂઠણ આ પ્રમાણે ગાય છે: 'ભજો ભજો બ્રહ્માનંદ રાય રે...' સ્વામી સહજાનંદે કૃષ્ણ અવતારને પ્રકટ સ્વરૂપે સર્વાધિક પૂજ્યો છે. અસાઈત સકળ ધર્મોનું ગૌરવ કરે છે. સહજાનંદ સ્વામીના પ્રત્યક્ષ પરિચયથી બ્રહ્માનંદ ઘણું પામ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાયે આપણા સમાજને અંદર અને બહારથી સુધારવાનો મોટો પ્રયત્ન કર્યો છે.

'નવરાતના નવ દહાડા રમીએ જી રે...' એમ કહી શક્તિ ઉપાસનાનું માહાત્મ્ય પણ કરે છે.

વેશના અંત તરફ જઈએ :

જૂઠણ : હિંદવાણી તું જૂઠાબોલી
ભર પાણી કા બેડા
પર પુરુષકો હંસ બોલાવે
હમકું કયું ફુસલાવે?
થાક થૈયા થૈયા!

નાયક : શું થયું મિયાં? આમ ઢીલા કેમ પડી ગયા? પેલા તો બહુ જોર મારતા'તા.

જૂઠણ : હમારી જોરુ તો હમારી મા બન ગઈ. જબ હમ ફકીર બન ગયા સલામત સલામત
અંબા મા સલામત
ચાચર ચોક સલામત
મંડલી સલામત
માનો સંઘ સલામત
સંઘવી સલામત
આખું ગામ સલામત
માનો ગૉખ સલામત
આખા ગામનો રોગ-દોગ સઘળું જજો કાલા સમુદ્રે.

આ વેશ અને 'ઝંદા-તેજાં'ના વેશમાં સામાજિક વાસ્તવિકતાનો બરોબર ખયાલ આવે છે. ગુજરાતનો આ ફલક ઉત્તર ભારતને પણ એ રીતે જોડે છે. અસાઈત ઠાકરના જીવનની વ્યક્તિગત વિભીષિકાને કારણે કોઈ જગાએ સામાજિક કે ધાર્મિક વિપ્લવ દેખાતો નથી. પરંતુ સામૂહિક જાગતિક અવસ્થાએ ઊંચે જવાની સંપન્ન રુચિ પેદા કરી છે. મુસ્લિમ કે હિન્દુ રૂઢિવાદીઓનો સીધો ચમત્કાર કે સીધી અસર 'કાન્હડદેપ્રબંધ'માં છે, જેમાં સ્વપ્નમાં કાન્હડદેને સુલતાનની જગાએ સાક્ષાત્ શંકરભગવાન દેખાય છે. આ ઐતિહાસિક કાળની પેદાશ કે ઊપજ છે. આ પ્રયત્ન-પૂર્વકનું સંમિલન કે મિશ્રણ છે. સમાજજીવનનું ચૈતન્ય ધર્મની શિરાઓમાં વિશેષપણે વહેતું થયું છે. સિકંદર સાથેના યુદ્ધસમયે બ્રાહ્મણોએ કઠગણતંત્રને આપેલો ઉપદેશ યાદ કરીએ તો અસાઈતના સમયની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિના કારણે જન્મેલી સંક્ષુબ્ધ પરિસ્થિતિમાં પણ આંતરજીવનની સમૃદ્ધિ સચવાઈ શકી છે એ વાત સમજાય છે. અસાઈત જેવી સર્જક પ્રતિભાએ જે જીવનબળ પૂરું પાડ્યું છે તેને કારણે પ્રજાજીવન આવા કપરા કાળમાં પણ ટકી રહેવા પામ્યું છે. આ સિવાય મનોરંજન અને સુધારા સાથે તત્ત્વદર્શનનો મર્મ પણ ટકી શક્યો છે.

રોમિલા થાપર જેવા સંપન્ન વિદુષી સને ૧૨૦૦થી ૧૫૨૬ના સમયગાળાને ખૂબ વિચાર અને બુદ્ધિપૂર્વક 'એસિમિલેશન ઑન ટ્રાયલ ઍન્ડ ફ્યુઝન' એવું નામ આપ્યું છે. પ્રાયોગિક સ્વરૂપે એકરૂપ થવું, કે રસરૂપ થવું એવો એનો અર્થ કરી શકાય. ❑

અતીતમાં અવગાહન



નન્નો

મુળાક્ષરનો એ વીસમો અક્ષર તમે ઘુંટતા શીખ્યા ત્યારે,—અત્યાર સુધી અનેક વાર તમે એનો ઉપયોગ કર્યો ત્યારે, તમને શું ખબર હતી કે એમાં એક ઉંડો મર્મ ભર્યો છ ?

એ સાદો દેખાતો અક્ષર તો અદ્ભુત છે; એમાં અતુલ શક્તિ ભરી છે; એનો યોગ્ય ઉપયોગ કરતાં તમને આવડે તો જીંદગીનું એ અમોલું જવાહીર થઇ પડે તેમ છે.

એના ઉપયોગની ચાવી તમારે હાથ લાગી જાય, એને વાપરી શકવા જેટલી દૃઢતા તમારામાં હોય, એ ક્યાં અજમાવવો તે પારખવાની વિવેકબુદ્ધિ તમારામાં હોય, તો એ તો એક એવું ભારે હથીઆરં છે કે જે અનેક પ્રસંગે તમને પડતા બચાવી લે; તમારા ચારિત્ર્યનું રક્ષણ કરે; અને તમારો જીવનનો માર્ગ મોકળો કરી દે.

એનો એવો ઉપયોગ કયો ?

તમે નન્નો ભણતાં શીખો;—'ના' કહેતાં શીખો.

સત્યને ખાતર, નીતિને ખાતર, ચારિત્ર્યને ખાતર, ગમે તેટલા કપરા સંજોગોમાં નીડરપણે 'ના' કહેતા શીખો.

કોઇ તમને અસત્ય બોલવાનું કહે, અસત્ય આચરવાનું કહે, તો તેની ઘસીને 'ના' કહો; પછી સામે ભલે મોટો ચમરબંધી હોય.

લાલચોનો ગંજ તમારી સામે ઉભો કરવામાં આવે, સામે ધનના ઢગલા કરવામાં આવે, એશઆરામ ને સુખચેનની લાંચ આપવામાં આવે;—પણ દૃઢતાથી એ સૌને ઠોકરે મારી, અસત્ય ને અન્યાય આચરવાની સાફ સાફ 'ના' પાડી દો.

એક કામ ખરાબ હોય, અનીતિમય હોય, ને તમારી પાસે કોઇ તે જોરજુલમથી કરાવવા માગે, તો ચાહે તેટલી ધમકીની સામે, જુલમના અંગારની સામે, દુઃખના ડુંગરની સામે છાતી ઠોકીને ચોકખી 'ના' કહો.

કોઈ કામ કરવાનો તમારો અધિકાર હોય, કોઇ જગ્યા પર તમારી માલીકી હોય, તમારા 'હક'ની વાત હોય, ને તમારો એ અધિકાર જતો કરવા, તમારો એ હક છોડી દેવા તમારા પર દબાણ લાવવામાં આવે ત્યારે બેધડક ને હિંમતપૂર્વક 'ના' કહો. પછી તમે ભલે એકલા હો, ને સામે હજારો માણસો હોય; તમે ભલે નાચીઝ માામુલી આદમી હો, ને સામે પ્રતિષ્ઠિત, સત્તાવાન ને દુનીઆનાં ' ચતુર સુજાણ ' માણસો હોય, છતાં પણ કોઇની શેહમાં તણાયા વિના દૃઢતાથી 'ના' કહો.

નમ્રતાથી ને દૃઢતાથી 'નન્નો' ભણવા વિષે એક બહુ સરસ વાત આપણામાં છે. ' માજન તો માબાપ છે, પણ મારી ખીતી નહિ ખસે' એ વાત ન જાણતા હો તો કોઇની પાસેથી જરૂર જાણી લેજો.

દીવાળી

દીવાળી એ વર્ષનો છેવટનો દિવસ છે; એટલે આખા વર્ષની સમાપ્તિ અર્થે લોકોને આનંદ કરી લેવાની ઇચ્છા થાય છે. વીતેલા વર્ષનાં વેરઝેર ને દુઃખદિલગીરી ભુલી જઇ તે વર્ષનો હીસાબ બંધ કરી નવું વર્ષ નવે કોરે પાને અને શુદ્ધ ઉજ્જ્વળ અંતરથી શરૂ કરવાનો સુંદર સંકલ્પ માણસ દીવાળીના ઉત્સવ દ્વારા પ્રકટ કરે છે.

ઉત્સવ એ તો કલાનું એક સ્વરૂપ છે. આપણી જીંદગીમાં જો ઉત્સવ ન હોય તો એ સાવ સુની બની જાય, અને જીવન કંટાળાભરેલું, લાંબું અને બોજરૂપ લાગે. મુસાફરીના લાંબા રસ્તા પર જેમ વીસામાના ચોતરા, પાણીની પરબો અને આરામ માટે ધર્મશાળાઓ હોય છે, તેમ 'ઉત્સવો એ આપણી જીંદગીના લાંબા માર્ગમાં આપણને આરામ, રાહત ને વીસામો આપનાર સુંદર બાળાઓ છે.

જંગલમાં રહીને જીવન ગાળનારા કે નગરમાં વસનારા નાગરિકો, બધાને ઉત્સવ ઉજવવા ગમે છે. સમજ્યે વગરસમજ્યે સૌ ઉત્સવને આવકાર આપે છે. દુનીઆની કોઇ પણ પ્રજા ઉત્સવો કર્યા વીના રહેતી નથી. પ્રજાના ઉત્સવો એ તેની ચડતી પડતી માપવાનું સાધન પણ છે. કોઈ પણ પ્રજાના ઉત્સવો ઉપરથી કહી શકાય કે એ પ્રજામાં કેટલો પ્રાણ ભર્યો છે.

ઉત્સવ એટલે તપ નહિ, ઉપવાસ નહિ; ઉત્સવ એટલે ખુણે ભરાઇ બેસવાનું નહિ; પણ ઉત્સવ એટલે આપણા ઉલ્લાસનો છલકાટ; ઉત્સવ એટ[illegible]પણા અંતરના [illegible]લ્લોલનું પ્રકટીકરણ; ઉત્સવ એટલે જગતમાં આપણું અસ્તિત્વ પ્રગટાવી

જગત સાથેનો સંબંધ ઘાડો કરવો, જગતના આનંદમાં ભાગ લેવો અને સ્નેહનાં લ્હાણાં લેવાં દેવાં.

*

પણ આપણા ઉત્સવોમાં આવો પ્રાણ નથી જણાતો; આપણી પ્રજા જાણે ઉત્સવો ઉજવતાં થાકી ગઇ લાગે છે; આપણી દીવાળી એ ખાવાપીવામાં ને ખર્ચામાં વીતાવાતા ખાલી ખોખા જેવા દિવસ જેવી માત્ર રહી છે. કારણ કે દુકાળ, મોંઘવારી ને પરતંત્રતાના ત્રાસે પ્રજા પીડાઇ રહી છે; અંદરઅંદરનાં ઝેરવેર ને કજીઆકંકાસથી ત્રાસી રહી છે નિસ્તેજ પ્રજાના ઉત્સવમાં .. . કયાંથી હોય ?

*

આપણે ભાઇચારામાં ન સમજીએ, સલાહસંપમાં ન સમજીએ, આપણા દેશનાં માનવીઓનાં દુઃખનો ખ્યાલ સરખો યે ન કરીએ, તેમનો તિરસ્કાર કરતા હોઇએ, ભુખે પીડાતાં અનેક ભાઇ બહેનોનાં દુઃખથી આપણું અંતર ન દાઝે, આપણા દેશની સ્ત્રીઓને અજ્ઞાનમાં ડુબતી ને જીંદગીભર કુટુંબના ત્રાસ ખમતી જ જોયા કરીએ, આપણાં નાનાં નાનાં ભાંડુઓ, કુમળાં બાળકોના જીવનમાં શી શી વિટંબનાઓ હોય છે તે ન જાણીએ, આપણી પ્રજાના એક પણ જીવને જંપ ન હોય ને આપણે કયે મોઢે દીવાળી ઉજવીએ ?

ત્યારે આપણે ક્યારે ખરી દીવાળી આવશે ?

તમે જો માનો કે તમે અજ્ઞાન અને અસત્યના સૈન્યને હટાવનાર સૈનિક થશો; કોઈપણ માણસ જુદા ધર્મનો, જુદી જાતનો કે તમારાથી જુદા મતનો હોય તોપણ તેનું અપમાન કે તિરસ્કાર નહિ કરો; 'એક પિતા પરમેશ્વર'નાં સૌ બાળકોમાં હમેશાં બંધુભાવ જ હોય પછી ભલે તે ગમે તે નાતજાતનો હોય—એમ તમે માનો; તમે જો માનો કે દેસની પરાધીનતા ટાળવા તમે કેડ બાંધશો; તમે જો માનો કે તમારા દેશની સ્ત્રીઓને અજ્ઞાન ને ત્રાસમાંથી બચાવવા તેમને યોગ્ય કેળવણી અને પુરતા અધિકાર આપવા તમે આગળ પડશો; તમે જો માનો કે કુમળા છોડ જેવી આપણી ઉગતી પ્રજાને ઉત્સાહ ને પોષણ આપી ખીલાવવા તમે તૈયાર થશો; ને ભુખે ટળવળતાં અસંખ્ય દેશજનોને રોટલો પહોંચાડવા આપણાથી કાંઈ ન બને ત્યાં સુધી આપણાથી ઉત્સવો કેમ ઉજવાય એમ તમે માનો; તો જરૂર તમારે ત્યાં ખરી દીવાળી આવવાની અને એ મહત્વાકાંક્ષાઓની એટલી બધી જ્યોતો તમારા અંતરમાં પ્રગટશે કે તમે દીવાળીનો પૂર્ણ આનંદ અનુભવશો.

એક કામ ન કરવાથી કોઇનું દિલ દુભાતું હોય કે આઘાત પહોંચતો હોય, પછી તે ભલે તમારૂં વહાલામાં વહાલું સગું—મા, બાપ, ભાઇ, બહેન—કે મિત્ર હોય તોપણ એ કામ જો અયોગ્ય હોય, તમારા અંતરના અવાજની સામે હોય તો એ કરવાની 'ના' જ કહો;—વિનયપૂર્વક, નમ્રતાથી ને પ્રેમથી પણ 'નનો' જ ભણો.

તમારામાં એક વાર એ 'નનો' ભણવા જેટલું બેધડકપણું, નિખાલસપણું ને પ્રાણબળ આવી જાય કે પછી તમારો જીંદગીનો માર્ગ મોકળો છે. કોઇ મુશ્કેલી તમને હઠાવી શકશે નહિ, કોઈ લાંચ લાલચ તમને ચળાવી શકશે નહિ, કોઇ જુલમ તમને નમાવી શકશે નહિ.

માટે જ કહ્યું છે ને, કે 'એક નનો છત્રીસ રોગને હણે.'



(ઑક્ટો. ૧૯૨૪ સંવત ૧૯૮૦ આસો અંક ૧૦ માંથી, તે જ પ્રમાણે રજૂ કરેલાં પૃષ્ઠો.)

અથાણું

મુંબાઈની લોકલ ટ્રેનમાં એકવાર કેટલાક લૉ કલાસના (કાયદાના!) વિદ્યાર્થીઓ જુદા જુદા કાયદાની બારીકીઓ વીશે વાતો કરતા હતા. એવામાં પડખે બેઠેલા એક પારસી ગૃહસ્થ બોલી ઉઠયા, 'તમે બધા કાયદાના અઠંગ અભીઆસી છેઓ, તો હું કહું એનો ખુલાસો કરોની જોઉ.'

વિદ્યાર્થીઓએ પુછયું, 'શું?' પેલા ગૃહસ્થે કહ્યું, 'અનો કુકડો બનો ખેતરમાં જઇને ઇંડાં મુકી આવીઓ, એ ઇંડાંની માલીકી કોણની? બ જો એ ઇંડાં રાખે તો તેણે ચોરી કરી ઠરે? કે બનો કુકડો અનો ખેતરમાં જઈ ઇંડાં મુકી આવ્યો તેને પારકી હદમાં પેઠો કરી ગુન્હેગાર ઠેરવે?'

બધા વિદ્યાર્થીઓ વિચારમાં પડી મુંઝાવા લાગ્યા. કોઈ કાંઇ બોલે નહિ. પાંચેક મીનીટ પછી પેલા પારસી ગૃહસ્થ બોલ્યા, 'જાઓ રે મારા સાહેબ, કાયદો સીખીઆ તો એટલું બી નહિ સમજતા કે મરઘો તે કંઇ ઇંડાં મુકે ખરો?

વિદ્યાર્થીઓનું કોહું ભોપ!





દીવાળીના ફટાકડા

દાદા હોકો પીતા હતા ત્યાં નાનો બાબુ ફટાકડાની સેર લઇને આવ્યો (ચિત્ર ૧લું), અને એક કોરે બેસી ફટાકડા સેરમાંથી છુટા કરવા માંડયા (ચિ૦ ૨). પછી દાદાને બતાંવીને કહે, 'દાદા, આ કેવો મઝાનો ફડાકડો છે?' (ચિ૦ ૩) એમ કહી હોકાની ચલમમાંના દેવતા વડે ફટાકડો સળગાવવા માંડયો (ચિ૦ ૪). પણ, ઓ બાપરે! આ શું? ફટાકડો ચલમમાં જ ફુટી ગયો! અને પછી જુઓ, બાબુના, દાદાના ને દાદાના હોકાના હાલ! (ચિત્ર ૫ મું)

*


એકવાર બીહામણા દેખાવનો એક પંજાબી, રેલવેમાં મુસાફરી કરતો હતો. તેણે ટીકીટ તપાસનારની મશ્કરી કરવા ધારેલું, તેથી પોતાની ટીકીટ તેણે પોતાના જોડામાં રાખી હતી. એક સ્ટેશને ગાડી ઉભી રહેતાં એના ડબ્બામાં ટીકીટ તપાસનાર આવ્યો. પંજાબીને જોતાં જ તે ગભરાયો, પણ હીંમત કરીને ટીકીટ માગી. પંજાબીએ ટીકીટ બહાર કાઢવા સારૂ જોડો કાઢવા માંડયો, કે તરત જ પેલો ટીકીટ તપાસનાર નાઠો. એના મનમાં કે પંજાબી મને મારવા ઉઠયો! એ તો ગયો તે ગયો: પાછો ટીકીટ લેવા આવ્યો જ નહિ.

ભારતીય સંસ્કૃતિમાં 'સિંહ'નું અર્થપૂર્ણ મહત્ત્વ

કનુ નાયક

સૌથી પ્રાચીન સંસ્કૃતિભર્યો ઇતિહાસ જોવા જઈએ તો ઈજિપ્તનો ગણાય. શાસન અને શૌર્યને પુષ્ટિ આપવાનો જ્યારે જ્યારે પ્રસંગ સાંપડે ત્યારે કલાકારોએ 'સિંહ'ની આકૃતિ-પ્રતિમાને કલાપૂર્ણ રીતે મૂકી દીધી હોય છે. ઈજિપ્ત અને ભારતમાં 'સિંહ'ને કલાપૂર્ણ પ્રતિષ્ઠા આપવાનું કામ પુરાતન કાળથી ચાલ્યું આવ્યું છે, અને હજીયે કલાકારો-કારીગરો 'સિંહ'ને ભૂલ્યા નથી. શાસકમાં વ્યક્તિની 'શક્તિ' 'સિંહ' જેવી હોવી જોઈએ એટલે તો જ્યારે જ્યારે તેને આસન ગ્રહણ કરવાનું હોય ત્યારે 'સિંહાસન' પર જ બેસવું ઘટે. શિવનું રૌદ્ર સ્વરૂપ અને શક્તિની આરાધના બંનેનો સમન્વય સિંહમાં થયેલો છે. પ્રાચીન મિસર (ઈજિપ્ત)ના એક રાજસિંહાસનના પાયા સિંહમુખી જોવા મળે છે જ્યારે ભારતમાં તો સિંહાસન શબ્દ ક્યાં નવો છે? રાજાઓના મહેલોને પણ 'સિંહદ્વાર' હોય છે તેય ક્યાં નથી જાણતા!

અશોક સમ્રાટના પૂર્વવર્તી યુગથી શિલ્પકલામાં સિંહનું સ્થાન નોંધાયેલું છે. સાહિત્યમાં તો સિંહની શ્રેષ્ઠતા સ્વીકૃત થઈ છે જ. ઈ.સ. પૂર્વની અનેક રાજમુદ્રાઓ, સ્તંભ, સિંહાસન પર કલાપૂર્ણ સિંહની આકૃતિઓનું અલંકરણ થયું છે. સમ્રાટ અશોકના બૌદ્ધધર્મના સ્વીકાર પછી બૌદ્ધ સાહિત્યના ધર્મના પ્રચાર માટે અશોકે સ્તંભો પર સિંહની આકૃતિઓ મૂકવાની પ્રથા શરૂ કરેલી. રાજચિહ્ન તરીકે સ્વીકારાયેલ અશોકસ્તંભનું શીર્ષક 'ત્રિમુખી' સિંહ સાથેનું, ભારત શાસક ગણરાજ્યનું પ્રતીક બની ગયું છે. સિંહની પ્રતિમામાં સત્ય, રજસ્, તમસની ભવ્ય ભાવના નિહિત છે. સિંહ હિંસક પ્રાણી હોવા છતાં તેનામાં શૌર્ય અને શક્તિનો આવિર્ભાવ જણાઈ આવે. શાસકવર્ગ આ બન્નેમાંથી એકે ગુણ વિનાનો હોય તો ચાલે નહિ. કલિંગના વિજય પછી અશોકે 'અહિંસા' ધર્મ સ્વીકાર્યો. અશોકસ્તંભોના શિલાલેખમાં અહિંસાનો ઉપદેશ અને સર્વ પ્રતિ સમભાવનો આદેશ છે. સ્તંભના શીર્ષક પરના સિંહ નિર્બળોનું રક્ષણ કરવાના ભાવથી બે પગ સીધા અને સ્થિર-શાંત અને સૌમ્ય ભાવના દ્યોતક જણાય છે. મિસરના સિંહની પ્રતિભા જરી જુદી તરી આવે. આંખોથી જ અગ્નિ-વર્ષા થતી લાગે. 'પ્રિયદર્શી' અને 'દેવાનાં પ્રિય' અશોક સમ્રાટ કહેવાયા ત્યાર પછીના અશોક-સ્તંભોમાં ધર્માદેશ સાથે શાંત સિંહોની આકૃતિ હેતુસૂચક કહી શકાય.



કનુ નાયક



સિંહમુખ (અંકોરવાટ)
બારમી સદી - કંપુચિયા

'સિંહ' શબ્દને કોષકર્તાઓએ શ્રેષ્ઠતાસૂચક બનાવ્યો છે. શ્લોક છે : 'સિંહ-શાર્દૂલ નાગાદ્યાઃ પુંસિ શ્રેષ્ઠાર્થ ગોનાઅંઃ' પરાક્રમી અને શૂરવીરતા-સૂચક 'સિંહ' શબ્દ ઘણાં રાજવીઓ પોતાના નામ પાછળ મૂકી કૃતાર્થ થયેલા લાગે! પછી તો શૂરાતન અને પરાક્રમ વિનાના વંશજો પણ નામ પાછળ 'સિંહ' શબ્દ લગાવતા!

સિંહની પ્રતિમાઓ આગળ કહ્યું તેમ ભારત પૂરતી મર્યાદિત નથી રહી. જ્યાં જ્યાં ભારતીય સંસ્કૃતિ પહોંચી છે ત્યાં ત્યાં સિંહ પ્રતીકાત્મક રીતે પહોંચી ગયો છે. જાવા-સુમાત્રા જેવા અગ્નિ એશિયાના દેશો તથા પશ્ચિમમાં જર્મનીમાં જ્યાં સંસ્કૃત ભાષા પહોંચી છે ત્યાં ભારતીય સંસ્કૃતિનો સિંહ પણ પહોંચ્યો છે. જ્યોતિષશાસ્ત્રનું આદાન-પ્રદાન ઠેઠ ઈજિપ્ત સુધી પૂર્વે ચાલુ રહેલું, એટલે સિંહાસનથી માંડી બુધગ્રહના વાહનમાં સિંહ દેખાશે. બંનેએ બુધમાં દ્વિમુખી સિંહ સ્વીકાર્યો છે. રાશિ તરીકે સ્વયં સિંહ છે જ.

સિંહની પ્રતિમાઓ ઘણે ઠેકાણે આલંકારિક શોભાચિહ્ન તરીકે વપરાઈ છે. છતાં બેલૂર મંદિરના ચોકીદાર તરીકે જે સિંહ પ્રતિમા ચક્ર સાથે મુકાઈ છે તેમાં તે પરાક્રમ અને રક્ષક તરીકેની જવાબદારી અદા કરતી હોય તેવી લાગે. આમ, હિન્દુ, જૈન અને બૌદ્ધધર્મમાં સિંહનો આવિષ્કાર થયેલો છે. સંવતના આઠમા સૈકા

પછી મંદિરો પર 'શુકનાશાર્થે' સિંહ બેસાડવામાં આવતો એમ ડૉ. ગોદાની નોંધે છે. પોપટ સિંહની પ્રતિકૃતિથી ડરતો હશે!

દેવદેવીઓના વાહન તરીકે સિંહની નોંધ આગળ વધારીએ તો અંબા, દુર્ગા એટલે નવે દુર્ગા દેવીઓનું વાહન સિંહ છે. જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું લાંછન (ચિહ્ન) સિંહ છે. નેમીનાથનાં યક્ષિણી અંબિકાનું વાહન તથા મહાવીર સ્વામીની યક્ષિણી સિદ્ધાયિકાનું વાહન સિંહ છે. જૈનોની સોળ વિદ્યાદેવીઓ છે તેમાં મહામાનસી જે સોળમાં વિદ્યાદેવી છે, તેમનું વાહન પણ સિંહ છે. ધ્યાની બુદ્ધ 'રત્નસંભવ'નું વાહન સિંહ છે.


'દીપાર્ણવ' ગ્રંથમાં ચોવીસ ગૌરીઓનું વર્ણન છે, તેમાં વિજયાગૌરી, સુલેધરી, મનેશ્વરી, ઉમાપતિ, વીણાદેવી, ત્રિનેત્રા, ત્રૈલોક્યવિજેતા વગેરે ગૌરીઓનું વાહન સિંહ છે. આમ, સિંહ વાહન તરીકે ઘણી દેવીઓને સ્વીકાર્ય બન્યો છે. તેની પાછળ 'શક્તિ'નો આવિર્ભાવ સૂચક રહ્યો છે.

નાગરશૈલીનાં મંદિરોનાં વર્ણનમાં એક પ્રકારના પ્રાસાદનું નામ 'સિંહકર્ણ' વાંચવા મળે છે. સિંહપ્રાસાદના કર્ણશૃંગ પર અને વચ્ચેના ગાળામાં સિંહની મૂર્તિઓ મૂકવાની હોય છે. ભગવાન વિષ્ણુનો નૃસિંહ અવતાર શું સૂચવે છે? નિર્બળ અને અશક્તોનું રક્ષણ કરવું તેમ જ ને! અહીં સિંહનું કાર્યક્ષેત્ર કલિંગવિજય પછીના સમ્રાટ અશોકના સિંહ જેવું રહ્યું. નૃસિંહની વાત કરી એટલે 'સમમાતૃકા'માંના 'માતૃકા નારસિંહી'નો ઉલ્લેખ કરી લઈએ. તેણે પણ સિંહ સાથેનો નાતો જોડ્યો છે ને!

ઈ.સ. પૂર્વે બીજી સદીના સાંચીના સ્તૂપોમાં સિંહની બાર જેટલી પ્રતિકૃતિઓ જોવા મળે છે. બૌદ્ધધર્મનો સિંહ સાથેનો સંબંધ તેના પૂર્વકાલીન સમયથી ચાલુ રહ્યો છે. સમ્રાટ અશોકના સમયમાં વિસ્તૃત પ્રચાર પામ્યો ત્યારે ઘણે સ્થળે આલંકારિક પ્રતીક તરીકે વપરાતો રહ્યો છે. સૌરાષ્ટ્રના લોકભરતમાં શ્રી ખોડીદાસ પરમારે તોરણ, ટોડલાં, ઝૂલ, ચાકળા, ચંદરવામાં લોકકલાનું સરળ રૂપ પામેલો સિંહ નોંધ્યો છે. જૂની હવેલીઓ કે રાજમહેલોનાં ભીંતચિત્રો પર તથા મદલા (વાજિંત્ર) પર સિંહની કાષ્ઠમૂર્તિઓ જોવા મળી શકે છે. અરે! પોળો કે શેરીઓની પરબડીઓનું નિરીક્ષણ કરશો તો ક્યાંક વળી સિંહની પ્રતિકૃતિઓ કોતરાયેલી જોવા મળશે.

આમ, સર્વ રીતે જોવા જઈએ તો ભારતીય સંસ્કૃતિએ 'સિંહ'ને એટલો બધો આત્મસાત્ કરી લીધો છે કે સિંહનું ભયાનક સ્વરૂપ તેને તો સૌમ્ય, 'વરદ' અને 'અભય' મુદ્રા જેવું અર્થપૂર્ણ લાગે. ❐

ચેસ-કૉર્નર : કોયડો-૨૩



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two)** મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kf2, Qa8, Bb4, Bd7, P-e6**

કાળાં : **Kc7, Rb7, Bh6, P-b5**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે — અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ અપાર્ટમેન્ટ, બીમા નગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ડિસેમ્બર ૨૦૦૨ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ઑગસ્ટ ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૨૧નો ઉકેલ :

(૧) **Bf1** સફેદનું **Key move** છે.

જો...,	**f27**	**(2)**	**Qxp #**
જો...,	**Kxh4**	**(2)**	**Qp2 #**
જો...,	**BxP**	**(2)**	**RxB #**
જો...,	**B** ગમે ત્યાં	**(2)**	**Rg1 #**

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝિંઝુવાડિયા, (૩) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૪) હર્ષદ દવે (રાજકોટ) (૫) ગૌરાંગ જોષી (વેરાવળ) (૬) કિરણ એન. શાહ (આણંદ) (૭) કે.એમ. મુલિયા (સુરેન્દ્રનગર), (૮) છત્રસિંહ બારડ (ધોળકા) (૯) જશવંતરાય એ. ગઢવી (જામજાંબુડા) (૧૦) એમ. એલ. ભક્તા (મુંબઈ) (૧૧) મહેશ વૈદ્ય (મુંબઈ)

ઘણાં વાચકમિત્રો તરફથી પ્રતિભાવો મળે છે અને ચેસની આ કોલમ માટે ઘણી ખુશી દર્શાવે છે. રાજકોટના શ્રી હર્ષદ દવે (મુંબઈ)એ નીચે પ્રમાણે સૂચનો કર્યા છે: (૧) વાચકમિત્રોને વધારે રસ લેતા કરવા માટે કોઈ સ્પોન્સરર્સ દ્વારા ઈનામો રાખવાં. (૨) બાળખેલાડીઓ માટે રમતનો પરિચય, ચેસના સંકેતો વગેરે અંગે સંક્ષિપ્ત માહિતી આપવી. (૩) ચેસ કોર્નરમાં કોઈ મહિલાઓ ભાગ લેતી નથી. તે બાબત ખટકે છે તે માટે વિચારવું. ઉપરાંતમાં ઘણા વાચકોએ પ્રો. એ. આર. રાવ સાહેબને અભિનંદન પાઠવેલા છે.

-અર્પી શાહ

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૦

એડવર્ડ મુન્ક

એડવર્ડ મુન્કનો જન્મ ૧૮૬૩ના ડિસેમ્બરની ૧૨મીએ નોર્વેના લોટેન



ગામમાં થયેલો. એના જન્મ પછી એકાદ વર્ષ બાદ એના પિતા સપરિવાર લોટેન છોડીને ઓસ્લોમાં વસવાટ કરવા આવી ગયેલા. તેરેક વર્ષની ઉમ્મરે એડવર્ડે માની છત્રછાયા ગુમાવી. એની વહાલસોઈ બહેન પણ માની જેમ ક્ષયના રોગમાં સપડાઈને સ્વર્ગે સીધાવી ગઈ. આ બે પારિવારિક કરુણ ઘટનાઓની ઘેરી અસર મુન્કના માનસ પર જીવન પર્યંત અંકિત રહેલી. એનાં ચિત્રોમાં માંદગી અને મૃત્યુશય્યા વારંવાર ઝિલાતાં રહ્યાં છે.

મુન્કની માસી ચિત્રો દોરવાનો શૉખ ધરાવતી. માસીની દોરવણી નીચે એ પરિકથાઓનાં ચિત્રોની નકલો કર્યા કરતો. પછી તો એનાં આ ચિત્રો નાનાં-મોટાં સામયિકોમાં છપાતાંય ખરાં.

એકાદ વર્ષ એન્જિનીઅરિંગ કૉલેજમાં વિતાવ્યા પછી, એ નૉર્વેની સ્ટેટ સ્કૂલ ઑફ આર્ટ ઍન્ડ ક્રાફ્ટમાં જોડાઈ ગયો. એનાં પ્રારંભનાં ચિત્રોમાં પ્રકૃતિવાદી ક્રિશ્ચયન ક્રોગની અસર જણાય છે. ક્રોગ દ્વારા એ બોહેમિયન લેખકો તથા ચિત્રકારોના સંપર્કમાં આવ્યો. આ બધા બોહેમિયનો ભદ્રલોકનાં ખોખલાં નૈતિક મૂલ્યોને પડકારતા તથા સર્જકો માટે નિર્બંધ સ્વાતંત્ર્યની હિમાયત કરતા.

૧૮૮૩માં ગોગાંના એક સગા થોલો (Thaulow)ની ચિત્રશાળામાં જોડાયો. એ પછી એ વધુ અભ્યાસાર્થે પૅરિસ આવ્યો. અહીં એને માને તથા અન્ય છાયાવાદી ચિત્રકારોનો પરિચય થયો. એની ત્રેવીસ વર્ષની વયે એની પાસેથી આપણને પહેલું નોંધપાત્ર ચિત્ર 'The Sick Child' મળે છે.

પૅરિસમાં એનો બીજો ગુરુ હતો લીઓન બોને. ગુરુની રૂઢિગત ચિત્રશૈલી એને રુચિ નહીં. એની રંગોની પસંદગી તરફ ગુરુને અણગમો હતો. બંને વચ્ચે વિખવાદ થતાં ગુરુ-શિષ્ય એકમેકથી છૂટા પડી ગયા.

૧૮૮૯ના અરસામાં પ્રતીકવાદના પ્રભાવ હેઠળ મુન્કે રંગોનો પ્રતીકાત્મક ઉપયોગ કર્યો. એનાં ચિત્રોનું ફોર્મ સરળ બનતું ગયું. ચિત્રોના વિષયોની પસંદગી પણ પ્રતીકવાદના પ્રભાવથી વંચિત ન રહી શકી. આ ગાળાના યુનિયન ઑફ બર્લિન આર્ટના કલાકારો દ્વારા આયોજિત ચિત્ર-પ્રદર્શનમાં મુન્કે પણ એનાં ચિત્રો રજૂ કર્યાં. એનાં ચિત્રોએ તો હોબાળો મચાવી દીધો. વિવેચકોએ એની કૃતિઓને 'રંગના લપેડા' કહીને બરાબરની ભાંડી. એક અઠવાડિયામાં તો એનાં ચિત્રોને પ્રદર્શનમાંથી દૂર કરવામાં આવેલાં, પણ આ ઘટનાથી એ તો ગેલમાં આવી ગયો.

પછી તો મુન્કે ડસેલ્ડૉર્ફ અને કોલોન નગરોમાં પોતાનાં ચિત્રોનાં અલગ પ્રદર્શનો યોજેલાં ને એમાંથી એને ઠીક ઠીક કમાણી થયેલી. એ જર્મનીમાં જ રોકાઈ ગયો ને ચિત્રકારોના એક સંઘમાં જોડાઈ ગયો. અહીં એણે 'Frieze of Life' ચીતરવાની યોજના વિચારી કાઢી. આ ચિત્રશ્રેણીથી જોનારાઓને સંગીતની સૂરાવલિ સાંભળતા હોય એવો અનુભવ કરાવવા ઈચ્છતો હતો. આ ચિત્રાવલિના વિષયો હતા 'The Poetry of Life, Love and Death.' આ ચિત્રશ્રેણી દ્વારા આપણને મુન્ક પાસેથી The Dance of Life, Madonna, Vampire તથા Jealousy જેવાં શ્રેષ્ઠ ચિત્રો સાંપડ્યાં છે. Madonna ચિત્રમાં પાત્રના ચહેરાની આસપાસનું આભામંડળ નિર્દોષતાનું પ્રતીક છે. ચહેરા પરના ભાવ જાતીય સુખની ચરમ સીમા સૂચવે છે. પણ એનું સ્મિત મૃતદેહના ચહેરા પરના સ્મિતની યાદ અપાવે છે. આ વિક્ષુબ્ધ પ્રતીકો સ્ત્રીઓ તરફના એના અભિગમનાં દ્યોતક છે.


લગ્નને મુન્ક કલાકારની સાધનામાં બાધક લેખતો. આ જ કારણે એ આજીવન અવિવાહિત રહેલો.

મુન્કને પ્રવાસનો ભારે શૉખ હતો. પૈસાની ખેંચ હોય તોય પ્રવાસ પડતો મૂકવાની વાત નહીં. એક વાર રૂમનું ભાડું નહીં ચૂકવી શકવાને કારણે એને સામાન સાથે ફૂટપાથ પર આવી જવું પડેલું. ત્રણ દિવસ સુધી એ ખાલી પેટે રસ્તે રઝળતો રહેલો.

પૅરિસમાં મુન્કે જપાની કલાકારોનાં

ઈર્ષ્યા





સ્નાનરત પુરુષો

નવા ટાઉન હૉલને સુશોભિત કરવાની કામગીરી સોંપાયેલી, પણ ટાઉનહૉલનુંનિર્માણ-કાર્ય છેક ૧૯૩૩માં સમ્પન્ન થયું. ત્યાં સુધીમાં તોઆ કલાકારનેઆંખોની તકલીફ શરૂ થઈ ગયેલી અને પીંછીને સદાને માટે ત્યાગી દેવી પડેલી.

મુન્ક એનાંચિત્રોને એનાં સંતાનો કહેતો. આમ છતાં, એનાં 'સંતાનો'ની એ ખાસ કાળજી લેતો નહીં. એનાં ચિત્રો એના ઓરડાની ફર્શ પર વેરવિખેર પડ્યાં રહેતાં.

જર્મનીમાં નાઝીવાદના ઉદય સાથે જ મુન્કનાં ચિત્રો જર્મનીના મ્યૂઝીઅમમાંથી દૂર કરાયાં.

મુન્કે માનવીના આત્માને કૅનવાસ પર ઉતારવા પ્રયત્ન કર્યો છે. એનાં ચિત્રોમાં આજના યુગના માનવીની લાગણીઓ, પીડાઓ પણ અભૂતપૂર્વ રીતે પ્રતિબિંબિત થઈ છે. એણે ભ્રાન્તિઓ, દુઃસ્વપ્નોની વ્યાખ્યા એનાં ચિત્રો દ્વારા આપી છે. પોતાની આસપાસ જિવાતા જીવનની એના આત્મલક્ષી દષ્ટિબિંદુએ એની ચિત્રશૈલી ઘડી છે. શરૂનાં એનાં ચિત્રો પ્રકૃતિવાદીઓનાં ચિત્રો જેવાં હતાં, પાછળથી એ છાયા-વાદી ગણાવા માંડ્યો. હવામાનના બદલાવ સાથે બદલાતા પ્રકાશનો અભ્યાસ કરવાને બદલે, એ બદલાવને અનુકૂળ થતી દષ્ટિને કારણે જે વીઝ્યુઅલ ડિસ્ટોર્શન આવે છે એના પર આ કલાકારે ધ્યાન કેન્દ્રિત કર્યું. એની

વૂડ કટ્સ જોયાં. અહીં. ગ્રાફિકના નિષ્ણાત ઑગસ્ટ ક્લૉટનું માર્ગદર્શન પણ એને મળ્યું. એના એક ડૉક્ટરના મિત્રના ચારેય દીકરાઓનાં વ્યક્તિચિત્રો એણે દોરેલાં. મહાન નાટ્યકાર ઈબ્સનનાં નાટકોનો સેટ્સ તૈયાર કરવાનું કામેય એને સોંપાયેલું. આ કામ પૂરું થતાં સુધી એ થીએટરમાં જ પડ્યો-પાથર્યો રહેતો. એ દિવસે કામ કરતો અને રાત્રે ઢીંચ્યે રાખતો.

વિવેચકની પ્રતિકૂળ ટિપ્પણીઓથી મુન્ક વ્યથિત રહેતો. એમાં શરાબ અને અથાક પરિશ્રમે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. પરિણામે એ એક વાર મગજનું સમતોલપણું ગુમાવી બેઠેલો. પણ એના ગાંડપણનો એને કશો રંજ નહોતો. પણ પછી મગજની સ્થિરતા જાળવી રાખવા એ મનોભાવોને ચીતરવાને બદલે દૃશ્ય વિશ્વને ચીતરતો થયેલો. એ હવે રઝળપાટથી થાક્યો હતો. એ નૉર્વે ભેગો થઈ ગયો અને અંત સુધી નૉર્વેના ક્રોગીરો નગરનો નિવાસી બની રહ્યો.

મુન્કને એના જીવનના ઉત્તરાર્ધમાં કીર્તિ સાંપડી. ૧૯૦૮માં એને નાઈટ ઑફ ધ ઑર્ડર ઑફ ઓલાવ પ્રાપ્ત થયો. ઓસ્લો યુનિવર્સિટીના સેન્ટ્રલ હૉલને શણગાર-વાની સ્પર્ધામાં પણ એ વિજયી નીવડ્યો. આ હૉલમાં એણે સૂર્ય, પોતાની માતૃસંસ્થા તથા ઈતિહાસની કેટલીક ઘટાનાઓનાં ચિત્રો સજર્યાં છે. પછી તો એને ઓસ્લોના

રંગોની પસંદગી હિમ્મતભરી રહેતી. કોઈ પણ દૃશ્યની માનસ પટ પર ઝિલાતી છાપ ચીતરવાને બદલે, એ છાપની મન પર થએલી અસર એ કૅનવાસ પર ચીતરતો. એનું ચિત્ર Scream એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ ચિત્રમાં ચહેરા પરની રેખાઓ ચિત્રકારે ધૂંધળી કરી નાખી છે. પાણી અને આકાશને આઘાતનાં મોજાં રૂપે દર્શાવ્યાં છે. રંગોનાં મોજાંઓ દ્વારા યાતનાની તીવ્રતા વ્યક્ત થઈ છે.

મુન્ક લાગણીઓ ઉપરાંત વિચારોનેય કૅનવાસ પર ઉતારતો. વિચારોને ચિત્ર દ્વારા વ્યક્ત કરવા એ ગૂઢવાદી અને જાતીય પ્રતીકો પ્રયોજતો.

મુન્કને પોતાનાં ચિત્રો વેચવામાં ઝાઝો રસ નહોતો. આમ છતાં ચિત્ર વેચવાનું થાય ત્યારે ગ્રાહકને સોંપતા પહેલાં એ એની પ્રતિકૃતિ કરી લેતો. ૧૯૦૮ પછીનાં એનાં ચિત્રોમાં ઊર્મિનું તત્ત્વ ઘટતું ગયું. એ હવે ભૂચિત્રો તરફ વળે છે.

'Nude by the Wicker Chair' એનાં ગણનાપાત્ર ચિત્રોમાંનું એક છે. ચિત્રમાં પાત્રનું શરમાળપણું સુપેરે વ્યક્ત થયું છે. 'Puberty' ચિત્રમાંની નગ્ન કન્યા સાધ્વી નથી લાગતી. એના નિર્દોષ ચહેરા પર લજ્જા અને સંકોચના ભાવો અંકિત થયેલાં છે. 'Anxity' ચિત્રમાંનાં પાત્રો



તન્મય નૃત્યાંગના



માંદું બાળક

ચહેરા વિનાનાં રજૂ થયાં છે. 'Jealousy' ચિત્રમાં જાતીય આવેગ, ઈર્ષા તથા પ્રલોભન પ્રતીકાત્મક રીતે નિરૂપાયાં છે. 'Bathing Men' ચિત્રમાં યૌવન, પૌરુષ અને વાર્ધક્યને કલાકારે કલાત્મક રીતે કૅનવાસ પર રજૂ કરેલ છે. 'Girls on the Jetty'માં ગ્રીષ્મની મધરાતનો સ્વચ્છ, શાંત મૂડ ઝિલાયો છે. 'Lines of Colour' ચિત્રમાં કલાકારે રંગોને મનની સ્થિતિને વ્યક્ત કરવાના સાધન તરીકે પ્રયોજ્યા છે. 'Dance of Life' ચિત્રમાં મુન્કે નારીનાં ત્રણ સ્વરૂપો, (કુમારિકા, વારાંગના અને સાધ્વી) નિરૂપ્યાં છે. 'The Sick Child' ચિત્રનું ફોર્મ સરળ છે. ચિત્રમાંના બાળકની આંખોમાં જીવવાની ઝંખના તરવરે છે. માની આંખોમાં વેદના ભારોભાર ભરી છે.

'Scream' ચિત્રમાં કલાકારે વાદળોને લોહીના રંગે રંગ્યાં છે. વાદળના રંગો જાણે ચીસ પાડતા હોય એવો અનુભવ આ ચિત્ર જોનારને થાય.

'The Lonely Ones'માં રંગોની પસંદગી ચિત્રને વધુ ચોટદાર બનાવે છે. પાર્શ્વભૂમાં ચીતરાયેલા દરિયાની અનંતતાની તુલનામાં પાત્રોની નગણ્યતા સુપેરે ઊપસી છે.

મુન્ક કહેતો કે કુદરતનું અનુકરણ એ કલા નથી. એણે માનવોના ભીતરમાં રમતાં મનોભાવોને કુશળતાપૂર્વક કૅનવાસ પર ઉતાર્યા છે. એનાં ભૂચિત્રોમાં પણ પ્રકૃતિ માટેનો એનો અપાર સ્નેહ ડોકાય છે. ઓસ્લો યુનિવર્સિટીની દીવાલો પરનાં એનાં મ્યૂરલોએ એને ૨૦મી સદીના શ્રેષ્ઠ ડેકોરેટિવ કલાકાર તરીકે પ્રસ્થાપિત કરી દીધેલો. એની ચિત્રશૈલી સરળ પણ પ્રભાવક હતી.



ચીસ

૧૯૪૩માં એની એંસી વર્ષની ઉમ્મરે એને સખત બ્રોંકાઈટીસ લાગુ પડ્યો. ૧૯૪૪ના જાન્યુઆરીની ૨૩મીએ એણે વિદાય લીધી. જતાં પહેલાં પોતાના ૨૦ હજાર ચિત્રો એ ઓસ્લો નગરને નજરાણાં તરીકે આપતો ગયો.

નટુ પરીખ:હરિત પંડ્યા

ખ્યાતનામ સમકાલીન કલાકાર હિંમત શાહની કલાસૃષ્ટિ



લોથલમાં ૧૯૩૩માં જન્મેલા શ્રી હિંમત શાહ જગુભાઈ શાહ પાસે ચિત્રકલા શીખ્યા અને જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ્સમાંથી આર્ટ માસ્ટરની ઉપાધિ પ્રાપ્ત કરી. '૫૬થી '૬૦ દરમિયાન ચિત્રકલાનો વધુ અભ્યાસ તેમણે ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સ વડોદરામાં કર્યો. એતલિયર ૧૭, પૅરિસ ખાતે ૧૯૬૭માં તેમણે ચિત્રકલાની તાલીમ લીધી. ૧૯૫૬માં ચિત્રકલા માટે તેમણે ભારતીય સાંસ્કૃતિક સ્કૉલરશિપ તથા ૧૯૬૭માં ફ્રેન્ચ સરકારની સ્કૉલરશિપ મેળવી. તેમણે ૧૯૬૪ થી ૨૦૦૧ સુધીમાં દિલ્હી, કલકત્તા તથા મુંબઈમાં વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં. રાષ્ટ્રિય પ્રદર્શનોમાં તેમજ જૂથ પ્રદર્શનોમાં પણ ભાગ લીધો. ૧૯૬૫માં લંડનમાં યોજાયેલા વર્તમાન ભારતીય ચિત્રકલા પ્રદર્શનમાં તથા યુરોપમાં યોજાયેલાં જૂથ પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો પ્રદર્શિત થયાં. તેમણે '૫૯, '૬૨માં રાષ્ટ્રિય ઍવૉર્ડ પ્રાપ્ત કર્યા. ૧૯૬૦માં બૉમ્બે આર્ટ સોસાયટીનો ઍવૉર્ડ પણ મેળવ્યો. તેમની કૃતિઓ નૅશનલ ગૅલરી ઑવ્ મૉર્ડન આર્ટમાં



'ટેરાકોટા બોટલ ગ્રૂપ



'રીલિફ વર્ક' કૃતિ

મુકાયેલી છે. ૧૮૯૦ જેવા ક્રાંતિકારી કલાગ્રૂપના તેઓ સ્થાપક સભ્ય હતા. શરૂઆતનાં વર્ષોમાં તેમણે ઑલ ઈન્ડિયા વીવર્સ સેન્ટર તથા ઑલ ઈન્ડિયા હેન્ડલુમ બોર્ડ, દિલ્હીમાં ડિઝાઈનર તરીકે સેવાઓ આપી. સ્વભાવે ધૂની, સ્વમાની, સ્પષ્ટ-વક્તા, સંવેદનશીલ અને અંતર્મુખી છે.

અમદાવાદમાં લૉયેલા સ્કૂલની એક ભીંત પર તેમણે અમૂર્ત કક્ષાના સશક્ત ભૌમિતિક રૂપોને સિમેન્ટ જેવા માધ્યમમાં સર્જનાત્મક તથા કલાત્મક દેહ આપી હાઈ રીલિફમાં એક મ્યુરલ તૈયાર કર્યું હતું. મહાન સર્જક કલાકાર પૉલ કલીથી તેઓ સવિશેષ પ્રભાવિત હતા.

અમદાવાદ છોડ્યા પછી છેલ્લાં કેટલાંક વર્ષોથી હિંમત શાહ દિલ્હીમાં લલિતકલા અકાદમીના ખ્યાતનામ 'ગઢી' સ્ટૂડિઓમાં સ્થાયી થઈ અવિરતપણે સર્જન-કાર્ય કરી રહ્યા છે. મ્યૂરલસર્જન, ચિત્રકલા તથા ડ્રૉઈંગને બદલે આત્માભિવ્યક્તિ માટે તેમણે તેમને સવિશેષ પ્રિય અને સશક્ત એવા શિલ્પકલાના માધ્યમને પસંદ કર્યું છે. ટેરાકોટા તેમનું સૌથી પ્રિય માધ્યમ છે, કારણ કે તે ભૂમિગત અને વધુ સ્વાભાવિક ગુણો ધરાવે છે. આ માધ્યમને સિદ્ધહસ્ત કરવા માટે તેઓ ટેરાકોટાના કારીગરો સાથે કેટલોક સમય રહ્યા. માધ્યમની ઊંડી સૂઝ-સમજની સાથે તેમની કલાત્મક, સર્જનાત્મક દૃષ્ટિ સમન્વિત થવાથી તેમનાં સિમેન્ટમાં ટેરાકોટરમાં કે મિકસ-મીડિઆમાં સર્જાયેલાં શિલ્પો ખરેખર અત્યંત પ્રભાવકારી તથા સંવેદનશીલ બન્યાં છે. આ શિલ્પોમાં જે સૂક્ષ્મ પ્રકારનું પોત તથા રૂપ સર્જ્યું છે તે સાંપ્રત માનવના વિઘટનનું દર્શન કરાવે છે, છતાં સ્વરૂપીય દૃષ્ટિએ તેમાંનાં રૂપપ્રદ તત્ત્વોનું જે રીતે સંયોજન થયું છે તે કૃતિઓને સૌંદર્યશાસ્ત્રીય તથા દૃશ્યસૌંદર્ય અને અર્થનો અનુભવ કરાવે છે.


હિંમત શાહને એક માટીથી બનેલી ઝૂંપડીને પાણીની રેલને કારણે નીચે ધસી પડતી નિહાળીને અને ખાસ તો તે વેળાના તેના માળખામાં આવેલા પરિવર્તનને કારણે ખૂબ રસ પડે છે. કલાકાર હિંમત શાહને ખબર ન હોય તેમ તેમની અંદર ટેરાકોટા શિલ્પનો જન્મ થાય છે. વર્ષો પછી તેમની બનાવેલી ભઠ્ઠીમાંથી અગ્નિની તપાવેલી માટીનો સ્લૅબ બહાર ગબડી પડે છે અને તે એક સામાન્ય લાગતી વસ્તુનું સ્વરૂપીય સૌંદર્ય ધરાવતી કૃતિ તરીકે પોતાનું અસ્તિત્વ સાબિત કરે છે.

શિલ્પકાર હિંમતની દલીલ સાવ સાદી છે. તેઓ કહે છે કે કોઈ પણ વ્યક્તિ સૌંદર્યની ચોક્કસ વ્યાખ્યા કરી શકે નહીં. કોઈ તાજું, સુગંધી પુષ્પ ભલે સૌંદર્યનો નીચોડ દર્શાવે, પરંતુ તેથી તે સૂકાં, ખીલેલાં પુષ્પો કે કોઈ પ્લાસ્ટિક છોડની સૌંદર્યશાસ્ત્રીય અપીલને નકારી શકે નહિ. તેથી જ શાહ અડધી બનાવેલી કાચની શીશીના આકારમાં ઢાળેલી માટી પર એક પ્લાસ્ટિકના ફૂલને રોપે છે. તેઓ તેનો ઉપયોગ માટીના એક પિંડને રૂપ આપવા માટે કરે છે. તેનો આકાર કૅકટસને મળતો આવે છે. તેને અન્ય માટીના ટુકડામાં મૂકવામાં આવે છે કે જેથી તે અડધા ખવાયેલા ફળના અંતર્ભાગ જેવું બને છે. આ બધામાં મુખ્ય વાત સાધારણ કે નીરસ વસ્તુ નથી, પરંતુ સડો કે ક્ષયના સૌંદર્યશાસ્ત્રની છે. કોઈ કાચની શીશી, ચિમની, હથોડો, દોરડું, હુક્કાનું કપાયેલું માથું, આઈસ્ક્રીમ કૉન અથવા કોઈ પાછળ નમેલું ટાયર; આ બધું કલાકારની નજરમાં માટીને પુનઃ ઢાળે છે. દરેક વસ્તુ માટીમાં નવો અર્થ ધારણ કરે છે.

શાહને મતે માટીનું રૂપપ્રદ મૂલ્ય જ તેમને તેના પરત્વે ખેંચે છે. રૂપપ્રદતા કે જે આધુનિક કલાની શોધ છે તેની ઓછી કિંમત અંકાયેલ છતાં સંસ્કૃતિ જેટલા જ પ્રાચીન આ માધ્યમમાં નૂતન અવકાશ પ્રાપ્ત કરે છે. માટીના કુદરતી, માટીમય સ્વરૂપને



રૂપાના વરખ કે કોટિંગવાળું ટેરાકોટા શિલ્પ



ટેરાકોટામાં એક વિશિષ્ટ ત્રિપરિમાણી શિલ્પ

તેના મૌલિક સ્વરૂપમાં જ તેઓ રહેવા દે છે, કારણ કે દરેક વસ્તુની નૈસર્ગિકતા તેમને વધુ ગમે છે.

સર્જનાત્મક ટેરાકોટાની તથા મિક્સ મીડિઆના શિલ્પકૃતિઓના સર્જન પાછળનો શાહનો હેતુ કેવળ સૌંદર્યશાસ્ત્ર જ છે. તેમના અભિપ્રાય મુજબ કલાકૃતિએ ભાવક કે પ્રેક્ષકનું ઊર્ધ્વીકરણ કરવું જોઈએ. નાનપણમાં માટી જોડે તેમણે જે રમત કરેલી છે તે રીતે આજે તેની જોડે રમત કરવી તેમને ગમે છે, તેમણે એક જ શોધને ચરણે પોતાની જાતને ધરી દીધી છે. તે છે : સૌંદર્યશાસ્ત્ર.

- બંસીલાલ દલાલ

———કલાસ્મૃતિ———

શ્રી જહાંગીર સાબાવાલા

આપણા દેશનો ચિત્રકલાનો ઈતિહાસ ઘણો પુરાણો છે, જેમાં શિલ્પ, ચિત્ર, લઘુચિત્રશૈલી, બેંગાલ સ્કૂલ, પાતા ચિત્રો, કાલીઘાટ ચિત્ર અને જૈન પોથી-ચિત્રો જાણીતાં છે. સને ૧૯૪૦ આસપાસ દુનિયાભરમાં સર્જનકલાની શૈલીઓમાં ઘણા ફેરફાર થયેલા જોવા મળે છે. એ સમય દરમિયાન આપણા દેશમાં મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં, ઈંગ્લન્ડની પદ્ધતિનું કલાશિક્ષણ અપાતું હતું. તેમાં વાસ્તવવાદી, ઍકેડૅમિક અભ્યાસનું મહત્ત્વ વિશેષ રહેતું હતું. આ કલાશાળાએ ભારતને ઘણા નામી સર્જકો આપ્યા છે. જેમાં જહાંગીર સાબાવાલાનું પણ એક મહત્ત્વનું સ્થાન અને પ્રદાન ગણી શકાય.



શ્રી જહાંગીર સાબાવાલા

સને ૧૯૨૨માં મુંબઈમાં સુખી, સમૃદ્ધ, પારસી પરિવારમાં જન્મેલા અને આજે લગભગ ૮૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા શ્રી સાબાવાલની ચિત્રસર્જનમાં સિદ્ધિઓનું પ્રમાણ ઘણું મોટું છે. લંડન અને પૅરિસમાં અભ્યાસ બાદ ઘણીબધી શૈલીમાં સર્જન કર્યા પછી તેમણે દશ્ય ચિત્રકલાને પોતાનું પ્રતીક બનાવ્યું અને યુરોપની સમકાલીન ઍબસ્ટ્રેક ભૌમિતિક ચિત્રશૈલી સાથે ભારતીય ચિત્રકલા શૈલીનો આધ્યાત્મિક તત્ત્વો સાથે એક સુંદર સમન્વય ઊભો કરીને સર્જનો કર્યાં છે, જે તેઓના ઉપર મહાન ચિત્રકાર નિકૉલસ રોરિકની રચનાઓનો કેવો ગહન પ્રભાવ પડેલો છે તે દર્શાવે છે.

શ્રી જહાંગીર સાબાવાલાનું પ્રાથમિક શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજ, ડિપ્લોમા ચિત્રકલામાં સર જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ. સન ૧૯૪૫ થી ૧૯૫૧, લંડન તેમજ પૅરિસની કલા-સંસ્થાઓમાં કલા-ભ્યાસ, દેશ-દુનિયાનાં ઘણાં મોટાં શહેરોને આવરી લેતાં વૈયક્તિક અને સંયુક્ત પ્રદર્શનો શ્રી જહાંગીર સાબાવાલાએ યોજેલાં છે. દુનિયાભરના કલાના સંગ્રાહકો તેમજ મ્યૂઝીઅમોમાં તેમની કૃતિઓ જોવાં મળે છે. તેમના જીવન અને કાર્યવિષયક ઘણાં સામયિકોમાં નોંધ, નાની પુસ્તિકાઓ, નાની મોટી ડોક્યુમેન્ટરી તેમજ ટેલિવિઝન મુલાકાતો પ્રસિદ્ધ થયેલ છે. ભારત સરકારે શ્રી સાબાવાલાને પદ્મશ્રીથી નવાજેલા છે. તેમજ ઑલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટનો 'કલારત્ન' ઍવૉર્ડ, નૅશનલ ગૅલરી ઑવ્ મોર્ડન આર્ટ જેવી ઘણી સંસ્થાઓના ઍવૉર્ડ પ્રાપ્ત થયેલા છે.

સને ૧૯૫૧માં શ્રી સાબાવાલાના પ્રથમ વૈયક્તિક પ્રદર્શનનું આયોજન મુંબઈની પારસી જમાત અને કલા-રસિકોના પ્રયત્નથી તાજમહાલ હૉટલમાં થયેલું તે વખતે ભારતમાં બ્રિટિશ હકૂમતનો



ચિત્રકાર શ્રી જહાંગીર સાબાવાલા

રૂઆબ ચાલુ હતો. અધિકારીઓએ દીવાલ ઉપર ચિત્ર લટકાવવા માટે ખીલી લગાડવાની સ્પષ્ટ ના પાડી. ત્યારે ઘણી સમજાવટને અંતે મંડપની જેમ કંતાન મઢેલી જુદી દીવાલ ઊભી કરીને ચિત્રો લટકાવવાં પડેલાં. પ્રદર્શન ખૂબ જ સફળ રહેલું અને તાજમહાલ હૉટલે શ્રી સાબાવાલાનાં સારાં એવાં ચિત્રો ખરીદી લીધાં હતાં.

શ્રી સાબાવાલાનો બાહ્ય દેખાવ તેમજ રહનસહન ક્યારેક મહાન કલાકાર સાલ્વાડોર ડાલી જેવા. તેમની મૂછોને કારણે લોકોમાં પ્રચલિત છે. તેઓ એક સૈનિકની જેમ સાતત્યપૂર્વક નિયમિતપણે ચિત્રસર્જન કરતા રહેલા છે. શ્રી સાબાવાલા મુખ્યત્વે મોટાં માપતાલવાળાં કૅનવાસ ઉપર નિસર્ગ સાથે ભારતીય ગ્રામપાત્રો, મકાનો, પર્વતો, ઊડતાં પક્ષીઓ, નદીનાળાં, પોતાની સફર દરમિયાનનાં સ્થળોનાં દૃશ્યો, ભૌમિતિક સમકાલીન રચનામાં આધ્યાત્મિક અનુભૂતિ કરાવે તેવા રંગો અને વાતાવરણવાળાં ચિત્રોનું સર્જન કરતાં હોય છે. શૈલી આધુનિક હોવા છતાં તેઓ સંપૂર્ણ ભારતીય લાગે છે. આજે ભારતભરમાં શ્રી સાબાવાલા પોતાની કૃતિઓ દ્વારા ભારતીય લાગે છે. સન ૨૦૦૨ના જાન્યુઆરી મહિનામાં મુંબઈની જહાંગીર આર્ટ ગૅલરીના ત્રણ મોટા ખંડમાં યોજાયેલા શ્રી સાબાવાલાના ચિત્ર પ્રદર્શને કલારસિકોને ઘેલા કરી દીધાં હતાં. આ પ્રદર્શન ત્યાર બાદ દિલ્હી ખાતે યોજાયું અને પછીથી અમેરિકા-ન્યૂ યૉર્કમાં દબદબાપૂર્વક યોજાયું હતું, જે ૮૨ વર્ષના આ ભારતીય કલાસર્જકનું સાચું સન્માન થયું તેમ કહી શકાય.

ભારતીય ચિત્રકલામાં દૃશ્ય-ચિત્રકલાને, મહાન કલાકાર નિકૉલસ રોરિક પછી જો કોઈ કલાકારે સુંદર રીતે રજૂ કર્યાં હોય તો તે શ્રી જહાંગીર સાબાવાલા કહી શકાય. *- ગજેન્દ્ર શાહ*

કંકાવટી

સમાજસેવિકા સૂરજબહેન કામદાર

નૅશનલ મેમૉરિયલ ટ્રસ્ટ - આગાખાન મહેલ પૂના તરફથી દર વર્ષે 'બા' અને 'બાપુ' ઍવૉર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૨ના 'બા' ઍવૉર્ડ માટે ગુજરાતના ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રે જાણીતાં સમાજ-સેવિકા શ્રી સૂરજ-બહેન કામદારની પસંદગી કરવામાં આવે છે.



આગામી ગાંધીજયંતી તા. બીજી ઑક્ટોબરના રોજ પૂના ખાતે આગાખાન મહેલમાં સૂરજબહેનને 'બા' ઍવૉર્ડ એનાયત કરી સન્માનવામાં આવશે.

૧૯૪૮માં અખિલ ભારત કસ્તુરબા ટ્રસ્ટમાં ૧૯ વર્ષની વયે જોડાઈ, કસ્તુરબા ટ્રસ્ટ કોબામાં તાલીમ લીધી. ત્યાર પછી તેનાં ગૃહમાતા બન્યાં. એ ઉપરાંત નિરાશ્રિત કૅમ્પ અમદાવાદની જવાબદારી સંભાળી અને ગિર જંગલના નાના એવા ગામ સામતેરમાં ગ્રામસેવિકા બન્યાં.

આમ કુલ છ વર્ષ કસ્તુરબા ટ્રસ્ટમાં સેવા આપ્યા પછી તેમણે ધરતીનો સાદ સાંભળ્યો અને પોતે ગિરપ્રદેશનું જૈન ધાર્મિક કુટુંબનું સંતાન હોઈ સૌરાષ્ટ્રમાં રચનાત્મક કામ કરવાની કસ્તુરબા ટ્રસ્ટના પ્રમુખ સરલાદેવી સારાભાઈની (જેઓ પણ રાજકોટના ખ્યાતનામ ગોસલિયા જૈન કુટુંબનાં દીકરી હતાં) રજા માગી અને તેમણે આશીર્વાદ સાથે સંમતિ આપી.

આમ, સને ૧૯૪૫માં તેઓ સૌરાષ્ટ્ર આવ્યાં. અનેક રચનાત્મક કામો કર્યાં, જેમાં જૂનાગઢ જિલ્લામાં અનેક ખાદી કેન્દ્રો ઊભાં કર્યાં. સમગ્ર સૌરાષ્ટ્રમાં અંબર કેન્દ્રો ઊભાં કરવામાં મહિનાઓ સુધી એ ગામે-શહેરે રહ્યાં. સુરેન્દ્રનગર જિલ્લામાં, બનાસકાંઠામાં અનેક વણાટ કેન્દ્રો ઊભાં કર્યાં. પેડૉક જેવું ગ્રામોદ્યોગ કૉમ્યુન ઊભું કરવા માટે ૭ વર્ષ તેની જવાબદારી સંભાળી. તે માટે વણકરોના વિશાળ સમાજે તેમનું શ્રી સનતભાઈ મહેતા તથા મહારાષ્ટ્રમાં અને દક્ષિણ ગુજરાતનાં સેવિકા શ્રી મણિબહેન નાણાવટીના હસ્તે સન્માન કર્યું. જે હજુ સુધી વણકરોએ કોઈ કાર્યકર્તાનું સન્માન કર્યું નથી. તેમને આવી પછાત વર્ગની સેવા માટે તેમણે પોતાની 'સેવાને સથવારે' જીવનકથામાં લખ્યું: 'હું પેલે ભવ વણકરની દીકરી હોઈશ તેથી જ મને આ વણકરો પ્રત્યે કુટુંબભાવ રહે છે.' ત્યાર બાદ ખાદી ગ્રામો-દ્યોગ કમિશને પણ તેમનું સન્માન કર્યું.

છેલ્લે 'અંબા' નામની બહેનોની સંસ્થા બનાવી, શહેરની ઝૂંપડપટ્ટીઓમાં અને ગામડાંમાં કુટુંબનું ભરણપોષણ કરતી નાનાંનાનાં કામકાજ કરતી બહેનોને કોઈ પણ જાતની ગેરંટી વગર ધિરાણ આપવાની કામગીરી શરૂ કરી, જેમાં અત્યારે લગભગ ૫૦૦૦ બહેનોને ૬૦ લાખ રૂપિયાનું ધિરાણનું આયોજન કર્યું છે અને આ વર્ષનું તેમનું લક્ષ ૧૦,૦૦૦ બહેનોનું છે. આ કામનું ધ્યેય ગરીબી રેખા નીચે જીવનારાને ઊંચે લાવવાનું છે.

આજે છેલ્લાં ત્રીસ વર્ષથી સુરતમાં જરી-રેશમ ખાદી ગ્રામોદ્યોગ સંઘનાં મંત્રી તરીકેની જવાબદારી સંભાળે છે. ૧૦ થી ૧૨ કરોડની સાચી સોનેરી જરીનું ઉત્પાદન કરી દેશની રેશમી સાડી બનાવતી ખાદી સંસ્થાઓને આપે છે અને ૫૦૦૦ ચોરસ ફૂટના વિશાળ ખાદી ભવનની જવાબદારી સંભાળે છે. *- ('ફૂલછાબ'માંથી)*

ગ્રાહકોને : મનીઑર્ડરથી લવાજમ મોકલનાર ગ્રાહકોએ મનીઑર્ડર ફોર્મની નીચેની સ્લિપમાં પોતાના ગ્રાહક અંગેની પૂરી વિગત, નામ, ઍડ્રેસ, રકમ વગેરે અચૂક લખવી.

સાહિત્યસંપર્ક

કરુણામય નિકલાઈ ગૉગૉલ - તેમની દોઢસોમી પુણ્યતિથિએ

નવલકથા હતી, નાટકો અને કાવ્યો હતાં, પણ ટૂંકી વાર્તાનો પ્રકાર સાહિત્યમાં ઘણા સમય પછી પ્રવેશ્યો. તેને શબ્દ-મર્યાદા નથી, પ્રસંગ એક હોય અથવા વધુ પણ ઘણા બધા ન થઈ જાય તેની તકેદારી રાખવી પડે. વાંચ્યા પછી મન પર એક સમર્થ અસર પડે તેવું ઈચ્છવાજોગ - પછી તે પાત્રની, પ્રસંગની કે વાતાવરણની હોય! તે લઘુનવલ નથી અને તેના સર્જનમાં કૌશલ્ય જરૂરી છે. અત્યારે તો હવે તેમાં ઘણા પ્રયોગો થયા છે. 'ભીતરનો માણસ' તેનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ, મોખરે આવતું જાય છે. પણ આ સર્વેનો આરંભ ૧૯મી સદીમાં અને રશિયામાં થયો એમ સમીક્ષકો માને છે અને તેનું શ્રેય ગૉગૉલને જાય છે. તેમણે 'ધ ઓવરકોટ' લખી, આ નૂતન પ્રકારને કેન્દ્રમાં આણ્યો. રશિયન સાહિત્યનું મુખ્ય લક્ષણ મૂંગી, કચડાયેલી, અવગણનાપાત્ર બનેલી, શોષણથી પીડાતી વ્યક્તિને તેને માટે અસીમ કરુણા, જેને રશિયનમાં 'ઝાલ' કહેવાય છે. આ લક્ષણ ગૉગૉલમાં, તોલસ્તોયમાં, દોસ્તા-એવ્સ્કીમાં, ચેહોફમાં, ૧૯મી સદીમાં તો દેખાતું હતું. પણ આજે પણ સોલઝેનિત્સીન વગેરેનાં લખાણોમાં તે પ્રદર્શિત થાય છે. વાસ્તવિક પરિસ્થિતિને વર્ણવતાં કરુણા સાથે કટાક્ષ પણ આવે, પણ તે સહાનુભૂતિ મિશ્રિત. એન્ટન ચેહોફના શબ્દોમાં 'તેનું ધ્યેય છે પૂર્ણ અને નિખાલસ સત્ય' અને આની પ્રથમ અનુભૂતિ ગૉગૉલે કરાવી.

ગૉગૉલ (૧૮૦૯-૧૮૫૨)નું જીવન કેટલી નિરાશાઓથી છવાયેલું હતું! તેને રંગભૂમિ પર ચમકતુ હતું, પણ ત્યાં તેને સફળતા ન મળી. કવિમિત્ર પુશ્કિનના અવસાનથી તેના વૈચારિક જીવનમાં શૂન્યાવકાશનો અનુભવ થયો. સરકારી નોકરીમાં તેની અવગણના થતી રહી. લખેલી નવલકથા 'ડેડ સોલ્સ'ના દ્વિતીય ભાગનો, એક ધર્માધિકારી (ફાધર મૅથ્યૂ) ના પ્રભાવ હેઠળ, સન્યાસી વૃત્તિ કેળવી, પ્રસિદ્ધ થાય તે પૂર્વે નાશ કર્યો. અવસાન સમયે બેભાન અવસ્થામાં 'મને સીડી આપો, મને સીડી આપો' એમ બોલતાં જીવન છોડ્યું. આ શબ્દો ગૂઢ રહ્યા. તેનો ભાવાર્થ વણસમજાયેલો રહ્યો.

એમનું સકળ જીવન અંધકારમય હતું. પિતાની અનુપસ્થિતિને સમયે તેમની વય નાની, પરિવારમાં એકલાં મા, ને પૈસાની ખેંચ. અભ્યાસ થોડો, છતાં પીટર્સબર્ગ યુનિવર્સિટીમાં અધ્યાપકની જગા મેળવી, પણ દોઢ વર્ષમાં રાજીનામું આપવું પડ્યું. અન્ય ક્ષેત્રે પણ નિષ્ફળતાનો સામનો કર્યો ને પછી કલમનો આશરો લીધો. પોતાની આપવીતી, ખાસ કરીને સરકારી નોકરીમાં જે ભ્રષ્ટાચાર, અન-આવડત, અક્ષમતા, નિર્જીવપણું અનુભવાયું હતું તેથી તેમનું મન ઉદ્વિગ્ન થયું અને તેને સુધારવા એક અત્યંત કરુણ, હૃદયદ્રાવી, વેધક ટૂંકીવાર્તા 'ધ ઓવરકોટ' લખી. મુખ્ય પાત્ર અકાકી. અકાકી એવિચ એક સરકારી સંસ્થામાં અત્યંત ઓછા પગારે વર્ષોથી નોકરી કરે છે. જીવનસંગ્રામે તેનો ઉત્સાહ, આનંદ, સ્ફૂર્તિ, હણી લીધાં છે. તેની ઑફિસમાં પણ તેની કાંઈ ગણના થતી નથી અને પ્રત્યેક દિન એક રંગ માફકને પોતાને સોંપેલું એકરસી ભાષાંતરનું કામ કરે જાય છે. તેને પણ કાર્યમાં રસ નથી, પણ સેવાભાવી હોવાથી, સંભાળપૂર્વક, વર્ષો સુધી એ જ જગાએ બેસી, કાર્ય પતાવતો હોય છે. ગરીબ તો એટલો છે કે તેને તેના ફાટેલા, જર્જરિત, વર્ષો જૂના કોટને ત્યાંની સખ્ત ઠંડીમાં પણ બાજુએ મૂકી નવો કોટ સીવડાવી શકતો નથી. દરજીને ઘણી ઘણી વિનંતીઓ કરે તે ને તે ટકાવી રાખે છે. છેવટે, દરજી પણ તેને કોઈ પણ રીતે વપરાય તેવો ન કરી શકતાં, તે લેવાની ના પાડે છે. ફરી ફરીને, દરજી જ્યારે ખુશમિજાજમાં હોય ત્યારે, વિનંતિઓ કરે છે પણ પેટ્રોવિચ તેને સમજાવે છે કે તેમાં એટલીયે જગા નથી જ્યાંથી સોય અને દોરો કાપડને સીવી શકે. કપડું તદ્દન ઘસાઈ જઈ નકામું થઈ ગયું છે. તે ફાટેલા કોટથી તોયે ચલાવે છે. પછી તેને ઑફિસ તરફથી થોડા પૈસા મળતાં, પોતાની અલ્પબચતને પૂરી વાપરી, તે એક સસ્તા કાપડનો, ઓછા ભાવે, જાણીતા દરજી પેટ્રોવિચની દયાથી, કોટ મેળવે છે. ઑફિસમાં પણ સર્વેને આ નવા કોટમાં તેને જોઈ આશ્ચર્ય થાય છે અને એને પાર્ટી આપવાનું કહે છે, પણ તેનાથી એ પોષાય એમ નથી. છતાં, તેઓ એને પાર્ટી આપી આમંત્રે છે. આ નવો કોટ ઘસાઈ જાય નહીં માટે તે ઑફિસમાં આવી કાઢી, જૂના કોટથી કામ ચલાવે છે ને જતી વખતે તે ફરી પહેરી લે છે. હવે, તે પાર્ટીમાંથી પાછો આવતો રસ્તો એકાંત, અંધારું, સખત ઠંડીને લીધે નિર્જન હોવાથી તે લૂંટાઈ જાય છે ને જેમતેમ ઘેર પહોંચે છે. પોલીસમાં ફરિયાદ કરવી નકામી છે તેમ જાણી, તેના સહકાર્યકારોની સલાહથી તે એક 'મુખ્ય અધિકારી'ને મળવા જાય છે. ત્યાં તેને બેસાડી રાખવામાં આવે છે ને પછી અપમાનિત કરી, મોકલી દે છે. આ સર્વે આઘાતો એનાથી જિરવાતા નથી. પૂરી દવા કરવાના પૈસાના અભાવે, અશક્ત શરીરે અને ભૂખે પેટે કોઈ સહાય વિના તે કેટલું જીવે? અને આમ, જે વર્ષો પછી પણ તેના જર્જરિત કોટને બદલે એક નવો કોટ પણ સુખેથી સિવડાવી ન શકે (તૈયાર લેવાનો મોંઘો પડી જાય) તેવાં દારિદ્રમાં સબડી રહેલી આ વ્યક્તિ, રીબાઈ રીબાઈને છૂટે છે. એણે જીવનમાં કદીયે પોતાની સ્થિતિ માટે દયા નથી માગી, નથી કોઈ ફરિયાદ કરી, મૂંગે મોંઢે દુઃખ

સહન કરી, વિદાય લીધી!

આમ, ગૉગૉલે વાસ્તવિકતાને, જીવનની શોષિત પ્રજાને, સરકારી ઑફિસમાં વર્તતી અમાનુષિતાને ઉઘાડી પાડી, આ દરિદ્ર નિરાશ્રયી વર્ગ માટે સહાનુભૂતિ ઉપજાવી છે. અફસરો માટે ઘૃણા અને સાહિત્યમાં 'ટૂંકી વાર્તા'નો નવો પ્રયોગ પ્રયોજ્યો છે. આથી કહેવાય છે કે વિશ્વની ટૂંકીવાર્તા ગૉગૉલના 'ઓવરકોટ'માંથી નીકળી આવી છે.

પછી આવ્યું નાટક : 'ધ ઈન્સ્પેક્ટર જનરલ'; ને તેમાં વળી બીજા ક્ષેત્રમાં ફાલતો ભ્રષ્ટાચાર દર્શકો સમીપ આણ્યો છે. આ નાટકે, સ્વાભાવિક રીતે, ઉપરી વર્ગને, અસ્વસ્થ કર્યો. આ માટે તેને પ્રતિબંધ હેઠળ મૂકવાનો વિચાર પણ આવ્યો. પરંતુ આ નાટકની પ્રત રાજા નિકોલસના હાથમાં આવતાં, તેમને અતિ પસંદ પડતાં, તેને ભજવવામાં આવ્યું ને અતિલોકપ્રિય થયું. ગૉગૉલની લોકપ્રિયતા વધી પણ સાથે સાથે ઉપરી વર્ગની હેરાનગતિ શરૂ થઈ ને આખરે તેમને રશિયા છોડી રોમમાં વર્ષો માટે વસવાટ કરવાનું આવ્યું. આ નાટકમાં એક વ્યક્તિ, સ્કૂલ ઈન્સ્પેકટરનો ડૉળ કરી, તપાસણી માટે આવે છે. પોતાની ક્ષતિઓ ઢાંકવા પ્રયાસો થાય છે. લાંચ અપાય છે. ભેટો મોકલાય છે. જમવા માટે આમંત્રણો તેને મળે છે. આ બધાનો ઉપયોગ કરી તે જાય છે ને સાચો ઈન્સ્પેક્ટર આવતો જણાય છે! કટાક્ષ તો છે જ, પણ અહીં તે થોડા હળવા હાસ્યરસથી મિશ્રિત છે. વેધક પણ અને અસરકારક પણ.

ગૉગૉલ એક સમયે સરકારી નોકરીમાં હતા. તે સમયે રશિયામાં સર્ફ (ગુલામો)ની પદ્ધતિ અનુસરાતી. દર ૧૦-૨૦ વર્ષે આની ગણતરી થતી ને તેના પર વાર્ષિક વેરો ઉઘરાવવામાં આવતો. હવે આ વચગાળામાં જે સંખ્યામાં ફેરફાર થતો તેને મહત્ત્વ નહોતું અપાતું. એટલે મૃત ગુલામો માટે પણ વેરો ભરવાનો થતો. આ સ્થિતિને ધ્યાનમાં લઈ, એક કપટી અફસર (જેને નોકરીમાંથી તેનાં દુષ્કૃત્યો માટે 'ડિસમિસ' કરવામાં આવ્યો છે) નામે ચિચિકોવ, લાભ ઉઠાવવા પ્રયત્નો આદરે છે. દોમ દોમ સાહ્યબી સાથે તેની 'બ્રીચકા' (નાની ગાડી)માં નોકર સાથે, ગામે-ગામ ફરી, આવા મૃત ગુલામોને ખરીદે છે. આમ, તેઓની સંખ્યા ઘટવાથી, ગુલામ-માલિકો ખુશ થાય છે અને તેની સાથે આ ષડયંત્રમાં મૂંગેમોઢે સાથ આપે છે—એમ ધારીને કે આ 'અફસર' છે. પોતે એટલો કાબેલ છે, એટલો વ્યવહારુ, એટલો હોશિયાર, તકસાધુ કે જોતજોતામાં સર્વેનાં મન જીતી લે છે. ત્યાંના ગવર્નર તેને આમંત્રે છે. તેની ડાયરીમાં અઠવાડિયા માટે નિમંત્રણો ખડાં હોય છે. હવે આ મૃત ગુલામોની 'ખરીદી' (તે મૃત છે તે જણાવ્યા સિવાય) તે નોંધાવે છે ને પછી તેને ગીરો મૂકી, તેના પર બૅન્કો પાસેથી મોટી રકમો મેળવે છે. આમ, કેટલોય સમય ચાલે છે, અને તે પકડાય છે ને નિર્દોષપણું દાખવવા છતાં, રાજા તેને કેદમાં મોકલે છે. પણ ત્યારે તે 'વચનો' આપે છે કે તે ભાવિમાં આવું કદીયે નહીં કરે. ત્યારે તેનો મિત્ર મુરાઝોવ, રાજાને દયા બતાવવા વિનવે છે. ને નોઝદ્રેવ (જેણે આ બધું ઉઘાડું પાડ્યું હતું) ઘણી વાર અસત્ય બોલતો પકડાય છે. અને ચિચિકોવને મુક્તિ મળે છે. તે પોતાના નોકર સમ્યોન સાથે શહેર છોડી દૂર ચાલ્યો જાય છે અને ત્યાં ફરી આ કૃત્ય કરતો હોય છે. આ નવલકથાએ વાચકોનું ધ્યાન મોટા પ્રમાણમાં આકર્ષ્યું છે. ચિચિકૉવ એક રીતે ગમે એવી વ્યક્તિ છે-તેની ચપળતા, હાજરજવાબી વગેરેને લીધે તે પ્રિય પણ બને છે. પણ વાચકોએ તેને સખત શિક્ષા થવી જોઈએ એવા અનેક પત્રો ગૉગૉલને લખ્યા. ગૉગૉલે આથી પ્રેરાઈ બીજો ભાગ લખવો શરૂ કર્યો. રોમમાં—જેમાં તે આખરે સાચો સુધરે છે, તેનો 'પુનર્જન્મ' થાય છે, તેમ દર્શાવવાનું હતું. પણ તે અરસામાં તે એક યાત્રાએ ગયો અને ત્યાં ફાધર મેથ્યૂના પ્રભાવ હેઠળ આવી, જીવનમાંથી મુક્તિ મેળવવા ઉત્સુક બન્યો. ધર્મ તરફ વળ્યો અને 'ડેડ સોલ્સ'ના બીજા ભાગને નોકરની આજીજીઓને અવગણી, અગ્નિ ચાંપ્યો. પછી તે થોડા દિવસ અનશન કરતા કરતા, ડૉક્ટરને ન માનતાં બેભાન થયા ને ૧૦ દિવસમાં અવસાન પામ્યા. છેલ્લા શબ્દો 'મને જલ્દીથી સીડી આપો' કોઈ સમજી શક્યું નહીં. ને આમ ૧૮૫૨ના ફેબ્રુઆરીની ૨૧મીએ આ અસરકારક લેખક, શ્રમજીવીઓ માટે અખંડ અનુકંપા દર્શાવી અમલદારશાહીની અમાનુષતા, ભ્રષ્ટાચારવૃત્તિ, બેદરકારી, અક્ષમતાને ઉઘાડી પાડી, સાહિત્યને ચિરંજીવી પાત્રો ચિચિકોવ, એકાકી, નોગદ્રેવ વગેરે અર્પી વાસ્તવિકતાને તેનું સ્થાન બક્ષી, ભાષા પર પ્રભુત્વ હોય એવી શૈલી વાપરી અવસાન પામ્યા — ભગ્ન હૃદયે, અસંતોષી જીવન વિતાવી, ઘણાં કષ્ટો સહન કરી! પણ આટલે વર્ષે તેમણે ઉઘાડી પાડેલી સ્થિતિ એક અથવા બીજી રીતે અસ્તિત્વમાં છે અને તેમ હોવાથી આજનો વાચક સમકાલીન સાહિત્ય વાંચતો હોય એમ જ તેમના લખાણો વાંચે છે. *- મહેન્દ્ર ન. પંડ્યા*

'નવલકથા નિર્દેશ'

નવલકથા નીરખવાનું બાઈનૉક્યુલર

ડૅવિડ લૉજે નવલકથા વિશે કહ્યું છે: 'નૂતન વિવેચન રીતિઓ, ગદ્યકૃતિઓને લાગુ કરવાના મોટા ભાગના પ્રયાસોએ નવલકથાઓની અંદર ભાવકલ્પન અને પ્રતીકરચનાની ભાતોના અભ્યાસનો ઘાટ લીધો છે. પરંતુ ઘણીયે વાર એવું લાગે છે કે ભાવપ્રતીકોની યાદી બનાવવાનું કામ, મૂળ કૃતિ અને જે તે વિશાળતર વિવેચનાત્મક આહ્વાનો આપે છે એની સાથેના સક્રિય તાદાત્મ્યથી નિયંત્રિત નથી હોતું.' અર્થાત્ નવલકથા જ્યારે ત્યારે કથક-લેખકની કલમે ઝરણાની જેમ કાગળ ઉપર ઊતરીને સ્વયંવિહાર, સ્વૈરવિહાર કરે એવું પણ બને છે. ક્યારેક એમાં આયાસ-

પ્રયાસનાં ઓજાર કામ ન પણ લાગે!

'નવલકથા નિર્દેશ' પ્રતિષ્ઠિત સર્જક-વિવેચક રાધેશ્યામ શર્માનું નવલસ્વરૂપ વિવેચના અને સર્જનની રચનારીતિનો પરિવેશ પમાડતું વિશિષ્ટ પુસ્તક છે.

અહીં ત્રણ ભાગમાં વાચનસામગ્રી તારવી મૂકવામાં આવી છે. સૌપ્રથમ ૩૪ નવલકથાની વિવેચના જે તે કૃતિના, કર્તાના ભાવવિશ્વમાં દોરી જાય છે. બીજા ભાગમાં નવલકથાના (દસ) વિવેચના-ગ્રંથોનું વિવેચન તેમજ ત્રીજા ભાગમાં પાંચ નવલકથાકારો પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા, જ્યંતિ દલાલ, ઈશ્વર પેટલીકર અને રઘુવીર ચૌધરીની તસવીર, સ્મરણરેખ મળી આવે છે. ગઈ સદીના '૭૦ અને '૮૦ના દાયકામાં રચાયેલા, રસાયેલા, નવલસાહિત્ય પ્રકાર વિષયક આલેખો અહીં એક જ સ્થળે ગ્રંથસ્થ થયા છે તે આ વિષયના અભ્યાસુ ભાવકો માટે આનંદની વાત છે. ૩૪ નવલ-કથાઓમાં ઈટાલિયન લેખક ઈગ્નાઝિયો સીલોની કૃત 'ફોન્તામારા' અને શરદ-બાબુ કૃત 'દેવદાસ' સિવાય તમામ ૩૨ ગુજરાતી (વસ્તુવૈવિધ્ય, ચરિત્ર, રચના-રીતિની દૃષ્ટિએ) નોંધપાત્ર નવલોની વિવેચના ઉપલબ્ધ થાય છે. વસ્તુલક્ષિતાની વાત કરીએ તો ઉલ્લેખિત નવલ વિષેની સારગર્ભ સામગ્રી અહીં મળી આવે છે. સામગ્રીની સાથોસાથ ધ્યાનાર્હ બાબત, પ્રત્યેક લેખને આપેલું શીર્ષક છે. જેનો ઉલ્લેખ કરવાનું ટાળી શકાતું નથી. જુઓ : 'સરસ્વતીચંદ્ર' : આરતી અને ચુંબન (ગો.મા.ત્રિપાઠી), 'પેરેલિસિસ' : કર્તાના કસબનું હાડપિંજર? (ચંદ્રકાન્ત બક્ષી). અન્ય ફોર્મ, ટેકનિક, કન્સ્ટ્રક્શન, સબસ્ટન્સ, ફેન્ટસી, એબ્સર્ડિટી, રિયાલિઝમ, સરરિયાલિઝમ, સિમ્બોલ, કૅરેક્ટર, ઈત્યાદિ નવલકથા માટે ખપમાં લાગતા ઓજારોની અહીં વિગતે ચર્ચા મળી રહે છે. 'ઈનર લાઈફ' (સં. લાભશંકર ઠાકર, દિનેશ કોઠારી) માટે અહીં કહેવાયું છે : નવલકથા સ્વરૂપના પરંપરાગત વિવેચનમાં કરવામાં આવતા વર્ગીકરણની પાછળ 'કોઈ સ્વરૂપગત દૃષ્ટિ' આ લેખકોને, 'કામ કરતી હોય એમ લાગતું નથી.' (પૃ. ૨૦૪) - એડવિન મ્યૂર જેને **Dramatic Novel** કહે છે તેને આ લેખકો ચરિત્રલક્ષી નવલકથા કહે છે. મ્યુર જેને **Dramatic Novel** કહે છે તેમાં ચરિત્ર અને ક્રિયા વચ્ચેનો અવકાશ પુરાઈ જાય છે. તેના કેન્દ્રમાં **Individuality** હોય છે. (પૃ. ૨૦૫). આ જ પુસ્તકમાં 'દેવદાસ' (પૃ. ૧૫૪) (શરદબાબુ) અંગે કરાયેલી ચરિત્રચર્ચા નવલઅભ્યાસ માટે ધ્યાનાકર્ષિત કરે છે. કવિતા સ્વરૂપમાં કાલ્પનિક કે નાટ્યાત્મક ચરિત્ર દ્વારા કવિના 'ત્રીજા અવાજ'ની જે વાત એલિયટે કરી છે એની નિકટ રહીને દેવદાસ દ્વારા કે દેવદાસમાં શરદબાબુ તેમજ શરદબાબુમાં દેવદાસ પારખવાનું પણ ઉચિત લાગે છે. સંસ્કૃત નાટકના 'ધીરોદાત્ત' નાયક કે ગ્રીક નાટકના વિક્રમ નોંધાવતા પરાક્રમી નાયકનું કોઈ લક્ષણ દેવદાસમાં નથી. પરહિત માટે ઘસાઈ છૂટનાર કે પરોપકાર્થે ભોગ આપવા આતુર સજ્જન આ નથી. દેવદાસમાં તે પોતાનો રોટલો જાતે કમાઈ ખાવાની આવડત કે ઈચ્છા નથી. ઠેઠ મરે છે ત્યાં લગી જમીનદાર બાપની સમૃદ્ધિના અવશેષ સમાં વસ્ત્રા-ભૂષણો એના દેહ પર દેખાય છે. કોડી કમાયો નથી કે કોડીનું દાન-પુણ્ય કર્યું નથી. (પૃ. ૧૫૫). વિવેચક લેખે રાધેશ્યામ શર્મા કૃતિના આંતર્વિશ્વને ખોલી આપે છે, મૂલવી આપે છે, સર્જન, સર્જક-ચેતનાનો ઉઘાડી બતાવે છે - વિચક્ષણ કલમના બાઈનૉક્યુલર વડે!

અહીં નવલકથાને લગતા દસ વિવેચનગ્રંથોનું વિવેચન પણ સુલભ છે, જે વિષય સંયોજનરીતિએ પણ આસ્વાદ-મૂલક બની વહે. આ (વિવેચનનું વિવેચન) ભાગમાં 'ગોવર્ધનરામ - એક અધ્યયન' મહાનિબંધ (રમણલાલ જોશી), 'કથોપકથન' (સુરેશ હ. જોષી), 'ગુજરાતી કથાવિશ્વ' (બાબુ દાવલપુરા, નરેશ વેદ) અને 'નવલકથા સ્વરૂપ' (પ્રવીણ દરજી) વિષયક પ્રકરણો વિચારોત્તેજક છે. છેલ્લે ત્રીજા ભાગ લેખે પાંચ નવલકથાકારોની શબ્દતસ્વીર વ્યક્તિચિત્ર ચરિત્ર તરીકે સંગ-પ્રસંગ વૈભવના કારણે રસાળ, મર્માળ લેખાય છે. પન્નાલાલ પટેલ (પૃ. ૨૩૮)નું ચિત્રણ આમ થયું છે. : 'એમને માણેકચોકમાં શાકના ભાવ ઠરાવતા કે કોઈ પ્રકાશન પેઢીના રીઢા માલિક સાથે ગામગોષ્ઠી કરતા જુઓ એટલે સમજી જશો આંગળીથી કાનનો મેલ કાઢતા કે સળીથી દાંત ખોતરતા પન્નાલાલને જોઈ તે કાં તો સમસ્યાનો તોડ લાતવા દેખાશે યા ઈશાનિયો ખૂણો મને છોડતો નથી કે 'હું એને?' ના જેવા બીજા વિચારપાટે ચઢી ગયેલા ભળાશે.' સમગ્રતયા 'નવલકથા-નિર્દેશ' ગઈ સદીના ઉત્તરાર્ધ-કાળના ગુજરાતી નવલવિશ્વનું સમ્યક્ આચમન કરાવે છે.

(નવલકથા-નિર્દેશ : રાધેશ્યામ શર્મા, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૯, કિં. રૂા. ૨૦૦/-)

- દિનેશ દેસાઈ


<u>પ્રાપ્ત પ્રકાશનો</u>

વસંત વૈતાલિક કવિવર ન્હાનાલાલ (જીવન ચરિત્રાત્મક નાટક) લે. ડૉ. ધનવંત શાહ, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરી વાડ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૧૦૦. *પથ્થર થર થર ધ્રૂજે* (નવલકથા) લે. જય ગજ્જર, પ્ર. રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ક્રાઉન સાઈઝ પાકું પૂઠું, પૃ. ૩૩૬, રૂ. ૧૨૫. *અને સપનું ફળ્યું* (એકાંકી સંગ્રહ) લે. વિનાયક રાવલ, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



ડગલું ભર્યું કે
ના હઠવું, ના હઠવું...
- નર્મદ



મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી,
મને પાનખરની બીક ના બતાવો!
- અનિલ જોશી

૯૬, રૂ. ૪૦. *કાન્હાની કાબર* (મૌલિક વાર્તાસંગ્રહ) લે. સતીશ વ્યાસ, પ્ર. એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ડબલ ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૪, રૂ. ૪૫. *વાર્તા રે વાર્તા* (૩૭ ચિત્રમય બાળવાર્તાઓ) લે. પ્ર. ઉપર મુજબ, ડબલ ડિમાઈ સાઈઝ, કાચુ પૂંઠું, પૃ. ૧૦૪, રૂ. ૯૫. *સિગ્નેચર ટ્યૂન* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. મનોજ્ઞા દેસાઈ, પ્ર. કુરંગી દેસાઈ, 'સુવર્ણ સદન', ૩૭૦, લિંકિંગ રોડ, ખાર, મુંબઈ-૪૦૦ ૦૫૨, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૭૫. *વિશ્વવંદ્ય વિભૂતિ* (શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી મહારાજની જીવનછબી) લે. મુનિ વાત્સલ્યદીપ, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧૫. *ગીતાંજલિ* (અંગ્રેજી-ગુજરાતીમાં) લે. રવીન્દ્રનાથ ટાગોર, અનુ. શૈલેષ પારેખ, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ અને દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૧૨૫. *મીઠા વગરનો રોટલો* (ટૂંકી વાર્તાસંગ્રહ) લેખક : ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્ર. આર. આર. શેઠની કંપની, ફુવારા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું પૃ. ૧૫૨, રૂ. ૭૫. *પડછાયો* (લઘુનવલ) લે. કવિ શ્રી આનંદરાય બ્રહ્મભટ્ટ, પ્ર. પોતે, ૯૭, પટેલ કો-ઓ. હા. સોસાયટી, ઈન્દિરાપુલ પાસે, સમરથનગર સામે, હાંસોલ, અમદાવાદ-૩૮૨ ૪૭૫, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૯૦, રૂ. ૬૦. *હિમાલય એટલે શિવાલય* (પ્રવાસકથા), લે. ઈશ્વર પટેલ, પ્ર. પોતે, ૫૦, દિવાળીબાગ સોસાયટી, જૈન દેરાસર સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૩૦. *જોડણી વિમર્શ* (જોડણી વિષયક ચર્ચા) લે. સોમાભાઈ પટેલ, પ્ર. પોતે, ૧, રચના સોસાયટી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૮૦.

ચાંદનીની ભૂમિ-લેહ
(દેશાટન-૪૫)



લદ્દાખની રાજધાનીનું શહેર લેહ છે. શ્રીનગરથી સડકમાર્ગે ફાતૂલાનું સર્વોચ્ચ સ્થળ ૧૫ કિ.મી. દૂર લામાયૂરુની નજીક યોંગદ્રાંગનો પ્રખ્યાત તિબેટી મઠ આવેલો છે. એ પછી ગોમ્પાઓનો રિજોંગ મઠ આવેલો છે. જ્યાં જન્સ્કર નદી સિન્ધુ નદીમાં મળી જાય છે. ત્યાં થઈને લેહ નગરમાં પહોંચાય છે. લેહ ૩૫૦૫ મીટની ઊંચાઈએ વસેલું શહેર છે. તેની વસ્તી અંદાજે ૩૦,૦૦૦ લોકોની છે. એક વખતે લેહ એશિયા-ભરનું રેશમી કાપડના વ્યાપારનું એક મહત્ત્વપૂર્ણ સ્થળ હતું. લદ્દાખના રાજાઓના મહેલો પુરાણા નિવાસ દક્ષિણ-પશ્ચિમ ઢોળાવો પર લેહમાં આવેલા છે. સોળમી શતાબ્દીમાં રાજા સિંગ નામ્ગ્યાલે અહીં આઠ માળનો મહેલ બંધાવ્યો હતો. લેહમાં ડુકાર લખાંગ ગોમ્પા નજીકના મંદિરમાં ભગવાન આવલોકિતેશ્વરની સો મસ્તકવાળી ભવ્ય પ્રતિમા આવેલી છે. લેહથી ૪૫ કિ.મી. દૂર હેમીસ ગોમ્પા આવેલું છે જ્યાં જૂન-જુલાઈમાં હેમીસ સેતચી-મેળાઓ યોજવામાં આવે છે અને આ મેળાઓ અહીંનાં નકાબ-નૃત્ય ઘણાં પ્રખ્યાત છે. હમીસનો મુખ્ય લામાને મઠનો પ્રવર્તક અને અવતાર માનવામાં આવે છે.

('યોગક્ષેમ'ને આધારે)



અરધ્યુ કળી

તમારા રૂપની મસ્તીએ આપ્યું રૂપ સર્જનને,
તમારી સૌરભે સૌરભ દીધી વનવનને ગુલશનને,
તમારી જ્યોતિએ આંજી દીધાં હર એક લોચનને;
કહો, ઢૂંઢું હવે કઈ રીતથી એ ગૂઢ દર્શનને?
–હિનાને, ઝુલ્ફને, મુખને, નયનને, તેજધારાને?

- અનંતરાય ઠક્કર

ગુજરાતના નરકેસરી શ્રી ઉમિયાશંકર પુરોહિત

વડોદરા રાજ્યના બાહોશ પોલીસ અધિકારી તરીકે પ્રજા અને રાજ્ય જેના માટે ગૌરવ લઈ શકે એમ છે એવા શ્રી ઉમિયાશંકર ઉગ્રેશ્વર પુરોહિતનાં પરાક્રમોની ગાથા અદ્ભુત અને વિરલ છે.

પાટણવાડાની એ પવિત્ર ભૂમિ. પડખે જ બહુચરાજીમાં બહુચરજીનું અદ્વિતીય ધામ અને નજદીકમાં જ સૂર્યમંદિર વાળું મોઢેરા ગામ. આ મોઢેરા ગામની બીજી ભાગોળે મોઢભાઈઓની કુળદેવી મોઢેશ્વરી માતાનું મંદિર આવેલું છે. આપણા ઉમિયાશંકરભાઈનું આ માદરેવતન, જે પાટણવાડા અને ચુંવાળની સરહદે આવેલું છે.

શ્રી પુરોહિતસાહેબની લગભગ ઉંમર ૧૦૦ વર્ષની થઈ ગઈ છે. ૧૫-૭-૧૯૦૩માં એમનો જન્મદિવસ. ઉમિયાશંકરભાઈનો બાંધો તો એકવડિયો છે, પણ યુવાનનેય શરમાવે એવી વિરલ એમની પ્રતિભા, ચાલમાં દિવ્ય જોમ છે. આટલી ઉંમરે પણ એમને ચશ્માં નથી, અને એથીય વિશેષ તો આપણે એમની સાથે હાથ મેળવીએ અને એ સહેજ દબાવે તો આપણે આપણા વડીલોને યાદ કરી જઈએ અને જો સહેજ આંચકો મારે તો આપણે સીધા હાડવૈદને ત્યાં જવું પડે. આજે પણ ઉમિયાશંકરભાઈ વજનદાર બંદૂક એક હાથે ઉપાડી 'વાર' કરી શકે છે.



પચ્ચીસ વર્ષની ઉંમરે તેઓ ઈ.સ. ૧૯૨૮માં વડોદરા રાજ્યના પોલીસ ખાતામાં જોડાયેલા, અને છત્રીસ વર્ષની યશસ્વી કારકિર્દી પછી એમણે ઈ.સ. ૧૯૬૪માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. વડોદરા રાજ્યના બધા જિલ્લાઓમાં બાહોશ પોલીસ અધિકારી તરીકે તેમણે સેવાઓ આપેલી અને જ્યાં જ્યાં ગુનાઓનું પ્રમાણ વધે ત્યાં ત્યાં રાજ્ય એમને મોકલી આપે. એમની હાકથીજ ગુનેગારો રાડ નાખે. એ સમયના રાજ્યના એ 'વાઘ'

કહેવાતા. આઝાદી મળ્યાં પછી પણ મહેસાણા જિલ્લો અને અમદાવાદમાં પોલીસ અધિકારી તરીકેની એમની સેવાઓ અભિનંદનીય છે.

શક્તિના પરમ ઉપાસક શ્રી પુરોહિતસાહેબની ડિક્ષનરીમાં 'ભય' નામનો શબ્દ જ નથી. શિસ્તના પણ એટલા જ આગ્રહી. નિષ્ઠા અને વફાદારી તો એમને વારસામાં મળેલાં ગુણો છે. વડોદરા રાજ્યની જે ભારતભરમાં નામના હતી, અને એના જે આધારસ્તંભો હતા એમાં શ્રી પુરોહિતસાહેબ પણ એક હતા.

વડોદરા નરેશ મહારાજા સયાજીરવા ગાયકવાડ તો કલા-પારખું અને સાથે સાથે માણસપારખું હતાં. અરવિંદ જેવા મહાન ક્રાંતિકારી યોગીને એમની યુનિવર્સિટીમાં લઈ આવેલા. એ ઉપરાંત રાજ્યમાં કાયદો-વ્યવસ્થા સારી રીતે જળવાય એ માટે ખૂબ બાહોશ પોલીસ અધિકારીઓ જેવા કે સર્વ શ્રી ડી.એસ.વાય.પી. પવારસાહેબ, માનસિંહરાવ ગાયકવાડ, કે.બી.નિંબાળકર, સિન્ધેસાહેબ, મેજર એક્વીન અને શ્રી ઉમિયાશંકરભાઈ પુરોહિત વડોદરા રાજ્યમાં હતા. સુલેહ-શાંતિવાળા રાજ્ય તરીકે વડોદરા રાજ્ય જે ઓળખાતું હતું એના યશભાગી આ પોલીસ અધિકારીઓ હતા!

ચુંવાળનો જાણીતો બહારવટિયો સોનિયો-જેના નામથી રોતાં બાળકો રોતાં બંધ થઈ જાય તેને મહાત કરનાર શ્રી પુરોહિતસાહેબની હાક તો આખા પંથકમાં વાગી રહી હતી.

પછી તો શ્રી પુરોહિતસાહેબ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને પોતાના વતન મોઢેરા આવ્યા અને મોઢેરાની ભૂમિને જ પોતાનાં સેવાકાર્યો માટે પસંદ કરી.

બાહોશ પોલીસ અધિકારી તરીકે એમને સેંકડો પ્રશસ્તિ-પત્રો, કેટલાય ચંદ્રકો અને સન્માનપત્રોથી નવાજવામાં આવેલા. આઝાદ ભારતનો પ્રથમ રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક આપણા દેશના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુ તરફથી એ સમયના ગુજરાતના ગવર્નર શ્રી મહેદીનવાબ જંગ સાહેબના વરદ હસ્તે એનાયત થયેલો.

આજે તો મોઢેરાની આ પુણ્યભૂમિ શ્રી પુરોહિતસાહેબનાં સદ્‌કાર્યો અને જનસેવાથી મહેંકી રહી છે. મોઢેરાને ગામડું ના કહેતાં રઢિયામણું ગોકુળ જ કહેવું પડે. આજે આખા ગામમાં વીજળી, પાણી, ટેલિફોન, શાળા, દવાખાનું બધી સગવડો થઈ ગઈ છે. શ્રી પુરોહિતસાહેબે એમની બાની સ્મૃતિમાં મજાનું પુસ્તકાલય ગામમાં બનાવ્યું છે.

વૃક્ષારોપણ, વિસામો, પ્રાથમિક શાળા, દેવ-મંદિરનો પુનરુદ્ધાર - આ બધા ભૂમિ પરનાં એમનાં યશસ્વી કાર્યો છે છતાં એમણે કોઈ જગ્યાએ પોતાનું નામ મુકાવ્યું નથી. કેવી સરસ ત્યાગ ભાવના!

એમને પૂછતાં જાણવા મળ્યું કે એમની પ્રેરણામૂર્તિઓ છે વીર શિવાજી અને મહારાણા પ્રતાપ. એથી વિશેષ તો મહારાણા પ્રતાપ પાસે હતો એવો જ સરસ ભાલો શ્રી પુરોહિત સાહેબ પાસે છે. એમની પાસે ચાંદીની મૂઠવાળી તલવાર પણ એટલી તો સરસ છે કે આપણે જોઈ જ રહીએ!

આવા નરકેસરી શ્રી ઉમિયાશંકર પુરોહિતને જોતાં જ એમનાં સેવાકાર્યો આગળ આપણું મસ્તક ઝૂકી પડે છે. આપણી પવિત્ર ભૂમિ આવા વીરોથી જ ગૌરવવંતી છે. - *યશવંત કડીકર*

ઈન્ટરનેટ ટેક્નોલૉજી

ઈન્ટરનેટ એ માહિતીની સૌથી મોટી ક્રાન્તિ છે. ઈન્ટરનેટની ક્રાન્તિ ઝપાટાબંધની છે. હજી તો ૧૯૬૦ના દાયકામાં રશિયાના સામ્યવાદને હંફાવવા અને અમેરિકાનાં મિલીટરી કેન્દ્રોને માહિતીથી જોડવા એડવાન્સ રિસર્ચ પ્રોજેક્ટ ઊભો થયો. અણુ-હુમલો રોકવા ઈન્ટરનેટનો ઉપયોગ એ ઘણા વિદ્વાનોનાં ભેજાનું ફળ છે. પ્રિન્ટ ટેક્નોલૉજી માટે જર્મનીના ગુટેનબર્ગની જેમ એ માત્ર એક નામ નથી. સામ્યવાદે અણુહુમલો ન કર્યો તેથી મિલીટરી-વાળા ઈન્ટરનેટને ભૂલી ગયા. પણ ૧૯૭૧માં અમેરિકન યુનિવર્સિટીઓએ જ્ઞાનના અને માહિતીના આદાન-પ્રદાન માટે ૨૩ કમ્પ્યૂટરો કામે લગાડ્યાં તેની સાથે ઈન્ટરનેટ પ્રસરવા લાગ્યું.

તેનાથી તમે તમારા સ્વતંત્ર વિચારો એકલે પંડે જગતમાં ફેલાવી શકો છે. આજે તમે કોઈ પણ વીજળી અને ટેલિફોનવાળા ગામે બેસીને તમારા ક્રાંતિકારી વિચારો જગતભરમાં ઈન્ટરનેટ દ્વારા ફેલાવી શકો છો. રેડિયો અને ટીવી એ બ્રોડકાસ્ટ છે, જ્યારે ઈન્ટરનેટ એ નૅરોકાસ્ટ છે.

વાસ્તવમાં ઈન્ટરનેટ માહિતીનું પુસ્તક છે, જેમાં દુનિયા-ભરની બધી જાણકારી છે. આ જાણકારી માટેની સાઈટ- વેબસાઈટ એ આ માહિતીના પુસ્તકનો એક પાઠ છે. તમારે તમારા કમ્પ્યૂટર ઉપર કોઈ ખાસ જાણકારી મેળવવી હોય તો તમે આ માહિતી સંબંધિત પાઠની સાઈટનું નામ ટાઈપ કરો અને બસ થોડી ક્ષણોમાં તમારા કમ્પ્યૂટર મૉનિટર ઉપર તે માહિતી પ્રાપ્ત થશે. વેબસાઈટના સરનામામાં એના અંતિમ ત્રણ અક્ષર મહત્ત્વના હોય છે. જો છેલ્લા ત્રણ અક્ષર .edu હોય તો તમે કોઈ શૈક્ષણિક સંસ્થાની સાઈટ ખોલી રહ્યા છો, જો .org હોય તો પ્રતિષ્ઠિત સંસ્થા અને સમિતિની સાઈટ છે અને જો .com હોય તો કોઈ કમર્શ્યલ ઑર્ગેનાઈઝેશન છે. આ પ્રકારના કેટલાક મહત્ત્વપૂર્ણ સંકેત છે : .edu-શૈક્ષણિક સંસ્થા, .mil-સૈનિક વેબસાઈટ, .gov-સરકારી વિભાગ, .net-નેટવર્કિંગ કંપની, .com-કમર્શ્યલ ઑર્ગેનાઈઝેશન, .int-આંતરરાષ્ટ્રિય કંપની, .org-પ્રતિષ્ઠિત સંસ્થા વગેરે. *('વિજ્ઞાનદર્શન'માંથી)*

ફિલ્મ, ગણિત અને ગાંડપણ

૨૫મી માર્ચ, ૨૦૦૨ની સવારે ફિલ્મ લગાનને અંગ્રેજી સિવાયની ભાષાની શ્રેષ્ઠ ફિલ્મ તરીકેનો ઑસ્કાર ઍવૉર્ડ મળશે

એ આશા સાથે ઘણા ભારતીયો ટેલિવીઝન સામે બેઠાં હતાં. એ આશા તો ફળીભૂત ન થઈ પરંતુ એ સવારે ગણિતમાં રસ ધરાવનારાઓને રસ પડે એવી એક બાબત જરૂર બની. અંગ્રેજી ભાષાની શ્રેષ્ઠ ફિલ્મ માટેનો ઍવૉર્ડ 'A Beautiful Mind' નામની ફિલ્મની વાર્તા જ્હોન નૅશ (John Nash) નામના અમેરિકન ગણિતશાસ્ત્રીના જીવન પર આધારિત છે.

પ્રખર પ્રતિભાવંત અમેરિકન ગણિતશાસ્ત્રી જ્હોન ફૉર્બ્સ નૅશે તેનું પ્રથમ સંશોધનપત્ર સત્તર વર્ષની વયે તેના પિતા સાથે સંયુક્ત રીતે લખ્યું હતું. એકવીસ વર્ષની વયે તેણે ખેલ સિદ્ધાંત (Game Theory)માં પાયાનું પ્રદાન કરતા ખયાલો સાથેનો મહાનિબંધ લખી પ્રિન્સ્ટન યુનિવર્સિટીની Ph.D.ની ડિગ્રી મેળવી. ૧૯૫૧થી ૧૯૫૯ના નવ વર્ષ દરમિયાન નૅશે અમેરિકાની પ્રખ્યાત યુનિવર્સિટી એમ.આઈ.ટી. (મેસચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી)માં શિક્ષણકાર્ય કર્યું અને ભૂમિતિ, વિશ્લેષણ તથા આંશિક વિકલ સમીકરણનાં ક્ષેત્રોમાં મહત્ત્વનું સંશોધનકાર્ય કર્યું. કમનસીબે નૅશ જ્યારે તેમની માનસિક શક્તિ અને પ્રવૃત્તિની ટોચ કક્ષાએ હતા ત્યારે જ તેમના પર માનસિક રોગનો હુમલો આવ્યો. પછીનાં પાંત્રીસ વર્ષોમાં તેઓ અવારનવાર મનોવિહ્વળતા (Schizophrenia)નો ભોગ બન્યા. આ સમય દરમિયાન તેમને ચાર વખત માનસિક રોગોની ઈસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યા. સુખદ વાત એ છે કે છેલ્લાં આઠેક વર્ષથી નૅશે માનસિક સ્વસ્થતા અને સંતુલન પુનઃ પ્રાપ્ત કર્યાં છે. તેમની ગાણિતિક પ્રવૃત્તિઓ પણ પુનર્જીવિત થઈ છે.

ખેલ સિદ્ધાંતના જનક જ્હોન ફોન નૉયમાન છે. ૧૯૨૮માં તેમણે આ અંગે પ્રથમ સંશોધનપત્ર એક પરિષદમાં રજૂ કર્યું હતું. ૧૯૪૪માં ફૉન નૉયમાન અને મોર્ગેન્સ્ટર્નનું ખેલ સિદ્ધાંત પર પુસ્તક પ્રસિદ્ધ થયું. આ પુસ્તકને કારણે ખેલ-સિદ્ધાંતના ખયાલને વ્યાપક પ્રસિદ્ધિ મળી. ખેલસિદ્ધાંત એ પરસ્પર વિરોધી હિતો ધરાવતા પ્રતિસ્પર્ધીઓ માટે જ્યારે દરેક વ્યૂહરચનાના વિકલ્પો જાણીતા હોય ત્યારે દરેકે પોતાને મહત્તમ લાભ થાય એ માટે અખત્યાર કરવાની વ્યૂહરચના અંગેનું ગણિત છે. આ શાસ્ત્ર યુદ્ધવિદ્યા, અર્થશાસ્ત્ર, રાજકારણ અને ઉત્ક્રાંતિવાદ જેવાં વિવિધ ક્ષેત્રોના અભ્યાસમાં અત્યંત ઉપયોગી પુરવાર થયેલ છે. ૧૯૯૪માં અમેરિકન સરકારે વિદ્યુત ચુંબકીય વર્ણપટનો મોટો ભાગ વ્યાપારી ઉપયોગ માટે વેચવાનું નક્કી કર્યું. જુદી જુદી તરંગલંબાઈના તરંગોની ખરીદીમાં ટેલિવીઝન ચૅનલો અને રેડિયો સ્ટેશનો ધરાવતી કંપનીઓને રસ હતો. સરકારે આ માટે નિષ્ણાતોની મદદ લીધી. નિષ્ણાતોએ ખેલસિદ્ધાંતની મદદથી ખરીદનાર કંપનીઓને અને અમેરિકન સરકારને વધુમાં વધુ ફાયદો થાય એ જાતની વહેંચણીની યોજના ઘડી કાઢી. પરિણામે અમેરિકન સરકારને દસ અબજ ડૉલર મળ્યા અને તરંગોની બહુ અર્થપૂર્ણ પ્રકારની વહેંચણી થઈ. આની સામે આવી જ પરિસ્થિતિમાં ન્યૂઝીલૅન્ડની સરકારે તરંગો વેચવા માટે ચીલાચાલુ લિલામનો આશરો લીધો. આ લિલામમાં સરકારને ધારેલી રકમના માત્ર પંદર ટકા જ રકમ મળી.

નૅશનલ ખેલસિદ્ધાંતના સંશોધનકાર્યના મહત્ત્વનો ખયાલ એ બાબત પરથી આવશે કે તેને ૧૯૭૮નું ફૉન નૉમમાન પારિતોષિક મળ્યું હતું એટલું જ નહિ, તેના પ્રદાનનો અર્થશાસ્ત્રના ખયાલો પર જે ક્રાન્તિકારી પ્રભાવ પડ્યો એ માટે તેને ૧૯૯૪નું અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક પણ એનાયત થયું હતું.

નૅશે એમ.આઈ.ટી.ની તેની શરૂની કારકિર્દી દરમિયાન તેની વિદ્યાર્થિની ઍલિશિયા લાર્ડ જોડે લગ્ન કર્યાં હતાં. ૧૯૬૩નાં નૅશની માનસિક બીમારી પછી આ લગ્ન વિચ્છેદમાં પરિણમ્યાં. આમ છતાં ઍલિશિયાએ નૅશની સંભાળ લેવાનું ચાલુ રાખ્યું. ૨૦૦૧માં નૅશ અને ઍલિશિયા ફરી લગ્નગ્રંથિથી જોડાયાં.

સૅન હોવર્ડ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'A Beautiful Mind' જ્હોન નૅશના જીવન પર આધારિત પ્રણયકથા છે. નૅશનું પાત્ર રસેલ ક્રોએ અને ઍલિશિયાનું પાત્ર જેનિફર કોનેલીએ ભજવેલ છે. ફિલ્મમાં એક તરફ નૅશ અને ઍલિશિયાનો પ્રેમ, નૅશની બીમારીને કારણે બંનેએ વેઠેલા સંઘર્ષ અને નૅશના કપરા દિવસો દરમિયાન ઍલિશિયા અને નૅશના વિદ્યાર્થીઓએ તેને આપેલા સહાનુભૂતિપૂર્ણ ટેકાનું કુશળતાપૂર્વક ચિત્રણ છે. તો બીજા બાજુ નૅશના અતિ સર્જનાત્મક સ્થિતિમાંથી વિકૃત દશામાં સરી પડેલા અને લાંબા સમય બાદ પુનઃ પલ્લવિત થયેલાં સુંદર મન અને મગજનું સંવેદનાત્મક નિરૂપણ છે.

માનસિક ભગ્નતાનો ભોગ બન્યા હોય એવા ગણિતશાસ્ત્રીનો દાખલો ઇતિહાસમાં ગણસિદ્ધાંતના પિતા જ્યોર્જ કૅન્ટરનો પણ છે. કૅન્ટરે આપેલો ગણસિદ્ધાંત ગણિતમાં ક્રાન્તિકારી ખયાલ હતો. ગણસિદ્ધાંતની મદદથી કૅન્ટરે વાસ્તવિક અબૈજિક સંખ્યાઓ અનંત છે અને એક ચોક્કસ અર્થમાં તેમ સાબિત કર્યું. પરંતુ ક્રોનેકર જેવા કેટલાક ગણિતશાસ્ત્રીઓને તર્કની દૃષ્ટિએ ગણસિદ્ધાંત પર આધારિત ગણિત મંજુર ન હતું. તેઓએ કૅન્ટર પર તેના કાર્ય અંગે ટીકાઓની ઝડી વરસાવી. કૅન્ટરને બર્લિન યુનિવર્સિટીનું પ્રાધ્યાપક પદ મેળવવાની મહેચ્છા હતી, જે ફળીભૂત ન થઈ. નિરાશા અને ટીકાઓને કારણે કૅન્ટર ચાલીસ વર્ષની વયે માનસિક રીતે ભાંગી પડ્યો. ત્યાર બાદ તેના પર અવારનવાર માનસિક ખિન્નતા (Depression)ના હુમલાઓ આવ્યા કર્યા. નૅશની માફક કૅન્ટરે પણ લગભગ સાડા ત્રણ દાયકા સુધી માનસિક બીમારી ભોગવી. ફેર એટલો કે નૅશ માનસિક સંતુલન પુનઃ પ્રાપ્ત કરી શક્યો, કૅન્ટરના નસીબમાં એ

ન હતું. ૧૯૧૮માં ૭૩ વર્ષની વયે કેન્ટરનું જર્મનીના હાલે ગામના માનસિક રુગ્ણાલયમાં અવસાન થયું.

- એમ. એચ. વસાવડા

('સુગણિતમ્' જુલાઈ-ઑગસ્ટમાંથી)

ડેન્માર્કના સિક્કાઓ



ડેન્માર્કના સિક્કાનો દુર્લભ સંગ્રહ

હરિયાણાના નીરજ ગોયલ નામના ૨૪ વર્ષના યુવાનને દેશ-વિદેશના ચલણી સિક્કાઓ અને તેમાંય ડેન્માર્કના સિક્કાઓ એકઠા કરવાનો ભારે શૉખ છે.

સંવિધાનની દૃષ્ટિએ ડેન્માર્કનો ઉદય ઈ.સ. ૧૮૪૯માં થવા પામ્યો હતો. ૧૮૭૪થી ત્યાં દશાંશ પ્રણાલીના સિક્કાનું ચલણ અમલમાં આવવા પામ્યું. ત્યાં કાંસાની ધાતુનો લઘુતમ એકમનો સિક્કો ઈ.સ. ૧૮૭૪માં ચલણમાં આવ્યો. ખાસ વિશિષ્ટ અવસરો પર કાઢવામાં આવતા સિક્કાના મુખ્ય ભાગ પર તત્કાલીન શાસકની મુખાકૃતિ અંકિત થઈ હોય છે ને તેના પૃષ્ઠ ભાગ પર ડેન્માર્કનું રાજ્યચિહ્ન 'તાજ' હોય છે.

જુદા જુદા વિશિષ્ટ પ્રસંગો પર પ્રચલિત થયેલ સિક્કાઓ પૈકી ૨૩ રજત સિક્કાઓ છે તો ૭ બીજી ધાતુઓના મિશ્રિત ને ભિન્ન વિભિન્ન મૂલ્ય ધરાવનાર તથા કલાત્મક આકૃતિવાળા સિક્કાઓ છે.

૧૯૫૮માં રાજકુમારી મારગ્રેટના લગ્નપ્રસંગે તથા ૧૯૭૨માં નવમા ફ્રેડરિકનું મૃત્યુ થતા મારગ્રેટ દ્વિતીયના રાજ્યાભિષેક પ્રસંગે આવા કલાત્મક રજતસિક્કા ચલણમાં મુકાયા હતા.

ડેન્માર્કમાં કલાત્મક સિક્કાની પ્રણાલી શરૂ કરવાનું શ્રેય મહારાણી મારગ્રેટ દ્વિતીયને અપાય છે. ઈ.સ. ૧૯૭૨માં તે રાજ્યગાદી પર આવતાં જ આવા કલાત્મક સિક્કાઓ, તાજ ચિત્રાંકનવાળા સિક્કા ચલણમાં મૂક્યા હતા.

નીરજ ગોયલના સંગ્રહમાં આવા કાંસા, ઍલ્યુમિનિયમ, નિકલ, ચાંદી, તાંબા, લોખંડ તથા જસતના મિશ્રિત યા શુદ્ધ સિક્કાઓ ઘણા સંગ્રહિત છે. *-ડૉ. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'*

ઊંચી નીચી ફર્યા કરે એ જીવનની ઘટમાળ;
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.
— સ્નેહરશ્મિ

નિત્ય પ્રાર્થનાને અંતે એક દિવસ દર્શનાર્થીએ બાપુના ચરણસ્પર્શ કરવા માંડ્યા ત્યારે તેમને અટકાવી ગાંધીજીએ કહ્યું: 'મારાં ભાઈબહેનો! ચરણસ્પર્શ તો ભગવાનના કરવામાં આવે છે. હું તો એક મનુષ્ય-માત્ર છું. ભગવાન પણ તેમના ચરણ-સ્પર્શ કરવાથી પ્રસન્ન થતા નથી. હર કોઈ મનુષ્યે જીવનપર્યંત સત્યના પથ પર ચાલવું જોઈએ, માનવસેવાધર્મ અંગીકાર કરવો જોઈએ. આથી ભગવાન પ્રસન્ન થશે અને ઈચ્છિત ફળપ્રાપ્તિ થશે.

*

સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલે હૈ ઈસકી યે ગુલિસ્તાં હમારા;
મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના,
હિંદી હૈ હમ; વતન હૈ હિંદોસ્તાં હમારા.

જાણો છો આ ગીતના રચનાર ભારતના શાયર મોહમ્મદ ઈકબાલ હતા!


*

ટ્રાન્ઝિસ્ટર નામ કેવી રીતે આવ્યું તે જાણો છો ? 'Transfer Resister' શબ્દોમાંથી Tran-sister એ બે પૂર્વ-પદો લઈ આ શબ્દ બન્યો છે.

*

આફ્રિકાના કાંગો પ્રદેશના નૅશનલ પાર્કમાં ૨૦ હજાર જાતનાં પ્રાણીઓ અને ૪૫ હજાર જાતનાં દુનિયાનાં જુદા જુદા દેશનાં પંખીઓ છે.

*



उपदेशो न दातव्यो यादृशे तादृशे नरे ।
पश्य वानरमूर्खेण सुगृही निर्गृही कृता ॥

જેવા તેવા માણસને ઉપદેશ આપવા બેસવું નહિ; જુઓ, પેલા મૂર્ખ વાનરે સુ-ઘરીને ન-ઘરી કરી દીધી.

પંચ

- પંચવૃક્ષ : (સ્વર્ગના) હરિચંદન, પારિજાત, કલ્પ, સંતાન, મંદાર.
- પંચમહાયજ્ઞ : બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, નૃયજ્ઞ.
- પંચાગ્નિ : આહવનીય, દક્ષિણ, સામ્ય, હાર્હપત્ય, આવસથ્ય.
- પંચકલ્યાણી : જે ઘોડાના ચારે પગે અને કપાળમાં ધોળો રંગ હોય તે.
- પંચપ્રાણ : પ્રાણ, વ્યાન, અપાન, સમાન, ઉદાન.
- પંચભૂત : આકાશ, અગ્નિ, વાયુ, પાણી, પૃથ્વી.

- સંકલન : સંજય ભટ્ટ

*

આ અંકનું મુખપૃષ્ઠ

કાન્તિલાલ કલેન્દ્રના કલા-મંદિરનાં વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત રંગોળીની એક રચના. દિવાળીમાં ગૃહિણીઓને બિંદીથી કે બિંદુથી પ્રેરાઈને ઘર-આંગણમાં રંગોળી તૈયાર કરવાનો શૉખ હોય છે. ચૂનો, ચિરોડી, હળદરની ભૂકી, કંકુ, ગેરુનો ઉપયોગ રંગોળી પૂરવામાં થાય છે. ગામડાંમાં કે આદિવાસી વિસ્તારોમાં દીવાલને લીંપીને તેના પર ચૂનાથી અથવા ચોખાના લોટને પલાળીને કલાત્મક રેખાંકનો તૈયાર કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં રંગોળી, બંગાળમાં અલ્પના, મણિપુરમાં ઓણમ્, કર્ણાટકમાં રંગાવલી, રાજસ્થાનમાં માંડણા, આંધ્રપ્રદેશમાં મુગ્ગુલ, કેરલમાં અનિયાલ તરીકે રંગોળીની પહેચાન છે.



ચૂંટણી વહેલી આવશે કે મોડી એ ચિંતા કરવાનું છોડો ને ઘરનાં છોકરા-છોકરીઓ રાત્રે મોડાં ઘેર આવે છે તેની ચિંતા કરો તો સારું?

મહાત્મા ગાંધીબાપુ એક વખત ટ્રેનમાં મુસાફરી કરતા હતા ત્યારે એક સહ-પ્રવાસીએ પૂછ્યું હતું: 'બાપુ, તમે રેલવેના ત્રીજા વર્ગમાં જ કેમ મુસાફરી કરો છો ?'

બાપુએ કહ્યું : 'શું કરું ? રેલવેમાં ચોથો વર્ગ જ નથી.'

*

ઈંગ્લન્ડના રાજા હેનરી આઠમાના રસોઈયાને સારી વાનગીઓ રાંધવા બદલ 'નાઈટહૂડ'નો ઇલ્કાબ આપવામાં આવ્યો હતો.

*

દુનિયાની ટૂંકામાં ટૂંકી રેલવે રોમના વેટિકન સિટીમાં છે.

*

કલાકણિકા : બર્લિન જર્મનીમાં ૧૯૦૪માં સ્થપાયેલું ચીની સંગ્રહાલયમાંનું બહુમૂલ્ય અલંકૃત શર્કરાપાત્ર.

